# કબીર ભજન સુધા

સંપાદક: ઈશ્વરભાઈ પ્ર. પટેલ (કપુરા)



**Kabir Bhajan Sudha**
Edited by : Ishvarbhai P. Patel

American Library of Congress Catalog Card No. 94-12045

©1995 by Sadguru Kabir International Research Center, Shree Ramkabir Mandir, Carson, CA, USA

## કબીર ભજન સુધા

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (કપુરા)

પ્રકાશક : શ્રી રામકબીર મંદિર, કાર્સન્

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬

પ્રત : ૪,૦૦૦

મૂલ્ય : અમૂલ્ય

Published by :
Sadguru International Research Center
Shree Ramkabir Mandir
530 E. 231st Street
Carson, CA 90745

Printed by :

Ronak Printers
Sakina Chambers, Bardoli – 394 604
INDIA

Edited by Ishvarbhai P. Patel (Kapura)

PDF created by:
Ramkabir Bhajans ( https://ramkabirbhajans.org )

# ॥ શ્રી રામકબીર સત્ય છે. ॥



**કબીર જબ હમ પૈડા હુએ,**
**જગ હસે હમ રોએ;**
**ઐસી કરની કર ચલો,**
**હમ હસે જગ રોએ.**

ॐ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

# કબીર ભજન સુધા

(નાદબ્રહ્મને આધારે)

જા ઘર કથા નહિ ગુરૂ કીર્તન
સંત નહિ મિજમાના;
તા ઘર જમરા ડેરા દીન્હા
સાંજ પડે સમસાના

: સંપાદક :
ઈશ્વરભાઈ પ્ર. પટેલ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પ્રમુખશ્રીનું નિવેદન | iv |
| ૨. ભૂમિકા | vii |
| ૩. કબીરક્રાંતિના વાવડ | x |
| ૪. પ્રાક્ કથન | xi |
| ૫. ભજન – ૧ : બહુત ભલો રે ભાઈ | 2 |
| ૬. ભજન – ૨ : કાહે ન મંગલ ગાવે | 4 |
| ૭. ભજન – ૩ : રમી રહ્યો ભરપૂર રંગીલો | 6 |
| ૮. ભજન – ૪ : સાધો સહજ સમાધ ભલી | 8 |
| ૯. ભજન – ૫ : પંડિત બાદ બદૌ સો જૂઠા | 10 |
| ૧૦. ભજન – ૬ : આરતી હો દેવ શિરોમણિ તેરી | 12 |
| ૧૧. ભજન – ૭ : ઐસી આરતી કરો મન જ્ઞાની | 14 |
| ૧૨. ભજન – ૮ : ઐસી આરતી ત્રિભુવન તારૈ | 16 |
| ૧૩. ભજન – ૯ : લાડકડા મનવા તું હરિ ભજ | 18 |
| ૧૪. ભજન – ૧૦ : મેરે પિયુ તો બસે રે અમરપુરી | 20 |
| ૧૫. ભજન – ૧૧ : રામરસ પીજો રે નરનાર | 22 |
| ૧૬. ભજન – ૧૨ : અબ ક્યોં ન ચેતો રે નરનાર ? | 24 |
| ૧૭. ભજન – ૧૩ : મારું મન માન્યું રમતા રામસું | 26 |
| ૧૮. ભજન – ૧૪ : ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો | 28 |
| ૧૯. ભજન – ૧૫ : જા ઘર કથા નહીં ગુરૂ કીર્તન | 30 |
| ૨૦. ભજન – ૧૬ : મન તોહે કેહિ બિધ કર સમજાઉં | 32 |
| ૨૧. ભજન – ૧૭ : ઘુંઘટકા પટ ખોલ રે | 34 |
| ૨૨. ભજન – ૧૮ : ઝીની ઝીની બીની ચદરિયાં | 36 |
| ૨૩. ભજન – ૧૯ : મારો સાથીડો રીસાણો | 38 |
| ૨૪. ભજન – ૨૦ : હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ | 40 |
| ૨૫. ભજન – ૨૧ : નિર્ગુણ જરા લક્ષ આવે | 42 |
| ૨૬. ભજન – ૨૨ : નિરખ પરખ ગુરુ કરના | 44 |
| ૨૭. ભજન – ૨૩ : ચલના રે મેરે ભાઇ | 46 |
| ૨૮. ભજન – ૨૪ : ઘર કર દરીયા માંહે | 48 |
| ૨૯. ભજન – ૨૫ : રામ કહો પિંજરકે સુવા | 50 |
| ૩૦. ભજન – ૨૬ : કબીરા હરિરંગ લાગા હો | 52 |
| ૩૧. ભજન – ૨૭ : રામરાય મનકી આશા પાઉં | 54 |
| ૩૨. ભજન – ૨૮ : જંત્રી જંત્ર અનુપમ બાજૈ | 56 |
| ૩૩. ભજન – ૨૯ : રામજન વિસરી હો ગયા | 58 |
| ૩૪. ભજન – ૩૦ : સાધુસે અંતર નાહીં નારદ | 60 |


Edited by Ishvarbhai P. Patel (Kapura)

| | | |
|---|---|---|
| ૩૫. | ભજન – ૩૧ : નહીં છોડું રે બાબા રામનામ | 62 |
| ૩૬. | ભજન – ૩૨ : સતનામ તત્વ તીન લોક સાર | 64 |
| ૩૭. | ભજન – ૩૩ : ચલિ ચલિ રે ભંવરા કંવલ પાસ | 66 |
| ૩૮. | ભજન – ૩૪ : મોહ મિરગ મારો ન જાય | 68 |
| ૩૯. | ભજન – ૩૫ : માનુષ તન પાયો બડે ભાગ | 70 |
| ૪૦. | ભજન – ૩૬ : જા કે બારહ માસ વસંત હોય | 72 |
| ૪૧. | ભજન – ૩૭ : બનમાલી જાનૈ બન કે આદિ | 74 |
| ૪૨. | ભજન – ૩૮ : ઘર હિ મેં બાબુલ બાઢિલ રારિ | 76 |
| ૪૩. | ભજન – ૩૯ : જહાં સુરતિ સુહાગનિ ખેલે ફાગ | 78 |
| ૪૪. | ભજન – ૪૦ : અઘટ વસંત ઘટત નહિ કબહૂં | 80 |
| ૪૫. | ભજન – ૪૧ : મિલ ખેલો વિમલ બસંત | 82 |
| ૪૬. | ભજન – ૪૨ : કરિ સુમરન સુરંગ | 84 |
| ૪૭. | ભજન – ૪૩ : અબિનાશી દૂલહા કબ મિલિ હૈં | 86 |
| ૪૮. | ભજન – ૪૪ : નિત મંગલ હોરી ખેલિયે હો | 88 |
| ૪૯. | ભજન – ૪૫ : ઐસે ગુરુ સંગ હોરી ખેલિયે હો | 90 |
| ૫૦. | ભજન – ૪૬ : હરિ પિયુ સંગ હોરી ખેલિયે હો | 92 |
| ૫૧. | ભજન – ૪૭ : ઐસે પ્રભુ સંગ હોરી ખેલિયે હો | 94 |
| ૫૨. | ભજન – ૪૮ : ખેલતિ માયા મોહિની હો | 96 |
| ૫૩. | ભજન – ૪૯ : કોઈ રામ રંગીલે રંગ હો | 98 |
| ૫૪. | ભજન – ૫૦ : માયા કાલી નાગનિ | 100 |
| ૫૫. | ભજન – ૫૧ : હિંડોલના તહાં ઝૂલે આતમરામ | 102 |
| ૫૬. | ભજન – ૫૨ : ભરમ હિંડોલાના | 104 |
| ૫૭. | ભજન – ૫૩ : ભક્તિ હિંડોળે સંત જન ઝૂલે | 106 |
| ૫૮. | ભજન – ૫૪ : ભક્તિ હિંડોળો પરમ સુખકારી | 108 |
| ૫૯. | ભજન – ૫૫ : પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું | 110 |
| ૬૦. | ભજન – ૫૬ : ચલ સદ્ગુરૂકી હાટ | 112 |
| ૬૧. | ભજન – ૫૭ : અખંડ સાહબકા નામ | 114 |
| ૬૨. | ભજન – ૫૮ : મનષા દેહી પાઈ | 116 |
| ૬૩. | ભજન – ૫૯ : જીવ તું કહાંસે આયો | 118 |
| ૬૪. | શબ્દકોશ | 120 |
| ૬૫. | પરિશિષ્ટ - ૧ (ભજન-૧૦ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૧) | 127 |
| ૬૬. | પરિશિષ્ટ - ૨ (ભજન-૨૧ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૧૬૬) | 128 |
| ૬૭. | પરિશિષ્ટ - ૩ (ભજન-૨૬ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૦૬) | 129 |
| ૬૮. | પરિશિષ્ટ - ૪ (ભજન-૩૭ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૫૪) | 130 |
| ૬૯. | પરિશિષ્ટ – ૫ (ભજન-૪૧ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૯૭) | 132 |
| ૭૦. | પરિશિષ્ટ – ૬ (ભજન-૪૬ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૦૮) | 134 |
| ૭૧. | પરિશિષ્ટ – ૭ (ભજન-૪૮ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૧૭) | 135 |
| ૭૨. | પરિશિષ્ટ – ૮ (ભજન-૪૯ ના સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૧૮) | 136 |


Edited by Ishvarbhai P. Patel (Kapura)

# પ્રમુખશ્રીનું નિવેદન

રામકબીર,

કબીર જયંતી, ૨૩મી જૂન ૧૯૯૪ ના દિવસે, શ્રી રામકબીર મંદિરનું કાર્સન્, કેલિફોર્નિઆ, યુ.એસ.એ.માં થયેલ ઉદ્‌ઘાટન સાથે, ભક્ત સમાજે ભારત બહાર પ્રથમ રામકબીર મંદિરની સ્થાપના કરી છે.

અતિ પ્રાચીન કાળથી મંદિરોએ એવો ભાગ ભજવ્યો છે કે જેથી દેવળો ભક્તિ સાથે નૈતિકપણે આધ્યાત્મિક ઉત્કર્ષ માટે રચનાત્મક બની રહે. મંદિરો પ્રત્યેનું આકર્ષણ પરમ અનુરાગીઓને તેમના કુટુંબમાં એકતા લાવે છે, તેમજ વ્યક્તિગત તથા સામૂહિક ધાર્મિક પ્રવૃત્તિ અને ઉજવણી વડે ગુણોમાં સુધારો થાય છે, ઉપરાંત સદ્‌ગુરૂ કબીર, ભગવાન રામ અને ભગવાન કૃષ્ણ વગેરેએ ઉપદેશી અને આચરણમાં મૂકેલ ગૌરવ, વિનમ્રતા અને ઉચ્ચ નૈતિક મૂલ્યોની અંગત જીવનમાં જરૂરિયાત પર પ્રભાવ પડે છે.

એક દૃષ્ટિએ, શ્રી રામકબીર મંદિરનું ધ્યેય અને વિચારસરણી બીજા મંદિરોથી અલગ નથી. કેમ કે સદીઓથી દુનિયાભરના મંદિરો જે કરી રહ્યાં છે તેવું જ શ્રી રામકબીર મંદિર પણ ઉચ્ચ નૈતિક મૂલ્યોના સંવર્ધન માટે કોશિષમાં છે. એક ઉપરાંત આ મંદિર, ભક્તજનોમાં ધર્મ, સમાજ અને સંસ્કૃતિની પીછાન આપી તેને અનુસરવાનું ધ્યેય રાખે છે. કે જેની ભારત (ઈન્ડિયા) થી હજારો માઈલ દૂરના આ પ્રદેશમાં સવિશેષ તીવ્ર જરૂરિયાત છે.

આ શાશ્વત મૂલ્યોના આશયથી (પ્રબોધન માટે) આ મંદિરની પ્રવૃત્તિમાં નિયમિત પ્રાર્થનાઓ, ભજનો, આરતીઓ, ભજન સંમેલનો તથા દુનિયાભરના વિવિધ તહેવારોની ઉજવણી તેમજ ગુજરાતી માધ્યમની શાળા ચલાવવામાં આવે છે.

પરંતુ બીજી દૃષ્ટિએ, શ્રી રામકબીર મંદિર અન્ય મંદિરોથી અલગ છે. અમે સમજ્યા છીએ કે આજે યુ.એસ.એ.માં ભક્ત સમાજને જે પડકાર છે તે ઘણી રીતે જુદો જ છે.

ખાસ કરીને, સદ્‌ગુરૂ કબીરના ઉપદેશો અને સિદ્ધાંતની માહિતી, નહિ કે તેને સમજનાર વર્ગ, આપના સમાજમાં સર્વકાલીન નિમ્રસ્તરે છે. આવું વાતાવરણ - જે કેટલાક દાયકાઓથી વિરોધ વચ્ચે પણ જારી રહ્યું છે, આશ્ચર્યજનક નથી કે તેને કારણે કેટલાંક કુટુંબો અન્ય આસ્થા અને પ્રણાલી તરફ ખસી રહ્યાં છે. બીજો વિરોધાભાસ એ છે કે, ભક્ત યુવા પેઢી સામાન્ય રીતે ગુજરાતી વાંચતા કે લખતા નથી, અને બોલચાલમાં ગુજરાતી એટલું ઝડપથી છૂટી રહ્યું છે કે, આજના યુવાનોને સળંગ ગુજરતી ભાષા “ડાયનોસોર” જેવી યાને ભૂતકાળના અવશેષ જેવી લાગે છે. જેથી આપણી ગુજરાતી શાળા એકલી, આ વ્યાપક અસાધારણ વસ્તુસ્થિતિનો મુકાબલો કરી શકે નહિ. કેમ કે તે એક તરફ મા-બાપ અને બાળકો વચ્ચેનું અંતર વધારવામાં વધારે પડતું મહત્વનું છે, તો બીજી તરફ, ભક્ત સમાજની અસ્મિતા અને જીવંતતાના સ્તરો અને યુવાનોની એકરૂપતાને સદાને માટે દૂર કરી વેડફી નાંખે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સદ્ગુરૂ કબીરના ઉપદેશામૃત યુવાનોને સમજાય તેવી રીતે ઉપલબ્ધ કરી છે જેથી તે, ઉભય સમસ્યાઓ અંગે લાંબાગાળાની સમજણ આપશે. આ નવી સમસ્યાઓના દિશા સૂચન માટે, શ્રી રામકબીર મંદિર કાર્સન્, કેલિફોર્નિઆ, યુ.એસ.એ. દ્વારા, કબીર જયંતી, ૧૩મી જૂન ૧૯૯૫ના (શુભ) દિવસે, સદ્ગુરૂ કબીર આંતરાષ્ટ્રીય કેન્દ્ર ("કેન્દ્ર") થી યોજનાની શરૂઆત કરી છે. આ કેન્દ્રના ધ્યેયો પૈકી છે :

- એક વિશિષ્ટ સમૃદ્ધ સંકલિત પુસ્તકાલયની સ્થાપના કરવી. જેમાં, સદ્ગુરૂ કબીર ના જીવન ઉપદેશો, કાવ્યો, ભજનો અને બીજી રચનાઓને, અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પુસ્તકો, પ્રકાશનો, શ્રાવ્ય કેસેટો અને દૃશ્ય વિડિયોનાં માધ્યમથી રાખવામાં આવે.

- વિદ્વાનો તેમજ વિદ્યાર્થીઓ બંનેને એક સમાન રીતે સદ્ગુરૂ વિષે પ્રવચનો આપવા તેમજ પુસ્તિકાઓ અને બીજા સાહિત્યનું પ્રકાશન કરવાની પ્રેરણા આપવી, જેથી તેઓશ્રીના (સદ્ગુરૂના) ઉપદેશામૃતનાં બીજ વાવીને તેમના વિષેના જ્ઞાનનો ફેલાવો થાય અને નવચેતના પ્રગટે.

- સદ્ગુરૂ કબીરના પાયાના ઉપદેશોનો સાર અંગ્રેજી તથા ગુજરાતીમાં બાળકો તેમજ મોટાઓ સરળતાથી વાંચી શકે તેવાં લેખ તૈયાર કરી, ભક્ત સમાજથી વિતરણની શરૂઆત કરવી.

- શ્રી ઈશ્વરભાઈ પરભુભાઈ પટેલ (માનભેર "બાવાજી" તરીકે ઓળખાય છે.) જેઓ ભક્ત સમાજમાં કબીરના આગવા અભ્યાસુ હોઈ, તેમની પ્રતિભા સંપન્ન કલમે લેખેલ પુસ્તક "કબીર ભજન સુધા" એ કેન્દ્રનું પ્રથમ પ્રકાશન છે.

સદ્ગુરૂ કબીરના ઉપદેશોને પ્રસારવામાં, અનોખી ભક્તશૈલીમાં ગવાતાં ભજનોએ, કેટલીક સદીઓથી બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. એક જમાનામાં આપણા પૂર્વજોને અને ભજનમાંના ગુઢાર્થો બહુ પ્રિય હતાં પરંતુ આજે, આપણા ભજનો, જે મધ્યયુગના પવિત્ર પદો છે, તેને પુનઃઉત્થાન કરવાની ખૂબ જરૂર છે. ખચીત એકવાર ફરી આપણે ઊંડા રહસ્યોને સમજવા જોઈએ. આમ તો ક્યારેક મુંઝવણ થાય તેવાં હોવાં છતાં હંમેશા વિચાર પ્રેરક બીજકો (રત્નો) કબીરનાં હરકોઈ ભજનમાં ઊંડાણથી જડેલા છે.

"કબીર ભજન સુધા" માં બાવાજીએ એકલ પંડે કબીરની તેમજ આપણા દેશની સેવા કરી છે. ખૂબ પ્રચલિતપણે ગાવામાં આવતાં ૫૬ ભજનો લઈ, તેઓએ ટૂંકાણમાં અને ઝમકદાર શૈલીમાં ઊંડા રહસ્યો પર ગુજરાતીમાં સમજૂતી રજૂ કરી પ્રકાશ પાડવાની પહેલ કરી છે.

સદ્ગુરૂ કબીરના ઉપદેશોને ગંભીરપણે સમજવા ઈચ્છતા ભક્તો (ભક્તજનો) તથા બીજા લોકો માટે "કબીર ભજન સુધા" એ ખજાનાઘર સમુ થશે.

અમો સાદર, નિષ્ઠાપૂર્વક, બધાં જ માતા-પિતાને આગ્રહ કરીએ છીએ કે તેઓ આ પુસ્તક વાંચે અને આપણા સમાજનાં બાળકોમાં આદર્શોનું સિંચન કરે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ કૃતિના પ્રકાશ થકી, સદ્ગુરૂ કબીર આંતરરાષ્ટ્રિય સંશોધન કેન્દ્ર, એના ઘણા ધ્યેયોને હાંસલ કરવા માટે પ્રથમ પગથિયું ચઢવાનો નમ્ર પ્રયાસ સિદ્ધ થાય છે. અમો આશા રાખીએ છીએ કે, આ સ્પષ્ટ અને સવિસ્તર અર્થઘટનવાળા બાવાજીના આ પુસ્તકનું ભવિષ્યમાં અંગ્રેજી રૂપાંતરીકરણ, નવી પેઢીને લાભદાયી બનશે.

બાવાજીએ, એમના ઘણાં વર્ષોના અભ્યાસુ ચિંતન અને શોધનના પરિણામ સ્વરૂપ, "કબીર ભજન સુધા" લખીને આપણી સમક્ષ રજૂ કર્યા બદલ અમે એમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. તદુપરાંત આ કેન્દ્રની સલાહકાર સમિતિમાં રહેવાનું સ્વીકારી એના ધ્યેયો પ્રત્યેની પ્રતિબદ્ધતાને મૂર્તિમંત કરવા બદલ પણ અમે એમના આભારી છીએ. એમનું માર્ગદર્શન તેના ઉત્થાનમાં અગત્યનો ભાગ ભજવશે.

શ્રીમાન વલ્લભભાઈ છોટુભાઈ ભક્ત અને શ્રીમતી સુમિત્રાબેન વલ્લભભાઈ ભક્ત (બેડોલી / ગાર્ડન ગ્રોવ, કેલિફોર્નિઆ, યુ.એસ.એ.) ના ઉમદા સ્વભાવની પરોપકારી નૈતિક તથા આર્થિક મદદ વગર, આ પ્રકાશન શક્ય બન્યું ન હોત. ઘણાં વર્ષો પહેલાં, વલ્લભકાકાએ નૈતિક વચન આપી કહેલું કે, બાવાજી, હવે પછીના તમારા સાહિત્ય સર્જનને હું પ્રકાશિત કરીશ. તેના વચન પાલન માટે હવે વલ્લભકાકાએ કેન્દ્રને આપેલ સખાવતથી, આ પુસ્તકનું સર્જન થયું છે. અમે અંતઃકરણથી ભાવભીનો એમનો આભાર માનીએ છીએ. અને આશા રાખીએ છીએ કે અન્ય વડીલો અને ભક્તો તેમનું રચનાત્મક અનુસરણ કરી ભવિષ્યમાં એવી મદદ કરે જેથી કેન્દ્ર સમાજને યાદગાર ઉપહાર આપે.

૧ ડિસેમ્બર, ૧૯૯૫
લાલીનભાઈ ગો. ભક્ત.
પ્રમુખ
શ્રી રામકબીર મંદિર
કાર્સન્, કેલિફોર્નિઆ, યુ.એસ.એ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

# ભૂમિકા

(Foundation)

કબીરસાહેબની અમૂલ્ય વાણીનો લાભ જગતના ન્યાત જાતના ભેદભાવ વિના અનેક માણસોએ લીધો છે. વર્તમાન કાળમાં લઇ રહ્યા છે અને ભાવીકાળમાં પણ લેશે. કબીરસાહેબના તત્વજ્ઞાનમાં જેમણે ડૂબકી મારી, તેઓએ પોતાને કબીરપંથી કહેવડાવી પોતાનું ઋણ અદા કર્યાનું ઉચિત માન્યું અને જેમણે ખુદ વૈષ્ણવ આચાર્ય રામાનંદને ગુરૂ કરી રામ નામ મંત્ર ધર્યો એવા કબીરસાહેબને ગુરૂ કરી તેમના મંત્રને અપનાવ્યો તેમાના આપણે કેટલાક તે શ્રી રામકબીર ભક્ત કે ઉદા ભક્ત તરીકે ઓળખાયા. કાનમમાં ૪૦૦ અને સુરત, ભરૂચ, વલસાડ જિલ્લામાં આજે ૧૬૦૦ અને કુલ વિશ્વમાં ૩૧૬૦ ભક્ત કુટુંબમાં વસવાટ કરી રહ્યા છે. આપણા પૂર્વજોના સમય અને સંજોગો જોતાં આજના ગામડે શૈક્ષણિક કે આર્થિક પ્રગતિ માટેની તકો નહિવત્ હતી જેથી તેઓએ કબીરસાહેબ અને બીજા મીરા, નરસિંહ જેવા અનેક વૈષ્ણવ ભક્ત કવિઓના ભક્તિ રસથી તરબોળ એવા ભજનોને તેમની અદ્‌ભૂત સ્મરણ શક્તિથી કંઠસ્થ કરી ૫૦૦ વરસ સુધી એક પેઢીથી બીજી પેઢી એમ પરંપરાથી અમૂલ્ય ભજનોનો વારસો જાળવી સમાજને અવિરત ભેટ ધર્યો. પ્રથમ ૧૯૫૮માં શ્રી રામકબીર ભક્ત ભજન સંગ્રહની પહેલી આવૃત્તિ ભારતમાં પ્રગટ થયેલી અને એ રીતે કંઠસ્થમાંથી હસ્તસ્થ, હસ્તસ્થમાંથી શબ્દસ્થ અને શબ્દસ્થમાંથી ગ્રંથસ્થની પ્રક્રિયા શરૂ થઈ.

સાંઠ-સિત્તેરના દશકામાં અમેરિકામાં નજીવા ભક્તજનોનાં કુટુંબો હતાં. ૧૯૭૪માં મહંત શ્રી રામસ્વરૂપદાસજીનું નૈમિત્તિક લોસ એન્જલસ વિભાગમાં આગમન થયું હતું. તેમના સમાગમમાં આવતા કેટલાક ભક્તજનોને આપણે ગુમરાહ થયા હોવાનો ક્ષોભ થયો. કબીરસાહેબની જીવન અને સામાજિક, ધાર્મિક અને નૈતિક, ગુણ-નિર્ગુણ અને બ્રહ્મ અને સત્ય એવા જીવનના દરેક ક્ષેત્રને આવરી લેતી ગૂઢ છતાં દિલથી નીકળેલી પ્રાકૃત ભાષામાં રહેલું જાદુ દિલ પર સીધી ચોટ કરતી ભાષા અને તત્વજ્ઞાનને સમજવા માટેની આપણી ઊણપ અને આપણા નિહવત્ પ્રયત્નો માટે કાંઈક કરી છૂટવા બેદરકારીને સુધારી ફરી સાચા રાહ પર આવવા માટે ૧૯૭૫ના અંતમાં શ્રી રામકબીર ભક્ત સમાજના ૨૦-૨૫ સભ્યોની બૃહદ્ લોસ એન્જલસ વિભાગને આવરી લેતી એક સમિતિ બનાવવામાં આવી હતી. આ સમિતિએ ચાલુ અને ભાવિ ભક્તજનોની પેઢીને ધ્યાનમાં લઇ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે આપણી પ્રગતિ થાય અને શ્રી સદ્‌ગુરૂ કબીર સાહેબની છત્રછાયા મળતી રહે એવા પ્રયત્નો આદરવા એવો નિર્ણય લીધો. ૧૯૮૧-૮૨માં સ્યાદલાનાં સ્વર્ગસ્થ રામભાઈ ગોકળભાઈ ભક્ત પરિવારના સૌજન્યથી “શ્રી રામ-કબીર ભક્ત ભજન સંસ્કૃતિનો અમર વારસો” નામની આપણા ત્રડીસ્નલ ભજનોને આવરી લેતી ઓડિયો ટેપ બહાર પાડી. ૧૯૮૨-૮૩માં શ્રી રામકબીર ભજન સંગ્રહમાં થોડા સુધારા વધારા કરી “નાદબ્રહ્મ” ને નામે બીજી આવૃત્તિ બહાર પાડી ભારત, અમેરિકા વગેરે દેશમાં રહેતા ભક્તજનોને ઓડિયો ટેપ અને નાદબ્રહ્મ પુસ્તકનું વિતરણ કર્યું. રામકબીર સંપ્રદાય, કબીર શબ્દ સુધા, કબીર સાખી સુધા, કબીર રમૈની સુધા જેવા કબીર સાહિત્યને પુસ્તક રૂપે પ્રગટ કરી તેમનું સર્વત્ર વિતરણ કરી ફરી રામકબીર ભક્ત સમાજમાં કબીરસાહેબની સુષુપ્ત ભાવનાને જાગૃત કરી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સદ્‌ગુરુ કબીરસાહેબનું જે ક્રાંતિકારી વ્યક્તિત્વ હતું તેની પ્રતિભા ઉપસાવવા અને કબીરસાહેબની “ભૂલી હુવે યાદેં” ને જીવંત કરવા આપણા શ્રી રામકબીર ટેમ્પલ ઇન્કે જૂન ૧૯૯૪માં શ્રી રામકબીર મંદિર કાર્સનનું સર્જન કરી એક નવી ચેતના એક નવો જ અભિગમ શ્રી રામકબીર ભક્ત સમાજ સમક્ષ રજૂ કર્યો છે. કબીર સાહેબનું દેશ-વિદેશના અનેક વિદ્વાન લેખકો. ઇતિહાસકારો, યુનિવર્સીટીના પ્રાધ્યાપકો, સંતો, મહાસંતો અને સામાન્ય માનવીથી લઇ નોબલ પ્રાઈઝ વિનર રવીન્દ્રનાથ ટાગોરે ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જે મૂલ્યાંકન કર્યું છે તેને આપણે આપણી ભાષામાં સમજવા અથવા જે આપણા વડવાઓનો, અઢળક જ્ઞાન રત્ન જેમાં ભર્યાં છે એવા “કબીર” ખેતરો વારસામાં મળ્યાં છે તેને ખેડવાનો પડકાર ઝીલી રહ્યા છે. દેશ વિદેશમાં કબીરસાહેબનું જે સાહિત્ય આપણી સમક્ષ પડ્યું છે છતાં જેનાથી હજી આપણે વંચિત છીએ તેને દરેક ભક્તજન સમજે, માણે અને ક્યારે, કેમ, શા માટે વગેરે સવાલો કરે અને ઈચ્છે તો બીજા સાહિત્ય સાથે તુલના કરે અને પોતે અનુમાન તારવે તે હેતુથી શ્રી રામકબીર ટેમ્પલ ટ્રસ્ટના નેજા હેઠળ એક “કબીર રીસર્ચ સેન્ટર” ની સ્થાપના કરવામાં આવી છે.

A Kabir Research Center has been established under the name of Shree Ramkabir Temple, Inc. at : Shree Ramkabir Mandir, Carson, California. As defined by Oxford Dictionary: Research means a search of investigation directed to the discovery of some fact by careful consideration or study of a subject or scientific inquiry; A second or repeated search; or To search into a matter or subject; Study closely. Center means to place or put as in a center; To concentrate in, on, to move or turn around as a center.

A France philosopher and economist ame Robert Jackques Turgot wrote in 1700s about how learning is shared : "… speech and writing … have made a common treasure store of all individual knowledge, which one generation bequeaths to the next, a heritage constantly augmented by the discoveries of each age." Language, he said, permits people to share ideas and information, so we can avoid having to" go back and reinvent the supply of information that is available to us encapsulated in print, magazines films, tapes, etc. We like to think of people here on earth as a community of learners : each of us have special interests and skills and knowledge, and as we gather ideas and information, we have a duty to share that learning to others.

All progess is born of inquiry. Doubt is often better than over-confindence, for it leads to inquiry, and inquiry leads to invention. Efficiency in this and every other phase of our culture depends upon the availability of accurate information. (Hudson Maxim)

It is important for people to become actively involved in learning to list ideas or questions, to find a book on topics, or to pickup phone and get some information. Learning can be exciting and just plain fun. Of course, there are times when learning involves hard work. Combining the natural pleasure of learning with occasional hard work often leads to an even richer kind of understanding and depth of knowledge. An enormous amount of learning grows, not from magical moments of genius, but from people studying the information they have available. Knowledge, after all, really is power. Practical definition of research is, "What you do when you run out of answers." When you can't find the information you need, you turn to research to discover answers for yourself.

Kabir Research Center is designated solely for Kabir's philosophy. The supporters of this center includes the worldwide Bhakta community. To further develop Kabir Saheb's philosophy at the Center, it will also encourage the exchange of scholars and devotees in India. The books, magazines, articles, audios and videos on Kabir sahitya will be encouraged. This programs part of an effort to

Edited by Ishvarbhai P. Patel (Kapura)

strengthen and broaden academic value of Kabir sahitya and will contribute to the global awareness of Shree Ramkabir.

આ સેન્ટર મુખ્યત્વે કબીરસાહેબને જ ધ્યાનમાં રાખી તેમના અંગેની કૃતિઓ, તેમના પદો, સાખી, શબ્દ, રમૈની, બીજક ગ્રંથ, તેમના અંગેનું સાહિત્ય, લેખો, કવિતા, નિબંધો, comparative studies, audios, videos, વ્યાખ્યાનો વગેરેના અભ્યાસ પર ધ્યાન આપશે. આપ સર્વે આ યોજનાનાં એક અંગ રૂપે છો, જેથી આ સેન્ટરના વિકાસમાં તમારા પ્રયત્નો તે અમારા અને તે આપણા પ્રયત્નો રહેશે.

શ્રી રામકબીર ભક્ત સમાજના એક વિદ્વાન કબીર સાહિત્યના અભ્યાસી અને એક ગૂઢ ચિંતક શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલે આપણા અમેરિકા ખાતે આ શરૂ થતા કબીર રીસર્ચ સેન્ટરના ઉદ્‌ઘાટન રૂપે "કબીર ભજન સુધા" નામના લઘુ ગ્રંથનું સંપાદન કાર્ય ઉપાડી શ્રી રામકબીર ટેમ્પલ ઇન્કને ઉપકૃત કર્યો છે. "નાદબ્રહ્મ" ના કબીર સાહેબના ૬૦ પદોમાંથી ૩૪ પદોનો વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરી અને ૨૪ પદો અસલી મૂળ સ્વરૂપે રજૂ કર્યા છે. તેમની તે શોધખોળ અને જહેમત માટે તેમને બિરદાવીએ છીએ. અહીં અમણે ૫૯ પદોની સમજૂતી, "ટીપ્પણી" આપી એના મર્મને સમજાવ્યો છે. એમણે 'કબીર સાખી સુધા', 'કબીર રમૈની સુધા', કબીર શબ્દ સુધા' જેવા કબીરસાહેબના અમૂલ્ય ગ્રંથને સમજાવતાં પુસ્તકોનું સંપાદન કાર્ય કરી ભક્ત સમાજને ઋણી કર્યો છે. રીસર્ચ સેન્ટરના વિકાસમાં એમનો ઉમદા ફાળો મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ તો વધુ પડતું ન જ ગણાય કારણ ભગવાન ભક્તોના સેવક તેમ "પરમાર્થી" પાસે માગવાનું કાંઈ રહેતું નથી. એમણે આપવાનું જ હોય છે.

જેમના ઉમદા સ્વભાવ અને દાનથી આ પુસ્તકનું પ્રકાશન શક્ય બન્યું છે એવા મારા ખૂબ જૂના મિત્ર અને નિઃસ્વાર્થ સમાજસેવક અને સહકાર્યકર ગાર્ડન ગ્રોવ, (બેડોલી, ઇન્ડિયા) કેલિફોર્નિઆ નિવાસી શ્રી વલ્લભભાઈ છોટુભાઈ ભક્તે આ પુસ્તકના પ્રકાશન ખર્ચ ઉપાડી રીસર્ચ સેન્ટરના કાર્યનું ઉદ્‌ઘાટન કર્યું તે માટે શ્રી રામકબીર ટેમ્પલ ઇન્ક તેમનો આભાર માને છે.

અંતમાં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિના પ્રકાશન માટે, શ્રી રામકબીર મંદિર, કાર્સન્ સંચાલિત "કબીર રીસર્ચ સેન્ટર" નાં સંચાલકોએ મને જે ભૂમિકા લખવાની તક આપી તે માટે તેઓશ્રીનો આભારી છું.

નમ્રતાપૂર્વક,
માજી. પ્રાધ્યાપક ગોવિંદભાઈ ભ. ભક્ત.

Edited by Ishvarbhai P Patel (Kapura)

# કબીરક્રાંતિના વાવડ

કબીરમાં મને એક સાથે ભક્તિ અને ક્રાંતિના સહઅસ્તિત્વમાં દર્શન થાય છે. ખંડન અને મંડનના સમન્વિત પ્રસ્થાપન વગર કોઈ સમાજ સાચી આધ્યાત્મિકતા જાળવી ન શકે. કબીરના જીવનદર્શનમાં ખંડન અને મંડનનો સુમેળ આબાદ પ્રગટ થયો છે. પંદરમી સદીમાં ભારતમાં ધર્મને નામે જે શિથિલાચાર મુલ્લા-મહંતોએ ચલાવ્યો તેની સામે કબીરે બગાવત કરી. તેને હું કબીરક્રાંતિ કહું છું. ક્રાંતિમાં ખંડનનું તત્વ વિશેષ હોય છે. કબીર ખંડન કરીને અટકી નથી ગયા. ભક્તિના મૂળ તત્વને એમણે પોતાના જીવન દ્વારા પરિશુદ્ધ કર્યું અને અનેક પદો, સાખીઓ અને ભજનો દ્વારા લોકો સુધી પહોંચાડ્યું. આવું થયું તેમાં મંડનનું તત્વ જોવા મળે છે. ખંડન અને મંડનનો આવો અદ્ભુત સમન્વય કબીરને બીજા અનેક સંતોથી જુદા પાડે છે અને ખૂબ જ ઊંચા આસને બેસાડે છે. હું કબીરક્રાંતિનો આશક છું અને કબીરનાં ભજનો મને ભીનાશથી ભરી દે છે. કબીરક્રાંતિમાં મને તણખા દેખાય છે અને કબીરભક્તિમાં મને ઝાકળબિંદુનો સંસ્પર્શ થતો જણાય છે. આ છે મારા કબીરપ્રેમનું રહસ્ય.

શ્રી ઈશ્વરભાઈ પટેલે 'કબીર ભજન સુધા' પુસ્તક લખીને બહુ મોટી સેવા કરી છે. તેઓએ લાંબા સંશોધન અને પર્યટનને અંતે કબીરનાં પદોનું સંકલન, સંપાદન અને શુદ્ધિકરણ કર્યું છે. પાને પાને જે ફૂટનોટ એમણે લખી છે તેનાથી પુસ્તકની ગુણવત્તામાં ઉમેરો થયો છે. એમણે આ પુસ્તક પ્રગટ કરીને થોડાક તપને અંતે સિદ્ધ કર્યું છે કે તેઓ કબીર અંગે યોગ્ય અધિકારી લેખક છે. ભક્ત પાટીદારો કબીરના રંગે રંગાયેલા છે તેથી મને એમના પ્રત્યે થોડોક ખાનગી પક્ષપાત છે. શ્રી ઈશ્વરભાઈએ આવું સુંદર પુસ્તક લખીને મારો પક્ષપાત વધારી મૂક્યો છે. હું એમને આવા સુંદર કાર્ય બદલ અભિનંદન આપું છું. એમના પરિવારના સંપર્કમાં હું વર્ષો પહેલાં આવેલો. એમના ભાઈ કપુરાના સદ્ગત વિઠ્ઠલભાઈ સાથેની મારી મૈત્રી ભીની હતી.

કબીર પછી પાંચ સદીઓ વીતી તોય આપણા સમાજમાંથી અંધશ્રદ્ધા, વહેમ અને ધતિંગ ઓછાં થવાનું નામ નથી લેતાં. ભલભલા ભણેલા માણસો અંધશ્રદ્ધામાં અટવાતા જોવા મળે છે. આવું બને ત્યારે અચૂક કબીરનું પાવનકારી સ્મરણ થાય છે. આ પુસ્તક પ્રત્યેક ગુજરાતી પરિવારમાં પહોંચે એમ બની શકે તો કહેવાતી ધર્મજડતા ટળે અને સ્વચ્છ ભક્તિભાવનો ઉદય થાય. ફરી શ્રી ઈશ્વરભાઈને આવા સુંદર પ્રદાન બદલ અભિનંદન આપું છું અને પરદેશોમાં વસેલા ભારતીય કબીરભક્તોને કબીરક્રાંતિનો મર્મ પામવાની પ્રેરણા આપવામાં આ પુસ્તક ઉપયોગી થશે એવી શુભેચ્છા પાઠવું છું.

- ડૉ. ગુણવંત શાહ, ટહુકો
વડોદરા - ૩૯૦ ૦૨૦
તા. ૨૩-૫-૧૯૯૬

Edited by Ishvarbhai P. Patel (Kapura)

# પ્રાક્ કથન

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી)

જેમ 'ગુરૂ ગ્રંથ સાહિબ' શીખોમાં અતિ પવિત્ર ગણાય છે તેમ 'નાદબ્રહ્મ' ગુજરાતના શ્રી રામકબીર સંપ્રદાયમાં અતિ પવિત્ર ગણાય છે. જ્ઞાનપૂજક હોય તે ગ્રંથોને સદ્‌ગ્રંથોનું સ્વરૂપ આપે અને આદરપૂર્વક તેમાં રહેલ જ્ઞાનનું વારંવાર સ્મરણ પણ કરે. જેમ શીખો 'ગ્રંથ સાહિબ' નો વારંવાર પાઠ કરે છે તેમ શ્રી રામકબીર સંપ્રદાયના સભ્યો પણ વાર તહેવારે 'નાદબ્રહ્મ' નાં ભજનો ગાતાં હોય છે. જોકે 'ગુરૂ ગ્રંથ સાહિબ' ની પવિત્રતા શીખો જેટલી જાળવી શક્યા છે તેટલી 'નાદબ્રહ્મ' ની પવિત્રતા શ્રી રામકબીર સંપ્રદાયમાં આજે જાળવી શક્યા નથી તે તો સમયની જ બલિહારી ગણાય. એમ જોવા જઇએ તો બંને પવિત્ર ગ્રંથના ઇતિહાસમાં મોટો તફાવત પણ રહેલો છે. 'ગુરૂ ગ્રંથ સાહિબ' નો ઉદ્‌ભવ ઈ.સ. ૧૬૦૪ માં ગુરૂ અર્જુનદેવના શુભ હસ્તે થયેલો. તેમાં જુદા જુદા સંતકવિઓનાં પદોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 'નાદબ્રહ્મ' માં એ જ રીતે અનેક સંતકવિઓનાં પદોનો સમાવેશ કરવામાં તો આવ્યો જ છે, પરંતુ તે કાર્ય ગુરૂ અર્જુનદેવ જેવા પ્રતિભાશાળી પવિત્ર ધર્મગુરુના હાથે નથી થયું. વળી તે કાર્ય છેક હમણાં જ એટલે કે નજીકના ભૂતકાળમાં જ કરવામાં આવ્યું હતું. તેની પહેલી આવૃત્તિ ઈ.સ. ૧૯૫૭ માં બહાર પડી ત્યારે તેનું નામ પણ જુદું જ હતું. 'શ્રી રામકબીર ભજન સંગ્રહ' એવું નામ આપવામાં આવ્યું હતું. 'નાદબ્રહ્મ' તો તેની બીજી આવૃત્તિનું નામ છે. છતાં તેનું મહત્વ તેથી ઓછું થઈ જતું નથી. જ્ઞાનપૂજકને મન તો 'શબ્દ' બ્રહ્મસ્વરૂપ જ છે. તેથી તે તો તેની પવિત્રતાનો મહિમા કરશે જ. 'નાદબ્રહ્મ' માં સંગ્રહિત થયેલાં પદો છેલ્લાં ચારસો વર્ષથી શ્રી રામકબીર સંપ્રદાયમાં સારાં નરસાં પ્રસંગે ધાર્મિક વિધિ તરીકે ગવાતાં આવ્યાં છે. આ સંપ્રદાયમાં બ્રાહ્મણોની જરૂર પડતી નથી. કારણ કે સંપ્રદાયમાં ક્રિયાકાંડનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કાંઈ ક્રિયાકાંડ કરવો જરૂરી લાગે તો તે ભજનો દ્વારા જ થાય. આ રીતે ભજનો જ વિધિ ગણાતી હોવાથી તે સૌ પદો વંશપરંપરાગત કંઠસ્થ જ રહેતાં. ભણતરનું પ્રમાણ પણ નહિવત્ હતું એટલે હસ્તલિખિત ગ્રંથ પણ ભાગ્યે જ તૈયાર કરી શકાતો. આ રીતે ભજનોનું વિધિમાં મહત્વનું સ્થાન ગણાતું તેથી તે સૌ પદો કંઠસ્થ રાખ્યા વિના છૂટકો ન હોતો. સમયના પરિવર્તન સાથે તે પદોને શબ્દસ્થ કરી ગ્રંથસ્થ કરવાની આવશ્યકતા ભારત દેશ આઝાદ થયો ત્યારે લાગી એટલે ઈ.સ.૧૯૫૭માં 'નાદબ્રહ્મ' નો ઉદ્‌ભવ થયો. એમાં કુલ ૯૦૦ જેટલા જુદા જુદા સંત કવિઓના પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સદ્‌ગુરૂ કબીરસાહેબનાં પદો તો એમાં માત્ર ૧૪૬ જેટલાં જ છે. એના કરતાં 'ગુરૂ ગ્રંથ સાહિબ' માં કબીર કૃત રચનાઓની સંખ્યા વધારે છે. છતાં 'નાદબ્રહ્મ' માં જેટલાં પણ પદો છે તે સમયે સમયે આજે પણ ગાવામાં આવે છે. પરંતુ ગાનારને અને સાંભળનારને તે એક સરખી રીતે સમજતાં નથી. તેથી જ કદાચ આ પરિવર્તનકાળમાં તેની પવિત્રતા લોકમાનસમાં એકસરખી રીતે જળવાયેલી જણાતી નથી. લોકો ભજન બરાબર સમજી શકે અને તેની જરૂરી પવિત્રતા જાળવી શકે તેવા ઉદ્દેશથી આ 'કબીર ભજન સુધા' નામનો લઘુગ્રંથ સમાજના જાગૃત આગેવાનોએ વેળાસર પ્રસિદ્ધ કર્યો તે એક આનંદની ઘટના ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ પુસ્તકના સંપાદનનું કાર્ય જ્યારે મેં ઉપાડ્યું ત્યારે વિદ્વાન મિત્રોએ પદોનાં મૂળ સ્વરૂપને શોધીને પ્રગટ કરવા ખાસ વિનંતિ કરી. કારણ સ્પષ્ટ છે : 'નાદબ્રહ્મ' માં પદો આજે જે સ્થિતિમાં છે તેમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની અધૂરપ ઉડીને આંખે વળગે તેવી છે - ભાષાની ભેળસેળ, થઈ ગયેલી ઉલટસૂલટ પંક્તિઓ અને અર્થસંગતિમાં બાધક બને તેવા ઘુસી ગયેલા ફાલતુ શબ્દ પ્રયોગો. સમયના વહેણ સાથે જગતના પ્રત્યેક સદ્‌ગ્રંથોમાં પ્રક્ષેપો થયા જ કર્યા છે તે સર્વ વિદિત ઘટના છે. તેથી 'નાદબ્રહ્મ' નાં પદોમાં પણ એવું બન્યું હોય તે એકદમ સ્વાભાવિક ગણાય. વળી કબીરસાહેબનાં પદો મૂળ તો જૂની હિંદી ભાષામાં ગુજરાતમાં તે પદો સંતો દ્વારા આવ્યાં હશે. તે સમયે લહિયાએ ઉતારો કરવામાં ગરબડ તો કરી જ હશે. આ તમામ પદો કંઠસ્થ હતાં એટલે કંઠસ્થ રાખનારનો સ્મૃતિ દોષ પણ ગરબડ કરવામાં ઉપયોગી બની શકે. ફરીવાર તે પદો શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે પણ ભૂલચૂક તો થઈ જ હશે. પરિણામે આજે ઉપર જણાવેલી ત્રણે પ્રકારની અધૂરપો 'નાદબ્રહ્મ' નાં પદોમાં જણાય છે.

છેલ્લા પચાસ વર્ષોમાં ભારતમાં પણ પ્રિન્ટીંગ પ્રેસનો સારો વિકાસ થયો. એટલે હસ્તલિખિત પ્રતો તરફ સ્હેજે નિષ્કાળજી પેદા થઈ. ભણેલાં પણ આર્થિક ક્રાંતિના ઉછાળમાં બેધ્યાન બની ગયા. બેદરકારી તે કારણે વધે એટલે હસ્તપ્રતો પણ યથાવત્ રહી શકે નહિ. તે અપ્રાપ્ય પણ બની ગઈ. આજે શોધીએ તો કદાચ મળે પણ ખરી. પરંતુ એવું કામ સમય માંગી લે છે. સમય ફાળવવો શક્ય ન લાગ્યો એટલે મેં પ્રગટ થઈ ગયેલાં પુસ્તકો તરફ ખાસ ધ્યાન આપ્યું.

મારે જે પદો પર શોધકાર્ય કરવાનું હતું તે સર્વ પદો મેં વડોદરા નિવાસી કબીર સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન વડીલ શ્રી ચંદ્રકાંત મહેતાને બતાવ્યાં. તેમની સાથે રહી દિવસો સુધી ચર્ચા વિચારણા કરવાનો મને અદ્‌ભૂત લહાવો મળ્યો. તેમની પાસેથી મને 'શબ્દામૃત સિંધુ ગ્રંથ' મળ્યો. ત્યાર પછી હરિદ્વાર જવાનું થયું તો ત્યાં હિન્દીના વિદ્વાન ફકીરના સંપર્કમાં આવવાનું બન્યું. તેમની પાસેથી 'કબીર પંથી શબ્દાવલી' નામના બૃહદ્ ગ્રંથની માહિતી મળી. તે ગ્રંથ શોધતો શોધતો દિલ્હી ગયો ત્યાં મને ભારત સરકારની સાહિત્ય એકેડેમીએ પ્રકાશિત કરેલ ગ્રંથ 'કબીર વચનાવલી' હાથ લાગ્યો. ત્યાંથી બનારસ ગયો તો મને યુનિવર્સીટીએ પ્રકાશિત કરેલા કબીર વાડમયનાં છ ગ્રંથો મળ્યા. તે ભગવાનના પ્રસાદ જેવા ગણાયા. ત્યાંથી મુંબઈ ગયો તો ત્યાં મને 'કબીર પંથી શબ્દાવલી' નો બૃહદ્ ગ્રંથનાં દર્શન થયાં. આ રીતે સદ્‌ગુરુની અસીમ કૃપાથી મારૂં કાર્ય સરળ બનતું ગયું.

સ્વામી હનુમાનદાસે સંપાદિત કરેલ 'શબ્દામૃત સિંધુ'નું મૂલ્ય ઘણું છે. સ્વામી હનુમાનદાસે પોતાનું આખું જીવન કબીરવાણી માટે જ સમર્પિત કર્યું હતું. તે જ રીતે 'કબીર પંથી શબ્દાવલી'નાં સંપાદક સ્વામી યુગલાનંદે વિહારીનું જીવન પણ કબીરવાણી માટે સમર્પિત હતું. 'કબીરપંથી શબ્દાવલી' એક બૃહદ્ પદ સંગ્રહ છે. એમાં સાત હજારથી પણ વધુ પદોનો સંગ્રહ છે. તેનું નામ 'કબીર પંથી શબ્દાવલી' એટલા માટે રાખવામાં આવ્યું છે કે તેમાં કબીર સાહેબનાં પદો સિવાય ધર્મદાસાદિ કબીરપંથી સંતકવિઓની વાણીનો સંગ્રહ પણ છે. 'કબીર વચનાવલી' સાહિત્ય જગતમાં અતિ પ્રસિદ્ધ છે. તેના સંપાદક પંડિત અયોધ્યાસિંહ હરિઔધ હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન તરીકે જાણીતા છે. વારાણસી વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત

Edited by Ishvarbhai P. Patel (Kapura)

કબીર વાડમયના છ ગ્રંથો ડૉ. જયદેવસિંહ અને ડૉ. વાસુદેવસિંહ દ્વારા તૈયાર થયેલ હોઈ અતિ ઉપયોગી છે. તે સંગ્રહો અદ્યતન સંશોધનને આધારે વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરવામાં આવ્યાં હોવાથી મને અતિશય ઉપયોગી નીવડ્યા.

'શબ્દામૃત સિંધુ' અને 'કબીરપંથી શબ્દાવલી' ગ્રંથો તો સોનાની ખાણ જેવા છે. જેમ જેમ તે ગ્રંથોમાંથી નાદબ્રહ્મનાં પદો મળતાં ગયાં તેમ તેમ હું તેના ઊંડા અભ્યાસમાં ઉતરતો ગયો ને મને સમજાતું ગયું કે એ બધાં પદોમાં પણ સંશોધનને ઘણો અવકાશ છે. સોનાની ખાણમાંથી સોનું સીધે સીધું નથી મળતું હોતું. ચોક્કસ પ્રકારની મહેનત કરવામાં આવે પછી જ સોનુ ઉપલબ્ધ બને છે. આ ગ્રંથોનાં પદો પણ એવી મહેનત માંગે છે. પાઠભેદની પણ સમસ્યા ઉકેલવી પડે એમ છે. 'કબીરપંથી શબ્દાવલી' માં તો ત્રણેક પદોનાં જુદાં જુદાં બે બે સ્વરૂપો મળી આવ્યાં. કયું પદ અસલી તે નક્કી કરવાનું કાર્ય કઠિન થઈ પડ્યું. તે સાબિત કરે છે કે તે પદો પણ ચોક્કસ પ્રકારની મહેનત માંગે છે. તેથી 'કબીર ભજન સુધા' માં રજૂ કરવામાં આવેલા પદો આખરી સ્વરૂપનાં છે એમ ગણી શકાય નહીં. છતાં પણ 'નાદબ્રહ્મ' નાં પદોમાં જે અશુદ્ધિઓ છે તેનાં કરતાં તો અનેક ઘણાં શુદ્ધ ને ચોકસાઈવાળાં પદો આ સંગ્રહમાં રજૂ કરવામાં આવ્યાં છે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આ રીતે માત્ર ૩૪ પદોનાં મૂળ રૂપ મળી શક્યાં છે, બાકીનાં ૨૬ પદો તો 'નાદબ્રહ્મ' માં જે સ્વરૂપે છે તેવાં જ પ્રકાશિત કર્યાં છે.

ઈ.સ. ૧૯૮૭નાં ફેબ્રુઆરી માસમાં કબીરવાણી સમજવા માટે કુલ પાંચ પુસ્તકો તૈયાર કરી આપવા મેં શ્રીરામકબીર ભક્ત સમાજને વચન આપેલું તે આધારે આ પાંચમું પુસ્તક 'કબીર ભજન સુધા' સમાજને ચરણે ધરતાં આનંદ થાય છે. આ સંગ્રહના પ્રત્યેક પદોમાં "आत्मा वा अरे श्रोतव्य: मंतव्य: निद्विथ्यासितव्य:" એ ઔપનિષદિક રણકાર વ્યંજિત થયા કરતો મેં અનુભવ્યો છે. તેથી એમ ન સમજવું કે કબીર સાહેબ વેદ-ઉપનિષદ્નાં પક્ષકાર બની તેની વકીલાત કરે છે. કદાચ વેદ-ઉપનિષદ્નાં તેમણે દર્શન પણ ન કર્યા હશે. તેઓ જો અક્ષર જ્ઞાનથી વંચિત જ રહ્યા હોય તો તેને વાંચી પણ કેવી રીતે શકે ? છતાં તેઓ અનુભવી મહાપુરુષ હતા. તેમણે સૌ પ્રથમ આત્મસાક્ષાત્કાર કર્યો જ હશે તેથી તેમની સ્વાનુભૂતિની વાણીમાં શાસ્ત્ર સંમત રણકાર સંભળાય તેમાં આશ્ચર્ય શું ? ચૈતન્યની એક અખંડ ધારાનો અમર્યાદપણે કરેલો અનુભવ વેદાંતનો સર્વોત્તમ અનુભવ ગણાય તેની પ્રતીતિ "સહજ સમાધ ભલી' જેવા પદમાં થાય છે. તેવા અનુભવથી સમૃદ્ધ વેદાંતી વ્યવહારમાં કેવી રીતે વર્તે તે દર્શાવી કબીર સાહેબે વેદાંત પણ વ્યવહારુ બની શકે તેની ખાત્રી કરાવી છે. ભિન્નતાની ભ્રાંતિ ટળે તે અભેદાનુભવ યોગી પણ કરતો હોય છે અને સચરાચરમાં વ્યાપેલ ચૈતન્યની એક અખંડધારાને તે આત્મ તત્વના નિજી અનુભવથી પામી જતો હોય છે તેવું દર્શન ધમારનાં પદોમાં જણાય છે. પાંચ ઈન્દ્રિયો ને છઠ્ઠું મન ત્યારે દિવ્ય બની જઈ યોગીને સહાયક થાય છે તે 'સુરતિ સુહાગનિ ખેલે ફાગ' જેવાં પદોમાં જોઈ શકાશે.

ધમારનાં પદોમાં કબીરસાહેબનું યૌગિક માનસ સરસ રીતે અભિવ્યક્ત થયું છે. તેમાં યોગ વિશેની તેમની આગવી દૃષ્ટિનું પણ દર્શન થાય છે. 'સુરતિ', 'સુન' આદિ શબ્દોનો વારંવારનો ઉપયોગ બુદ્ધ ભગવાનના શૂન્યવાદને યાદ કરાવે છે. જોકે બુદ્ધ ભગવાન 'સુરતિ' શબ્દને સમ્યક્ પ્રકારની જાગૃતિ - સાવધાનીના

Edited by Ishvarbhai P. Patel (Kapura)

અર્થમાં પ્રયોજે છે. કબીરસાહેબ લોકભાષામાં તેને પ્રયોજે છે ત્યારે ચિત્તની વૃત્તિ તેમને અભિપ્રેત હોય તેમ લાગે છે. 'શૂન્ય' શબ્દ દ્વારા અહંકાર શૂન્યતાની અવસ્થા બુદ્ધ ભગવાને અભિપ્રેત છે જ્યારે કબીરસાહેબ 'સૂન' ને યૌગિક પરિભાષાના સ્વરૂપે પ્રયોજે છે. આજ્ઞા ચક્રના ઉપરના ભાગને ગગન મંડળ તરીકે તેઓ ઓળખાવે છે ને તેમાં 'શૂન્ય' નામનું શક્તિનું એક ચક્ર છે. તે ચક્રમાં શક્તિ પહોંચે ત્યારે મન ઉન્મન બની જાય છે અને યોગીને સંપૂર્ણપણે તે સહકારી બની પરમાત્માનાં દિવ્ય દર્શન કરાવરાવે છે. કબીરસાહેબના સમયમાં હઠયોગનો પ્રભાવ વિશેષ હશે તેની ના નહિ, પણ કબીરસાહેબનાં પદોમાં વ્યક્ત થતો યોગ કેવળ હઠયોગ નથી, પણ રાજયોગ ને લયયોગનો તેમાં સમન્વય છે. તેમાં યોગની પરિભાષાનો કેવળ ઉપયોગ નથી, પણ પોતે અનુભવેલા યોગના સર્વોત્તમ અનુભવોનું બ્યાન પણ છે. યોગમાર્ગ ક્રિયાપ્રધાન માર્ગ કહેવાય. તેમાં તેમણે જ્ઞાન ને ભક્તિનો પણ સમન્વય કર્યો છે. જ્ઞાન, ભક્તિ ને કર્મના ત્રિવેણી સંગમથી કબીરસાહેબના યોગ દ્વારા જીવનને પ્રયાગરાજનું તીર્થ બનાવી શકાય છે તેવી તે પદોમાં પ્રતીતિ થાય છે.

માટે કબીરસાહેબનો રામ તે આતમરામ. લગભગ દરેક પદમાં તેમનું આત્મવાદી વલણ વ્યક્ત થયા જ કરતું હોય છે. 'મારું મન માન્યું રમતા રામસું" જેવા પદમાં સ્પષ્ટપણે તો આરતીનાં પદોમાં યૌગિક પરિભાષાના ઉપયોગથી આડકતરી રીતે વ્યક્ત થતું જણાશે. "હરિરંગ લાગા હો" જેવા પદમાં જાણે શાસ્ત્રાર્થ કરતાં હોય તેવી શૈલીથી તાર્કિક રીતે પણ તેઓ પોતાની સ્વાનુભૂતિને સરસ રીતે વ્યક્ત કરી જાણે છે.

કહૈ કબીર કૃપા કરી જિન પર, જ્યોં હેં ત્યોં સમજાય આ પંક્તિમાં આપણને **न अयम् आत्मा प्रवचनेन भम्यो** - એ ઉપનિષદ્‌નો શ્લોક પડઘાતો જણાશે. આત્મા જેના પર કૃપા કરે છે તેને જ પોતાનું સ્વરૂપ તે પોતે બતાવે છે એવું તે શ્લોકમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. આત્મ ચૈતન્યનું સ્વરૂપ સગુણ કે નિર્ગુણ તે અંગેના અભિપ્રાયો માત્ર અનુમાન જ હોય છે એવું સ્પષ્ટીકરણ કરવામાં તેઓ ખંચકાટ અનુભવતા નથી કારણકે તેમાં તેમની દૃઢ આત્મશ્રદ્ધાનો ધ્વનિ છે. વૈખરી વાણીની મર્યાદા તે દ્વારા વ્યક્ત થાય છે. સગુણ - સાકાર કે નિર્ગુણ - નિરાકાર શબ્દો તો માત્ર આંશિક દર્શનને જ વ્યક્ત કરે છે. આત્મા કેવળ શરીરમાં જ પોતાનું કામણ કરી રહ્યો છે એવું નથી પણ તે શરીરની બહાર અનેક વિધ નાના મોટા જીવોની જિજિવિષામાં, વનસ્પતિઓની હરિયાળીમાં અને પ્રકૃતિના મનમોહક સૌંદર્ય રાશિમાં પણ પોતાની લીલાનું ગાન કરી રહ્યો જણાય છે. 'રમી રહ્યો ભરપૂર રંગીલો' પદમાં તેની પ્રતીતિ સ્પષ્ટપણે થશે. તે આત્મા સૌથી નજીક હોવા છતાં અજ્ઞાનતાથી લોકો તેને દૂર માનીને જંગલોમાં, મંદિરોમાં, તીર્થોમાં કે મક્કામાં શોધે છે ને પોતાના મહામૂલ્યવાન માનવ જન્મને વ્યર્થ રીતે વેડફી નાંખે છે તે અંગે કરૂણામય ટકોર પણ તેઓ કરે છે. આ સમસ્ત સંસાર મનનું જ સર્જન છે. 'મનસા રચ્યો હિંડોલ' શબ્દો શ્રુતિ ગ્રંથના **मनसा जाता** - વચનની યાદ અપાવે છે. સાક્ષાત્ હરિ પણ એ હિંડોળે ઝૂલવા વારંવાર આ જગતમાં આવે છે તેની રસિક વાત પણ તેઓ કરવાની ચૂકતા નથી. જે માયા આતમરામથી જીવને દૂર રાખે છે તે જ માયા તો મનમાં જ રહેલી છે. તેથી મનની કેળવણીનું મહત્વ આત્મદર્શનને માટે અગત્યનું બની જાય છે તે અંગે તેઓ ઈશારો પણ કરે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

કમલકી પૌંધ બસે એક દાદુર તાકો ભેદ ન પાવે
ફૂલવાસ કે ભોગી ભમરા લક્ષ કોસથી આવે

દેડકો કમળની પાસે જ રહેતો હોય પણ કમળનો મહિમા જાણી શકતો નથી. 'દેડકો' મનની ભોગલંપટ અવસ્થાનું એક પ્રતીક ગણાય. કાદવકીચડમાં પેદા થતી જીવાતોનું ભક્ષણ કરવાનો જ તેનો હેતુ હોવાથી તેની બાજુમાં ખીલેલાં કાદવ કીચડથી અલિપ્ત રહેતા, કમળ તરફ તેનું કદી ધ્યાન જતું નથી. જ્યારે ભમરો તેનાથી આકર્ષાય છે અને તેનો મહિમા સમજે છે. ભમરો પણ તેથી મનની સહેજ ઊંચી અવસ્થાનું પ્રતીક ગણાય.

કબીરસાહેબનું સુધારાવાદી વલણ આક્રમક શૈલીમાં પ્રગટ થાય છે - 'પંડિત બાદ બદે સો જૂઠા' પદમાં. માત્ર પોપટની જેમ રામ બોલવાથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી નથી એ મુદ્દાને તેઓ તાર્કિક બની જઈ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. બાહ્યાચાર મિથ્યાચાર તરફનો તેમનો અભિગમ પણ તેમાં આડકતરી રીતે વ્યક્ત થઈ જાય છે. સંસારમાં રહીને જ પ્રભુની ભક્તિ કરવાથી પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે તેવું વલણ પણ 'અબ ક્યોં ન ચેતો રે' પદમાં જણાય છે. લગ્ન જીવનનો ઉદ્દેશ પણ તેમાં સૂચિત થયેલો જણાશે. 'માત પિતા સ્વારથ કે લોભી' જેવા વચનો ઉગ્ર લાગે, પણ એકદમ સત્ય છે. યાજ્ઞવલ્ક્ય મુનિનો તેની પત્નીઓ સાથેનો સંવાદ યાદ આવ્યા વિના રહેતો નથી. મુનિ સ્પષ્ટ પણે પત્નીને જણાવે છે કે દરેકને સ્વાર્થને ખાતર જ દરેક વસ્તુ વહાલી લાગતી હોય છે. 'તેરા સાહેબ હૈ તુજ માંહિ' જેવાં વચનો જિસસની યાદ પણ કરાવે છે. સૈન્ત પિટર સાથેના સંવાદમાં કહેવામાં આવ્યું છે કે - The kingdom of God is within you. - આ રીતે કબીર સાહેબનું સ્પષ્ટ દર્શન, તેમની યોગ વિશેની સમજ, તેમનું આત્મવાદી વલણ, તેમની શાસ્ત્ર ગ્રંથો તરફની સમ્યક્ દૃષ્ટિ અને તેમનો સમન્વયવાદી સ્વભાવ આ 'કબીર ભજન સુધા' સંગ્રહમાં પાને પાને પ્રગટ થાય છે.

કબીરવાણીની ગંગામાં કબીરસાહેબને નામે ચઢી ગયેલી અન્ય રસિકજનોની વાણી પણ ભળી ગઈ છે તેનો પણ 'નાદબ્રહ્મ' ની કૃતિઓ તપાસતાં ખ્યાલ આવ્યો. કબીર સાહેબની ભાષા, તેમના સિદ્ધાંતો અને તેમની વિશિષ્ટ પ્રકારની અભિવ્યક્તિની લઢણનો જેને ખ્યાલ છે તેને કબીરકૃત રચનાઓ અલગ તારવી કાઢવામાં સુગમતા થઈ પડે છે. કબીરસાહેબનું સમન્વયવાદી વલણ પણ આ કાર્ય કરતી વખતે લક્ષમાં રાખવું પડે એમ છે. નિર્ગુણ - નિરાકાર, સગુણ - સાકાર જેવી ચીલાચાલુ સમસ્યાઓના નિર્ણય વખતે તે વલણ અતિ ઉપયોગી થઈ પડે છે. કબીરસાહેબનો ઝોક નિર્ગુણ-નિરાકાર તરફનો ખરો પણ તેઓ સગુણ-સાકારની આત્યંતિક રીતે કાયમ અવગણના જ કર્યા કરે છે એવું જણાતું નથી. 'કાહે ન મંગલ ગાવે', 'નિર્ગુણ જરાલક્ષ આવે' કે 'સંત સું અંતર નાહિ નારદ' જેવાં પદો તે માટે ઉપયોગી નીવડે છે.

શ્રી રામકબીર ભક્ત સમાજે આ ગ્રંથ શ્રેણી તૈયાર કરવાની જવાબદારી સોંપીને મને સદ્‌ગુરૂ કબીરસાહેબની વાણીનાં પવિત્ર માનસરોવરમાં ડૂબકી મારવાની સોનેરી તક પૂરી પાડી છે તેથી પરમ આનંદ સહિત સમાજનું ઋણ માથે ચઢાવું છું. મને આ સંગ્રહ તૈયાર કરવામાં માર્ગદર્શન રૂપ થનાર સ્વામી હનુમાનદાસજી, સ્વામી યુગલાનંદ વિહારી, પંડિત અયોધ્યાસિંહજી, ડૉ. જયદેવસિંહ તથા ડૉ. વાસુદેવસિંહ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જેવા પ્રકાંડ પંડિતોના ગ્રંથરત્નો અતિ ઉપયોગી થયા છે. તેથી તેની સાભાર નોંધ લઈ તેઓનાં ચરણોમાં વંદન કર્યા વિના રહી શકતો નથી. નિવૃત્ત ન્યાયાધીશ તરીકે ખ્યાતનામ વડોદરા નિવાસી વિદ્વાન વડીલ શ્રી ચંદ્રકાંત મહેતાની પ્રત્યક્ષ મદદથી મને અણમોલ લાભ થયો છે તે કયા શબ્દોમાં વર્ણવું ? તેમના સ્નેહાળ સ્વભાવથી હું ખરેખર આભારવશ થયો છું તે અત્રે જાહેર કર્યા વિના રહી શકતો નથી. પ્રવૃત્તિઓમાં અતિ વ્યસ્ત હોવા છતાં સમય ફાળવી જાણીતા ચિંતક ડૉ. ગુણવંત શાહે આ પુસ્તકની પ્રસ્તાવનામાં સમગ્ર પુસ્તકનો કાર્ડિયોગ્રામ અભિપ્રેત કર્યો તે બદલ એમનો આભાર વ્યક્ત કરી મારી પ્રવૃત્તિઓનો ભાર વાચકવર્ગને અર્પણ કરું છું.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

# કબીર ભજન સુધા

(નાદબ્રહ્મને આધારે)

જા ઘર કથા નહિ ગુરૂ કીર્તન
સંત નહિ મિજમાના;
તા ઘર જમરા ડેરા દીન્હા
સાંજ પડે સમસાના

: સંપાદક :

ઈશ્વરભાઈ પ્ર. પટેલ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧ : બહુત ભલો રે ભાઈ

નાદબ્રહ્મ પદ-૮, પૃષ્ઠ-૮, રાગ – ગોડી
(સંદર્ભ : 'શબ્દામૃતસિંધુ', પૃષ્ઠ-૩૧૨)

**બહુત[૧] ભલો રે ભાઈ અવસર બહુત ભલો રે ભાઈ**
**માનુષ દેહ દેવનકો[૨] દુર્લભ, સોઈ દેહ તુમ પાઈ - ૧**

**તજિ પ્રપંચ અવિદ્યા પાખંડ, છાડહુ માન બડાઈ**
**સાધુ[૩] સંગ મિલિ ભજુ હરિગુરૂકો, સોઈ સકલ સુખદાઈ - ૨**

**જબ લો જરા રોગ નહિ તનમેં, લે ગુરુ જ્ઞાન ભલાઈ**
**માતુ[૪] પિતા સ્વારથ કે લોભી, માયા જાલ ફંસાઈ - ૩**

**યહ ભવસાગર પાર તરનકો, નામ[૫] કી નાવ બનાઈ**
**હલકે હલકે પાર ઉતર ગૌ, બૂડે માન બડાઈ - ૪**

**અજહૂં ચેત સમજ નર અંધા[૬], યહ તન યહૂં ગમાઈ**
**કહહિં કબીર તન કાંચકે કુમ્ભા, બિનશન બાર ન લાઈ - ૫**

********************

૧. માણસ જન્મે ને મરે ત્યાં સુધીનો સમય અતિશય મૂલ્યવાન ગણાય છે. તે સોનેરી સમયનો સદ્દુપયોગ માનવ પોતાના આત્મકલ્યાણને માટે કરી શકે છે તેથી તેનું સવિશેષ મહત્વ છે. બીજી યોનીમાં દેહ ધારણ કરવાથી તે તક મળતી નથી.

૨. દેવયોનિ ભોગયોનિ ગણાય છે. જ્યારે માનવયોનિ મોક્ષ પ્રાપ્ત કરવા માટેની આખરી યોનિ ગણાય છે. દેવો પણ તે યોનિ પ્રાપ્ત કરવા ઝંખતા હોય છે. દેવોને પણ પ્રભુની કૃપા વિના માનવયોનિ પ્રાપ્ત થતી નથી. તેથી માનવયોનિ પ્રાપ્ત કરનાર જીવ ખરેખર સદ્‌ભાગી ગણાય.

૩. સાધના કરી શકે તે સાધુ કહેવાય. માનવ જન્મ પ્રાપ્ત કર્યા પછી દુનિયાદારીથી અળગા થઈ માનવ જન્મનું મહત્વ સમજવા માણસે પ્રયત્ન કરવા પડે છે. તે પ્રમાણેની સમજ પ્રાપ્ત કર્યા પછી તેનો અમલ કરવા માટે ઘણું ઘણું મથવું પડે છે. મહેનત આત્મકલ્યાણનાં હેતુવાળી હોવાથી તે સાધના બની જાય છે. તેથી સાધના કરનારનું પણ આ સંસારમાં વિશેષ મહત્વ મનાય છે. સાધના કરનારનાં સંગમાં રહેવાથી પણ માનવને જન્મનું મહત્વ સમજવાની સુંદર તક મળતી હોય છે.

૪. ભારતીય ધર્મ ને તત્વજ્ઞાનના ઇતિહાસમાં ઋષિ જ્ઞાનવલ્ક્યનું મહત્વ ઘણું છે. તેઓ સ્વતંત્ર વિચારથી તેમના યુગમાં પ્રસિદ્ધ થયેલાં. તેમણે કૃષ્ણયજુર્દેવથી અલગ થઇને શુકલયજુર્વેદની નવી શાખા ચાલુ કરેલી. તેમને બે પત્નીઓ હતી-મૈત્રેયી અને કાત્યાયની. તેમની શિષ્યાનું નામ ગાર્ગી. પત્ની સાથેના તેમના સંવાદો ખૂબ જ જાણીતા છે. મૈત્રેયી સાથેના તેમના સંવાદમાં

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, આ મનુષ્ય દેહ દેવોને પણ મળવો મુશ્કેલ છે તે તને મળ્યો છે તેથી તને તો ઘણો કલ્યાણકારી સમય મળ્યો કહેવાય ! - ૧

સજ્જન પુરૂષોનો સંગ કરી ભગવત્ સ્વરૂપ સદ્ગુરૂની ભક્તિ કર કારણ કે તે જ સૌને માટે સદાય સુખ આપી શકે તેવું સાધન છે. માટે હે જીવ, અવિદ્યા, પ્રપંચ મિથ્યા પ્રવૃત્તિ, મિથ્યા અભિમાન ને મોટાઈ છોડી દે ! - ૨

જ્યાં લગી શરીરમાં રોગ નથી અને ઘડપણની અસર નથી ત્યાં સુધી હે જીવ, ગુરૂની આજ્ઞામાં રહી જ્ઞાન પ્રાપ્ત કરવામાં જ કલ્યાણ રહેલું છે. બાકી આ સાંસારિક સંબંધોની જાળ તો ફસાવે છે. ખુદ માતાપિતા પણ નિજી સ્વાર્થને ખાતર પુત્રોને ચાહે છે. - ૩

જેણે સંસાર રૂપી સાગર તરી જવા માટે નામ સ્મરણની હોડી બનાવી હતી તે સૌ અભિમાન રહિત અવસ્થામાં સંસાર પાર કરી ગયા છે. બાકી બીજાં બધાં તો અભિમાનના ભારથી ડૂબી ગયા છે ! - ૪

માટે દેહના અભિમાનમાં આંધળા બનેલા હે જીવ, હજી પણ તું ચેતી જા ! નહિ તો મૂલ્યવાન ગણાતો તારો દેહ એમ જ નકામો વેડફાઈ જશે ! કબીર કહે છે કે આ શરીર તો કાચના ઘડા જેવું છે, જેનો નાશ થતાં વાર લાગતી નથી ! - ૫

********************

તેમણે સ્પષ્ટ કહેલું કે દરેકને પોતાના સ્વાર્થને ખાતર જ દરેક વસ્તુ પ્રિય લાગતી હોય છે. તે હિસાબે ઘડપણમાં સેવા લેવાના સ્વાર્થમાં માતાપિતા પુત્રોને ચાહતા હોય છે તે વચન યાજ્ઞવલ્ક્ય ઋષિની યાદ અપાવે છે. કબીરસાહેબનું વચન કદાચ કડવું લાગશે પણ એટલું જ સત્ય ને ઉપયોગી પણ છે.

૫. નામ સ્મરણનું મહત્વ જ્યાં સુધી મિથ્યા અભિમાન હોય ત્યાં સુધી સમજાતું નથી. જ્યાં સુધી અભિમાન હોય ત્યાં સુધી શ્રદ્ધા ને વિશ્વાસ પણ નહિવત્ હોય છે. જેમ જેમ અભિમાન ઓછું થતું જાય તેમ તેમ શ્રદ્ધા વધતી જ જાય. કબીરસાહેબની પ્રખ્યાત સાખી અહીં યાદ આવે છે :

> જબ મૈં થા તબ હરિ નહીં, અબ હરિ હૈ હમ નાહિ
> પ્રેમ ગલી અતિ સાંકરી તામેં દો ન સમાહિ.

અર્થાત્ જ્યાં સુધી અભિમાન હતું ત્યાં સુધી હરિનું દર્શન થઈ શક્યું નહિં. અભિમાન રહિત અવસ્થામાં જ હરિદર્શન શક્ય બને છે.

૬. દેહભાવમાં આંધળા બનીએ ત્યારે દેહની અંદર રહેલા ભગવાનની સ્મૃતિ પણ થતી નથી. દેહની અંદર ભગવાન રહેલા છે તેથી દેહ મહત્વનો છે. પરંતુ અહંકારને કારણે નથી માનવનું મહત્વ સમજાતું કે નથી ભગવાનનું દર્શન થતું. તેથી દેહાસક્તિ ઓછી કરવા માટે અહીં ચેતવણી આપવામાં આવી છે. કાચના ઘડા જેવું શરીર છે. તેનો નાશ થતાં વાર લાગતી નથી. માટે માનવ દેહ પ્રાપ્ત થયો છે તો ચેતી જઈને અંદર રહેલા ભગવાનની સ્મૃતિ કરવી જરૂરી છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨ : કાહે ન મંગલ ગાવે

નાદબ્રહ્મ પદ-૯, પૃષ્ઠ-૯, રાગ - ગોડી

કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા, કાહે ન મંગલ ગાવે
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે - ૧

કોટિ કોટિ બ્રહ્માંડકે કર્તા, જપ તપ ધ્યાન ન આવે
ના જાણું યહ કૌન પુન્યસે, તાકો ગોદ ખિલાવે - ૨

બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર[૧], નિગમ નેતિ કરી ગાવે
શેષ સહસ્ત્ર[૨] મુખ જપત નિરંતર, સો તાકો પાર ન પાવે - ૩

સુંદર વંદન કમલદલ લોચન, ગૌધેનુકે સંગે આવે
આરતી કરત જશોદા મૈયા, કબીરાજી[૩] દર્શન પાવે - ૪

********************

૧. 'બ્રહ્માદિક' શબ્દમાં શંકરનો સમાવેશ થઈ જાય છે. બ્રહ્માદિક એટલે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. મહેશ એટલે જ શંકર. તેથી "શંકર" શબ્દનો બીજીવાર ઉપયોગ થયો છે, તે બરાબર ગણાય નહિ. "શંકર" ને બદલે અહીં 'દેવગણ' શબ્દ હશે એવું અનુમાન થાય છે. 'ઈન્દ્રાદિક' શબ્દ પછી 'દેવગણ' શબ્દ વધુ ચોખવટ ભરેલો પણ લાગે છે. તેથી આ પંક્તિ આ પ્રમાણે ગાવી જોઈએ - "બ્રહ્માદિક ઈન્દ્રાદિક દેવગણ નિગમ નેતિ કરી ગાવે."

૨. શેષનાગ તે શેષ ભગવાન. તેને હજાર જીભ હતી એટલે તેને હજાર મોઢાં હોવાં જોઈએ એવી કલ્પના સ્વાભાવિક લાગે.

૩. 'કબીરાજી'ને બદલે 'કબીર હિ દર્શન પાવે' એમ વધારે યોગ્ય લાગે. 'જી' શબ્દ કરતા 'હિ' શબ્દનો હિંદીમાં વિશેષ ઉપયોગ થાય છે.

શું કબીરસાહેબને આવું દર્શન થયેલું ? દર્શનનું મહત્વ કેટલું ? શું તે સત્ય હોય ? શું તે આભાસી ન હોય ? આવા અનેક પ્રશ્નો ઉદ્દભવે તો આશ્ચર્ય નહિ. પ્રભુ પ્રાપ્તિના માર્ગમાં યોગી ભક્તને આવાં અનેક દર્શનો થતાં હોય છે એવું અનુભવી મહાપુરુષોનું કહેવું છે. તે આભાસી ન કહેવાય. તે દર્શન જેટલું સ્પષ્ટ હોય છે તેટલું જ સત્ય હોય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

પૂર્ણ અવતારી અખંડ ને અવિનાશી પરમાત્મા જાતે જ તારી ગાયોને ચરાવતા હોય તો હે જશોદા મા, તને પરમ આનંદ કેમ ન થાય ? ત્યારે તારાથી મંગલ ગીતો ગાયા વિના રહી જ કેમ શકાય ? - ૧

કરોડો બ્રહ્માંડોનાં સર્જક જપ ને તપ વડે પ્રાપ્ત થઈ શકતા નથી તે કયા પુણ્યોને કારણે તારી ગોદમાં ખેલી રહ્યા છે તે મને સમજાતું નથી ! - ૨

તેનું ગુણગાન બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-ઈન્દ્ર વગેરે દેવાધિદેવો અને સર્વે શાસ્ત્રો નેતિ નેતિ કહીને ગાયા કરે છે એટલું જ નહિ પણ ખુદ શેષ ભગવાન હજાર મોઢાથી સતત જપ્યા કરે છે છતાં તેનો પાર પામી શકતા નથી ! - ૩

જેની આંખો ને મોઢું કમળ સમાન સુંદર છે એવા પ્રભુને ગોવાળિયાને રૂપે ગાયોનાં ટોળાં સાથે આવતા જોઈને મા જશોદા પ્રેમપૂર્વક આરતી ઉતારે છે તેવું મંગલ દર્શન કરીને કબીર તો ધન્યતાનો અનુભવ કરે છે ! - ૪

********************

વળી નિર્ગુણ ભક્તિના ગાયક સગુણ ભક્તિની મધુરતાનું આ કંઠ પણ કર્યા વિના રહી શકતા નથી એ કહીકત આધ્યાત્મિક ઈતિહાસમાં સ્વીકારાયેલી છે. જ્ઞાનની પ્રાપ્તિ પછી પણ ક્યારેક જાગતી ભક્તિની તીવ્ર-પ્રચંડ ભૂખ પ્રેમમય ભક્તિના માધુર્યનો મહિમા કરનારી છે. મહર્ષિ વ્યાસે જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી જ્ઞાન તથા કર્મના રહસ્યને સમજાવતા અનેક ગ્રંથોની રચના કરેલી. મહાભારત જેવા અદ્વિતીય ગ્રંથનું સર્જન પણ કરેલું. છતાં પણ વ્યાસજીના હૃદયે તૃપ્તિ ન અનુભવેલી. બલ્કે બેચેનીનો જ અનુભવ કરેલો. નારદમુનિનો સંગ થતાં તે બેચેની તેમણે વ્યક્ત કરેલી ત્યારે નારદે પોતાના જીવનનો પૂર્વ ઈતિહાસ કહીને માર્ગદર્શન આપતાં સ્પષ્ટ કહેલું કે "તમારામાં જ્ઞાન-કર્મ બધું જ છે, પણ એક જ વાતની ખોટ છે. વિશ્વરૂપ ભગવાનની પ્રેમમય ભક્તિ જ ખૂટે છે. તે પૂરી કરો તો તમારા જ્ઞાન-કર્મ દીપી ઉઠશે." મહર્ષિ વ્યાસે તેથી ભાગવતની રચના કરેલી ને સંતોષનો અનુભવ કરેલો. આ ઘટના આ પદને સમજવામાં અત્યંત ઉપયોગી થઈ પડશે.

આત્મજ્ઞાની મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાં છેલ્લે છેલ્લે અનુપમ ભક્તિનો ઉદય થયેલો. તેમને આત્મસાક્ષાત્કાર થઈ ચૂક્યા પછી પ્રેમમય ભક્તિની પ્રચંડ તરસ લાગેલી ત્યારે તેઓ કૃષ્ણમય બની ગયેલી ગોપીઓની દિવ્ય દશાઓનું મહત્વ સમજી શકેલા. તે પહેલાં કૃષ્ણ માટે તેમનો અભિપ્રાય જુદો જ હતો. અનુપમ ભક્તિના ઉદય પછી તેમણે કૃષ્ણતત્વનો અનુભવ કરેલો અને ભક્તિના માધુર્યને આકંઠ માણેલું એ ઘટના પણ આ પદને સમજવામાં ઉપકારક થાય છે.

કબીરસાહેબ તો નિર્ગુણ ભક્તિના જ પુરસ્કર્તા એવું માનવાવાળા આ પદ કબીરસાહેબનું નથી એમ કહી છટકી જવા પ્રયત્ન કરે તો આ પદમાં રહેલું ભાવમાધુર્ય તે કેવી રીતે સમજી શકે ? કર્તૃત્વનો ઈન્કાર કરવાનો માર્ગ સહેલો લાગશે, પણ તે ખોટો માર્ગ છે કારણ કે આધ્યાત્મિક જગતના અનુભવી પુરુષોએ જે સત્યનો અનુભવ કર્યો છે તે માત્ર ઈન્કાર કરવાથી મિથ્યા સાબિત થતો નથી.

માટે સગુણ ભક્તિની મધુરતાથી ઉભરાતું આ પદ તે હિસાબે સમજવું જોઈએ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩ : રમી રહ્યો ભરપૂર રંગીલો

નાદબ્રહ્મ પદ-૧૨, પૃષ્ઠ-૧૦, રાગ - ગોડી

રમી[૧] રહ્યો ભરપૂર રંગીલો[૨], રમી રહ્યો ભરપૂર[૩]
શુદ્ધ[૪] વિચાર કરો મેરે સંતો, હૈ નિયરે[૫] નહિ દૂર - ૧

વેદ પુરાણ ભાગવત ગીતા, વામે લિખ્યો હૈ હજૂર
તાહી[૬] છોડ નર ચાહુદિસ ધાવૈ, સમજત નહિ નર મૂઢ - ૨

આતમ એક અખંડ અનુપમ, બાજત અનહદ[૭] તૂર
નિત્ય પ્રકાશ નિરંતર નિર્મલ, જ્યોં સરિતાકો પૂર - ૩

તેરા સાહેબ હૈ તુજ માંહિ, ઊઠત શબ્દકી ઘોર[૮]
સતગુરૂ મિલે સત શબ્દ બતાયો, નિતનિત બરસત નૂર - ૪

આપ જગતકો રૂપ બન્યો હૈ, આપ[૯] જગતકો મૂલ
કહૈ કબીર સોહિ જન જાને, જ્ઞાન ઉદય ભયે સુર[૧૦] - ૫

*******************

૧. 'રહ્યો' ક્રિયાપદ ગુજરાતી ભાષાનું ગણાય. એને બદલે 'રહા' શબ્દ હોવો જોઈએ.

૨. રંગીલો શબ્દ પરમાત્માની એકમાંથી અનેક થવાની ઈચ્છાને સરસ રીતે વ્યક્ત કરે છે. પરાત્પર બ્રહ્મનું romantic mood એ શબ્દ દ્વારા સચોટ બને છે.

૩. ભરપૂર શબ્દ દ્વારા સચરાચરમાં પરમાત્માનું વ્યાપકપણું પણ સચોટ રીતે વ્યક્ત થાય છે.

૪. શુદ્ધ વિચાર એટેલ શુદ્ધનો જ વિચાર. જે નિત્ય, બુદ્ધ ને શુદ્ધ છે તે આત્મતત્વનો જ વિચાર. 'શુદ્ધ વિચાર' દ્વારા માયાનો વિચાર નહીં તે પણ સૂચન સમજી શકાય છે.

૫. નિયરે એટલે પાસે. અંગ્રેજી શબ્દ યાદ આવશે Near.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

કણકણમાં સર્વ વ્યાપક થઈને મસ્તીથી જે રંગીલો (રાજા) પોતાનો ખેલ બતાવી રહ્યો છે. તે ખરેખર નજીક જ છે, દૂર નથી ! હે મારા (વ્હાલા) સંતો, શુદ્ધ વિચારણા કરી નિર્ણય કરી લો ! - ૧

વેદ, પુરાણ, ભાગવત, ગીતા વગેરે શાસ્ત્રો જેનું વર્ણન 'નેતિ' કહીને વર્ણન કરે છે તેની અવગણના કરી સમજણ વિના માનવ ચારે દિશામાં શોધવા દોડી વળે છે તે તેની મૂઢતા ગણાય. - ૨

નદીના ધસમસતા પૂરની માફક જે તૂરમાંથી નીકળતા અનાહત નાદ રૂપે સર્વ સ્થળે ગુંજી રહ્યો છે તે આત્મા તો નિત્ય, પવિત્ર ને પ્રકાશ સ્વરૂપ જ છે. - ૩

સદ્‌ગુરુ મળ્યા પછી સત્ય શબ્દની સમજ આપી છે કે જેનો પ્રકાશ સતત વરસ્યા કરે છે તે પરમાત્મા તો હે જીવ, તારી અંદર જ શબ્દ રૂપે ગૂંજી રહ્યો છે (તે યાદ કર) ! - ૪

કબીર કહે છે કે જેના હૃદયમાં જ્ઞાનનો ઉદય થયો છે તે દેવપુરુષ જ જાણે છે કે તે પરમાત્મા જ સૃષ્ટિનો આદિ છે ને સમગ્ર સૃષ્ટિનું સર્જન તેમાંથી જ થયું છે. - ૫

********************

૬. જે નિત્ય બુદ્ધ ને શુદ્ધ છે તે તો એક અને અખંડ પણ છે. તે સ્વયં પ્રકાશિત પણ છે. તેનું કોઈ સ્વરૂપ જ નહીં, કોઈ આકાર જ નહીં. તે અગમ્ય, અલક્ષ્ય ને આગધ છે. તેનું વર્ણન થઈ શકતું જ નથી. તેથી તો શાસ્ત્રો નેતિ નેતિ કહીને તેને ઓળખાવે છે. છતાં તે તત્વનું કોઈ રૂપ ધારીને તીર્થોમાં, મંદિરોમાં કે દેવળોમાં જ માત્ર શોધવાનો કોઈ પ્રયત્ન કરે તો તે તેની નરી મૂર્ખતા છે. કબીરસાહેબની સાખી અહીં યાદ આવ્યા રહશે નહીં :

દેહી માંહે વિદેહ હૈ સાહેબ સુરિત સરૂપ
અનંત લોકમેં રમી રહ્યા જાકે રંગ ન રૂપ

૭. અનહદ એટલે અનાહત નાદ યોગીઓ તે નાદને સાંભળી શકે છે. તે સંભળાતા નાદમાં ચિત્તવૃત્તિને જોડી દઇને તેઓ સમાધિસ્થ બની જાય છે અને આત્મસાક્ષાત્કાર કરી શકે છે.

૮. 'ઘોર' શબ્દ અહીં બંધબેસતો લાગતો નથી. 'સોહમ્' નો નાદ સતત ચાલ્યા કરે છે અને તે દ્વારા જ શરીરમાં રહેલા પરમાત્માની પ્રતીતિ થાય છે તે સૂચવવા 'ઊઠત શબ્દકી ઘોર' ને બદલે 'બાજત શબ્દ કે સૂર' શબ્દો વધારે બંધબેસતા લાગે.

૯. આપ શબ્દ દ્વારા આત્મતત્વનું સૂચન થયું છે. મૂલ એટલે આદિ, સૃષ્ટિનો આદિ તે જ ગણાય.

૧૦. સુર એટલે દેવપુરુષ. જ્ઞાનની પ્રાપ્તિથી સામાન્ય માનવ અસામાન્ય બની જાય છે. તેનું અહીં સૂચન કરવામાં આવ્યું છે. દૈવી સંપત્તિથી તે સભર બની જાય તેથી તે સૃષ્ટિના આદિને જાણી શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪ : સાધો સહજ સમાધ ભલી

નાદબ્રહ્મ પદ-૧૩, પૃષ્ઠ-૧૦, રાગ - ગોડી
(સંદર્ભ : આશ્રમ ભજનાવલીનાં આધારે)

સાધો સહજ[૧] સમાધ ભલી
ગુરૂ[૨] પ્રતાપ જા દિનસે જાગી, દિન દિન અધિક ચલી ... ટેક

જહં જહં ડોલૌં સો પરિકમ્મા, જો કુછ કરૌં સો સેવા
જબ સોવૌં તબ કરૌ દંડવત, પૂજૌ ઔર ન દેવા ... ૧

કહૌં સો નામ, સુનૌ સો સુમિરન, ખાવપિયૌં સૌ પૂજા
ગિરહ[૩] ઉજાડ એક સમ લેખૌં, ભાવ મિટાવૌં દૂજા ... ૨

આંખ ન મુંદૌ, કાન ન રૂંધો, તનિક[૪] કષ્ટ નહિ ધારૌં
ખુલે નૈન પહિચાનૌ હંસિ હંસિ, સુંદર રૂપ નિહારૌં ... ૩

સબદ[૫] નિરંતરસે મન લાગા, મલિન વાસના ત્યાગી
ઊઠત બૈઠત કબહૂ ન છૂટૈ, ઐસી તારી લાગી ... ૪

કહ કબીર યહ ઉન્મુની[૬] રહની, સૌ પરગટ કરિ ગાઈ
દુઃખ સુખસે કોઇ પરે પરમ પદ, તેહિ પદ રહા સમાઈ ... ૫

*******************

૧. 'સહજ' શબ્દ પાસે કબીર સાહેબે ઘણું કામ લીધું છે. શ્વાસોશ્વાસની ક્રિયા જેમ સહજ રીતે ચાલ્યા કરે છે તેમ આત્મલીન મન હાલતાં, ચાલતાં, ઊઠતાં, બેસતાં, સૂતાં કોઈ પણ જાતની મહેનત વિના પ્રભુમય રહે છે તે મનની ઉત્તમ અવસ્થા વ્યક્ત કરવા સહજ શબ્દને પ્રયોજ્યો છે. તેથી સમાધિ એટલે પલાંઠી વાળીને ધ્યાનમગ્ન બની જવાની ક્રિયા નહીં, પણ રોજિંદા જીવનમાં બહિર્મુખ મનને અંતર્મુખ બનાવી આત્મમય કરી દેવાની સાહજિક ક્રિયા. તેમાં ભક્તિનો કોઈ બાહ્ય દેખાવ નહીં, આડંબર નહીં, જ્ઞાનની કોઈ ગડભાંજ નહીં કે યોગીની કોઈ અટપટી વિધિ પણ નહીં.

૨. એવી સાહજિક અવસ્થા ગુરૂની કૃપા વિના પ્રાપ્ત થવી શક્ય નથી. જે બ્રહ્મનિષ્ઠ ગુરૂ હોય, જેણે પોતાના મનને આત્મલીન કરી દીધું હોય અને જગતમાં શ્વાસ લઈ પ્રભુ કાર્યમાં પોતાના શરીરને જોડી દીધું હોય તેવા સદ્‌ગુરૂની કૃપા પ્રાપ્ત કર્યા વિના સહજ સમાધિમાં પ્રવેશ થઈ શકે નહીં. જે ગુરૂ બ્રહ્મનિષ્ઠ ન હોય, અનુભવ વિનાનો હોય, તે શિષ્યને આડંબર તરફ દોરી જાય છે. તેવા ગુરૂથી શિષ્યનું કલ્યાણ થતું નથી. જેણે પોતાની મનની વૃત્તિને પ્રભુમાં કાયમને માટે જોડી દીધી હોય, છતાં સંસારમાં રહી જનકલ્યાણનાં કાર્યો કરવામાં પોતાનું શેષ પ્રારબ્ધ નિર્ગમન કરતો હોય તેવા ગુરૂના શરણમાં જ કલ્યાણ થઈ શકે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે સાધુજનો, આપોઆપ પ્રાપ્ત થતી મનની લીન અવસ્થા કલ્યાણકારી જ નીવડે છે ! ગુરૂની કૃપાથી જ્યારથી સમાજ પ્રગટી છે ત્યારથી વધુ ને વધુ લયની અવસ્થામાં પ્રગતિ થતી રહી છે.

પગ ચાલે તે પરિકમ્માના ભાવથી, કર્મો થાય તે સેવાના ભાવથી અને સુવાનું બને તે દંડવત્ પ્રણામ કર્યાના ભાવથી ! આત્મદેવ સિવાય અન્ય દેવની પૂજા એ રીતે મારાથી થતી નથી. - ૧

બોલું તે રટણ, સાંભળું તે સ્મરણ ને ખાઉં-પીવું તે પ્રભુને ધરેલું અર્ધ્ય ! ઘરમાં હોય કે ઘરની બહાર મન આત્મમાં એકસરખું લીન રહેતું હોવાથી દ્વૈતનો ભાવ આપોઆપ મટી જતો હોય છે. - ૨

તે માટે આંખ બંધ કરવી પડતી નથી, કાન દબાવવા પડતા નથી અને સહેજ પણ તાણ ક્યાંય અનુભવવી પડતી નથી ! સ્થળે સ્થળે ખુલ્લી નજરે પ્રભુના સુંદર રૂપનું જ દર્શન થતું રહે છે ! - ૩

મલિન વાસનાનો ત્યાગ થયા પછી જ મન આત્મામાં લીન થઈ શકે છે અને એવી લગની લાગી જાય છે કે ઊઠતાં - બેસતાં કદી પણ સ્મરણ છૂટી શકતું નથી. - ૪

કબીર કહે છે કે આ મન એટલી ઊંચી અવસ્થા પર સ્થિર થઈ ગયું છે કે પ્રભુ સર્વત્ર પ્રગટ રૂપે છે એવું જ ગાયા કરે છે. સુખદુઃખથી પર એવા પરમપદમાં તે સદાને માટે સમાય ગયું છે. – ૫

********************

૩. 'ગિરહ' શબ્દ ગૃહનું અપભ્રંશ રૂપ છે. ગૃહસ્થી હોય કે સંન્યાસી હોય, ત્યાગી હોય કે વૈરાગી હોય, મન સંસારિક પદાર્થોમાંથી ઉપરામ ન પામે ત્યાં સુધી આત્મલીન ન થઈ શકે તથા આત્મલીન બન્યા વિના દ્વૈત પણ ન મિટાવી શકે તે સૂચવવા 'ગિરહ'ની વાત કરી છે.

૪. 'તનિક' એટલે ક્ષણિક અને 'કષ્ટ' એટલે તાણ કે દબાણ. મુદ્રાઓ કરતી વખતે આંખ, કાન, નાક આદિ બંધ કરવું પડે છે ને કોઈ નાડી પર તાણનો અનુભવ પણ થાય છે તેવું સહજ સમાધિમાં કરવું પડતું નથી.

૫. કબીરવાણીમાં 'શબ્દ' અથવા 'સબદ' વિશિષ્ટ અર્થમાં વપરાય છે. ક્યારેક આત્મતત્વ માટે તો ક્યારેક જ્ઞાન માટે તે ખાસ કરીને વપરાય છે. અહીં આત્મજ્ઞાનને માટે વપરાયો છે.

૬. 'ઉન્મન' એટલે મનની ઊંચી અવસ્થા. તેમાં ચંચળતા મટી ગયેલી હોય છે. તે દશામાં તર્ક-વિતર્ક પજવતા હોતા નથી. ગુરૂની આજ્ઞામાં રહી મનને એ રીતે કેળવી શકાય છે. કેળવાયેલું મન આત્મામાં સહજ રીતે લીન થઈ શકે છે ને સમાધીનો અનુભવ કરી શકે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫ : પંડિત બાદ બદૌ સો જૂઠા

નાદબ્રહ્મ પદ-૧૭, પૃષ્ઠ-૧૩, રાગ - ગોડી
(સંદર્ભ : ભારત સરકારની સાહિત્ય એકેડેમી દ્વારા સંપાદિત "કબીર વચનાવલી" પૃષ્ઠ-૩૩૦ના આધારે)

પંડિત[૧] બાદ બદૌ સો જૂઠા
રામ કહે જગત ગતિ પાવૈ, ખાંડ કહૈ મુખ મીઠા - ટેક

પાવક કહે પાંવ જો દાહૈ, જલ કહે તૃખા બુઝાઈ
ભોજન કહે ભૂખ જો ભાગૈ, તો દુનિયા તરિ જાઈ - ૧

નર[૨] કે સંગ સુવા હરિ બોલૈ, હરિ પ્રતાપ ન જાનૈ
જો કબહુ ઊડિ જાય જંગલકો, તો હરિ સુરતિ ન આનૈ - ૨

બિનુ દેખે બિનુ અરસપરસ[૩], બિનુ નામ લિયે કા હોઈ
ધનકે કહે ધનિક જો હો તો નિરધન રહત ન કોઈ - ૩

સાચી[૪] પ્રીતિ વિષય માયાસોં, હરિ ભગતનકી હાંસી
કહ કબીર એક રામ ભજે બિનુ, બાંધે જમપુર જાસી - ૪

********************

૧. કથાકારો અજમિલનો દાખલો આપી છેલ્લે માત્ર નારાયણ બોલવાથી મુક્તિ મળી જાય છે એવો પ્રચાર કરતા હોવાથી તેના વિરોધમાં અહીં કબીરસાહેબે તાર્કિક વિચારણા રજૂ કરી છે. અજામિલ એક બ્રાહ્મણ હતો. તે વેશ્યાના પ્રેમમાં પડ્યો ને પોતાની પત્નીનો ત્યાગ કર્યો. લૂંટફાટ, ચોરી આદિ ખરાબ રીતે જીવન નિર્વાહ કરવા લાગ્યો હતો. વેશ્યાને ધનથી તરબોળ રાખતો. તેના દ્વારા તેને દસ પુત્રો થયેલાં. સૌથી નાના છોકરાનું નામ નારાયણ રાખવામાં આવેલું. મરતી વખતે તેણે નાના પુત્રને નામ દઈને બોલાવેલો એટલે તેને મુક્તિ મળી ગયેલી એવી કથા દ્વારા પંડિતો લોકોને છેતરે છે. ખરેખર મરતી વખતે વીસ હજાર વીંછી ડંખ મારેને જેટલી વેદના થાય તેટલી વેદના શરીરમાં થતી હોય છે. ત્યારે મન વેદનાથી અળગું થઈ શકે નહીં. મનોવૈજ્ઞાનિકો પણ ના જ કહે છે. આખી જિંદગી જે રટણા થઈ હોય તે જ મનને તો યાદ આવે. હા, વરસો સુધી રામરટણથી મન કેળવાયેલું હોય તો હરિનું સ્મરણ છેવટે તે કરી શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

પંડિત પોતાના મતનો પ્રચાર કરે છે તે ખોટો છે. ફક્ત રામ કહેવા માત્રથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી હોય તો ખાંડ કહેવાથી મ્હોં ગળ્યું થઈ જવું જોઈએ. – ટેક

અગ્નિ બોલતાની સાથે પગમાં દઝાય, પાણી બોલતાંની સાથે તરસ છિપાય અને ભોજન બોલતાંની સાથે ભૂખ ભાંગી જાય તો દુનિયાનો ઉદ્ધાર ક્યારનો થઈ જાત ! - ૧

માણસના સંગમાં પોપટ હરિ બોલતો થઈ જાય છે પણ પ્રભુના પ્રભાવનો તેને ખ્યાલ નથી હોતો. તેથી ભૂલેચૂકે પણ જંગલમાં ઊડીને તે જાય તો પ્રભુને યાદ પણ કરી શકતો નથી. - ૨

જોયા સમજ્યા વિના માત્ર દેખાદેખીથી નામ રટ્યા કરવાથી શું વળે ? માત્ર ધન કહેવાથી ધનિક થવાતું હોત તો જગતમાં કોઈ નિર્ધન રહેત જ નહિ ! - ૩

કબીર કહે છે કે હે જીવ, તારી સાચી પ્રીતિ તો વિષયો ને માયા પ્રત્યે જ છે. તેથી તે દ્વારા તો ને ભગવાનના ભક્તની મશ્કરી જ થાય છે. રામની સાચી ભક્તિ વિના તારે યમપુરીમાં જ જવું પડશે. – ૪

********************

૨. પોપટને રામ રામ બોલવાની ટેવ પાડો તો તે બોલતો થઈ જશે. પરંતુ પોપટના હૈયે રામની પ્રીતિ છે ? ખરેખર તેને રામ વિશે કાંઈ ખબર પણ નથી હોતી. રામના પ્રભાવનો તેને ખ્યાલ ક્યાંથી હોય ? છતાં તે રામ રામ બોલે છે તેથી તેને આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થતો નથી. ભૌતિક લાભ કદાચ તેને મળી શકે. તેનો માલિક તેના પર ખુશ થઈને ખાવાનું આપે ને પંપાળે. કબીરસાહેબ જગતમાં ચાલતા પોપટ પારાયણોનું પણ અહીં ખંડન કરતાં જણાય છે. હૃદયમાં પ્રભુ પ્રત્યે અપાર પ્રેમ ઉદ્‌ભવે અને મન તેનું સતત રટણ કરતું થઈ જાય તો આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થઈ શકે.

૩. જગતમાં માત્ર દેખાદેખીથી ઘણાં અનુકરણો થતાં હોય છે. તે વિષે પણ કબીરસાહેબે અહીં ચેતવણી ઉચ્ચારી છે. પ્રત્યેક કાર્ય બરાબર સમજીને જ કરવું જોઈએ. આંધળું અનુકરણ નકામું છે. વાલિયો લુટારો લૂંટવાનું કાર્ય સમજીને નહોતો કરતો. તેથી તેનું પેટ ભરાતું પણ બીજો કાંઈ લાભ થતો નહીં. નારદમુનિ મળ્યા ને તેને વિચાર કરતો કર્યો. તેની સમજ વધી એટલે લૂંટફાટ બંધ કરી રામનું સ્મરણ કરવા લાગ્યો. ધીમે ધીમે તેનામાં સમૂળગું પરિવર્તન આવી ગયું પરિણામે તે લૂંટારૂ મટીને મહાન વાલ્મિકી ઋષિ બની શક્યો.

૪. મનમાં સંસાર તરફ પ્રીતિ હોય એટલે મન વિષયોમાં જ રમમાણ રહેવાનું. જેના માટે પ્રીતિ હોય તે જ તેને યાદ આવે એવો મનનો સ્વભાવ ગણાય છે. તેથી મનમાં સાચી પ્રીતિ રામ પ્રત્યે હોવી આવશ્યક છે. તો જ રામનું સ્મરણ તેનાથી થઈ શકશે ને મનમાં સમગ્ર પરિવર્તન થઈ જતાં તેને આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થશે. મનમાં સાચી પ્રીતિ એટલે મનમાં પણ રામ ને આચરણમાં પણ રામ. વાણીને ને વર્તનમાં એકતા. તો જ મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત થાય. નહીં તો યમરાજની નગરીમાં જ કાયમનો વાસો.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૬ : આરતી હો દેવ શિરોમણિ તેરી

નાદબ્રહ્મ પદ-૨૯, પૃષ્ઠ-૧૩, આરતી

આરતી[૧] હો દેવ શિરોમણિ તેરી
અવિગત[૨] વિગત જુગત[૩] નહીં જાણું, ક્યોં પહોંચે બુધ[૪] મેરી ? - ટેક

નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા
જ્ઞાન ધ્યાન સે રહેત ન્યારા, કિસ બિધ કીજે સેવા[૫] - ૧

નિગમ નેતિ[૬] બ્રહ્માદિક ખોજે, શેષ[૭] પાર નહિ પાવે
શંકર[૮] ધ્યાન ધરે નિસિબાસર, સો ભી અગમ બતાવે - ૨

સબ ગાવે અનુમાનસે[૯] અપને, તુમ ગતિ લિખી ન જાય
કહૈ કબીર કૃપા કરી જિન પર, જ્યોં[૧૦] હૈ ત્યોં સમજાય - ૩

********************

૧. આરતી એટલે શું ? આ + રતી. રતી એટલે પ્રેમ. આ એટલે સમગ્ર. મનનો સમગ્ર પ્રેમ ઈશ્વર તત્વમાં કેન્દ્રિત થાય ને જે પ્રાર્થના થાય તે આરતી કહેવાય. અત્યારે આપણા મનની સ્થિતિ જુદી જ છે. મનનો સમગ્ર પ્રેમ ઈશ્વરમાં કેન્દ્રિત નથી. થોડો પ્રેમ માલમિલકત તરફ, થોડો મોહને મમતા તરફ, થોડો માનમરતબા વધે તેવી કામના તરફ ને થોડો સુખેથી જીવવા તરફ મનનો પ્રેમ વહેંચાયેલો હોય છે. ક્યારેક ઈશ્વર તરફ પ્રેમ જાગે છે પણ માલમિલકત કે પુત્ર પૌત્રાદિ જેટલો તો નહીં જ. એટલે આપણી પ્રાર્થના સાચા અર્થમાં આરતી બની શકતી નથી. આપણી પ્રાર્થનામાં પ્રેમભાવની અધૂરપ રહેલી છે. આપણે મોભો સાચવવા, પ્રણાલિકા સાચવવા કે ખરાબ દેખાય નહીં તેટલા ખાતર પ્રાર્થના કરતા હોઈએ છીએ.

૨. ભગવાનના હજારો નામો છે. 'અવિગત' તેમાંનું એક ગણાય. જેની વિગત જ કોઈ જાણી શકતું નથી તેવા પ્રભુનો પરિચય કરવો કેવી રીતે ? કબીરસાહેબ સાખીમાં કહે છે :

જા કે મુંહ માથા નહીં, નાહી રૂપ કુરૂપ
પુહુપ બાસ તેં પાતરા ઐસા તત્વ અનૂપ

અર્થાત્ ફૂલની સુગંધથી પણ અતિ સૂક્ષ્મ એવા તત્વ રૂપે રહેલા તે પ્રભુને જાણવા મુશ્કેલ છે કારણ કે તેને કોઈ રૂપ કે રંગ કે આકાર જ નથી.

૩. જાણકારો કહે છે કે તેને તો યુક્તિપૂર્વક જ જાણી શકાય. અહીં 'જુગત' શબ્દ યુક્તિનું જ અપભ્રંશ રૂપ છે. યુક્તિ શબ્દ યોગનો પર્યાય પણ ગણાય છે. યોગી પુરૂષો ધ્યાનની યુક્તિથી પરમાત્માનો પરિચય કરવા પ્રયત્ન કરે છે. પરંતુ મારી પાસે તો તેવી યોગની કોઈ જાણકારી પણ નથી. પ્રભુ પાસે પહોંચવું કેવી રીતે ?

Edited by Isvarbhai P. Patel (Kapura)

હે સર્વશ્રેષ્ઠ દેવ, હું આરતપૂર્વક પ્રાર્થના કરું છું કે નથી મારી પાસે યોગની કોઈ જાણકારી કે નથી અન્ય કોઈ માહિતી. તમે અવિગત જ છો, મારી બુધ્ધિ તમારા સુધી તો કેવી રીતે પહોંચી શકે ? - ટેક

તમે તો નિરાકાર ને નિર્લેપ છો. તમે દોષ રહિત છો કારણ કે તમે ત્રણે ગુણોથી પર છો. જ્ઞાન ને ધ્યાનથી પણ તમે જાણી શકાતા નથી. તમારી સેવા પૂજા હું કેવી રીતે કરી શકું ? - ૧

સર્વ શાસ્ત્રો ને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ તમારી શોધ 'નેતિ' 'નેતિ' કહીને કર્યા કરે છે. ખુદ શેષ ભગવાન પણ તમારો પાર પામી શકતા નથી. રાત દિવસ ધ્યાન કરી શંકર ભગવાન પણ તમને છેવટે તો અગમ્ય જ ગણાવે છે. - ૨

કબીર કહે છે કે જગતમાં સર્વ કોઈ પોતપોતાના અનુમાન પ્રમાણે તમારા ગુણગાન ગાયા કરે છે. ખરેખર તમારી ગતિવિધિ કોઈ જાણતું જ નથી. માટે તમે અમારા પર કૃપા કરો અને તમે જેવા સ્વરૂપે છો તેવા સ્વરૂપનું દર્શન આપી બધું સમજાવી દો ! - ૩

********************

૪. અનુભવી પુરૂષોના વચન અનુસાર મન, વાણી કે બુદ્ધિ પરમાત્મા પાસે પહોંચી શકે નહીં. यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह એ ઉપનિષદ વચનનો અહીં પડઘો છે.

૫. ભગવાન નિર્ગુણ ને નિરાકાર જ હોય તો તેની સેવા પૂજા પણ કેવી રીતે થઈ શકે ? માનવમન સાકારથી ટેવાયેલું છે તેથી નિરાકારની ભક્તિ તેને કઠિન લાગે છે. તેથી તેના આકારની કલ્પના કરી તે મૂર્તિ પણ બનાવે છે.

૬. 'નેતિ' એટલે આ નહીં, આ નહીં એવી નકારાત્મક પદ્ધતિ, તે પદ્ધતિથી મૂલ સુધી પહોંચી શકાય છે એવો શાસ્ત્રોનો દાવો છે. શરીરમાં આત્માની ખોજ કરવી હોય તો હાથ આત્મા નથી, પગ આત્મા નથી, માથું આત્મા નથી, આંખ આત્મા નથી, કાન આત્મા નથી, નાક આત્મા નથી એવી રીતે શરીરના અંગોપાંગોને તપાસી છેવટે જે બાકી રહેશે તે આત્મા.

૭-૮. શેષ ભગવાન અને શંકર ભગવાન પાર ન પામી શકે તો સામાન્ય માણસનું તો ગજું જ શું ?

૯. જગતના તમામ ધર્મો ને સંપ્રદાયો તથા નાના પંથો પોતપોતાના અનુમાનોથી પરમાત્માનું વર્ણન કર્યા કરે છે. પરંતુ તે આંધળા ને હાથીના દૃષ્ટાંત જેવું છે. એક આંધળાને હાથીનો કાન હાથમાં આવ્યો તો હાથી તેને સૂપડા જેવો લાગ્યો ને બીજાને પગ હાથમાં આવ્યો તો તેને થાંભલા જેવો લાગ્યો !

૧૦. આત્મા જેના પર કૃપા કરવાની ઈચ્છા કરે તેને જ તે પૂર્ણ સ્વરૂપે દર્શન આપે છે એવું ઉપનિષદ્‌નું વચન અહીં યાદ આવે છે. 'પ્રવચનથી, તર્કથી કે શ્રવણથી આત્મા પ્રાપ્ત થતો નથી પણ જેના પર તેની કૃપા ઉતરે છે તેની સમક્ષ તે પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે' - કઠોપનિષદ્.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૭ : ઐસી આરતી કરો મન જ્ઞાની

નાદબ્રહ્મ પદ-૩૨, પૃષ્ઠ-૧૯, આરતી

ઐસી[૧] આરતી કરો મન જ્ઞાની[૨], હર પલક ન બિસરૂં સારંગપાની[૩] - ટેક

પાંચ પચ્ચીસ[૪] કા કરો હો વિચારા, જ્યોતમેં આતમા રામજી પ્યારા - ૧

પ્રેમ[૫] કા ધૂપ સુરતિકી બાતી, બ્રહ્મકી જ્યોત અખંડ દિનરાતી - ૨

ગુરૂ[૬] ગોવિંદકી આરતી કર લે, કહૈ કબીર ભવસાગર તર લે - ૩

********************

૧. "ઐસી" શબ્દ આપણું ધ્યાન ખેંચે છે. કંઈક વિશિષ્ટ ચેતવણી જાણે કે આપે છે. ચીલાચાલુ પ્રાર્થના આરતી - ભક્તિ નહીં, પણ વિશિષ્ટ પ્રકારની ભક્તિ. ચીલાચાલુ પ્રાર્થના ને ભક્તિ આજદિન લગી કીધી પણ તે દ્વારા આધ્યાત્મિક લાભ તો કશો મળ્યો જ નહીં. માટે તે છોડી દો ને કબીરસાહેબ કહે છે તે અનુસાર વિશેષ પ્રકારે પ્રાર્થના - આરતી કરો.

૨. જ્ઞાની શબ્દ પણ વિશિષ્ટ પ્રકારની પ્રાર્થના - ભક્તિનો દ્યોતક છે. પ્રાર્થના ને ભક્તિમાં જ્ઞાન ઉમેરાય તો ભક્તિ બળવાન બને. તે શબ્દોમાં એવું બળ પેદા થાય કે તે ભગવાને સાંભળવા જ પડે. તેથી જ તો શ્રીકૃષ્ણ ગીતામાં ચોથા અધ્યાયને અંતે અર્જુનને જ્ઞાનનો મહિમા જણાવતાં કહે છે :

नहि ज्ञानेनसदृशं पवित्रमिह विद्यते ।

અર્થાત્ આ જગતમાં જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી કોઈ નથી. મતલબ કે જ્ઞાનથી પવિત્રતા વધે છે. તે જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે તે જણાવતાં શ્રી કૃષ્ણ કહે છે કે

श्रद्धावान लमते ज्ञानम् ।

શ્રદ્ધા દ્વારા જ તે જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભક્તના હૃદયમાં શ્રદ્ધા જાગે છે ત્યારે તે અનન્ય જુસ્સાનો અનુભવ કરે છે. તે દ્વારા મનોબળ ને આત્મબળ ખૂબ વધી જાય છે. તે પોતાની જાત પર સંયમ સ્થાપવામાં સફળ બને છે. તેવા જ્ઞાની મનની કબીરસાહેબે અહીં વાત કરી છે. તેવું મન દિવ્ય બની શકે છે. તેવા મનને ઉન્મન પણ કહેવામાં આવે છે. સામાન્ય મન વ્યવહારનાં કામો તો કુશળતાથી કરી શકે છે. ગણિત વિજ્ઞાનના કોયડાઓનો ઉકેલ સારી રીતે વિસ્મૃતિ થઈ જાય છે, જેને કારણે તેને આદ્યાત્મિક લાભ પ્રાપ્ત થઈ શકતો નથી. માટે જ્ઞાન દ્વારા મનને ઉન્મન બનાવી શકાતું હોવાથી તેનો મહિમા અહીં ગાયો છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, મનને જ્ઞાની બનાવ અને એવી આરતપૂર્વક પ્રાર્થના કર કે એક ક્ષણ પણ મનમાંથી ભગવાનના નામનું વિસ્મરણ થાય નહીં. - ટેક

પાંચ પ્રાણોનો અને પચ્ચીસ, તત્વના બનેલા આ શરીરનો બરાબર વિચાર કરો તો અંદર પ્રકાશ સ્વરૂપે વ્હાલા આતમરામની જ્યોત સતત પ્રજ્વલિત જણાશે. - ૧

પ્રેમનો ધૂપ કરી આ શરીર રૂપી કોડિયામાં ચિત્તશક્તિની દિવેટ સળગ્યા કરે છે તેનો અનુભવ કર. દિવસ રાત સળગતી બ્રહ્મની તે અખંડ જ્યોત પણ કહેવાય છે. - ૨

તે જ ગુરૂ ને તે જ ગોવિંદ છે એવા વડે તેની ભક્તિ કરી લે તો કબીર કહે છે કે આ સંસાર રૂપી સાગર સહેલાઈથી તરી શકાશે. – ૩

********************

૩. 'સારંગપાની' એટલે ભગવાન વિષ્ણુ. સારંગ એટલે ધનુષ્ય અને પાણિ એટલે હાથ. જેના હાથમાં ધનુષ્ય રહે છે તેવા ભગવાન વિષ્ણુ. અહીં કબીરસાહેબને 'સારંગપાની' એટલે 'આતમરામ' એવો અર્થ અભિપ્રેત છે.

૪. પચ્ચીસ પ્રકૃતિના તત્વો આ રીતે ગણાવી શકાય : પાંચ મહાભૂતો, તેની પાંચ તન્માત્રાઓ, પાંચ કર્મેન્દ્રિયો ને પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર. ગીતાના તેરમા અધ્યાયમાં આ શરીરને તેટલા માટે જ ક્ષેત્રની ઉપમા આપવામાં આવી છે. તે ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ પણ રહે છે જેને આપણે આત્મ કહીએ છીએ. ક્ષેત્રને જાણ્યા વિના ક્ષેત્રજ્ઞને કેવી રીતે જાણી શકાય ? તેથી પચ્ચીસ તત્વોનો વિચાર કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

૫. ધૂપ પોતાની સુગંધ જાતે બળીને પ્રસરાવે. સાથે સાથે વાતાવરણને પણ પવિત્ર બનાવે છે. તેવી જ રીતે સાધનાના અગ્નિમાં ભક્ત જાતે બળે ને સુગંધ પ્રસરાવે. પોતે પવિત્ર બને ને અન્યને પણ પવિત્ર કરી શકે. પ્રેમ વિના સાધના થઈ શકે જ નહીં. તેથી તો પ્રેમ શબ્દ ભક્તિનો પર્યાય ગણો છે. પ્રેમને રસાયણ રૂપે કબીરસાહેબ વર્ણવે છે :

> સબૈ રસાયન મૈં કિયા, પ્રેમ સમાન ન કોય
> રતિ એક તનમેં સંચરે, સબ તન કંચન હોય

૬. ઉપનિષદ્‌નું વચન છે :आत्मा वै गुरुः । અર્થાત્ આત્મા તે જ ગુરૂ અને ગુરૂ તે જ આત્મા. આત્મા પરમાત્મા સ્વરૂપ ગણાય તેથી પરમાત્મા તે જ ગુરૂ અથવા ગુરૂ તે જ પરમાત્મા. કબીર સાહેબે કહ્યું છે કે :

> હૃદય ઝરૂખે બૈઠ કે સબકા મુજરા લેત
> જૈસી જિસકી ચાકરી તૈસી તિસકો દેત

આ દ્રષ્ટિએ આતમ રામ જ સાચો દેવ છે ને તેની ભક્તિ કરી ભવસાગર તરી શકાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૮ : ઐસી આરતી ત્રિભુવન તારૈ

નાદબ્રહ્મ પદ-૩૩, પૃષ્ઠ-૧૯, આરતી

ઐસી આરતી ત્રિભુવન તારૈ, તેજ[૧] પુંજ તહાં પ્રાન[૨] ઉતારૈ - ૧

પાતી પાંચ[૩] પુહુપ[૪] કરિ પૂજા, દેવ નિરંજન[૫] ઔર ન દુજા - ૨

તમ મન સીસ સમરપન કીન્હાં, પ્રગટ[૬] જોતિ તહાં આતમ લીના - ૩

દિપક જ્ઞાન સબદ ધુનિ[૭] ઘંટા, પરમ પુરિખ[૮] તહાં દેવ અનંતા - ૪

પરમ પ્રકાશ સકલ ઉજિયારા, કહૈ કબીર મૈં દાસ તુમ્હારા - ૫

********************

૧. આત્મા તેજના ઢગલા જેવો છે. શાસ્ત્રો પણ આત્માને પ્રકાશ સ્વરૂપ કહે છે. તે પ્રકાશ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતો હોવાથી જાણી પણ શકાય છે. જાણ્યા પછી જ વિશ્વાસ ને પ્રેમ જાગે છે.

૨. આગલા આરતીનાં પદમાં કબીરસાહેબે જ્ઞાનનો મહિમા ગાયો છે. તેમાં પોતાની જાતનું જ્ઞાન પણ આવો જાય. પોતે કોણ છે તેનું સંશોધન માણસ કરવા માંડે તો જ તેને પોતાના શરીરમાં રહેલા શક્તિશાળી સાધનોનો પરિચય થાય. ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ એક એકથી ચઢિયાતાં જોરદાર સાધનો છે. તે સાધનો દ્વારા સૌથી બળવાન આત્મા રહેલો છે તેનો પરિચય થઈ શકે છે. માણસની શોધનો અંત પોતાના આત્મસ્વરૂપના પરિચય વડે આવે. જય સુધી ઈન્દ્રિયો, પ્રાણ, મન ને બુદ્ધિ સ્થિરતા ધારણ ન કરે ત્યાં સુધી આત્માની અનુભૂતિ થાય નહીં. રવિ સાહેબે પોતાનો અનુભવ જણાવતાં ગાયું છે કે :

> પવન ગગનમાં રહ્યા સમાઈ, જાત ઉનમુનિ યે ઠેરાણી
> વાણી મનમેં, મન પ્રાણમેં, પ્રાણ અલખમેં અલપાણી

અર્થાત્ મન ઉન્મન બને ત્યારે પ્રાણ (પવન) ઉર્ધ્વ ચક્રોમાં (ગગનમાં) સ્થિર થાય ને ત્યારે વાણીનો મનમાં, મનનોપ્રાણમાં ને પ્રાણનો અલાખમાં લય થાય છે. અલખ એટલે જ આત્મા. પ્રાણોપનિષદ્‌માં પ્રાણશક્તિની ઉપાસના બતાવી છે ને તેમાં કહ્યું છે પ્રાણ એ આત્મા છે. પ્રાણ એ સૂર્ય છે. જ્યારે પ્રકૃતિ એ મન છે. સૂર્યથી પ્રકૃતિ પ્રકાશે છે. આત્માથી ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ આખું આ શરીર ચેતનવંતુ લાગે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, ત્રણે ભુવનનો ઉદ્ધાર કરી શકે એવી તેજના પુંજ સમાન આત્માની આરતી ઉતારવી જોઈએ. -૧

પાંચ પ્રાણોની દિવેટ સળગાવી ને પછી પ્રેમ રૂપી પુષ્પ ચઢાવી તે શુદ્ધ બુદ્ધ નિરંજન દેવની પૂજા કરવી જોઈએ, બીજાની નહીં. - ૨

તેને જ સર્વ ભાવે તન, મન ને માથું સમર્પણ કરી દેવાથી (ગગન મંડળના શૂન્યચક્રમાં) સદા લીન રહેનાર આત્માની જ્યોતિનું સ્વરૂપ તને પ્રગટ દેખાશે. - ૩

તે અવસ્થામાં જ્ઞાનનો દીપ અંતરમાં સળગી ઊઠશે. અનાહત નાદનો ઘંટારવ પણ ત્યાં ગુંજી ઊઠશે. ત્યારે તે પરમ પુરૂષ અનંત દેવનાં દર્શન થશે. - ૪

કબીર તો તેના દાસ થઈને (અનુભવથી) કહે છે કે તેના જ પરમ પ્રકાશથી આ સઘળી સૃષ્ટિ પ્રકાશમાન લાગે છે. – ૫

********************

૩. પાંચ પ્રાણો છે : પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન ને સમાન. પાતી એટલે દિવેટ. સલાલ્ગતી દિવેટ જાગૃતિનું પ્રતીક ગણાય. પ્રાણ ઉત્થાન પામે તેની તે નિશાની ગણાય.

૪. 'પહુપ' એટલે પુષ્પ - ફૂલ, ફૂલ વિના પૂજા કેમ કરીને થાય એવી લૌકિક માન્યતા હોવાથી અહીં પ્રેમનાં પુષ્પો સમજવાં. પ્રેમ વિના મિલન પણ કેવી રીતે થાય ? પ્રેમ શબ્દ લયનો દ્યોતક છે. ઉત્થાન પામેલો પ્રાણ સૌ પ્રથમ સંયમિત બને છે, પવિત્ર બને છે એટલે તે લય પામી શકે તેવી ક્ષમતા ધરાવતો થઈ જાય છે. પ્રાણ આત્મામાં લય પામે તે આત્મદેવની ઉત્તમ પૂજા ગણાય.

૫. નિરંજન એટલે શુદ્ધ. માયારહિત અવસ્થા. અહીં આત્મા તે જ નિરંજન દેવ.

૬. મસ્તકને સંતયોગીઓ ગગનમંડળ કહે છે ને તેમાં શક્તિના ઉર્ધ્વ ચક્રો આવેલાં છે. તેમાં શૂન્યચક્ર આવેલું છે. કબીર સાહેબ કહે છે :

સૂન કંવલમેં ઝિલમિલ દરસો આપુઈ બસત અપારા
જોતિ સરૂપ સકલ જગ, વ્યાપી અછય પુરૂષ હૈ પ્યારા

અર્થાત્ શૂન્યકમળમાં જ્યોતિ સ્વરૂપે આત્મદેવ રહેલા છે, જે સમગ્ર જગતમાં વ્યાપીને પોતાનો પ્રકાશ પાથરી રહ્યા છે. તે જ અવિનાશી પરમાત્મા છે.

૭. ગગનમંડળમાં આત્મદર્શન થાય ત્યારે અનાહત નાદનો ઘંટારવ થાય છે. તે જ ઉત્તમ પ્રકારની આરતી કહેવાય.

૮. 'પુરિખ' એટલે પુરૂષ. પરમ પુરૂષ તે જ આત્મા. તેના વડે જ સમગ્ર બ્રહ્માંડ પ્રકાશવાન જણાય છે.



Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૯ : લાડકડા મનવા તું હરિ ભજ

નાદબ્રહ્મ પદ-૪૦, પૃષ્ઠ-૨૨, બેઠકનાં પદો

લાડકડા[૧] મનવા તું હરિ ભજ વિલંબ ન કર રે
લાડકડા મનવા તું સમજી સુમારગ ચલ રે - ટેક

કામ, ક્રોધ, મદ, લોભ નિવારો, તૃષ્ણા દુર્મતિ કપટ વિસારો
લે ગુરૂ જ્ઞાન-દીપક અજવાળાં, તો તેરો મિટ[૨] હૈ તિમિર રે - ૧

લક્ષ ચોર્યાસી તું ભમી ભમી આવ્યો, મનસા જન્મ પદારથ પાયો
હીરો હાથ બહારે નહીં આવે, તું મોક્ષ[૩] મુક્ત અવસર રે - ૨

પડદા ખોલ મગ્ન હોઈ રાચ્યો, પુરણ મત્ત પ્રભુ સોહી રંગે રાચ્યો
પરધન પરદારા પરત્યાગી તું પરનિંદા પરહર રે - ૩

ગજપતિ છત્રપતિ ભૂપ કહાવે, બૈઠે તખ્ત પર ચમર ઢોળાવે
એ સુખ સ્વપ્ને કશું તેરે નાહીં, કાલ[૪] ચંદ્રસે ડર રે - ૪

આ તનકો સુખ શુદ્ધ લગાવે, ષટરસ[૫] અમૃત ભોજન પાવે
આ તન કોડી કામ ન આવે, જબ ઊડ ચલે ભ્રમર રે - ૫

લાખે ક્રોડે પન્ને[૬] નહીં પાવે, જે જાપ તોહે સતગુરુ બિન જાયે
જીતી જન્મ પદારથ પાવે, જો તું સમરે સતગુરૂ રે - ૬

માતપિતા સુત બંધુ દારા, સબ તજી ચલ્યો હૈ અંતકી બેરા
ચેત ચેતન[૭] કર ચેત સવેળા, તું ચેત અલખ અમર રે - ૭

આ તેરો અવસર આ તેરી બારી, કાં જીત્યો, કાં બાજી હારી
કહે કબીર મેં પ્રગટ પોકારું, તું જીવિત[૮] હૈ અમર રે - ૮

*******************

૧. લાડકડા, સમજી, આવ્યો, એ, આ, સવેળા, કાં વગેરે શબ્દો ગુજરાતી ભાષાના છે. ભાષાની ભેળસેળ સારા પ્રમાણમાં થયેલી જણાશે. સમજીને બદલે સમજ, આવ્યો ને બદલે આયો, એ - આ ને બદલે યહ કે ઈસ, કાં ને બદલે કહાં શબ્દો ગાવાથી હિન્દીકરણ થઈ શકે.

૨. 'મિટ' ને બદલે 'મિટેગો' શબ્દ જોઈએ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે પ્રભુનો પ્યારા જીવ, તું હરિનું ભજન તો કર ! તેમાં સહેજ પણ વિલંબ ના કર ! તું તારી જાતને જાણીને સન્માર્ગે ચાલવા કર ! - ટેક

તને કામ-ક્રોધ-લોભ-મદ સન્માર્ગે ચાલવા દેશ નહીં. તૃષ્ણા, ઈચ્છા, દુષ્ટ બુદ્ધિ ને કપટ હરિનું ભજન કરવા દેશે નહીં. માટે તે સૌને છોડી દે અને ગુરૂના શરણમાં જઈ જ્ઞાનનો દીવો સળગાવી લે તો જ તારું અંધારું દૂર થશે. - ૧

તું ચોર્યાસી લાખ ફેરા ફરી જેમ તેમ માનવ જન્મ પામ્યો છે. વારંવાર કંઈ હીરા સમાન અણમોલ આ જન્મ મળતો નથી, તેથી આ તો મોક્ષ પામવા માટેની તક છે એમ ગણીને ચાલ. - ૨

જેમાં મગ્ન બનીને આજ દિન લગી તું ચાલ્યો તે ભ્રમણાનો પડદો ખોલી દે ! તો જ પૂર્ણ પ્રભુના રંગે રંગાયેલા સ્વરૂપનો તને ખ્યાલ આવશે. માટે પારકું ધન, પારકી સ્ત્રી બીજાની નીંદા કરવાનું છોડી દે. -૩

સિંહાસન પર બેસી ગજપતિ ને છત્રપતિ કહેવાડતાં રાજાનું સુખ તને સ્વપ્નમાં પણ મળે એમ નથી. તેમજ આ કાળ તારા હાથમાં પણ નથી તેથી તું તેનાથી ડરીને તો ચાલ ! - ૪

છ પ્રકારના રસોથી ભરપૂર ભોજન મળ્યા કરે છે તેથી શરીરનું શાશ્વત સુખ મળી ગયું છે એમ માન નહીં. જીવ રૂપી ભમરો છોડીને ચાલ્યો જશે પછી તે તને સહેજ પણ ઉપયોગમાં આવવાનું નથી. - ૫

જે પળ સતગુરૂના જ્ઞાન વિના વીતી રહી છે તે પણ તને લાખ કરોડ યંત્રોથી પણ પાછી મળવાની નથી. જો તું સતગુરૂની આજ્ઞા અનુસાર જીવશે તો મોંઘો માનવ જન્મ પણ તું ફરીવાર મેળવી શકશે. - ૬

માત, પિતા, પુત્રો, પત્ની, બંધુઓ બધું જ અંતિમ વેળાએ તો છોડીને ચાલ્યા જવું પડે છે તેનો ખ્યાલ કર ! તું ચેતનવંતો માણસ છે તેથી ચેતી જા ! ખરેખર તું સ્વરૂપે તો અમર છે ! - ૭

માનવ જન્મ મોંઘો તારો અવસર ને સતગુરૂ સાથેની તારી સુંદર તક તેં કેટલી સાધી ને કેટલી ગુમાવી તેનો તો વિચાર કર ! કબીર તો પોકારીને કહે છે કે હે જીવ, તારું આત્મસ્વરૂપ નાશવંત નથી, અમર છે. માટે ચેતી જા ! - ૮

********************

૩. મોક્ષ ને મુક્ત એક જ અર્થવાળા શબ્દો છે તેથી 'માન મોક્ષ' શબ્દો અથવા તો 'માન મુક્ત' શબ્દો ગાવાથી પુનરુક્તિ નિવારી શકાય.

૪. 'કાલચંદ્ર' શબ્દપ્રયોગો કરતાં 'કાલ સર્પસે' શબ્દ પ્રયોગ વધારે ઉચિત લાગશે.

૫. ષટરસ એટલે છ પ્રકારના રસો : તીખો, તૂરો, ખાટો, ખારો, કડવો ને મીઠો એવા છ રસવાળું ભોજન.

૬. અહીં 'પદ્મ' ને સંખ્યાવાચક શબ્દ ગણવો. એક હજાર અબજ બરાબર એક પદ્મ.

૭. 'ચેતનકર' ને બદલે 'ચેતન તું' વધારે સારું લાગે.

૮. મૃત્યુ પછી આત્મા મરતો નથી એવું કહેવા માટે 'જીવિત' શબ્દનો પ્રયોગ કર્યો લાગે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૦ : મેરે પિયુ તો બસે રે અમરપુરી

નાદબ્રહ્મ પદ-૪૧, પૃષ્ઠ-૨૩, બેઠકનાં પદો

મેરે પિયુ તો બસે રે અમરપુરી[૧], મિલના કૈસે હોય - ટેક

હાંજી ઢુંઢત ઢુંઢત જરજર્યા, ખેવટ[૨] મત બાલ
વ્રેહ રૂપી નદીઓ[૩] વહે, કિસબધ ઉતરું પાર ? - ૧

હાંજી પત્તિયાં[૪] લખી લહી ભેજતી, કોઈ ન કહે સંદેશ
ઉસ નગરીમેં બાલમ બસે, કોન કહા એ દેશ ? - ૨

પાપ પુન્ય દોઉ વાણી[૫], વિષયા લગી રે બજાર
કેતેક સોદા કર ગયે, કેતેક આવનહાર - ૩

કહે કબીર સુનો સાધુઓ, સબમિલિ[૬] કરો વિચાર
પહલે પરચે ગુરુ મળ્યા, દુજે સરજનહાર[૭] - ૪

********************

૧. જ્યાં મૃત્યુ જ નથી તે નગર. મૃત્યુલોકમાં મૃત્યુ હોય જ. જ્યાં જન્મ છે ત્યાં મૃત્યુ હોવાનું જ. અમરપુરીમાં જન્મ પણ નહીં એટલે મૃત્યુ પણ નહીં. અજ્ઞાની જીવ તો અમરાપુરી બીજે ક્યાંક હશે, સ્વર્ગમાં હશે એવું માનીને શોધ્યા કરે છે. અનેકવાર જન્મે ને અનેકવાર મારે તો પણ અમરાપુરી તેને મળતી નથી. તેથી અજ્ઞાની જીવને સહેજે થાય કે પ્રિયતમ પ્રભુને મળવું કેવી રીતે ?

૨. અહીં "ખેવટ મત બાલ" શબ્દો થોડી અસ્પટતા સર્જે છે. જોકે ખેવટ એટલે તો નાવિક, જેને આપણે માર્ગદર્શક કહીએ છીએ તે. પરંતુ 'મત' ને 'બાલ' બે શબ્દોનો શો અર્થ કરવો ? મત એટલે અભિમાની ને બાલ એટલે અજ્ઞાની એવો અર્થ કરવામાં આવે તો અજ્ઞાની અભિમાની ગુરૂ માર્ગદર્શક એવું સ્પષ્ટ સમજાય. તેવા ગુરૂનો ભેટો થઈ જાય તો ન તો પહોંચી શકાય અમરાપુરી કે ન તો પાર કરી શકાય અ વિરહ રૂપી નદી.

૩. 'નદીઓ વહે' શબ્દો ગુજરાતી ભાષાના છે. કબીર સાહેબની ભાષામાં 'નાદિયાં બહે' એવો શબ્દ પ્રયોગ હોય. મૂળ હિન્દી પદનો ઉતારો કરનાર આવી ભૂલ ભાષા ન જાણતો હોવાથી કરી દે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

મારો પ્રિયતમ પ્રભુ તો અમરાપુરીમાં રહે છે તેથી તેનો મેળાપ મારે કરવો હોય તો કેવી રીતે થઈ શકે? - ટેક

અમરાપુરી શોધતાં શોધતાં તો મને ઘડપણ આવી ગયું છતાં તેની ભાળ હજી મને મળી નથી. કોઈ જાણકાર પણ મળ્યું નથી. આ વિરહ રૂપી નદીને મારે કેવી રીતે પાર કરવી ? - ૧

કાગળ પત્ર લખી લખી મોકલ્યાં કરું છું પણ કોઈ તેને સંદેશ પહોંચાડતું નથી. એટલું જ નહીં. પણ મારો વ્હાલો કયા નગરમાં રહે છે તે સ્થળ પણ કોઈ મને બતાવતું નથી. - ૨

પાપ પુણ્યના બે વણિક વેપારીઓ તો વિષયોનું બજાર ભરીને બેઠા છે ને ત્યાં કેટલાક સોદા કરીને વિદાય થયાં છે ને કેટલાક તો હજી આવી રહ્યાં છે. - ૩

કબીર કહે છે કે હે સંતજનો, સાંભળો ! ગુરૂનો પરિચય પહેલાં થાય ને પછી જ પ્રભુની ઓળખાણ થાય એ હકીકત પર બધાં ભેગાં મળીને વિચાર કરો. - ૪

********************

૪. પત્તિયાં એટલે પત્ર. ભોળી ગામડાની અભણ છોકરી મુંબઈમાં પોતાનો પતિ ગયો છે તેને જેમ પત્રો લખે ને પતિના પત્રની રાહ જોતી તે વિરહાકુલ અવસ્થામાં બેસી રહે તેવું ચિત્ર અહીં ખડું થાય છે. ભાવ ભલે સાચો હોય પણ તે અજ્ઞાન હોવાથી પ્રિયતમ પતિથી દૂર જ રહેવા પામે છે. કબીરસાહેબની બીજી એક સાખી અહીં યાદ કરવા જેવી છે :

પ્રીતમકો પતિયા લિખું જો કહું હોય બિદેશ
તનમેં, મનમેં, નયનમેં વાકો કયા સંદેશ ?

આ સાખીમાં જ્ઞાનીનું ચિત્ર સ્પષ્ટ થાય છે. અમરાપુરી પોતાના શરીરમાં જ છે ને પોતાનો પ્રીતમ પણ શરીરમાં જ રહેલો છે તેવું અજ્ઞાની અનુભવતો હોવાથી તેણે પત્ર લખાવો પડતો નથી.

૫. 'વાણી' ને બદલે 'વાણિયા' શબ્દ હોવો જોઈએ. છાપભૂલ થઈ લાગે છે. અર્ધદગ્ધ ગુરૂઓ પાપને પુણ્યની વાતો કરીને માર્ગદર્શન આપતા હોય છે. તેઓ સાધારણ રીતે એવું સમજાવતાં હોય છે કે પાપથી મુક્તિ ન મળે, પણ પુણ્યથી તો મળે જ. પરંતુ પણ બેડીરૂપ જ ગણાય. પાપની લોખંડની ગણાય તો પુણ્યની સોનાની ગણાય. આ હકીકત તો સદ્‌ગુરૂ વગર કોણ સમજાવી શકે ? વળી સતકર્મ પ્રભુ પાસે પહોંચાડે છે તે વાત સાચી માનીએ તોપણ વિષયોનું બજાર ભરાયું હોય ત્યાં સતકર્મની શક્યતા કેટલી ? ત્યાં સોદા મુક્તિના નામે બંધનમાં જ થાય !

૬. સાધુઓને સંબોધન છે. બનાવટી ગુરૂઓના ફંદામાં સાધુઓ પણ ફસાતા હોય છે. તેથી બધાને ભેગાં થઈને વિચાર કરવાની અપીલ કરી છે. સદ્‌ગુરૂ મળે તો જ જીવ અમરાપુરી પહોંચી શકે ને પોતાના આત્મસ્વરૂપનાં દર્શન કરી શકે. તેથી પ્રથમ પરિચય સદ્‌ગુરૂનો થવો જોઈએ તે હકીકત પર ભાર મૂકવામાં આવ્યો છે.

૭. આ પદના જેવું પદ બીજું મળ્યું છે તે જોઈ અભ્યાસ કરવા વિનંતિ છે. જુઓ પરિશિષ્ટ-૧.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૧ : રામરસ પીજો રે નરનાર

નાદબ્રહ્મ પદ-૪૨, પૃષ્ઠ-૨૪, બેઠકનાં પદો

**રામરસ પીજો રે નરનાર, હરિ રસ પીજો રે નરનાર - ટેક**

**રત્ન પદારથ સાર દેહી તેં સુંદર પાઈ**
**કર કર ઓછા[૧] કર્મ, ભૂલ કહાં ગુમાયા**
**સ્વર્ગ[૨] લોક ઈચ્છે સદા રે, મનષા દેહી અવતાર**
**કાચ મણિ કરમેં લિયો, હીરો ખોજ ગમાર - ૧**

**અન્ય[૩] દેવકો ધાઈ કુશળતા[૪] કહાંસે પાવે**
**કરે ન સંતકી સેવ, હેતસે કુટુંબ જમાઈ[૫]**
**માઠા[૬] ખર્ચે રામકી રે, આપ[૭] લેત લડાઈ**
**પરમારથકી ગમ નહીં, ફિર ચોર્યાસી પાઈ - ૨**

**તીર્થ, વ્રત, સ્નાન કસ કરી બહુત ભુલાઈ**
**યોગ યજ્ઞ તપ દાન કિયે, કશું રામ ન પાઈ**
**આતમ[૮] દેવ ચીન્યા વિના, તબ લગી જૂઠી સેવ**
**જે કરે સૌ ભ્રમણા, કહાં તીરથ કહાં દેવ - ૩**

**રામ રસ પીયા[૯] ચાહે તો ભેદ સદ્‌ગુરૂ પે લીજે**
**હેત કર હો પહિચાન, પ્રેમશું એ હી રસ પીજે**
**કહે કબીર પરિબ્રહ્મકી, જલતે જ્યોત અખંડ**
**અરધ[૧૦] ઉરધ ઘાટમેં, તું નિશદિન ખોજો પિંડ - ૪**

********************

૧. આ પદમાં ભાષાની ભેળસેળનું પ્રમાણ વધારે છે. ગુજરાતી ભાષાના શબ્દોનું પ્રમાણ વધારે જણાય છે. ‘ઓછા’ શબ્દ ગુજરાતી છે. સારાં કર્મ કર્યા વિના જીવન નકામું ગુમાવી દીધું એવો ભાવ વ્યક્ત કરતાં લાગે છે તેથી શબ્દો આ પ્રમાણે હોવા જરૂરી છે : ‘કિયા ન અચ્છા કર્મ મદમેં ભૂલસે કહાં ગંવાઈ’.

૨. મનુષ્ય જન્મનો ઉદ્દેશ પોતાના નિજ સ્વરૂપને જાણ્યાથી બર આવે પણ તે સ્વર્ગ સુખની મનોકામનામાં જીવ ભૂલી જતો હોય છે. માનવ અવતાર હીરા સમાન મૂલ્યવાન ગણાય ને સ્વર્ગનું સુખ કાચના જૂઠા મણિ જેટલું મૂલ્ય ધરાવે.

૩. ‘અન્ય દેવકો ધાઈ’ એટલે અન્ય દેવોની ઉપાસના કર્યા કીધી પણ આત્મદેવનો તો યાદ જ કર્યા.

૪. કુશળતા તો મુક્તિને પ્રાપ્ત કરવામાં જ ગણાય. માનવ જન્મ મળ્યો ને મુક્તિ પ્રાપ્ત ન કરી તે બરાબર ન ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે ભાઈબહેનો, રામભક્તિનો રસ પીવાય એટલો પીજો ! - ટેક

આ સુંદર માનવદેહ રૂપી મૂલ્યવાન રત્નપદાર્થ પ્રાપ્ત કરી હે ભાઈબહેનો, અભિમાનથી તમે ગમે તેવાં કર્મો કર્યા કીધાં અને શ્રેષ્ઠ સમયને વેડફી દીધો ! સ્વર્ગ પ્રાપ્ત કરવાની ઈચ્છામાં ઘેલા બની મનુષ્યનો અવતાર વ્યર્થ ગુમાવી દીધો. જાણે કે હાથમાં આવેલો અણમોલ હીરો ફેંકી દઈ જૂઠો કાચનો મણિ હાથમાં પકડી લીધો ! - ૧

(આત્મદેવ વિના) અન્ય દેવની ભક્તિથી મુક્તિ પ્રાપ્ત કરવાની ચતુરાઈ ક્યાંથી પ્રાપ્ત થાય ? કુટુંબની માયા વધારી પણ સંતની સેવા તો કરી જ નહીં ! રામે દીધેલું જીવન ખોટી રીતે ખર્ચી નાંખી પોતાની જાત સાથે લડાઈ વહોરી લીધી ! પરમાર્થનું જ્ઞાન નહીં એટલે ચોર્યાસીના ફેરામાં પડવું પડ્યું ! - ૨

તીર્થ, વ્રત, સ્નાન, યોગ, યજ્ઞ, તપ, દાન ને ભલાઈનાં કામો કર્યા છતાં તમને આત્મ તત્વની ઓળખાણ થઈ નહીં. ખરેખર આત્મદેવને જાણ્યા વિના તમામ સેવા પૂજા મિથ્યા ગણાય. જે કાંઈ કરવામાં આવે તે ભ્રમણાયુક્ત જ ગણાય. દેવનું સ્થાન ક્યાં ? ને તીરથમાં શોધે ક્યાં ? - ૩

ખરેખરો રામરસ પીવા ઈચ્છતા હોય તો રહસ્ય ગુરૂની પાસેથી જાણી લો ! તેમની સાથે પ્રેમમય વ્યવહાર કરી તેમની કૃપાથી પોતાના સ્વરૂપની ઓળખાણ કરી લેશો તો આ જ રામરસ પ્રેમપૂર્વક પી શકશો. કબીર કહે છે કે સદ્‌ગુરૂની કૃપા વડે જ આજ્ઞાચક્રની ઉપર રાતદિવસ આત્મસ્વરૂપ પરબ્રહ્મની જલતી જ્યોતનાં દર્શન થશે. – ૪

********************

૫. 'જમાઈ' ને બદલે "જમાવે" શબ્દ હોવો જોઈએ.

૬. માઠા શબ્દ પણ ગુજરાતી ગણાય. જીવન રામે આપ્યું ને તેને ભૂલી જઈ તે જીવન ખોટા માર્ગે ખર્ચી કાઢ્યું તે કેમ ચાલે ? માઠા એટલે ખોટા.

૭. 'આપ લેત લડાઈ' પોતે જ પોતાના દુશ્મન બન્યા હોય તેમ જીવન જીવ્યાનો ભાવ દર્શાવાયો છે.

૮. ગુજરાતના નરસિંહ મહેતા યાદ આવશે - "જ્યાં લગી આતમા તત્વ શીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી". બંને પુરૂષોનો એક જ અનુભવ આશ્ચર્યમાં મૂકી દે છે. જો કે વિદ્વાનો એવું માને છે કે કબીર સાહેબ ગુજરાતમાં આવેલા ને નરસિંહ મહેતાને મળેલા. ત્યાર પછી જ નરસિંહ મહેતાના પદોમાં તત્વ ચિંતન ઉમેરાયેલું જણાય છે.

૯. 'પીયા' શબ્દને બદલે 'પીના' શબ્દ હોવો જોઈએ અને 'સદ્‌ગુરૂપે' ને બદલે 'સદ્‌ગુરૂસે' હોવું જોઈએ. ખરેખરો રામભક્તિનો રસ પીવો હોય તો સદ્‌ગુરૂ પાસે જવું પડે. સ્વર્ગ સુખની મનોકામના છોડવી જ પડે ને સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે જીવવું જ પડે.

૧૦. 'અરધ ઉરધ ઘાટમેં' એટલે ત્રિકુટીમાં. 'ઘાટમેં' શબ્દને બદલે 'સાંધમેં' શબ્દ ઘણીવાર વપરાય છે. આત્મદેવ તે જ પરિબ્રહ્મદેવ ને તેની જ અખંડ જ્યોત અજ્ઞાચક્રની ઉપર ત્રિકુટીમાં સળગતી રહે છે તેનાં દર્શન થાય. મતલબ કે નિજ સ્વરૂપને જાણવું ને તેમાં મનને સ્થિર કરવું.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૨ : અબ ક્યોં ન ચેતો રે નરનાર ?

નાદબ્રહ્મ પદ-૪૩, પૃષ્ઠ-૨૫, બેઠકનાં પદો

**અબ[૧] ક્યોં ન ચેતો રે નરનાર ? અબ ક્યોં ન ચેતો રે નરનાર ? - ટેક**

**નરનારી દોઉં મિલકે[૨] તુમ કહાં કમાયે, વિષયા લાગી સ્વાદ સાંઈ શું રંગ ન લાગે,**
**ભક્તિ વિસારી[૩] રામકી રે, ઈન્દ્રિય કેરે સ્વાદ,**
**બેર બેર તોયે કહું કહું રે જન્મ ગુમાયો બાદ - ૧**

**માતાપિતા સુત નાર, બહુત તોહેં મીઠી[૪] લાગે, સ્વપ્ના સરખો સ્વાદ, દેખ ગુરૂગમસે ન જાગે,**
**સ્વાર્થે કે સર્વે મળ્યા રે, આન મળ્યો પરિવાર,**
**બહુત જતન કરી બાંધ્યો રે, દિયો ભવસાગર પાર - ૨**

**કર સાચો[૫] વેપાર, જાહિમેં ખોટ ન આયે, કર્મ ભર્મકી બાદ ચોરાશી, તેરી મિટ હી જાયે,**
**સેવા કીજે સંતકી રે, જા મેં જ્યોતિ[૬] પ્રકાશ,**
**નરનારી દોઉ મિલકે રે, કરો બ્રહ્મમેં વાસ - ૩**

**સતગુરૂકો પ્રતાપ રૂપ[૭], અપનો કર જાનો, હેત[૮] કર હોયે પહિચાન, ભાવ મન આનો,**
**કહે કબીર હિલમિલ રહો રે, અપને પિયુકે સંગ,**
**બ્રહ્મ[૯] જ્ઞાનમેં ઝીલ રહો, નરનારી એક સંગ - ૪**

********************

૧. 'અબ' શબ્દ વિશેષ પરિસ્થિતિનું સૂચન કરે છે. સ્ત્રીને પુરૂષ બંને લગ્નજીવનમાં પ્રવેશ કરે તે સ્થિતિનો અહીં ઈશારો જણાય છે.

૨. 'મિલકે' શબ્દ બંનેના લગ્નજીવનની જ સ્પષ્ટતા કરે છે. કયા પુણ્યકાર્યોની કમાણીથી સ્ત્રીને પુરૂષ લગ્ન ગ્રંથિથી જોડાયા ? તે પુણ્યકર્મો ક્યાં કમાવા ગયેલા ? દરેક સ્ત્રી પુરૂષ આ પ્રશ્નો પોતાની જાતને પૂછે ને વિચાર કરે તો તેઓને તેમનો અંતરાત્મા જરૂર જવાબ આપશે.

૩. માનવ જન્મમાં જ પુણ્યો કરેલા એટલે ફરીથી માનવ જન્મ મળ્યો ને લગ્ન ગ્રંથિથી જોડાયાં પણ આ જન્મમાં પણ ભક્તિને ભૂલી ગયા કે શું ? જે રામે જન્મ આપ્યો તેને જ ભૂલી ગયા કે શું ?

૪. ઈન્દ્રિયોના આનંદમાં રામની ભક્તિ ભૂલી જવાતી હોય છે. તો જ ક્ષણિક આનંદને મેળવવા જ મન ઝંખના કર્યા કરે છે. જો મનને ભક્તિનું ઘેલું લાગે તો જરૂર ક્ષણિક આનંદ તરફ વૈરાગ્ય પેદા થાય. કબીરસાહેબ સંસારિક સંબંધોના વિરોધી નથી પણ તે સંબંધ પણ મર્યાદામાં જાળવવા જોઈએ. લગ્ન કર્યા તો માર્યાદિત પણ ઈન્દ્રિયોનો આનંદ માણવો જોઈએ. તે જ એક કાર્ય

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે ભાઈ બહેનો હજી પણ કેમ ચેતતા નથી ? - ટેક

સ્ત્રી ને પુરૂષ તમે બંને જણા મળીને કેવી કમાણી કરી ? માત્ર વિષયોને જ સ્વાદ લેયા કીધો, પ્રભુ સાથે પ્રીત તો જોડી જ નહીં. વખતોવખત તમને કહી કહીને યાદ તો કરવું જ છું કે તમે બંને જણાએ ઈન્દ્રિયોના આનંદમાં જ આખો જન્મારો ગુમાવી દીધો અને રામની ભક્તિ ભૂલી ગયા. માટે હવે તો ચેતો ! - ૧

માતા, પિતા, પુત્ર ને પત્નીનાં સંસારિક સંબંધો જ તમોને મીઠા લાગ્યા ને સ્વપ્ન સમાન ક્ષણિક આનંદને જ માણ્યા કીધો ! જુઓ ખરેખર તમો બંને ગુરૂ તરફ ધ્યાન આપ્યું જ નહીં ને જાગ્યા જ નહીં ! ખરેખર તો પોતપોતાના સંસારિક સંબંધોના સ્વાર્થમાં બધાં ભેગાં થતાં હોય છે ને કુટુંબ બનતું હોય છે. બહુ કાળજીપૂર્વક સ્નેહ સંબંધ બાંધી તમારે ભવસાગર તો પાર કરવાનો જ હોય છે. - ૨

તેથી તમે બંને સતના આધાર પર એવો વેપાર કરો કે તમોને બંનેને ખોટ ન જાય ! ભ્રમણાયુક્ત કર્મ જંજાળ બાદ થવી જોઈને અને ચોર્યાસીના ફેરા મટવા જોઈએ. જ્ઞાનની જ્યોતવાળા સંતગુરૂની સેવા તમે બંને કરજો અને મનને પ્રભુમાં જોડેલું રાખજો. - ૩

સદ્ગુરૂની કૃપાથી તમે બંને તમારા સ્વરૂપને જાણવા પ્રયત્ન કરજો ને ગુરૂ સાથે હેતથી જોડાઈને મનમાં આત્મભાવ જગાડી તમારા પોતપોતાના સ્વરૂપની ઓળખાણ કરી લેજો. કબીર કહે છે કે બંને હળીમળીને એવી રીતે જીવજો કે પ્રિયતમ પ્રભુથી વિખૂટાં ન પડાય. પ્રભુનાં જ્ઞાનમાં જ બંને મસ્તપણે એકરૂપ થઈ જજો ! - ૪

********************

જીવનમાં કરવાનું છે એવું સમજવું ન જોઈએ. લગ્નથી જોડાયા પછી ભવસાગર પણ બંનેએ એકમેકતા સહકારથી પાર કરવાનો છે તે યાદ રાખવું જોઇએ.

૫. માટે સ્ત્રી પુરૂષોએ લગ્ન કર્યા પછી જીવનનું આયોજન કરવું જોઈએ. કુટુંબ કેવડું બનાવવું ને કેવું બનાવવું તે પણ વેપારમાં જ આવી જાય. વેપાર કેવી રીતે કરવો કે મૂળ મૂડી જતી ન રહે ને સુંદર તક માનવ જન્મની મળી છે તે સધાય જાય. આત્માનું ધન એ મૂળ મૂડી છે ને ભવપાર કરવું તે તક સાધેલી ગણાય.

૬. અનુભવી મહાપુરુષોની સહાય જરૂર લેવી પણ ધ્યાનમાં રાખવું કે તે મહાપુરુષે બ્રહ્મને પોતે અનુભવ કર્યો છે કે નહીં ? અનુભવી પુરૂષનું તેજ પારખવાની પણ ટેવ પાડવી જોઈએ.

૭. સાચા સદ્ગુરૂ હોય તે આત્મસ્વરૂપની ઓળખાણ કરાવે જ.

૮. પરંતુ તે માટે સદ્ગુરૂની સર્વ સમર્પણ ભાવે શરણાગતિ સ્વીકારી લેવી જોઈએ. તો જ એની સાથે પ્રેમનો અતૂટ સંબંધ જળવાઈ રહે.

૯. આત્મસ્વરૂપની જાણ થાય પછી એક પ્રકારનો નશો ચઢે છે જે કદી ઊતરતો નથી. તેની અદકી મસ્તીમાં સ્ત્રી પુરૂષોએ લગ્ન જીવન પૂર્ણ કરવું જોઈએ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૩ : મારું મન માન્યું રમતા રામસું

નાદબ્રહ્મ પદ-૪૫, પૃષ્ઠ-૨૬, બેઠકનાં પદો

**મારું[૧] મન માન્યું રમતા રામસું, ભજી લોને સર્જનહારજી - ટેક**

**અરધ[૨] ઉરધને ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી**
**ચતુર[૩] ચતુર નર સોદા કરે, ત્યાં નહીં મુરખનું કામજી - ૧**

**ચંદા સુરજ દોઉ સમવર્યા, તખ્ત ત્રિવેણીને[૪] ઘાટજી**
**અંતર અજવાળા હોઈ રહ્યાં, વિઘ્ન[૫] વ્યાપે ન અંગજી - ૨**

**ક્ષર[૬] અક્ષરની ઉપરે, હંસ પહોંચ્યા ત્યાં જાયજી**
**કરમ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો સમાય જી - ૩**

**અરસ પરસ એમ હોઈ રહ્યાં, બાજે અનહદ તૂરજી**
**દાસ કબીર નિરભય ભયા, લાગી અલખસું[૭] લ્હેરજી - ૪**

********************

૧. 'મારું', 'ભજી લોને' ગુજરાતી શબ્દો છે. આ પદમાં આત્મદર્શનનું મહત્વ ગાવામાં આવ્યું છે.

૨. 'અરધ' એટલે નીચે ને 'ઉરધ' એટલે ઉપર. શ્વાસોશ્વાસની ક્રિયા ઉપર નીચે થયા કરતી હોય છે. શ્વાસની મર્યાદા ત્રિકુટી સુધીની ગણાય તેથી ત્યાં ચોરાનું રૂપક કલ્પ્યું. ત્યાં યોગીને પ્રકાશનાં દર્શન થતાં હોવાથી, કોઈ સંત સ્વરૂપ દેવનો મુકામ હોવો જોઈએ એવું અનુમાન સહેજે થાય.

૩. ચતુર નર એટલે ભગવાનનો હોંશિયાર ભક્ત. ગીતાના બારમા અધ્યાયમાં ભક્તના લક્ષણ જણાવ્યા છે તેમાં શુર્ચિદક્ષ: ગત વ્યથ: એમ કહ્યું છે. જે શુચિ એટલે પવિત્ર છે ને દક્ષ: એટલે હોંશિયાર છે ને 'ગત્વ્યથ:' એટલે વ્યથા-દુ:ખો જેને પજવતા નથી. ભગવાનનો ભક્ત મૂઢ કે મૂરખ નથી હોતો.

૪. ચંદા, સુરજ, ત્રિવેણી, અરધ, ઉરધ વગેરે શબ્દો યોગની પરિભાષાના છે. કબીરવાણીમાં તેનો ઉપયોગ વારંવાર થયેલો જણાય છે. તેનો સ્પષ્ટ અર્થ આ પ્રમાણે કબીર સાહેબે કર્યો છે :

ચંદ સૂર એકૌ ઘર લાઓ, સુષમન સેતિ ધ્યાન લગાઓ
તીરબેની કે સંધ સમાઓ, ભોર ઉતર ચલ પાર હૈ

અર્થાત્ ચંદ એટલે ઈડા નાડી ને સૂર એટલે પિંગલા નાડી ને સુષમન એટલે સુષુમ્ણા સાથે એક જ જગ્યા પર ધ્યાન દ્વારા જોડી દો તો ત્યાં તિરબેની એટલે ત્રિવેણી સંગમ થશે ત્યારે અંધારું મટી જઈ ભોર એટલે મળસ્કું થઈ જશે, સૂર્યોદય થઈ જશે એટલે પાર ઊતરી શકાશે.

૫. આધ્યાત્મિક યાત્રીને વિઘ્નો તો નડે પણ તેને સરળતાથી પાર કરી શકે છે તે જણાવતાં કબીર સાહેબે જણાવ્યું છે :

ડાકિની, સાકિની બહુ કિલકારે, જમકિંકર ધ્રમદૂત હંકારે
સતનામ સુન ભાગે સારે, સતગુરૂ કા નામ ઉચારા હૈ

અર્થાત્ ડાકિની, સાકિની એ યમના દૂતો ખૂબ કિકિયારી કરતાં હોય છે પણ સત્યપુરૂષનું નામ સાંભળીને ભાગી જાય છે. સદ્ગુરૂનાં નામોચ્ચારનો પણ પ્રભાવ ત્યારે અનુભવાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સર્વત્ર રમી રહેલા રામ સાથે મારું મન લાગી ગયું છે કારણ કે તે જ સર્જનહાર છે તેની પ્રતીતિ થઈ છે માટે તેને જ ભજી લો ! - ટેક

ત્રિકુટીને સ્થાને અરધ ઉરધનો ચોતરો છે ત્યાં સંત સ્વરૂપ દેવનો મુકામ લાગે છે. તેની પાસે જવા હોંશિયાર માણસો જ તૈયાર થાય, મૂઢ માણસોનું ત્યાં કામ નહીં. - ૧

સૂર્યને ચંદ્ર નાડી બંનેમાં પ્રાણવાયુ સમ બને ત્યારે ઈડા, પિંગલા ને સુષુમ્ણાનો ત્રિવેણી સંગમ થાય ત્યાં જનારના અંતરમાં અજવાળાં પથરાય જાય છે તેથી કોઈ પણ પ્રકારનાં દુઃખો તેના શરીરમાં વ્યાપી શકતા નથી. - ૨

પછી વિવેકજ્ઞાનથી યુક્ત તે જીવ રૂપી હંસલો ક્ષર અને અક્ષરના પ્રદેશોને વટાવી મહા શૂન્યના પ્રદેશમાં પહોંચી જાય છે. ત્યાં સર્વ પ્રકારના કર્મોને ભ્રમોમાંથી તે મુક્ત બની જાય છે ને પરમ સુખમાં ડૂબી જાય છે. - ૩

એ રીતે અરસ પરસ પરમ પુરૂષ સાથે સુખ માણતાં તેને અનાહત નાદની દિવ્ય ધૂન સતત સંભળાય છે. કબીર કહે છે કે અલખની સાથે એકરૂપ થઈ જતાં નિર્ભયતાની પ્રાપ્તિ થાય છે. – ૪

********************

૬. શરીરમાં રહેલા શક્તિનાં ચક્રો બાબતમાં ઘણા મતભેદો છે. છતાં શક્તિનાં સ્થાનકો તો છે જ તે બાબતમાં તો એકમતિ છે. કબીરસાહેબે પણ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે :

દસ થાનકકે આગે સમરથ જિન જગ મોહિ પઠાયા

કહૈ કબીર આદીકી બાની બેદ ભેદ નહીં પાયા

અર્થાત્ મને જે પરમાત્માએ આ જગતમાં મોકલ્યો છે તે તો આ દસ શક્તિનાં સ્થાનકોથી પણ આગળનાં પ્રદેશમાં રહે છે : આદિ પુરૂષની આ વાણી તો વેદને પણ ખબર નથી. આ દસ થાનક આ પ્રમાણે છે - મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્ત્રાર, બ્રહ્મ, પારબ્રહ્મ, શૂન્ય. આ દસથી પણ આગળ બીજા ચક્રો છે, જેમાં તે પરમાત્મા રહે છે, તે આ પ્રમાણે ગણાય : મહાશૂન્ય, દસમદ્વાર ને સતલોક. અહીં "ક્ષર-અક્ષરની ઉપર" કોઈ વિશેષ સ્થાનની વાત કરતાં જણાય છે. કબીરસાહેબે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે કર્યું છે :

દો પરબતકે સંધ નિવારો, ભંવરગુફામેં, સંત પુકારો

હંસા કરતે કેલ અપારો, તહાં ગુરૂન દરબારા હૈ

અર્થાત્ ક્ષર-અક્ષરના બે પર્વતોની હાર તોડીને હે સંત, તું ભ્રમરગુફામાં પ્રવેશીને પોકાર કર ! ત્યાં જ હંસલો પરમસુખ માણતો હોય છે ત્યાં જ ગુરૂ પરમાત્માનો દરબાર ભરાય છે.

૭. અહીં અલખ એટલે આત્મા. આત્મદર્શન થવાથી સાધક નિર્ભયતાની પ્રાપ્તિ કરી લે છે. જન્મ ને મરણના ભયથી તે મુક્ત બની જાય છે. સતલોકમાં તે અલખ પુરૂષની સત્તા ચાલે છે. એટલે ત્યાં યમનું કાંઈ જ ચાલે નહીં.

દસવેં દ્વારે તાડી લાગી અલખ પુરૂષ જાકો ધ્યાન ધરૈ

કાલ કરાલ નિકટ નહિ આવૈ, કામ ક્રોધ મદ લોભ જરૈ (ક.વ.૨૧૪)

અર્થાત્ દસમ દ્વારે અલખ પુરૂષનાં દર્શન થાય છે ત્યારે કાળની સત્તા નષ્ટ પામે છે કે દુર્ભાવો બળીને ભસ્મ બને છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૪ : ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો

નાદબ્રહ્મ પદ-૫૦, પૃષ્ઠ-૩૦, બેઠકનાં પદો

**ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, દિવસ ને રાત જી**
**માયાનો બાંધ્યો પ્રાણીઓ[૧], સમજ્યો નહીં શુદ્ધ વાત જી - ટેક**

**કુંભ કાચો ને કાયા જાવરૂં, જોઈને કરો રે જતન જી**
**વણસંતા વાર લાગે નહીં, રાખો રૂડું જેમ[૨] રતન જી - ૧**

**કોના[૩] છોરૂં, કોના વાછરૂં, કોના મા ને બાપ જી**
**અંત કાલે જાવું એકલો, સાથે પુન્ય[૪] પાપ જી - ૨**

**જે ઘેર નોબત વાજતી, રૂડા છત્રીસ રાગ જી**
**ખંડેર[૫] થઈ ખાલી પડ્યાં, કાળા ઉડે રે રાગ જી - ૩**

**જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને[૬] હેઠ જી**
**મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠ જી - ૪**

**ઊલટી[૭] નદી પૂર ઊતરી, જાવું પેલે પાર જી**
**આગળ નીર મળે નહીં, જે જોઈએ તે લેજો સાથ જી - ૫**

**સત્કર્મ સત્ વસ્તુ ઓરજો, ઈશ્વર સ્મરણ સાથ જી**
**કબીર જુહારીને[૮] નીસર્યા, લેખું સાહેબને હાથ જી - ૬**

********************

૧. "પ્રાણીઓ" એટલે જીવ. તેને ભાન રહ્યું નથી એટલે તે 'શુદ્ધ વાત' - એકદમ સત્ય હકીકત પણ કેવી રીતે સમજી શકે ? તેને પોતાના આત્મસ્વરૂપની કેવી રીતે સ્મૃતિ પણ રહી શકે ?

૨. 'જેમ રતનજી' મેં ઉમેર્યું છે. મૂળ 'નાદબ્રહ્મ' ના પદમાં 'રાખો રૂડું' આગળ પંક્તિનો અંત આવી જાય છે. એમ પણ આ પદમાં ગુજરાતી ભાષાની અસર વધારે છે. કાયા ભલે નાશવંત હોય, પણ તે મનુષ્યની હોવાથી મહત્વની છે. તેથી શાસ્ત્રકારો દેહને રત્નચિંતામણિ તરીકે ઓળખાવે છે. એ દૃષ્ટિએ માનવ શરીરનું મહત્વ દર્શાવવા 'જેમ રતનજી' શબ્દો મારે ઉમેરવા પડ્યા છે.

૩. પુત્ર પૌત્રોની સાથે માણસે પોતે મેળવેલી મિલકતનો ભાવ દર્શાવવા આ રૂઢિપ્રયોગ વપરાયો લાગે છે. પરંતુ આ પંક્તિઓ નરસિંહ મહેતાના પદની હશે એમ લાગ્યા કરે છે. માત્ર ઉપાડની ટેક્ની પંક્તિ કબીરવાણીની છાપ ઊભી કરે છે એટલું જ. બાકી આખું પદ જુદા જુદા પદની પંક્તિઓ ભેગી કરી લખવામાં આવ્યું હોય એવી શંકા પેદા થાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મન રૂપી ભમરા, તું રાત દિવસ ભાન ભૂલીને ક્યાં ભમતો રહ્યો ? ખરેખર માયાના બંધનમાં સપડાયેલ કોઈ પણ જીવ તદ્દન સાચી વાત પણ સમજી શકતો નથી. - ટેક

આ શરીર રૂપી ઘડો કાચી માટીનો ને પરિવર્તશીલ ગણાય. તેનો નાશ થતાં સહેજ પણ વાર લાગતી નથી. તેથી તેને રતનની માફક સંભાળપૂર્વક રાખવાની ખાસ જરૂર છે. - ૧

અંત કાલે કોના પુત્રો, માતા-પિતા કે કોની માલમિલકત સાથે આવ્યા છે ? છેવટે તો એકલાએ જ જવું પડે છે ! સાથે જો કાંઈ આવી શકતું હોય તો તે પાપપુણ્યનાં કર્મો જ છે ! - ૨

જે ઘરે સદા આનંદનો ઉત્સવ થતો હોય ને છત્રીસ પ્રકારનાં રાગરાગિણી ગવાતાં હોય તે ઘર પણ છેવટે તો ખંડિયેર બની જાય છે ને ત્યાં કાળા કાગડાઓ જ ઊડતાં હોય છે ! - ૩

જીવની આશા તો ડુંગર જેવડી હોય પણ મરણને કારણે તે અધૂરી જ રહે છે, પછી ભલે જો કોઈ નાનો હોય, મોટો હોય, ગરીબ હોય, તવંગર હોય કે પછી લખોપતિ શેઠ હોય ! - ૪

આ જીવનરૂપી નદીને પેલે પાર જવું હોય તો ઊલટા પ્રવાહે તરવું પડશે. આગળ ઉપર તો પાણી પણ સુકાઈ ગયેલું જણાશે. ત્યારે જે સાથે રાખવું હોય તો તે રાખજે ! - ૫

કબીર કહે છે કે ખરેખર તો ઈશ્વરનું સ્મરણ, સત્કર્મ ને સદ્‌ભાવના જ સાથે રાખવું પડે છે. બાકી જુગારીની માફક પરિણામ પ્રભુને સોંપીને જે થવાનું હોય તે થાય એવા વિચારે ઝંપલાવવું પડે છે. – ૬

********************

૪. સ્મશાનમાં દેહ બળે છે ત્યારે તેની સાથે પાપપુણ્ય બળી જતાં નથી. તે વિચારો ભાવ રૂપે ઈચ્છા સ્વરૂપે કે વાસનામય સૂક્ષ્મ શરીર બનીને જીવની સાથે જાય છે, તે સૂક્ષ્મ શરીર ત્યાર પછી તેના બીજા જન્મનું કારણ બને છે.

૫. જ્યાં રાતદિવસ વૈભવનો વરસાદ હતો, રાગરંગની રંગીન જ્યાં છોળો ઊડતી હતી ત્યાં મોગલોનાં ખડિયેરો આજે આ વાતની સાક્ષી પૂરે છે અને અટ્ટહાસ્ય કરી જાણે કે માણસની અજ્ઞાનતાની ઠેકડી ઉડાડે છે !

૬. મરણનાં પગલાં એટલે યમરાજનાં પગલાં, યમરાજનાં પગલાં તળે સૌની આશા છુંદાઈ જતી હોય છે.

૭. ઊલટો પ્રવાહ એટલે મનની વિરૂદ્ધમાં ભરવા પડતાં પગલાંઓ. કુંડલિની શક્તિ જાગૃત થાય ત્યારે મોઢું ઊલટું કરીને ઉર્ધ્વગામી બને છે તેવો ભાવ પણ વ્યક્ત થાય છે. અહીં 'લેજો' ક્રિયાપદ ટેકની પંક્તિમાં વ્યક્ત થયેલ પદના મૂળ ભાવ સાથે સંગત જણાતું નથી.

૮. જુગારી માણસ જુગાર રમે ત્યારે તેના મનમાં પરિણામ નક્કી નથી હોતું. જે થવાનું હોય તે થશે, આ પાર કે પેલે પાર એવા મનોભાવથી તે ખેલ ખેલે છે. સંસાર સાગરમાં પણ એવા જ ભાવથી ઝંપલાવવું પડે છે કારણ કે ભાવિ કોઈ જાણતું નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૫ : જા ઘર કથા નહીં ગુરૂ કીર્તન

નાદબ્રહ્મ પદ-૫૨, પૃષ્ઠ-૩૨, બેઠકનાં પદો
(સંદર્ભ : કબીર ભજનમાલા, હરિદ્વાર પૃ-૧૧૨)

**જા ઘર કથા નહીં ગુરૂ[૧] કીર્તન, સન્ત નહીં મિજમાના**
**તા ઘર જમરા ડેરા દીન્હા, સાંજ પડે સમસાના - ટેક**

**મેરિ મેરિ કરતા મરિ ગયો મૂરખ, છૂટા ન માન ગુમાના**
**સાધુ સંતકી સેવા ન કીન્હી, કિસ બિધિ હો કલ્યાના - ૧**

**ફૂલ્યો ફૂલ્યો કાહે ફિરત હૈ, ક્યા દિખલાવત બાના**
**એક પલકમેં ફના હોયેગા, જૈસે પતંગ ઉડાના[૨] - ૨**

**જ્ઞાન[૩] ગરીબી પ્રેમ બંદગી, સત્ય નામ નિસાના**
**બિરહ બૈરાગ ગુરૂ ગમ સે જાગે, તા ઘર કોટિ[૪] કલ્યાના - ૩**

**કાલ હિ ડંકા દેઈ રહ્યો હૈ, ક્યા બૂઢા ક્યા જવાના**
**કહૈ કબીર સુનો ભાઈ સાધો, છોડ ચલો અભિમાના - ૪**

********************

૧. નાદબ્રહ્મમાં 'હરિ' શબ્દ છે તો અહીં 'ગુરૂ' શબ્દ છે. તાત્વિક દૃષ્ટિએ હરિ તે જ ગુરૂ એમ કહેવામાં આવે છે. પ્રથમ કડીમાં ભારતીય સંસ્કૃતિની પ્રણાલિકાઓને મહત્વ આપવામાં આવ્યું છે. દરેક ભારતીયના ઘરમાં સંધ્યા આરતી થવી જ જોઈએ. સંધ્યા હરિ-ગુરૂના ગુણગાન ગાયને પણ કરવી જ જોઈએ. દરકે ભારતીયના ઘરમાં સંતોનો સત્કાર થવો જ જોઈએ. અલબત્ત, તે સાચા સંત તરીકે માન્ય હોવા જરૂરી છે. અહીં લેભાગુ સંતની વાત કરવામાં આવી નથી. જે સંતનો પ્રભાવ લોક હૃદયમાં પડતો હોય તેવા સંતપુરૂષની વાત સમજવી. જે સંતના વાણી વચન એક હોય, પોતે આચરણમાં ઉતારીને ઉપદેશ આપતો હોય તે સંતને સ્વાભાવિક રીતે દરેક જણ પૂજ્ય માને જ. જો ભારતીય પ્રાણાલિકાનું પાલન ન થતું હોય તો તે ઘર સ્મશાન જેવું ગણાય.

૨. ઊડાના એટલે ઊડીને નાશ પામે છે. પતંગિયું જ્યોતના પ્રકાશથી આકર્ષાઈને તેમાં પડે છે ને નાશ પામે છે તેમ અભિમાનમાં તારો નાશ થશે.

૩. 'મન લાગો મેરે યાર ફકીરીમેં' વાળું કબીર સાહેબનું પદ યાદ આવશે. તેમાં જ્ઞાનગરીબીનો ઉલ્લેખ છે જ. જ્ઞાન ગરીબી એટલે સમજપૂર્વક કરેલો ત્યાગ અને અપરિગ્રહ વૃત્તિનો સ્વીકાર. તે જ રીતે પ્રેમમય ભક્તિ એટલે જેમાં સર્વ સમર્પણ ભાવથી શરણાગતિ સ્વીકારીને ભક્તિ કરાતી હોય તે.

૪. અનેક પ્રકારે કલ્યાણ થાય એવો ભાવ વ્યક્ત કરવા 'કોટિ' શબ્દનો ઉપયોગ કર્યો છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સંધ્યા ટાણે જે ઘરમાં હરિની કથા, ગુરૂનું ગુણકીર્તન, સંતનો પ્રેમથી સત્કાર ન થતો હોય તે ઘરમાં યમરાજનો મુકામ છે એમ માનવું ને સાંજ પડતાં જ તે સ્મશાનવત્ બની જાય છે. - ટેક

મૂરખ જીવ મારૂં મારૂં કરતાં મરે છે ને માન અભિમાન તો બિલકુલ છૂટી શકતાં નથી ! સાધુ સંતની તેણે કદી સેવા પણ કરી નથી હોતી તેથી તેનું આત્મકલ્યાણ કેવી રીતે થાય ? - ૧

હે જીવ, અભિમાન કુલાઈ જઈને શા માટે ફર્યા કરે છે ? તું કેવાં કેવાં વચનો કહે છે ? જેવી રીતે સળગતી જ્યોતિમાં પતંગિયું બળીને ભસ્મ થઈ જાય છે તેમ તું પણ ઘડીભરમાં નાશ પામશે ! - ૨

જે ઘરમાં જ્ઞાનમય ગરીબી હોય, પ્રેમમય ભક્તિ થતી હોય, સત્યનામનું રટણ થતું હોય ત્યાં સદ્‌ગુરુની કૃપાથી વિરહ ને વૈરાગ્ય જાગે છે ને તે ઘરમાં અનેક ગણું કલ્યાણ થતું હોય છે. - ૩

કાળ તો ડંકો વગાડીને, જુવાન કે વૃદ્ધ સૌને પડકાર ફેંકી રહ્યો છે માટે કબીર કહે છે કે હે સંતજનો સાંભળો, અભિમાનનો ત્યાગ કરી પગલાં ભરો ! - ૪

********************

અહીં રજૂ કરવામાં આવેલા પદમાં માત્ર ચાર કડીઓ છે. જ્યારે નાદબ્રહ્મમાં પાંચ કડીઓ છે. તે કડી આ પ્રમાણે છે :

નાભિ કમળ બીચ દાવ ચલત હૈ, દ્વાદશ નૈન ઠરાના,
અર્ધ તખત પર નૂરત નિસાના, સૌ સદ્‌ગુરૂકા સ્થાના.

આ કડીનો શબ્દાર્થ આ પ્રમાણે કરવો : "નાભિચક્રમાં ઈડા-પિંગલા નાડીની વચ્ચે સુષુમ્ણા નાડીમાં બે પ્રવાહો ચાલ્યા કરે છે તેથી ધ્યાન તેમાં ન કરતાં બાર પાંદડીવાળા હૃદય ચક્રમમાં કરવું. કારણ કે ત્યાં પ્રકાશનાં સિંહાસન પર પ્રકાશ સ્વરૂપ સદ્‌ગુરૂનું સ્થાન છે.

આ પંક્તિ (કડી) પદના મૂળ અર્થ સાથે બંધબેસતી નથી. કદાચ બીજા કોઈ પદની કડી નાદબ્રહ્મના આ પદમાં છપાઈ ગઈ હોય. પરંતુ તે કડીમાં યોગની પરિભાષાનો ઉપયોગ હોવાથી તેનો અર્થ કર્યો છે. આવો જ અર્થ કેમ ? કારણ કે કબીરસાહેબે અન્ય સ્થળે તેવું વર્ણન કર્યું છે. દા.ત.

દો સુર ચલે સુભાવ સેતી નાભિ સે ઉલટા આવતા હૈ
બિચ ઈંગલા પિંગલા નાડી સુષમનસે ભોજન પાવતા હૈ ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૨૧૬/૨૯-૧)

'ઉલટા' એટલે કુંડલીની શક્તિ ઉપર ચઢવા લાગે ત્યારે નાભિ ચક્રમાં 'દો સુર' એટલે બે પ્રવાહો ચાલતા હોય તેવું જણાય છે. તે સ્થિતિમાં સુષુમ્ણા નાડી દ્વારા યોગીને "ભોજન" એટલે શક્તિ પ્રાપ્ત થતી હોય છે. "નાભિ કમલ બીચ દાવ ચલત હૈ" પંક્તિને એ રીતે સમજવી જોઈએ. ત્યાર પછી "દ્વાદશ નૈન ઠરાના" શબ્દો સમજવા માટે દ્વાદશ એટલે બે વાર. નાભિની ઉપર બાર પાંદડીનું કમળ છે. તેમાં "નૈન ઠરાના" એટલે ધ્યાન દોરવું. બાર પાંદડીનું કમળ એટલે હૃદય ચક્ર (અનાહત ચક્ર). કબીર સાહેબે આ રીતે વર્ણન કર્યું છે.

દ્વાદશ કમલ હૃદયમાંહિ સંગ ગૌરી શિવધ્યાન લગાઈ
સોહં શબ્દ તહાં ધૂન છાઈ ગણકાર જયજયકારા હો ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૨૧૮)

અર્થાત્ બાર પાંદડીના હૃદયચક્રમાં સાક્ષાત્ શિવ પાર્વતી બંને ધ્યાનમાં બેઠાં હોય છે, ત્યાં સોહં શબ્દની અખંડ ધૂન ગુંજતી હોય છે ને શિવના ગણો જયજયકાર કરતા હોય છે. સદ્‌ગુરૂનું સ્થાન તે જ શિવનું સ્થાન. શિવ-હરિ-ગુરૂ એકમેકના પર્યાય જેવા શબ્દો છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૬ : મન તોહે કેહિ બિધ કર સમજાઉં

નાદબ્રહ્મ પદ-૬૫, પૃષ્ઠ-૩૯, બેઠકનાં પદો

**મન તોહે[૧] કેહિ બિધ કર સમજાઉં ? - ટેક**

**સોના[૨] હોય તો સુહાગ મંગાઉં, બંકનાલ રસ લાઉં**
**ગ્યાન શબ્દકી ફૂંક ચલાઉં, પાની કર પિઘલાઉં - ૧**

**ઘોડા હોય તો લગામ મંગાઉં, ઉપર જીન કસાઉં**
**હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં - ૨**

**હાથી[૩] હોય તો ઝંઝીર ચઢાઉં, ચારો પૈર બંધાઉં**
**હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં - ૩**

**લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુંવન ધુવાઉં**
**ધુવનકી ઘનઘોર મચાઉં, જંતર તાર ખિચાઉં - ૪**

**ગ્યાની[૪] હોય તો જ્ઞાન શિખાઉં, સત્ય કી રાહ ચલાઉં**
**કહેત કબીર સુનો ભાઈ સાધુ, અમરાપુર પહુંચાઉં - ૫**

********************

૧. મનુષ્યના મનમાં અગાધ શક્તિ રહેલી છે. તેથી મનનું માધ્યમ અગત્યનું ગણાય છે. તે દ્વારા માનવ મનન પણ કરી શકે, ચિંતન પણ કરી શકે ને નિદિધ્યાસન પણ કરી શકે છે. મનન કરી શકે તે જ માનવ એમ પણ કહેવાય છે. મનુષ્યના શરીરમાં મન જ ન હોત તો તે માનવ કહેવાત જ નહીં. તેથી મનનું મહત્વ વધી જાય છે. ઉપનિષદ્‌ના ઋષિઓએ પણ એટલા માટે જ કહ્યું કે

मन एव मनुष्याणाम् कारणं बन्ध मोक्षयो: ।

અર્થાત્ બંધન અને મોક્ષ મનને કારણે જ થયા કરે છે. સમગ્ર સંસારનો વિસ્તાર પણ મનને આધારે જ થાય છે.

૨. અગાધ શક્તિ ધરાવતું આ મન આકાર વિનાનું છે, રૂપ કે રંગ વિનાનું છે. તેથી તેની પાસે કામ કેવી રીતે લેવું તે એક મોટી સમસ્યા છે. તે સ્વભાવે ચંચળ છે. એક ક્ષણમાં અનેક વિચારો કરવાની તેને ટેવ પડી જાય છે. તેનાં નિર્ણયો તેથી બદલાતા રહે છે. નિર્ણય કર્યા પછી તે વિચલિત થઈ જાય છે. તે અંગે તે શરમ અનુભવતું નથી. તેથી મનને પાધરૂં રાખવું અતિ કઠિન કાર્ય ગણાય. દેવોને, યોગીઓને, તપસ્વીઓને, ઋષિઓને અને ગ્રહસ્થીઓને તે એક સરખી રીતે પજવતું હોય છે. કબીર સાહેબે તેને અનુલક્ષીને આ પદમાં મનને કેવી રીતે સમજાવવું તે સમસ્યા સુંદર અને સરસ રીતે રજૂ કરી છે. સોનું હોય તો સોનીની માફક વિધિ કરીને તેને ધાર્યો આકાર આપી શકાય, લોઢું હોય તો લુહારની માફક ભઠ્ઠીમાં તપાવીને તથા એરણ પર ટીપીને ધાર્યો ઘાટ ઘડી શકાય, પણ તે તો નિરાકાર છે, તેથી તેને પકડવું કેવી રીતે ?

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મન તને તો કેવી રીતે સમજાવી શકું ? - ટેક

તું જો સુવર્ણ સમાન હોય તો તને સુહાગમાં મૂકી અન્ય રસ ભેળવી દઈ વાંકી નળીથી ફૂંક મારી મારીને પાણીની જેમ તને પીગળાવી શકું અને ધાર્યો આકાર પણ આપી શકું. - ૧

તું ઘોડા જેવું હોય તો લગામ લગાવી, પીઠ પર જીન સજાવી તારા પર સવાર થઈને ચાબૂકથી વશ કરીને તને ધારેલા માર્ગે ચલાવી શકું. - ૨

તું જો હાથી હોય તો તારા પર ઝંઝીર ચઢાવી દઉં ને તારા ચારે પગોને બંધાવી દઉં ને પછી મહાવતની જેમ તારા પર બેસીને અંકુશ વડે તને ધારેલા માર્ગે દોડાવી શકું. - ૩

તું જો લોઢા જેવું હોય તો ધમણ દ્વારા અગ્નિમાં તપાવી તપાવીને લાલચોળ કરી દઉં અને પછી એરણ મંગાવી તેના પર ટીપી ટીપીને યંત્રના તારની જેમ ધાર્યો આકાર પણ આપી શકું. - ૪

તું જો જ્ઞાની હોય તો તને જ્ઞાન શીખવી શકું અને સત્યના માર્ગે ચલાવી શકું. કબીર કહે છે કે જ્ઞાન દ્વારા જ તને અમરાપુરમાં પહોંચાડી શકાય. – ૫

********************

૩. તે જીવંત પણ નથી. તે તો જડ ગણાય છે. છતાં શરીરનું તે અગત્યનું સાધન છે. તેના વિના માનવની તો કાંઈ જ કિંમત નથી. તે ઠેકાણે ન રહે તોપણ માનવનું મૂલ્ય ઘટી જાય છે. ગાંડા માણસની શી કિંમત ? ગાંડા માણસને પોતાના ઘરના માણસો પણ અવગણે. મનનું આટલું બધું મહત્વ હોવા છતાં તેને પાધરું ને ઠેકાણે રાખવા માટે કોઈ સ્થૂળ સાધન શોધી શકાયું નથી. હાથી, ઘોડા, વાઘ, સિંહ કોઈ પણ પ્રાણીને માનવ અકુંશમાં રાખી શકે છે, પણ તે પોતાના મનને અંકુશમાં રાખી શકતો નથી. મનને કારણે ઊભી થતી અનેક સમસ્યાઓનો તે શિકાર બને છે અને તે અનેક પ્રકારની વિટંબણાઓનો તે અનુભવ કરે છે.

૪. એ વાત સાચી છે કે મન જ્ઞાની નથી. પણ એ પણ એટલી જ સાચી હકીકત છે કે તે જ્ઞાની બની શકે છે. મનમાં સૌ પ્રથમ વિચારો ઉદ્ભવે છે અને પછી જ તે પ્રમાણે માનવ કર્મ કરવા પ્રવૃત્ત થાય છે. જો સારા વિચાર હશે તો સારાં કર્મો થશે ને જો ખરાબ વિચારો હશે તો ખરાબ કર્મો થશે. એનો અર્થ એ થયો કે જો વિચાર જ સારા ઉદ્ભવે એવા પ્રયાસો કરવામાં મનની ઉત્તમ દશાનો આધાર છે. જેમ જેમ સારા વિચારોથી મન ઉભરાતું રહે તેમ તેની સમજણની માત્રા પણ વધતી જાય છે એવો માનવમાત્રનો અનુભવ છે. જેમ જેમ સમજણ વધે તેમ તેમ વિચારોની દૃઢતા પણ વધે. દૃઢ વિચારો જ મનને ધારે તે માર્ગે દોરી જઈ શકે. આ મનોવૈજ્ઞાનિક કારણને ધ્યાનમાં રાખીને જ કબીર સાહેબે આ પદના અંતમાં જ્ઞાનને મહત્વ આપવા પ્રયાસ કર્યા છે. જ્ઞાન દ્વારા જ મનને મૃત પથ પરથી અમૃત પથ પર લઈ જઈ શકાશે એ કબીરસાહેબનું સ્વાનુભૂતિનું કથન ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૭ : ઘુંઘટકા પટ ખોલ રે

નાદબ્રહ્મ પદ-૭૪, પૃષ્ઠ-૪૪, બેઠકનાં પદો
(સંદર્ભ : ભારત સરકારની સાહિત્ય એકેડેમી દ્વારા પ્રકાશિત 'કબીર વચનાવલી', પૃષ્ઠ-૩૦૨/૯૪)

ઘુંઘટકા[૧] પટ ખોલ રે, તોકો પીવ મિલેંગે, ઘુંઘટકા પટ ખોલ
ઘટ ઘટમેં વહ સાંઈ રમતા, કટુક[૨] વચન મત બોલ રે - ટેક

ધન જોબનકો ગરબ[૩] ન કીજૈ, જૂઠા પચરંગ ચોલ રે
સુન્ન મહલમેં દિયના બારિ લે, આસા[૪] સોં મત ડોલ રે - ૧

જોગ જુગતસોં[૫] રંગ મહલમેં, પિય પાયો અનમોલ રે
કહૈ કબીર આનંદ ભયો હૈ, બાજત અનહ્દ ઢોલ રે - ૨

*******************

૧. સદ્‌ગુરૂ કબીર સાહેબનાં અતિ પ્રચલિત ભજનોમાં આ પદ અગ્રસ્થાને છે. ઘુંઘટ એટલે ઘુમટો. શબ્દ કાને પડતાં કોઈ પડદાનશીન સ્ત્રીનું ચિત્ર દૃષ્ટિ સમક્ષ ખડું થાય છે. પડદાશીન સ્ત્રી એટલે ગામઠી ભાષામાં ઘુમટો તાણીને ઊભેલી સ્ત્રી. તે ઘુમટો રિવાજને કારણે તાણેલો હોય છે. જીવે પણ તે જ રીતે ઘુમટો તાણેલો હોય છે. જીવનો ઘુમટો વિચારોનો, વાસનાનો, તૃષ્ણાનો કે પછી ભ્રાંતિઓનો બનેલો હોય છે. મનમાં અનેક પ્રકારની ભ્રાંતિઓ થયા જ કરતી હોય છે. તે દ્વારા સૂક્ષ્મ રીતે તે પડદો ગૂંથાતો જતો હોય છે. આ ઘુમટો જીવે જાતે જ ગૂંથેલો ને ઓઢેલો હોવાથી જીવે જાતે જ મહેનત કરીને ખોલવો પડે છે. બીજો કોઈ આવશે ને ખોલશે એવી આશા વ્યર્થ છે. ઘુંઘટ ખોલવાની તમામ જવાબદારી જીવની જ ગણાય છે. મનમાં ઘર કરી ગયેલી વિચારોની ભ્રાંતિઓ જીવ જ્યાં સુધી દૂર ન કરે ત્યાં સુધી આ પડદો રહેવાનો જ. ત્યાં સુધી જીવને સુત્યનું દર્શન થવાનું જ નહીં. માટે કબીર સાહેબ જીવને વિનવણી કરતાં કહે છે હે જીવ, તું તારી જાતે જ તારો ઘુંમટો ઉઠાવી લે ને તારી અંદર રહેલા પ્રિયતમ સ્વામીનાં દર્શન કરી લે. આ રીતે 'ઘુંઘટ' એક પ્રતીક છે.

૨. કટુક એટલે કડવાં વચન. પ્રિયતમ પ્રભુ શરીરમાં જેમ અદૃષ્ટ છે, દેખાતો નથી તેમ શરીરની બહાર પણ તે અદૃષ્ટ ને દેખાતો નથી. છતાં કહેવાય છે કે તે તો અણુ અણુમાં વ્યાપક પણે પથરાયેલો રહ્યો છે. તેથી જીવ તર્ક વિતર્ક કરી તેની શોધ કરે છે ત્યારે નથી થતો તેને કોઈ અનુભવ કે નથી જણાતી તેને કોઈ પ્રતિતી. આખરે તે નથી એમ કહેવા તે ઉતાવળો થઈ જાય છે. અનેક મંદિરોમાં, દેવળોમાં ને ઠેર ઠેર તીર્થોમાં તે શોધી વળે છે પણ તેને પ્રભુનાં દર્શન થતાં નથી એટલે તેની આસ્થા ડગી જાય છે. તે અશ્રદ્ધાળુ બની જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ તું તારો ઘુંઘટનો પડદો ખોલી દેશે તો જ તને પ્રિયતમ મળશે. તે પ્રિયતમ સ્વામી તો દરેક શરીરમાં રમી રહ્યો છે તેથી તે અંગે કડવાં વચન બોલીશ નહીં. - ટેક

તારી યુવાની રૂપી ધનનું કદી પણ અભિમાન કરવું નહીં કારણ કે શરીર તો માત્ર પાંચ તત્વોનું બનેલું નાશવંત ખોળિયું જ છે. તેમાં જે શૂન્ય રૂપી મહેલ છે તેમાં તું જ્ઞાનનો દીવો સળગાવી લે અને ભૌતિક આશાઓથી ચલયમાન થઈશ નહીં. - ૧

કબીર કહે છે કે યોગની યુક્તિઓથી આ શરીર રૂપી રંગમહેલમાં પ્રિયતમ પ્રભુનાં મને અણમોલ દર્શન થયાં છે ને ત્યારથી જ મારા હૃદયમાં પરમ આનંદના અનાહત નાદના સતત ઢોલ નગારાં વાગી રહ્યાં છે. - ૨

********************

પરિણામે તે ન બોલવાનાં વેણ પણ બોલવા માંડે છે. તેવી તેની કુટેવની કબીરસાહેબ અહીં યાદ દેવડાવે છે. કબીરસાહેબ કહે છે કે ખરેખર તો તે તારા શરીરમાં જ રહેલો છે. તને દેખાતો નથી કારણ કે તેં જાતે જ પડદો ઊભો કર્યો છે. તે પડદો દૂર કર્યા વિના તે દેખાશે નહિ. માટે કડવાં વચન બોલતાં પહેલાં તું તારા ઘુંઘટનો વિચાર કર ! તારાં કડવા વચન પણ આખરે ઘુંઘટના રૂપમાં ગુંથાતા જ જશે. ઘુંઘટ તારો મોટો થતો જશે. તેથી હે જીવ, તું કડવા વચન બોલવાનું બંધ કર ! તારી લૂલીને વશ કર !

૩. ગરબ એટલે અભિમાન, ગર્વનું અપભ્રંશ રૂપ. અહીં ધન-દોલત-માલ મિલકત અને યુવાનીનો ગર્વ ન કર એવું અર્થઘટન પણ કરી શકાય. મેં માત્ર યુવાની રૂપી ધનનું અભિમાન એવો અર્થ કર્યો છે કારણ કે ક્ષણભંગુર આ જીવનમાં યુવાની અતિશય મહત્વની છે. જે કાંઈ પ્રાપ્ત કરવું હોય તે યુવાનીમાં જ પ્રાપ્ત કરી શકાય છે. શરીર સર્વ રીતે સહાયક થઈ પડે છે. પણ તે સમયે મદ પણ એટલો જ હોવાથી જીવનનો સર્વોત્તમ સમય વેડફાઈ જાય છે.

૪. 'આસન સોં' પાઠ પણ મળે છે. દૃઢતાપૂર્વક પોતાના કાર્યને વળગી રહેવાનો તે દ્વારા ભાવ વ્યક્ત થાય છે.

૫. 'જોગ જુગત સોં' પાઠ પણ મળે છે. તેથી અર્થઘટનમાં ફેર પડતો નથી. બંને પ્રકારે યોગના સંદેશાનો જ ધ્વનિ સંભળાય છે. શૂન્ય રૂપી મહેલ એટલે શરીરમાં મસ્તકના ભાગે આવેલ શૂનય ચક્ર. રંગમહલ શબ્દ દ્વારા પણ ઉર્ધ્વચક્રો તરફનો જ ઈશારો વ્યક્ત થાય છે.

૬. કોઈ મહાન વ્યક્તિનું આગમન થવાનું હોય ત્યારે બેંડવાજા વગાડીને તેનો સત્કાર કરવામાં આવે છે, તેમ પ્રિયતમ પ્રભુનું દર્શન થવાનું હોય ત્યારે અનાહત નાદ સંભળાય છે. ત્યારે સાંભળનાર પરમ આનંદનો અનુભવ કરે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૮ : ઝીની ઝીની બીની ચદરિયાં

નાદબ્રહ્મ પદ-૭૬, પૃષ્ઠ-૪૪, બેઠકનાં પદો
(સંદર્ભ : ભારત સરકારની સાહિત્ય એકેડેમી દ્વારા પ્રકાશિત 'કબીર વચનાવલી', પૃષ્ઠ-૪૪૦)

ઝીની[૧] ઝીની બીની ચદરિયાં,
કાહે કૈ તાના કાહે કૈ ભરની, કૌન તારસે[૨] બીની ચદરિયા ? - ટેક

ઈંગલા પિંગલા તાના ભરની, સુષમન તાર સે બીની ચદરિયા - ૧

આઠ કંવલ[૩] દલ ચરખા જોલૈ, પાંચ[૪] નત્ત ગુણ તીની[૫] ચદરિયા - ૨

સાંઈકો સીવત[૬] માસ દસ લાગે, ઠોક ઠોક કે બીની ચદરિયા - ૩

સો ચાદર સુર નર મુનિ ઓઢી, ઓઢિકે મૈલી[૭] કીની ચદરિયા - ૪

દાસ કબીર જતન[૮] સે ઓઢી, જ્યોં કા ત્યોં ધર દીની ચદરિયા - ૫

********************

૧. 'ઝીની' એટલે સૂક્ષ્મ. સતત બે વાર 'ઝીની' શબ્દના પ્રયોગથી સૂક્ષ્માતિસૂક્ષ્મ એવો ભાવ વ્યક્ત થાય છે. સ્થૂળ આંખે તે ન જાણી શકાય એવી ગણાય. આ શરીર કેવી રીતે તૈયાર થાય છે તેનું વર્ણન કોણ કરી શકે ? આ શરીરનું પૃથક્કરણકરીને અભ્યાસને તપાસ કરનાર વૈજ્ઞાનિકો પણ આ શરીરની કરામતથી આશ્ચર્ય ચકિત થાય છે. એમાં નાની રક્ત વાહક ધમનીઓની જાળ કેવી રીતે ગૂંથી હશે ? અનેક પ્રકારની ગ્રંથિઓ જેનો સ્રાવ રસ રૂપે અંદર આપોઆપ થયા કરે એ કેવું અજબનું ? પ્રત્યેક અંગનો સમુચિત વિકાસ થયા કરે ને માનસિક વિકાસ પણ એની મેળે જ થયા કરે તથા નિશ્ચિત સમયે તે શરીર બહાર આવે એ કેવી કુશળતાપૂર્વકની યોજના ગણાય ! સ્થૂળ શરીરમાં વળી સૂક્ષ્મ શરીર હોય ને તે જીવ શરીર છોડે ત્યારે સાથે જાય તેમજ તે સૂક્ષ્મ શરીર જીવને ફરીવાર જગતમાં જન્મ ધારણ કરવાની ફરજ પાડે છે તે બધી વાત સૌને આશ્ચર્યમાં મૂકી દે એવી છે.

૨. કાપડનું વણાટકામ જોવા જઈએ ત્યારે ખબર પડે છે કે તેમાં આડા તાર ને ઊભા તાર યંત્ર દ્વારા ગૂંથાતા રહેતા હોય છે. તેને વણકર લોકો તાણોને વાણો કહે છે. એ તાર પણ રૂમાંથી તૈયાર કરવામાં આવે છે. આ શરીરરૂપી ચાદરનું રૂપક સમજાવવા કબીરસાહેબે વણકર લોકોની પરિભાષાનો ઉપયોગ કર્યો છે. ઈંગલા નાડીનો તાણો. ઈંગલાને ઈડા નાડી પણ કહેવામાં આવે છે. પિંગલા નાડીનો વાણો. એ તાણા-વાણાનો તાર સુષુમણા નાડી દ્વારા તૈયાર થયો હોય છે. સુષુમણામાં સંચિત કર્મના બીજો સંગૃહિત થતાં હોવાથી તે અનુસાર પ્રારબ્ધનું બંધારણ થાય છે એવી માન્યતાનો અહીં ઉલ્લેખ છે. સુષુમણામાં પ્રાણસંચાર કરવા માટે પછી કુંડલિની શક્તિ જાગૃત બને છે ને તે ચક્રોને ભેદતી ઉપર ચઢે છે ત્યારે શુદ્ધિકરણની ક્રિયા આપોઆપ થતી હોય છે. સહસ્ત્રાર ચક્રમાં શિવને શક્તિનું મિલન થાય ત્યારે જ્ઞાનનો ઉદય થાય તે જ્ઞાનના અગ્નિથી સુષુમણામાં રહેલ સંચિત કર્મોનાં બીજ બળીને ભસ્મ થઈ જાય છે એવો યોગી પુરૂષનો અનુભવ છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ શરીર રૂપી અતિ સૂક્ષ્મ ચાદર કયા તાણા ને કયા વાણા તથા કેવાકેવા તારથી વણી હશે ?

ઈંગલાનો તાણો પિંગલાનો વાણો તથા સુષુમ્ણાના તાર વડે એ ચાદર તો વણી છે. - ૧

કમળના આકારના શક્તિના આઠ ચક્રો રૂપી ચરખા વડે પાંચ તત્વો તથા ત્રણ ગુણોને ગૂંથીને એ તૈયાર કરવામાં આવી છે. - ૨

એને તૈયાર કરવામાં સ્વામીને દસ મહિના સુધી રાત દિવસ સીવવાની મહેનત કરવી પડી છે. - ૩

એ ચાદર દેવ, માનવ, મુનિ, બધાએ ઓઢેલી પણ બરાબર સંભાળ ન લેવાથી મેલી થઈ ગયેલી. - ૪

દાસ કબીરે એવી સંભાળપૂર્વક ઓઢી કે તે મેલી ના થઈ અને જેવી હતી તેવી જ સ્વામીને પાછી સુપરત કરી દીધી. - ૫

********************

૩. શરીરમાં શક્તિનાં ચક્રો કેટલાં તે અંગે ઘણા મતભેદો છે. કોઈ માત્ર છ ચક્રો ગણાવે છે, કોઈ આઠ, કોઈ દસ, કોઈ બાર તો વળી કોઈ સોળની સંખ્યા પણ બતાવે છે. કબીરવાણીમાં ક્યારેક ષટ્ચક્રની વાત આવે છે તે તો ક્યારેક આઠ, ક્યારેક દસ ને ક્યારેક સોળ ચક્રોનો નિર્દેશ પણ છે. શરીરની અંદર આવી રચના છે તેનો એકરાર કરતાં કબીરસાહેબે જણાવ્યું છે :

કમલભેદ કિયા નિરવારા, યહ સબ રચના પિંડ મંઝારા
સત સંગ કર સદ્ગુરૂ સિરધારા, વહ સતનામ ઉચ્ચારા હૈ ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૨૨૦)

અર્થાત્ જુદાં જુદાં ચક્રો રૂપી કમળોનું રહસ્ય શરીરમાં જ છે તેનો ખુલાસો અહીં કર્યો છે તે વિષે સદ્ગુરૂ સાથે સત્સંગ કરી જાણી શકાય છે. અહીં તો માત્ર આઠ કમળની વાત કરી છે. તે આ પ્રમાણે ગણાવી શકાય : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્ત્રાર ને બ્રહ્મચક્ર.

૪. પાંચ તત્વો : પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ

૫. ત્રણ ગુણો : સત્વ, રજ ને તમ

૬. 'સીવત' ને બદલે 'બિનત' પાઠ પણ મળે છે. અર્થમાં ફેર પડતો નથી.

૭. 'ઓઢી' ને બદલે 'ઓઢિન' પાઠ પણ મળે છે. ઓઢિન બહુવચન હોવાથી સ્વામી હનુમાનદાસે તે પાઠ સ્વીકાર્યો છે.

૮. તમામ સંતોની ચાદર મેલી થયેલી, માત્ર કબીરસાહેબની નહીં એવો અર્થ કરવાથી ભૂલ થશે. એ પ્રકારે અર્થ કરવાથી કબીરસાહેબ અભિમાની ઠરશે. કબીરસાહેબ તો 'દાસ કબીર' તરીકે પોતાને લેખે છે. તેમાં સંપૂર્ણ નમ્રતાનો ભાવ છે. તેથી દાસ કબીર જેવા અનેક સંતોએ શરીર રૂપી ચાદરને જતનથી ઓઢેલી અને ચાદરને મેલી ન થવા દીધેલી એવું અર્થઘટન કબીરસાહેબને ન્યાય કરનારું ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૧૯ : મારો સાથીડો રીસાણો

નાદબ્રહ્મ પદ-૧૪૧, પૃષ્ઠ-૮૨, બેઠકનાં પદો

મારો[૧] સાથીડો રીસાણો, એને કોણ મનાવવા જાય ?
મને અર્ધ વચ્ચે લૂંટી[૨], એ તો રિસાઈને જાય - ટેક

કાયા અમારી કાચની, માંહી[૩] ઝોલા ખાય
પિંજરમાંથી પોપટ ઉડ્યો, પિંજર ઝોલા ખાય - ૧

કાચી માટીના મહેલ બનાયા, જલદી તૂટી જાય
પરદેશીની[૪] પ્રીતડી તો, પલમેં તૂટી જાય - ૨

પાંચ[૫] વર્ષકા પિયુ અમારા, એમ કેમ રેન ગુમાય
સરખી સરખી સાહેલી તો, અવળાં ગીતો ગાય - ૩

કહે કબીર સુનો ભાઈ સાધુ, હેતે[૬] હરિ ગુણ ગાય
ચેતન હતા તે ચેતી ગયા, ને મૂરખ ગોથાં ખાય - ૪

*******************

૧. આ પદ આખું ગુજરાતી છે. માત્ર 'પલમેં' ને 'બનાયા' બે શબ્દો હિન્દી ભાષાના વપરાયા છે. કબીર સાહેબનાં પદોમાં ગુજરાતી શબ્દો ઘુસી ગયા છે તેનો ઇન્કાર કોઈ કરતું નથી. પરંતુ આખું પદ કબીર સાહેબે ગુજરાતીમાં લખ્યું હોય તે તો માની શકાય નહીં. કોઈ ગુજરાતી કવિએ કબીરસાહેબને નામે આ પદ ચઢાવી દીધું હોય તો નવાઇ નહીં.

૨. વળી શબ્દો પાસે કામ પણ કબીરસાહેબની જેમ લેવામાં આવ્યું નથી. બીજી લીટીમાં 'લૂંટી' શબ્દ જુદો જ ભાવ વ્યક્ત કરે છે. પહેલી લીટીમાં 'સાથીડો' રીસાયો છે, તેને કોણ મનાવી શકે ? એવો ભાવ વ્યક્ત કર્યો છે. સાથીડો ક્યારે રીસાય ? શા માટે રીસાય ? તેની મરજી મુજબ ન થતું હોય તો જ તે રીસાય. જ્યારે 'લૂંટી' જુદું જ ચિત્ર ખડું કરે છે. સાથીડો રીસાયો નથી પણ તેણે પ્રિયતમાને એકલી જાણીને લૂંટી લીધી છે ને બધું જ લઈને ભાગી ગયો છે. તે દશામાં પ્રિયતમા રડતી હોય ને તેના હ્રદયમાં તેવા હાલ કરનાર માટે ગુસ્સો હોય. ટેકની પંક્તિમાં આ રીતે બે જુદા જુદા ભાવ દર્શાવ્યા હોવાથી અર્થ સંગતિ સધાતી નથી. અભિવ્યક્તિ નબળી પડે છે, સચોટ બની શકતી નથી. આ દૃષ્ટિએ પણ આ પદ કબીરસાહેબનું નથી તેની ખાત્રી વાચકને થાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

મારો જીવનસાથી મને માર્ગમાં અધવચ્ચે એકલી અટૂલી મૂકીને રિસાઈને ચાલ્યો છે, એને કોણ મનાવીને પાછો લાવે ? - ટેક

પિંજરું છોડીને પોપટ ઊડી જાય ને પિંજરું ઝોલા ખાતું રહી જાય તેવી મારી દશા થઈ છે. અમારી કાયા તો કાચના જેવી ક્ષણમાં નાશ પામે તેવી ગણાય ! - ૧

જાણે કે જોતજોતામાં તૂટી જાય તેવો કાચી માટીનો મહેલ બનાવેલો ! ખરેખર, પરદેશી સાથે કરેલી પ્રીત તો પળભરની જ ગણાય ! - ૨

અમારો પ્રિયતમ તો પાંચ વર્ષનો જ હોય તેમ સમજણ વિનાનો લાગે છે. મેં તો જેમ તેમ અત્યાર લગી રાત્રીઓ વીતાવી છે. મારી તમામ સખીઓ તો તેની વિરુદ્ધમાં જ બોલ્યા કરે છે ! - ૩

કબીર કહે છે કે હે સંતો સાંભળો, જે પ્રેમપૂર્વક પ્રભુમાં મગ્ન બની ગુણ ગાન હોય તેની અમારા જેવી બૂરી દશા ન થાય ! જે ચેતન હશે તે ખરેખર ચેતી જશે ને બાકીના બીજા મૂરખ લોકો લખચોર્યાસીમાં અટવાશે. – ૪

********************

૩. એ જ રીતે 'માંહી ઝોલા ખાય' શબ્દો પણ જુદો જ ભાવ વ્યક્ત કરે છે. કાયા કાચની હોય તો તે ક્ષણમાં તૂટી જાય તેવી હોય તેમ કહેવાને બદલે 'માંહી ઝોલા ખાય' શબ્દો જુદું ચિત્ર ખડું કરે છે તેથી પણ અર્થ સંગતિ સધાતી નથી. વળી મનામણાં ને રીસામણાં કરવાનાં હોય ત્યાં પિંજરનું પ્રતીક કેવું લાગે ?

૪. "પરદેશીની પ્રીતડી" શબ્દ પ્રયોગ પણ કબીરવાણીમાં ભાગ્યે જ જોવા મળશે.

૫. પિયુને પાંચ વર્ષનો કહેવા પાછળ ભાવ પિયુ બાળકની જેમ કામદેવની અજાણ છે. તું શૃંગારની ભાવના સંતોષી શકે નહીં. તે બાળકની માફક નિર્દોષ હોય તેમ લાગે છે. તે કામાતુર થાય તો પ્રિયતમની રાત્રી સારી વીતે. સખીઓ તો તે પૌરૂષહીન છે એવી વિરુદ્ધની વાતો કરી રહી છે. આખી કડીમાં પ્રિયતમનું ચિત્ર ખડું થતું નથી. તે રિસાયો જ નથી તો તેને મનાવવાનો પ્રશ્ન કેવી રીતે જાગે ? પદના મૂળ ભાવને પુષ્ટિ મળતી નથી.

૬. છેલ્લી કડી પદના મૂળભાવને પોષણ આપતી નથી. 'હેતે હરિ ગુણ ગાય' શબ્દોમાં આનંદનો ભાવ છે, રિસામણાંનો ભાવ તો નથી. 'ચેતન' ને 'મૂરખ' શબ્દો પણ જુદું જ ચિત્ર ખડું કરે છે.

સર્વ પ્રકારે વિચારતાં આ પદ કબીરસાહેબનું નથી લાગતું. લોકોમાં હાલ તે વધારે પ્રચલિત હોય તેથી તે કબીરસાહેબનું જ છે એમ માની શકાય નહીં.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૦ : હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ

નાદબ્રહ્મ પદ-૧૪૩, પૃષ્ઠ-૮૩, કનડો

**હરિનામ[૧] હીરા કંચન[૨] પ્રેમ જડ્યો હૈ**
**સતગુરૂ શબ્દ શ્રવણે[3] સુનકર, દૃઢકર હૃદયે બનાઈ ધર્યો હૈ - ટેક**

**ચશ્મા[૪] જ્ઞાન, વિતેક જ રહેણી, ચિત્ત ચંદન ચોંટ્યો ન રળ્યો[૫] હૈ**
**આસપાસ પ્રતીત પીરેજા, બુદ્ધિ ચુની[૬] લે પાટ પડ્યો હૈ - ૧**

**જંગમ[૭] ઘાટ હરિનામ જરાનો, દેખી ચોર અજ્ઞાન ટળ્યો હૈ**
**કહૈ કબીર એ નિગમ[૮] અગોચર, ભક્ત હેત રસનાએ ઉચર્યો હૈ - ૨**

********************

૧. સદ્‌ગુરૂ કબીરસાહેબ નામસ્મરણમાં માનતા ન હતા એવું કેટલાક વિદ્વાનો માને છે અને તેથી તેવો તેઓ પ્રચાર પણ કરે છે. પરંતુ કબીરવાણીમાં નામ સ્મરણને લગતી ઘણી સાખીઓ, ઘણાં પદો, મળે છે તેથી તેઓનો મત માન્ય કેવી રીતે કરી શકાય ? “કા સોવો સુમિરનકી બેરિયા” કે “સુમિરન બિન ગોતા ખાઓગે” જેવા ઘણાં પદો નામસ્મરણનો મહિમા ગાનારાં છે. આ પદ પણ તેમાં ઉમેરો જ કરે છે. નામસ્મરણને કબીર સાહેબ એક સાધન તરીકે સ્વીકારતા હતા એમ માનવાની એ બધાં પદો ફરજ પાડે છે. “ભજો રે ભૈયા રામ, ગોવિંદ હરિ!” પદ તો ખૂબ પ્રસિદ્ધ છે. નામસ્મરણથી મનની શુદ્ધિ સધાય છે અને મનને ઊંચી અવસ્થા પર પહોંચાડવામાં તે ઉપયોગી થઈ પડે છે એવી અનુભવ વાણી પણ આપણને ટેકો આપે છે.

૨. હરિનું નામ હીરા સમાન મૂલ્યવાન અને સુવર્ણ સમાન કીંમતી છે. લોકો હીરાથી આકર્ષાય છે. સુવર્ણનું પણ આકર્ષણ ભારે હોય છે. જો હીરાની પોટલી ને સુવર્ણની પાટો ઘરમાં ક્યાંક સંતાડી હોય તો સંતાડનારનું મન ચોવીસે કલાક સુવર્ણ ને હીરામાં જ ચોટલું રહે છે. પ્રભુના નામમાં તે રીતે મન લાગી જાય તો બેડો પાર થઈ જાય.

3. ગુરૂ શિષ્યને સૌ પ્રથમ જે મંત્ર આપે તે પણ શબ્દ જ કહેવાય. જે જ્ઞાન આપે તે પણ શબ્દ જ કહેવાય. કબીરસાહેબ ‘શબ્દ’ ને વિશેષ અર્થમાં વાપરે છે. શબ્દનો મહિમા ગાતાં તેમણે ગાયું છે :

> શબ્દ હિ વેદ હૈ, શબ્દ હિ નાદ હૈ, શબ્દ હિ શાસ્ત્ર બહુભાંતિ ગાઈ
> શબ્દ હિ યંત્ર હૈ, શબ્દ હિ મંત્ર હૈ, શબ્દ હિ ગુરૂ સિસકો સુનાઈ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હરિનું નામ હીરા ને સુવર્ણ સમાન કીમતી લાગવાથી પ્રેમ થઈ ગયો છે. સતગુરૂનું જ્ઞાન જ્યારથી કાને સાંભળ્યું છે ત્યારથી હૃદયમાં દૃઢતાપૂર્વક મેં તે પકડી રાખ્યું છે.

જ્ઞાન ને વિવેકનું ચંદન ચિત્તને બરાબર ચોંટી ગયું છે. જરા પણ તે ફીટતું નથી. આસપાસ સઘળે હરિની પ્રતીતિ થતી હોવાથી બુદ્ધિને ઈતર વાત પસંદ પડતી નથી. - ૧

હરિનામના સ્મરણથી આ જગત રૂપી ઘાટ પરિવર્તનશીલ ને નાશવંત જણાયો તેથી મારું અજ્ઞાન રૂપી ઘોર અંધારું દૂર થયું છે. કબીર કહે છે કે હરિ તો અગમ ને અગોચર છે પણ પ્રેમને કારણે હરિનામનું રટણ જીભ દ્વારા કરવા માંડ્યું છે. – ૨

********************

અર્થાત્ શબ્દ વેદરૂપે, નાદબ્રહ્મ રૂપે છે, શાસ્ત્રરૂપે છે, યંત્રરૂપે છે ને મંત્રરૂપે છે. સૌ પ્રથમ ગુરૂદેવ શિષ્યને મંત્રદીક્ષા આપે ત્યારે શબ્દ સ્વરૂપે જ તે સંભળાવે છે. કબીરસાહેબ તો એટલે સુધી કહે છે કે જે બધું આંખે દેખાય છે તે બધું શબ્દમય જ છે. જે નથી દેખાતું તે પણ ઓમકારના શબ્દરૂપે જ રહેલું છે. તેથી કબીરસાહેબ 'શબ્દ' ને બરાબર જાણી લેવાની અરજ કરે છે. જાણ્યા પછી જે તે શબ્દ હૃદયમાં સ્થિર બની શકે.

૪. "ચશ્મા જ્ઞાન વિતેક જ રહેણી" શબ્દો અસ્પષ્ટતા સર્જે છે. વીતેક એટલે વિવેક એમ ગણીએ તો યોગ્ય રહેણીકરણી ભાવ સમજાય. પરંતુ "ચશ્મા" નો અર્થ સ્પષ્ટ થતો નથી. એની જગ્યાએ બીજો શબ્દ હશે એવું અનુમાન કરી શકાય.

૫. 'ન ટળ્યો' એટલે ચિત્ત પર લાગેલો જ્ઞાનરૂપી ચંદનનો લેપ ફીટ્યો નથી.

૬. 'ચુનીલે' કે 'ચુનલે' ? પસંદ કરવાના અર્થમાં

૭. જગત રૂપી ઘાટ અથવા શરીર રૂપી ઘાટ. બંને અર્થ થઈ શકે. માનવયોનિ પ્રાપ્ત કરી બંને ઘાટથી ભવસાગર પાર કરી શકાય.

૮. 'એ' ને બદલે યહ. અહીં 'નિગમ' શબ્દને બદલે 'અગમ' શબ્દ વધારે યોગ્ય લાગે. જે જાણી શકાય નહીં તે અગમ ને જે જોઈ શકાય નહીં તે અગોચર. પ્રભુ અગમ ને અગોચર બંને છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૧ : નિર્ગુણ જરા લક્ષ આવે

નાદબ્રહ્મ પદ-૧૬૬, પૃષ્ઠ-૯૨, કલ્યાણ

### નિર્ગુણ જરા લક્ષ આવે

**(Note: In the original publication, this bhajan is ommitted by the printer.)**

Edited by Ishvarbhai P. Patel (Kapura)

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૨ : નિરખ પરખ ગુરુ કરના

નાદબ્રહ્મ પદ-૧૬૭, પૃષ્ઠ-૯૩, રાગ-કલ્યાણ
(સંદર્ભ : સ્વામી યુગલાનંદ વિહારી કૃત 'કબીરપંથી શબ્દાવલી' પૃ-૮૦૨/પદ-૯૯)

અવધૂત નિરખ પરખ ગુરૂ[1] કરના,
તન, મન, કછૂ હાથ ન આવે, કાહેકો પચ[2] મરના - ટેક

કાલ ન છૂટો, જંજાલ ન મેટો, ભયો ન મનકો સૂરા,
કુલકા[3] બાસ કરો મત કોઇ, જો ગુરુ મિલૈ ન પૂરો - ૧

અષ્ટ[4] ધાતુકા પિંજરા બનાયા, તામેં જુગતકા[5] સુવા
સતગુરૂ મિલૈ તો કાલસે બાંચે ના તો રસૈ હુવા - ૨

કંદ્રપ[6] રૂપ કાયકો મંડન, મિથ્યા કાહ ઉલીચેં ?
કહે કબીર સમજ ન ભોંદૂ, અમી અરંડકા[7] સીચે ! - ૩

********************

૧. સદ્ગુરૂ કોણ ? એ સમસ્યા આજે પણ સૌને મુંઝવનારી છે. વ્યવહારમાં દરેક વસ્તુની ખરીદી કરવામાં આવે ત્યારે કેટલી બધી સાવચેતી ને સાવધાની રાખવામાં આવે છે તેનો વિચાર કરવામાં આવે તો આધ્યાત્મિક માર્ગે પણ તેવી સાવધાની અને સાવચેતી આવશ્યક છે તેનો ખ્યાલ આવશે. તેવા પ્રકારની જાગૃતિ નથી તેથી ખોટા ગુરૂઓ માનપાન પામી પૂજાતા હોય છે. ત્યાગનો ઢોંગ કરી તેવા ગુરૂઓ વૈભવ ભોગવતા હોય છે. તેથી કબીર સાહેબે અહીં પ્રત્યેક માનવને સાચી શિખામણ ને ચેતવણી આપી છે. ખરેખર આત્મજ્ઞાની પુરૂષ જ સદ્ગુરૂ થઈ શકે. તેણે આત્મસાક્ષાત્કાર કરી સચરાચરમાં વ્યાપ્ત પરમાત્મ તત્વનો અનુભવ કર્યો હોય છે. તે માટે કપરી સાધના કરીને તેણે પોતાના તન ને મનને પવિત્ર બનાવ્યાં હોય છે. જ્યાં સુધી મન ચંચળ મટી દૃઢ ને મજબૂત ન બને ત્યાં સુધી તે સાધનાના કપરા ચઢાણ ચઢી શકતો નથી. પરંતુ જેણે સાધના કરી નથી અથવા તો સાધના કરવાનો માત્ર ઢોંગ કર્યો હોય તે સદ્ગુરૂ કેવી રીતે થઈ શકે ? તે તો કામનાઓ ને વાસનાઓથી ભરેલો હોય છે તેને સંતોષવા તે શિષ્યોનું શોષણ પણ કરતો હોય છે. સામાન્ય માટીના ઘડાને બજારમા લેવા જનાર જોઈ તપાસીને ઘડો લેતો હોય છે તો જે આત્મરૂપી અણમોલ ધન સાચવવામાં ને તેનો સદુપયોગ કરવામાં મદદરૂપ થઈ શકે તેવા ગુરૂની વરણી કરવાની હોય ત્યારે કેમ કોઈ તપાસ કરતું નથી ? શા માટે ઉતાવળ કરવામાં આવે છે ? ખરેખર કબીરસાહેબે આ પદમાં રજૂ કરેલી હકીકત સદા કાળને માટે ખૂબ જ ઉપયોગી છે.

૨. અહીં 'પચ' એટલે તેવા ખોટા ગુરૂનો પરિચય કરવા શા માટે મરી ફીટવું એવો ભાવ વ્યક્ત કરવા સારું વપરાયેલો દેશી શબ્દ. તેનો સામાન્ય અર્થ પરિચય-પરચો-પર્ચ-પચ એવો થઈ શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જોઈ તપાસી ગુરૂ કરવા જોઈએ હે અવધૂત ! જેની પાસેથી કશું જ ન મળતું હોય તો તેની પાછળ શા માટે મરી ફીટવું ? - ટેક

જો સાચા ને પૂર્ણ ગુરૂ ન મળે તો ન છૂટે મૃત્યુનું બંધન, ન ટળે કોઈ ઉપાધિ અને ન બને મન શૂરવીરના જેવું મજબૂત ! તેવા ગુરૂનો સર્વ સમર્પણ ભાવે આશ્રય કોઈએ પણ કરવો ન જોઈએ. - ૧

આ શરીર રૂપી પિંજરું તો આઠ ધાતુઓનું બનેલું છે અને તેમાં યોગીસ્વરૂપ જીવ રૂપી પોપટ રહેલો છે તેથી તે જીવ રૂપી ધન કોઈ સતગુરૂ મળે તો બચી શકે, નહીં તો સર્વનાશ જ થાય. - ૨

કામદેવના રૂપ જેવા આ શરીરની માત્ર ભોગ માટે જ સાર સંભાળ લેવાની મિથ્યા પ્રવૃત્તિ શા માટે કરવી ? કબીર કહે છે કે એરંડાના તેલને અમૃત સમજીને ભેગું કરવાની મિથ્યા પ્રવૃત્તિ હે ભોળા અજ્ઞાની જીવ, તું કેમ સમજતો નથી ? - ૩

********************

૩. ખોટા ગુરૂની સંગતે બધું જ નાશ પામે તેથી તેવાનો સર્વ સમર્પણ ભાવથી આશ્રય કદી લેવો જોઈએ નહીં એવી સદ્ગુરૂની શિખામણ એકદમ સાચી છે. તેવો માણસ પોતાની મૂળ સંપત્તિ પણ ગુમાવી બેસે છે. તે દ્વારા નથી મળતો જીવનનો સાચો આનંદ કે નથી મળતો કોઈ સ્થૂળ લાભ. 'કુલ' એટલે સંપૂર્ણ, સર્વસ્વ. ખોટા ગુરૂઓ બધું જ લૂંટી લે છે.

૪. શાસ્ત્રકારોએ માત્ર સાત ધાતુની જ વાત કરી છે : રસ, રક્ત, માંસ, મેદ, મજ્જા, હાડકાં ને વીર્ય (શુક્ર). 'અષ્ટ' ને બદલે 'સપ્ત' શબ્દ હોવો જોઈએ.

૫. 'જુગતકા' એટલે પરમાત્માનો યોગ ઇચ્છતો પોપટ. જીવ રૂપી પોપટની સહજ ભાવના પ્રભુમિલનની ગણાય. તેથી તે યોગી સ્વરૂપ ગણાય. તે ભાવના-ઈચ્છા તેની પૂર્ણ બને તો તેણે શરીર ધારણ કર્યાનો હેતુ બર આવેલો ગણાય. સાત ધાતુઓનું બનેલું આ શરીરરૂપી પિંજરું જીવ રૂપી પોપટ વિના નકામુ ગણાય. તે જ્યાં સુધી અંદર રહે ત્યાં સુધી જ શરીર પણ વ્હાલું લાગે. એટલે જીવને 'જુગતકા સૂવા' કહ્યો છે.

૬. કંદર્પનું અપભ્રંશ રૂપ કંદ્રપ એટલે કામદેવ. આ શરીરે ચાર પુરુષાર્થ એકી સાથે કરવાના રહે છે : ધર્મ - અર્થ - કામ - મોક્ષ. ધર્મના પાયા પર બાકીના ત્રણે પુરૂષાર્થ સાધવા પડે છે. જો માત્ર અર્થ ને કામ બે જ સાધવામાં શરીરનો ઉપયોગ કરવાનો હોય તો આ શરીરનો દુરપયોગ થયેલો ગણાય. શરીર દેખાવે સુંદર હોય તેથી કામદેવના ભોગ માટે તે સદાય ન વપરાય. તે દ્વારા ચારે પુરૂષાર્થ સિદ્ધ કરવા જોઈએ.

૭. અરંડ એટલે એરંડાનું તેલ - દીવેલ. તેને અમૃત ગણીને ચાલે તે મૂર્ખ - ભોળો - અજ્ઞાની. શરીરને જ આત્મા ગણીને ચાલવાવાળા શરીરનો ભોગ માટે જ માત્ર ઉપયોગ કરતા હોવાથી તે મિથ્યા પ્રવૃત્તિ દર્શાવવા કબીર સાહેબે અહીં એરંડાના તેલના પ્રતીકનો ઉપયોગ કર્યો છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૩ : ચલના રે મેરે ભાઇ

નાદબ્રહ્મ પદ-૨૩૫, પૃષ્ઠ-૧૨૨, રાગ-બિહાગ

ચલના[૧] રે મેરે ભાઇ, મારગ ચલના રે મેરે ભાઇ
દિન દસ આઘે, દિન દસ પીછે, મત કોઇ કરો રે બડાઇ - ટેક

કાહુકો ઘર[૨] પાંચ કોસ પર, કાહુકો દસ વીસ
સંતનકો ઘર નીજપુરીમાં[૩], રામનામ જુગદીસ - ૧

આ હાટવાડે[૪] સોદે આયો, કછુડે ડેકે ડેકે ડેકાયો
તોટા બ્હોળા સોહી[૫] જાણે, જેણે એ હાટ લગાયો - ૨

તેરા સિર પર જમ છે વૈરી, અજહુ સમજ[૬] મેરે ભાઇ
કહે કબીર સોઇ જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઇ - ૩

********************

૧. જે જન્મે છે તેનું મૃત્યુ નક્કી જ છે એ ગીતાવચનનો અહીં પડઘો છે. ક્ષણે ક્ષણ જીવની ગતિ મરણ તરફ હોય છે. તે ગતિ એકધારી હોય છે. તેમાં સહેજ પણ રુકાવટ નથી હોતી. મરણના માર્ગ પર જ સૌ કોઈ શ્વાસ લેતું હોય છે. છતાં જીવ અભિમાન નથી છોડતો. તે ડાઘુ બનીને સ્મશાને જાય છે જરૂર. થોડો સમય તેને લાગે છે કે એક દિવસ આ જ રીતે મારે પણ સ્મશાનમાં જ ખાખ થવાનું છે. પરંતુ સ્મશાનેથી ઘરે જતાં તો તે ભૂલી જતો હોય છે અને જાણે સ્મશાને જવું પડવાનું નથી એ રીતે અભિમાનથી વ્યવહાર કરતો હોય છે. મહાભારતમાં યક્ષ-યુધિષ્ઠિરનો સંવાદ અહીં યાદ આવશે. યક્ષે યુધિષ્ઠિરને ઘણા પ્રશ્નો પૂછેલા તેમાં આ પણ એક પ્રશ્ન હતો કે જગમાં સૌથી મોટું આશ્ચર્ય કયું ? યુધિષ્ઠિરે જવાબ આપેલો કે માણસ સ્મશાને વળાવવા જાય છે ત્યારે થોડીવાર તેને મરણના વિચારો આવે છે. પણ ઘર જતાં સુધીમાં તે બધું ભૂલી જાય છે અને પોતે મરવાનો જ નથી એ રીતે જીવે છે તે આ જગતનું મોટામાં મોટું આશ્ચર્ય છે. સદ્‌ગુરૂ કબીરસાહેબ તે જ ટકોર આ પદમાં કરે છે - 'મત કોઈ કરો રે બડાઈ.'

૨. ઘર એટલે અસલ ઘર. જીવ જ્યાંથી આવ્યો હોય ત્યાં પાછો પહોંચે તો જ તેને નિરાંત વળે. ત્યાં સુધી તે પરમ શાંતિનો અનુભવ કરતો નથી. "જીવ તું કહાં સે આયો, કહાં ચલ જાયેગો" એ મંગલનું પદ અહીં યાદ આવશે. તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પ્રત્યેક જીવ સતલોકથી આવે છે. તેથી સતલોકમાં તે ન પહોંચે ત્યાં સુધી તેને પરમ સુખ પ્રાપ્ત થતું નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મારા ભાઈ, એક દિવસ બધાંએ જ આ શરીર છોડીને ચાલ્યા જવાનું છે. કોઇનો વારો દસ દિવસ વહેલો કે કોઇનો દસ દિવસ મોડો આવશે એટલું જ ! તેથી કોઈ અભિમાન કરશો નહીં. - ટેક

કોઈનું અસલ ઘર પાંચ ગાવ દૂર તો કોઈનું દસવીસ ગાવ દૂર. (અસલ ઘર ન પહોંચે ત્યાં સુધી જીવને ચેન પડે જ નહીં !) જગદીશ્વર રામના સ્મરણમાં જે સંત લીન હોય, તેનું અસલ ઘર તો સાવ નજીક પોતાના સ્વરૂપમાં જ ગણાય ! - ૧

આ સંસાર રૂપી બજારમાં તું મોક્ષનો સોદો કરવા માટે આવેલો છે પણ અહીંની માયામાં ફસાઈને તું તે ભૂલી જ ગયો છે ! તારા તમામ કરતૂતોનો ખ્યાલ આ સંસાર રૂપી હટવાડાના માલિકને તો છે જ ! - ૨

હે જીવ, હજી પણ તું સમજી જા ! તારા માથા પર તારો વેરી યમરાજ ધુમી જ રહ્યો છે. કબીર કહે છે કે જેણે ભગવાનનું સ્મરણ કર્યું હશે તે ઉગરી જશે ! - ૩

********************

૩. નિજપુરી એટલે પોતાનું સ્વરૂપ. પોતાના સ્વરૂપને જીવ ભૂલી જઈને જીવતો હોય ત્યારે તેનો વ્યવહાર અભિમાનથી ભરેલો હોય છે. પરંતુ જે સંતો રામનામમાં લીન થઈ જઈ મસ્તીથી જીવતા હોય તે લોકોમાં તેવું અભિમાન જણાતું નથી. કારણ કે તેમણે પોતાના સ્વરૂપમાં પોતાના મનને કાયમ જોડેલું રાખવાની ટેવ પાડી છે. આ સ્થિતિ તે
જ નિજપુરી. સદ્‌ગુરૂ કબીરસાહેબની દૃષ્ટિએ તે જ મોક્ષધામ. તે જ અસલ ઘર. તે જ સતલોક. અહીં 'નિજપુરીમાં' ને બદલે 'નિજપુરીમેં' જોઇએ.

૪. જગતનો હાટવાડો ઘણો મોટો છે. તેની અનેક ખાસિયતો છે. તેનો વૈભવી ઠાઠ, તેના અનેક પ્રકારના રંગો અને તેની વિધવિધ પ્રકારની આકર્ષક લાલચો જીવને ભૂલમાં નાંખી દે છે અને તેને પોતાના અસલ ઘરની વિસ્મૃતિ થઈ જાય છે. કબીરસાહેબનું આવું જ એક બીજું પદ અહીં યાદ આવે છે :

યહ સંસાર હાટ બનિયાકે, સબ જગ સોદે આયો
કાહુ ન કિના દામ ચૌગુના, કાહુ ન મૂલ ગંવાયો !
ભજન બીના રે હીરા સો જનમ ગંવાયો !

૫. તોટા બ્હોળા એટલે કરતૂતો. હિન્દી શબ્દ નથી. આ પદમાં 'આ', 'જેણે', 'જાણે' 'એ' વગેરે શબ્દો ગુજરાતી ગણાય. તેને બદલે 'યહ', 'જિને', 'જાને', 'યે' શબ્દો હોવા જોઇએ. જીવ અભિમાનમાં પોતે કોણ છે ને શા માટે આવ્યો છે તે ભૂલી જાય છે ને ગમે તેવાં કૃત્યો કરે છે પણ સર્જનહાર તો સાક્ષીભાવે બધું જોયા જ કરે છે.

૬. મૃત્યુ આવે તે પહેલાં પણ માણસને ભાન થઈ જાય તો તેનું મરણ સુધરી શકે એવો અહીં ભાવ રહેલો છે. મૃત્યુ તો અનિવાર્ય છે જ પણ મરતા પણ આવડવું જોઇએ એવું કબીરસાહેબ કહેવા માગે છે.

મરતે મરતે જગ મુઆ, ઔરસ મુઆ ન કોય
દાસ કબીર યોં મુઆ બહુરિ ન મરના હોય.

અર્થાત્ એવી રીતે મરવું જોઇએ કે પાછા જન્મવું ન પડે !

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૪ : ઘર કર દરીયા માંહે

નાદબ્રહ્મ પદ-૨૩૬, પૃષ્ઠ-૧૨૩, રાગ-બિહાગ

ઘર કર દરીયા માંહે, મચ્છી[૧] ઘર કર દરિયા માંહે
શીલર તોરા દો દિન બાસા, અંતકાલ[૨] કહાં જાશી ? - ટેક

જહાં નહીં જાલ, જહાં નહીં ઢીમર, જહાં નહીં બંશી[૩] બજાય
અમરલોક જહાં મરણ ન પાવે, ઉત્પત્તિ[૪] પ્રલય નાહીં - ૧

સબસે બડે સબ ડીકે તેરે, સબ[૫] હૈયા માંહિ
કહે કબીર સુનો ભાઇ સાધુ, ગ્રહો શબ્દકી[૬] બાંય - ૨

********************

૧. માછલી તો દરિયામાં જ રહી શકે. છતાં માછલીને દરિયો એનું ઘર ન લાગતું હોય તો ? તે કિનારા પર જઈને ભૂમિમાં આમતેમ ભટકી પોતાનું ઘર શોધવા પ્રયત્ન કરશે. પણ થોડા જ સમયમાં તે ભૂમિની બરછટ સૂકી અવસ્થા સહન કરી શકશે જ નહીં. તેને દરિયામાં પાછું જ આવવું પડે. તો જ તે સુખચેનથી પોતાનું જીવન નિર્ગમન કરી શકે. સુખશાંતિનો અનુભવ તેને દરિયા વિના ક્યાંય ન થઈ શકે. કબીરસાહેબે માછલી ને દરિયાના રૂપક દ્વારા મનુષ્ય સમાજને સુંદર માર્ગદર્શન આ પદમાં આપ્યું છે. જીવની દશા કિનારા પર પોતાનું ઘર શોધતી માછલી જેવી છે. થોડા સમય માટે માછલી જેમ દરિયાને ભૂલી જાય છે તેમ જીવ પોતાના સ્વરૂપને જ ભૂલી જાય છે. પોતાનું સત્-ચિત્-આનંદ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી રહેતો. તેથી તે સુખની શોધ, પેલી માછલીની માફક બહાર જ કર્યા કરે છે. બહારનું સુખ તેને ક્ષણજીવી લાગે છે. છતાં બીજે ક્યાંક મળી રહેશે તેવી વ્યર્થ આશામાં જગતમાં તે ભટકે છે. સુખના સાગરમાં રહેનાર જીવ બહાર સુખ શોધે તે કેવું ગણાય ? કબીરસાહેબનું પ્રસિદ્ધ પદ અહીં યાદ આવે છે :

પાની મેં મીન પ્યાસી, મોંહે દેખત આવત હાંસી

અર્થાત્ પાણીમાં દિવસરાત રહ્યાં છતાં માછલી તરસી રહે છે તે સ્થિતિ જોઈને કબીરસાહેબ કહે છે મને ખૂબ હસવું આવે છે !

૨. અંતકાલ તો અચનાક જ આવે. તે કોઇને પણ ખબર કર્યા વિના જ આવે છે. તેથી અંતકાલે જીવની સ્થિતિ કફોડી થઈ જતી હોય છે. છેક છેલ્લી ઘડીએ ભાન થાય ત્યારે તેની દશા ધોબીના કૂતરા જેવી - નહીં ઘરનો નહીં ઘાટનો - થઈ જાય છે. તે સમયે શરીરમાં અપાર વેદના પણ થતી હોવાથી તેને બીજું યાદ પણ શું આવે ? અંતકાલે જેવું મનોમંથન થાય, તેવી તેની ગતિ થાય ! પરંતુ અજ્ઞાની જીવને માટે તે સ્થિતિ ઘણી દુઃખદ અને અસહાય ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવરૂપી માછલી, તારી અંદર જ પરમ સુખનો મહાસાગર છલકી રહ્યો છે ! તેમાં જ તારૂ ઘર કરી લે. આ જગતમાં તો તારું માત્ર બે દિવસનું જ રહેઠાણ છે. અંતકાલે ક્યાં જશે તેનો તું વિચાર કરી લે ! - ટેક

જે સાગર તારામાં ઘુઘવે છે તેમાં નથી કોઈ માછીમાર કે નથી કોઈ પણ પ્રકારની જાળ ! અરે, ત્યાં તો માયા રૂપી વાંસળી પણ વાગતી નથી ! ત્યાં તો જન્મમરણ હોતાં નથી ! ત્યાં નથી ઉત્પત્તિ કે નથી પ્રલય ! તેથી તે અમરલોક ગણાય. - ૧

હે જીવ, સૌથી મહાન ગણાતો તારો કર્ણાધાર તો તારા હૈયામાં જ રહેલો છે ! કબીર કહે છે કે તેના જ્ઞાનના આધારે જ તું વાસ કર ! - ૨

********************

૩. 'બંશી' શબ્દ અહીં માયાના પ્રતીક તરીકે વપરાયો છે. આત્મ સ્વરૂપમાં સ્થિતિ એટલે જીવની ભગવાનમાં સ્થિતિ ગણાય. ભગવાન પાસે અથવા ભગવાનના શરણમાં રહેનારને ભગવાનની માયા કંઈ કરી શકતી નથી. ગીતામાં શ્રીકૃષ્ણનું વચન જ અહીં યાદ કરવા જેવું છે :

માયા મારી છે ખરે તરવી તો મુશ્કેલ
તરી જાય છે તે જ જે મારું શરણ ગ્રહેલ (સરળ ગીતા અ-૭)

૪. જ્યાં માયાનો પ્રભાવ છે ત્યાં ઉત્પત્તિ ને પ્રલય, જન્મ ને મરણ, હોય જ. જે પરમાત્માના શરણમાં રહે છે તેને તેમાંથી મુક્તિ મળે છે. પણ અજ્ઞાની જીવ પરમાત્માને જ ભૂલી જતો હોવાથી તેના શરણમાં રહે જ કેવી રીતે ? જેને ભાન થઈ જાય છે તે પરમાત્માનું શરણું પકડે છે અને પોતાના સ્વરૂપને બરાબર ઓળખી લઇ તેમાં પોતાના મનને રાખે છે તે અંતકાળે પ્રભુનું સ્મરણ જરૂર કરી શકે. પણ જે ભૂલા પડેલા લોકો છે તે તો શરીરને જ પોતાનું સ્વરૂપ સમજતા હોવાથી પ્રભુને યાદ કરી શકતા નથી. કબીરસાહેબ કહે છે :

ભૂલા લોગ કહે ઘર મેરા
જા ઘરવા મેં ફૂલા ડોલૈ, સો ઘર નહીં તેરા.

અર્થાત્ શરીરને ઘર માનનાર ભૂલા પડેલા લોકો કહેવાય તેથી તેઓ તેમાં મસ્ત રહી ભૂલી જાય છે કે ખરેખર આ ઘર મારું નથી. તેથી તેઓ અમર લોકને કેવી રીતે પામે ? અમરલોક તો પ્રભુના શરણમાં ને સ્મરણમાં જ પ્રાપ્ત થાય છે.

૫. અહીં 'સબ' ને બદલે 'સબકે' જોઇએ. સર્વના હૈયામાં સ્વામી પરમાત્મા રહેલા છે તે વાત કબીરસાહેબ પણ વારંવાર યાદ કરાવ્યા કરે છે.

૬. 'શબ્દકી બાંય' એટલે શબ્દ બ્રહ્મનો આધાર-આત્મજ્ઞાનનો આધાર. સદ્‌ગુરૂના શબ્દનું મૂલ્ય એ રીતે વિચારવું જોઇએ. "શબ્દ ભેદ જો જાનહિં સો પૂરા કંડહાર" અર્થાત્ જે શબ્દબ્રહ્મના રહસ્યને જાણે છે તે પૂર્ણ ગુરૂ કહેવાય. કબીરસાહેબે શબ્દને માટે કહ્યું છે કે "શબ્દ હિ આપ કરતાર ભાઈ" અર્થાત્ શબ્દ પોતે જ આત્મા ને પરમાત્મા છે. તેથી આત્મસ્વરૂપમાં સ્થિતિ કરનાર આ જીવનને સફળ કરી શકે છે માટે આત્મજ્ઞાનના આધારે જીવન જીવવું જોઇએ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૫ : રામ કહો પિંજરકે સુવા

નાદબ્રહ્મ પદ-૩૮૪, પૃષ્ઠ-૨૦૯, રાગ-બિલાવલ

રામ કહો પિંજરકે સુવા[૧]
અજહુ ખબર પડત નહીં અંધે, ધંધા[૨] કરત સકલ જગ મુઆ - ટેક

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ[૩] નિશ્ચલ નહીં હુઆ
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા - ૧

આશા નિજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજત[૪] કુઆ
કહે કબીર જેણે[૫] હરિરસ લીધો, વોહી કે મુખ અમૃત[૬] ચુઆ - ૨

********************

૧. સુવા એટલે પોપટ. કબીર વાણીમાં જીવના પ્રતીક તરીકે પોપટનો વારંવાર ઉપયોગ થયેલો જણાશે. આ પદમાં અંતિમ વેળાનું ચિત્રણ છે. જેણે જિંદગીભર અવળા ધંધા કર્યા છે ને રામનું સ્મરણ પણ નથી કર્યું તેવા મરણ પામેલા માનવને સંબોધન કરવામાં આવ્યું છે. રામનું સ્મરણ કરવું અને મોઢેથી રામ રામ બોલ્યા કરવું એ બંને અવસ્થા ભિન્ન છે. મોઢેથી રામ બોલે પણ ખરેખર રામનો રસ પીતો ન હોય ! પેલો પોપટ રામ રામ બોલે પણ રામનો પ્રભાવ ન જાણે તેમ ! તેવા પોપટ પારાયણનો પણ શો મહિમા ? અહીં તો સ્મરણ કરવાનું સૂચન છે. 'કહો' ક્રિયાપદ વાપરીને કબીરસાહેબે કટાક્ષપૂર્વક જીવને સંબોધન કર્યું છે અને તે એકવાર પણ રામનું સ્મરણ ન કર્યું, તે ન જ કર્યું !

૨. ધંધા એટલે પ્રપંચો. ન કરવાનાં કામો. કદાચ પોપટની જેમ રામ રામ પણ કર્યું હશે મોઢેથી, અને હાથ-પગો દ્વારા દુષ્ટ કર્મો જ કર્યાં હશે. છેલ્લી પંક્તિમાં હરિ રસ એટલે કે રામરસ શબ્દના ઉયોગ દ્વારા મોઢેથી કરવામાં આવતાં પોપટ પારાયણ કરતાં મોઢેથી રામનો રસ પીવામાં આવે ને રોમ રોમ ખડાં થઈ જાય તો જ ઉદ્ધાર થઈ શકે એવું આડકતરું સૂચન પણ થયું છે. પ્રપંચી જીવ કરે તો પોપટ પારાયણ જ કરે અને છેલ્લે નિરાશ થઇને વિદાય લે. અહીં સાખી પ્રકરણની ખૂબ પ્રસિદ્ધ સાખી યાદ કરવા જેવી છે :

> સેમર સુવના સેઈયા, ઢૂંઢે ઢેંઢીકી આસ
> ઢેંઢી ફૂટી ચટાક દઈ, સુવના ચલા નિરાસ

અર્થાત્ સેમર એટલે શીમળાનું ઝાડ. સુવના એટલે પોપટ. ઢેંઢી એટલે શીમળાનું ફળ. સદ્ગુરૂ કબીર સાહેબે પોપટ અને શીમળાના ઝાડના ફળના રૂપકથી પ્રપંચી જીવની અવદશા સુંદર ને સચોટ રીતે વ્યક્ત કરી છે. શીમળાનું ફળ શરૂઆતમાં લીલુંછમ, ભરાવદાર અને દેખાવડું લાગે. તેને જોઈ પોપટ આકર્ષાય અને શાશ્વત સુખ મળી ગયાનો આનંદ અનુભવે. આનંદમાં ને આનંદમાં તેને સેવે ને સંભાળ રાખે. તેની માવજત કરતાં કરતાં જ એક દિવસ તેની

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે શરીરરૂપી પિંજરાના પોપટ, રામનું સ્મરણ તો કર ! અજ્ઞાનથી આંધળા બનેલા હે જીવ, અવળા ધંધા કરીને આખું જગત મરણધર્મા બન્યું છે તેની હજી પણ તને ખબર પડી નથી ! - ટેક

અંતિમ કાળે પણ તને કયો શણગાર ગમે છે તેનો નિર્ણય થઈ શક્યો નથી કારણ કે તારા શરીરને લઈ જવા બનાવેલી ઠાઠડીને સુથારે કઠેરા બનાવીને હજી પણ શણગારી જોઈ છે ! અરે, યમરાજ શત્રુ થઇને આવ્યો છે અને તું હારી ગયેલા જુગારીની જેમ જઈ રહ્યો છે ! - ૧

પાંચ ઈન્દ્રિયો રૂપી પનિહારીની વિષયોની ભૂખ અને તારા મનની આશા કદી પણ સંતોષાતી જ નથી એટલે તો આ કર્મ રૂપી તારો કૂવો ખાલી જ નથી થતો ! કબીર કહે છે કે અમૃત રસની લ્હાણી તો તેના મોઢામાં જ થઈ શકે કે જેણે હરિનો રસ ધરાઈ ધરાઈને પીધો હોય ! - ૨

********************

ચાંચથી તે ફળ ફાટે ને રૂ જેવા મુલાયમ રેસાઓ હવામાં ઊડતા નજરે પડે. રસનો એક છાંટો પણ દેખાય નહીં ત્યારે પોપટ નિરાશ થઇને વિદાય લે છે. બરાબર તેવી જ અવદશામાં પ્રપંચી જીવને અંતિમકાળે વિદાય લેવી પડે છે.

૩. જીવને શણગારનો મોહ કેવો હોય તેનું પણ કટાક્ષમય ચિત્ર કબીરસાહેબે રજૂ કર્યું છે. જેટલી દુકાનોની વિવિધતા તેટલી શણગારની વિવિધતા. જે નજરમાં આવે તે મનને ગમી જ જાય. કયો શણગાર વધારે સારો તે નક્કી જ ન થઈ શકે. ઠાઠડી પણ શણગારીને લઈ જવાનો રિવાજ જાણે કે મૃતાત્મમાનો શણગારનો મોહ જ વ્યક્ત કરતો હોય તેવું લાગે.

૪. કર્મરૂપી કૂવામાં કર્મ રૂપી જલ ઘટતું જ નથી. કર્મ કર્યા વિણ જીવથી એક ક્ષણ પણ ન રહેવાય તે પણ સાચી વાત છે. તેથી કર્મ કરવાની કુશળતા પ્રાપ્ત કરવામાં માનવની મહત્તા ગણાય. કર્મ એવી રીતે કરે કે તે કર્મ અકર્મ બની જાય. તો કર્મ રૂપી જળ ઓછું થાય ને કર્મનો ક્ષય થઈ શકે. તો જીવનો ઉદ્ધાર થઈ શકે.

૫. 'જેણે હરિરસ લીધો' ને બદલે 'જિને હરિરસ પીધો' શબ્દો હોવા જોઇએ.

૬. 'અમૃત ચુઆ' એટલે અમૃત ઝરે. જે રામરસ ચાખે ને પછી ધરાઈને પી તે રામમય બની જાય તેથી તેના મુખમાંથી જે વાણી ઝરે તે અમૃતમય જ હોય. તે એ રીતે જ અમૃતની પદવી પ્રાપ્ત કરે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૬ : કબીરા હરિરંગ લાગા હો

નાદબ્રહ્મ પદ-૪૦૬, પૃષ્ઠ-૨૧૭, રાગ-મોટી આશાવરી
(સંદર્ભ : પરિશિષ્ટ-૩ બનારસ વિશ્વ વિદ્યાલય પ્રકાશિત 'સબદ' પૃષ્ઠ-૪૩૦)

કબીરા[૧] હરિરંગ[૨] લાગા હો, ત્યાંથી[૩] મેરા મનકા ધોખા ભાગા હો - ટેક

કોઈ કહે હરિ જોગી[૪] જંગમ[૫], કોઈ કહે કછુ[૬] નાંહિ
અમ[૭] તુમ દેખા રુદિયા ભીતર, તુમ દેખો સબ માંહિ - ૧

અલખ રૂપ ગુણ લખ[૮] ન જાય, અંજન[૯] રાતા લોઈ
એક વેળ[૧૦] મન દૃઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોઈ - ૨

સેજ સુનમેં[૧૧] રૈન અમારી, તત્વ દેખી મન લાગા
આપા[૧૨] મધ્યે આપ દેખ્યા, ઈસ બિધ સંશય ભાગા - ૩

કહેત કબીર એકમત[૧૩] પાયા, કાયા નગર મોઝારી
તુમ સાહેબ મૈં સેવક તોરા, તારન[૧૪] તરન મોરારી - ૪

********************

૧. 'કબીરા' શબ્દ જીવને ઉદ્દેશીને વપરાયો છે.

૨. સૌ પ્રથમ પરિચય થાય, પછી પ્રેમ થાય તો રંગ લાગે ! હરિનો રંગ લગાડવા જીવે પરિચય કરવા પ્રયત્નશીલ રહેવું જ પડે.

૩. 'ત્યાંથી' ને બદલે 'તા તે' શબ્દ હોવો જોઈએ. બનારસ યુનિવર્સીટીએ પ્રકાશિત કરેલ "સબદ" પૃ-૪૩૦ પર આવા જ શબ્દોથી શરૂ થતું પદ મળ્યું છે તે જીજ્ઞાસુએ પરિશિષ્ટ-૩ માં જોઈ લેવું.

૪. કબીરસાહેબ અહીં પ્રચલિત લોકમતનો ઉલ્લેખ કરી રહ્યા છે. ભગવાન શંકરને યોગી કહેવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણને પણ યોગેશ્વર કહેવામાં આવે છે.

૫. વિજ્ઞાનનો એક મત ભગવાનને જડવત્ તેમ બીજા મત ચૈતન્યરૂપ ગણે છે.

૬. આપણે ત્યાં ચાર્વાક મુનિ થઈ ગયા તેમનો અહીં આડકતરો ઉલ્લેખ છે. તેઓ પૂરા ભૌતિકવાદી હતા. તેઓ આત્મા - પરમાત્મામાં માનતા ન હતા.

૭. 'અમ તુમ', 'રુદિયા' શબ્દો આપણી ભાષાના છે. એને બદલે આ પ્રમાણે પંક્તિ હોવી જોઈએ - "હમ તુમ દેખો ભીતર આગમ કહત હૈ સબ માંહિ". ઉપરની પંક્તિમાં જુદા જુદા મતની વાત કરી તેથી 'આગમ' એટલે શાસ્ત્રનો મત અહીં દર્શાવ્યો હશે.

૮. 'લખ' શબ્દને બદલે 'લિખા' શબ્દ હોઈ તો છંદભંગ પણ ના થાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જો મનને હરિનો રંગ લાગે તો હે જીવ, તમામ સંશયો દૂર થઇ જાય ! - ટેક

ભલે હરિને કોઈ યોગી ગણે, જડ કે ચેતન માને કે હરિ જેવું કાંઈ જ નથી એમ કહે પણ ખરેખર હૃદયમાં ડોકિયું કરવામાં આવે તો તે સર્વને પોતાની અંદર જરૂર દેખાશે. - ૧

તે સ્થૂળ આંખે કદી ન દેખાય તેથી તે સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર, તે વિષે કાંઈ કહેવાય નહીં. માત્ર મનને દૃઢતાપૂર્વક એક ક્ષણ પણ જો સ્થિર કરવામાં આવે તો અંતરમાં તેનાં સ્પષ્ટ દર્શન ચોક્કસ થાય છે. - ૨

સહજ રીતે અમારી સ્થિતિ જ્યારે શૂન્યપ્રદેશમાં થઈ ગઈ ત્યારે તે તત્વનો પરિચય થઈ ગયો ને અમારું મન તેમાં પ્રીતથી જોડાઈ ગયું. અહંકાર હટતાં જ અમને નિજ સ્વરૂપનું દર્શન થયું એટલે સર્વ સંશયો દૂર થઈ ગયા. - ૩

કબીર કહે છે કે અનુભવીઓ એકમતિથી માને છે કે તે તો કાયા રૂપી નગરમાં જ રહે છે. તે તરી શકે ને તારી શકે તેવો સર્વ સમર્થ હોવાથી તે જ મારો સ્વામી છે ને હું તેનો દાસ છું. - ૪

********************

૯. 'અંજન રાતા લોઈ' શબ્દો અસ્પષ્ટતા સર્જે છે. અંજન શબ્દ દ્વારા માયા સહિત બ્રહ્મનું સ્વરૂપ, રાતા શબ્દ દ્વારા સાકાર બ્રહ્મનું કાર્યરત સ્વરૂપ અને લોઈ શબ્દ દ્વારા જગદંબાનું અનુમાન થઈ શકે. અંજન એટલે ડાઘ. ડાઘ શબ્દ માયાનું સૂચન કરે. રાતા શબ્દ રજોગુણ સૂચવે એટલે કે કાર્યશીલતા. લોઈ એટલે સ્ત્રી. મહિષાસુર આદિનો સંહાર કરનાર મા જગદંબાના સગુણ - સાકાર સ્વરૂપનો નિર્દેશ કદાચ હોય શકે.

૧૦. 'વેળ' શબ્દ પણ આપણી ભાષાનો ગણાય. તે એક ક્ષણના અર્થમાં વપરાયો લાગે છે. ચંચળ મન એક ક્ષણ માટે પણ પોતાની ચંચળતા છોડી દે એટલે કે સ્થિર બની જાય તો જરૂર દર્શન થાય એવી ખાત્રી સદ્ગુરુ આપી રહ્યા છે.

૧૧. 'સ્હેજ સુનમે રહિન હમારી' એમ વાંચવું ઠીક ગણાશે. 'રૈન' શબ્દ કરતાં 'રહિન' વધારે પ્રચલિત છે. 'સુન' શબ્દ યોગની એક ચોક્કસ અવસ્થા સૂચવે છે. શરીરમાં શક્તિનાં ચક્રો આવેલાં છે તેમાં શૂન્યચક્ર પણ હોય છે. કપાળની નીચેના ભાગને પિંડ કહેવાય ને કપાળની ઉપરના ભાગને બ્રહ્માંડ પણ કહેવાય. પિંડનાં છ ચક્રો હોય છે. જેનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ - મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા. તે જ રીતે બ્રહ્માંડમાં પણ છ ચક્રો હોય છે: સહસ્ત્રાર, બ્રહ્મ, પારબ્રહ્મ, શૂન્ય, મહાશૂન્ય, ભંવર ગુફા. શક્તિ જાગે ત્યારે તે ઉર્ધ્વમુખી થઈ પિંડના અને બ્રહ્માંડના સર્વ ચક્રોને ભેદતી તે ઉપર પહોંચે. શૂન્ય ચક્રમાં પહોંચે ત્યારે તત્વ રૂપે પરમાત્મ તત્વનાં દર્શન થાય એવા સ્વાનુભવની કબીરસાહેબ અહીં વાત કરી રહ્યા છે.

૧૨. 'આપ મધ્યે આપ દેખ્યાં' ને બદલે 'આપા મધ્યે આપ હિ દેખા' હોવું જોઈએ. અહીં અહંકાર હટે પછી સ્વરૂપનાં દર્શન થાય તે દર્શાવ્યું છે. અહીં કબીરસાહેબની સાખી યાદ આવે છે :

આપ ભુલાયા આપમેં, આપન ચીન્હે આપ
ઔર હોય તો પાઈયે યહ તો આપ હિ આપ.

૧૩. પદની શરૂઆતમાં અનેક મતોનો ઉલ્લેખ કરેલો હોવાથી અનુભવી પુરુષોની એકમતિની વાત કબીર સાહેબે કરી છે. અહંકારથી આત્મા ભુલાય જાય એટલે મતમતાંતર ઉદ્ભવે.

૧૪. તારન એટલે સર્વને તારી શકે તેવો સર્વ સમર્થ આત્મા. તરન એટલે જે પોતે તરી શકે તેવો સમર્થ આત્મા. તે સમર્થ હોવાથી ધારે ત્યારે સાકાર પણ બને અને ધારે ત્યારે નિરાકાર પણ બને. તે જ સૃષ્ટિનો સર્જનહાર છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૭ : રામરાય મનકી આશા પાઉં

નાદબ્રહ્મ પદ-૪૦૭, પૃષ્ઠ-૨૧૮, રાગ-મોટી આશાવરી

રામરાય મનકી આશા[૧] પાઉં, ત્યાંથી[૨] કાયા નગર[૩] બસાઉં - ટેક

સોલા[૪] ખાઈ દશ[૫] દરવાજા, બાવન[૬] બન્યા હૈ કીંગોરા
ત્રણસે[૭] સાઠ વાકો શિરા લાગા, કોટ બન્યા ચાફેરા - ૧

પાંચ[૮] પ્રધાન કિયે વશ અપને, પ્રજા[૯] દુનિયા ન હોય
ચેતન પુરૂષ કરે કોટવાળી, નગર ન લૂંટે કોઈ - ૨

ગઢ[૧૦] પર રાજા રાજ કરત હૈ, નિશદિન કરત દુહાઈ
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ - ૩

જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ - ૪

********************

૧. જ્યાં સુધી મનમાં આશા-તૃષ્ણા-વાસના હોય ત્યાં સુધી મન તેને પરિતૃપ્ત કરવા પ્રયત્ન કરે છે. આશા-તૃષ્ણા-વાસના મરે તો મનની ગતિ અટકે.

૨. ‘ત્યાંથી’ ને બદલે ‘તા તે’ શબ્દો સમજવા

૩. મનની ગતિ અટકે તો કાયા રૂપી નગરનું નિર્માણ ન થઈ શકે. તેથી જ તો ઉપનિષદ્‌માં કહ્યું છે કે જ્યાં સુધી મન છે ત્યાં સુધી જ આ સંસાર પણ છે. મૈત્રીય ઉપનિષદ્ તો કહે છે :

चितमेव हि संसार: तत् प्रयत्नेन शोधयेत् ।

અર્થાત્ મન જ સંસારનું કારણ હોવાથી મનને શુદ્ધ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. મન શુદ્ધ થશે એટલે તેની ગતિ અટકશે અને કાયા રૂપી નગરનું નિર્માણ કાર્ય પણ બંધ થશે.

૪. પુરાણ કાળે કોટની ફરતે ખાય ખોદવામાં આવતી જેથી સહેલાઈથી કોઈ કોટમાં પ્રવેશી શકતું નહીં. તે દૃષ્ટિએ અહીં કલ્પના કરવામાં આવી છે. ‘સોલા’ શબ્દ દ્વારા સોળ આની એટલે કે સમગ્ર કોટની ફરતે એવો અર્થ થઈ શકે. સંખ્યા વાચક ૧૬ માનીએ તો દસ ઈન્દ્રિયો + પાંચ પ્રાણો + મન મળી સોળની સંખ્યા થાય.

૫. દસ દરવાજા - બે આંખો, બે કાન, એક નાક, દૂંટી, એક મોઢું, એક ગુદા, એક મૂત્ર પિંડ અને બ્રહ્મરંધ્ર મળીને દસ દરવાજા માનવામાં આવે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે રામ રાજા, જ્યારથી મનમાં આશા જાગી ત્યારથી આ કાયા રૂપીનગર વસ્યું ! - ટેક

નગરના રક્ષણને માટે ફરતે કોટ ચણી દીધો છે. તેમાં સોળ ખાઈ છે, દસ દરવાજા છે અને કોટની વધારે મજબૂતાઈ માટે ફરતે બાવન થાંભલા જેવા કીંગોરા ચણ્યા છે, જેને સાથે ત્રણસે સાઠ નાડીઓના દોરડા બાંધી રાખ્યા છે. - ૧

નગરને કોઈ લૂંટે નહીં તેથી ચેતન પુરૂષ જાતે સતત રખેવાળી કરી રહ્યો છે. હવે જો માત્ર પાંચ પ્રધાનો વશમાં રાખવામાં આવે તો પ્રજા કદી દુઃખી ન થાય. - ૨

કિલ્લાની ઉપર આત્મા રૂપી રાજા રાજ્ય કરી રહ્યો છે તેની રાતદિવસ દુહાઈ ગાવામાં આવે છે. કામ ક્રોધ બંને દગો દેવાની આદતવાળા છે. તેવી રીતરસમ પહેલેથી ચાલી આવી છે. - ૩

તેથી જ્ઞાન રૂપી ભંડાર પહેલેથી ભરપૂર રાખો અને તેનો જેટલો ઉપયોગ થાય તેટલો કરો. દાસ કબીરે તો દગાખોરોને જીતી લઈ કિલ્લા પર ચઢીને આત્માનું રાજ્ય પણ હાંસલ કરી દીધું છે ! - ૪

********************

૬. અહીં કીંગોરા એટલે Pillars (થાંભલા) અથવા ત્રાંસા ધક્કા-ટેકા વધારે મજબૂતાઈના ઈરાદે ઊભા કરવામાં આવેલા થાંભલાઓ. કિલ્લાની ફરતે એવા ટેકાઓ હોય છે તેથી તેવા પ્રકારની કલ્પના કરવામાં આવી છે. શરીરની રીતે વિચારવામાં આવે તો પાંસળી, આંગળા, હાથ, પગ, ખભા, મેરુદંડ, ગરદન ને ખોપરીનાં કુલ મળીને બાવન હાડકાનાં કીંગોરા ગણી શકાય.

૭. શરીરની મુખ્ય ૩૬૦ રક્તવાહિનીઓ

૮. પાંચ પ્રધાનો એટલે પાંચ ઈન્દ્રિયો.

૯. સત્તાવીસ હજાર કરોડ કોષો તે આ નગરમાં રહેતી પ્રજા ગણાય.

૧૦. કડી ત્રણ ને કડી ચારની પંક્તિઓ ઉલટસૂલટ થઈ ગઈ લાગે છે કારણ અર્થની સંગતિ જળવાતી નથી. અર્થની સંગતિ જાળવવા માટે તે કડીઓ આ પ્રમાણે હોવી જોઈએ :

> કામ ક્રોધ દોઉ ગરદન મારે ઐસી અદલ ચલાઈ
> જ્ઞાન ભંડાર ભરો ભરપૂર કુછ ખર્ચો કુછ ખાઈ - ૩
> ગઢ પર રાજા રાજ કરત હૈ, નિશદિન કરત દુહાઈ
> દાસ કબીર ચઢ્યો ગઢ ઉપરિ, જિત નિશાન બજાઈ - ૪

આ કબીરસાહેબની બીજી પંક્તિઓ પણ યાદ આવે છે :

> ભગવંત ભીરિ સુમિરન સક્તિસે કાટિ કાલકી ફાંસી
> દાસકબીર ચઢ્યો ગઢ ઉપરિ રાજ લિયો અવિનાશી

અર્થાત્ ભગવંત ભીરિ એટલે ભગવાનનાં કાર્યો કરી, ભગવાનના નામસ્મરણની શક્તિ વડે કાળની ફાંસી કાપી નાંખી અને કબીરે ગઢ ઉપર ચઢી જઈ આત્માનું અવિનાશી રાજ્ય પ્રાપ્ત કર્યું.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૮ : જંત્રી જંત્ર અનુપમ બાજૈ

નાદબ્રહ્મ પદ-૪૧૧, પૃષ્ઠ-૨૨૦, રાગ-મોટી આશાવરી

જંત્રી[૧] જંત્ર અનુપમ બાજૈ[૨], વાકે અસ્ટ[૩] ગગન મુખ ગાજૈ - ટેક

તુહી બાજૈ તુહી ગાજૈ, તુહી લિએ કર ડોલૈ
એક સબદમંહ રાગ છતીસો, અનહદ[૪] બાની બોલે - ૧

મુખકે નાલ સ્ત્રવન કે તુમ્બા, સતગુરૂ[૫] સાજ બનાયા
જિભ્યા તાર નાસિકા ચરઈ, માયા[૬] મોમ લગાયા - ૨

ગગન મંડલ મંહ ભૌ ઉજિયારા, ઉલટા[૭] ફેર લગાયા
કહૈ કબીર જન ભયે બિબેકી[૮], જિન્હ જંત્રી મન લાયા - ૩

********************

૧. આ શરીર રૂપી વાદ્યનો વગાડનારો તે જંત્રી કહેવાય. શરીરમાં તે આત્માતત્વ રૂપે રહેલો છે. નખથી શિખા સુધી શરીરમાં સતત ઉષ્માભર્યું વાતાવરણ સરજાતું રહે છે તે તેની પ્રતીતિ છે. રોમ રોમમાં ચેતનાની લહર એવી ઘુમી રહે છે કે શરીર જડ હોવા છતાં ચેતનવંતુ થઈ સઘળાં કાર્યો કરી શકે છે.

૨. અનુપમ એટલે અજોડ. અનુપમ એટલા માટે ગણાય કે કોઇને ખબર ન પડે તે રીતે સૂક્ષ્મ પ્રકારની ઘટનાઓ તેના દિવ્ય સ્પર્શથી શરીરમાં થયા કરતી હોય છે. હર ક્ષણે શરીરમાં રહેલા સત્તાવીશ હજાર કરોડ કોષો નવજીવન પામ્યા જ કરે છે. જીવ પર અહંકારનું પડ પણ ધીમે ધીમે છવાતું રહે છે, જેણે કારણે એવી અવસ્થા પર જીવ આવી જાય છે કે તેને પોતાને આત્માના અસ્તિત્વની વિસ્મૃતિ પણ થઈ જાય છે. બોત્તેર હજાર નાડીઓમાં રક્ત સતત વહ્યા કરે છે, હૃદય સતત ધબકતું રહે છે અને તેની કરામતથી જ મનમાં વિચારોના બુદબુદો ઉઠ્યા કરે છે.

૩. કબીરસાહેબે "કર નયનો દિદાર મહલમેં પ્યારા હૈ" નામના પ્રસિદ્ધ પદમાં કહ્યું છે - 'કમલભેદ કિયા નિરવારા, યહ સબ રચના પિંડ મંઝારા' અર્થાત્ શરીરની અંદર જુદા જુદા ચક્રોરૂપી કમળો રહેલા છે તે કહીકત છે. એમાંનું આઠમું કેન્દ્ર જેને કોઈ બ્રહ્મચક્ર કહે છે કે કોઈ સુરતિ કમલ કહે છે. તે ચક્ર સહસ્ત્રારચક્રની ઉપર આવેલું છે. તે બ્રહ્મચક્રમાં આત્મા રૂપ દેવની દિવ્યતાનો સાક્ષાત્ પરિચય થાય છે. ત્યાં 'સોઽહં સોઽહં' નો સતત નાદ ગુંજ્યા કરે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આત્મારૂપી દેવ આ શરીર રૂપી વાદ્યને અનુપમ રીતે સતત વગાડી રહ્યો છે જેનો દિવ્ય ધ્વનિ ગગન મંડળના આઠમા ચક્રમાં ગુંજી રહ્યો છે. - ટેક

હે આતમદેવ તું જ વાદ્ય છે, તું જ વગાડનારો પણ છે અને હાથમાં લઇ તું જ નાચી પણ રહ્યો છે ! એની અનાહત વાણીના એક જ શબ્દમાં છત્રીસ સો રાગ પણ પેદા થાય છે ! - ૧

સદ્ગુરૂએ વગાડી બતાવી ત્યારે ખબર પડી કે - આ શરીર રૂપી વીણાની દાંડી તે મુખ છે, તુંબડા તે કાન છે, તાર તે જીભ છે, ખૂંટી તે નાક છે અને ચોંટાડનાર દ્રવ્ય મોમ તે માયા છે. - ૨

સદ્ગુરૂની કૃપાથી શરીરમાં રહેલી અધોમુખી શક્તિ ઉર્ધ્વમુખી થઈ ઉપર જવા લાગી અને ગગન મંડળના સહસ્ત્રાર ચક્રમાં અજવાળું અજવાળું થઈ ગયું. કબીર કહે છે કે જેણે આ વાદ્યના વગાડનારમાં મન લગાડી દીધું છે તે ખરો વિવેક જ્ઞાની કહેવાય. - ૩

********************

૪. આત્મા રૂપી દેવની વાણીને કબીરસાહેબે અનહદ વાણી કહી છે. કબીરસાહેબે કહ્યું છે : "સુરતિ કમલ પર સદ્ગુરૂ બોલે સહજ જાપ જપ સોઈ" - અહીં સતગુરૂ એટલે આત્મ દેવ. તેનો સુરતિ કમલ એટલે કે બ્રહ્મચક્રમાં વાણી દ્વારા પરિચય થાય છે. તે દિવ્ય વાણી ધ્યાન દ્વારા સાંભળી શકાય છે. તેમાં ઓમનો નાદ હોય છે. તે સતત ને સહજ રીતે જાપ ચાલતો હોય તેમ સંભળાય છે. એ વાણીના એક જ શબ્દમાંથી સંગીતકારોએ અનેક રાગરાગિણી બનાવ્યા છે.

૫. આ શરીર રૂપી વીણાનું મહત્વ સતગુરૂ મળ્યા તો સમજાયું. આ શરીર ભલે જડ ગણાતું હોય પણ તેમાં રહેલી અપાર શક્યતાઓ તેનો મહિમા વધારી દે છે. તેથી જ શાસ્ત્રકારો તેને 'રત્નચિંતામણી દેહ' કહે છે. આ શરીર રૂપી વીણાનો કેવી રીતે ઉપયોગ કરવો તે સતગુરૂ દ્વારા જ સમજાય છે. મોઢું, નાક, કાન, જીભ આદિ અવયવો જો કેવળ ભૌતિક ઉપભોગ માટે વપરાય તો તે શરીરના શણગાર રૂપ બની શકે નહીં. પણ જો તે પ્રભુ પરાયણ બનવામાં સહભાગી થતા હોય તો તે શરીરના શણગાર રૂપ ગણાય.

૬. મોમ એવો પદાર્થ છે કે જેના દ્વારા તાર ચીટકીને વળગી રહે છે. તે કારણે આ શરીર રૂપી વીણા સ્વતઃઆપમેળે વાગ્યા કરતી હોય તેમ જણાય છે. વીણાના વગાડનાર તરફ તેથી તો કોઈનું ધ્યાન જતું નથી. વીણાને આપમેળે વાગતી નિહાળી સૌને તેને માટે રાગ પેદા થાય છે.

૭. 'ઉલટા ફેર લગાયા' એટલે કુંડલિની શક્તિ નીચે મોઢે હતી તે અચાનક જાગી જતાં ઊંચે મોઢે થઈ ગઈ. દશા ઊલટી થઈ ગઈ. હવે ઉપર તરફ ધસવાનો પ્રારંભ કર્યો. ગગન મંડળમાં પહોંચી એટલે સહસ્ત્રાર ચક્રમાં પ્રવેશી ત્યારે જ્ઞાનનો પ્રકાશ રોમરોમમાં પથરાય ગયો.

૮. 'બિબેકી' વિવેક જ્ઞાનથી યુક્ત. સતગુરૂના મિલનથી કુંડલિની શક્તિ સહેજે જાગૃત થઈ જાય અને તે આત્માભિમુખ બની જીવને ઉર્ધ્વગામી બનાવે તે અવસ્થામાં વિવેક જ્ઞાન પ્રગટે તો પતનનો ભય રહેતો નથી. વિવેક જ્ઞાન વડે તે આત્મદેવનાં શરણમાં જ રહેવાનું પસંદ કરે છે.

Edited by Ishwarbhai P. Patel (Kapura)

## ભજન – ૨૯ : રામજન વિસરી હો ગયા

નાદબ્રહ્મ પદ-૪૨૧, પૃષ્ઠ-૨૨૪, રાગ-સારંગ

રામજન[૧] વિસરી હો ગયા, રામજન વિસરી હો ગયા
ગર્ભવાસમેં ભક્તિ કબુલી, બાહર આવી ક્યોં[૨] કિયા ? - ટેક

મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળસે[૩] સહેલીઓ
પલમાં છોડ ચલ્યો ઠકુરાઈ[૪], વેદ[૫] કોઉ ન કહૈઓ - ૧

જબ તેરો પંથી પંથ ચલેગો, સંગે સાથી[૬] કો ન લિયા
કહેત કબીર રામભજો પ્રાણી, તનમન હરજીકો[૭] અર્પીઆ - ૨

********************

૧. ‘રામજન’ કે રામભજન’ ? જો કે રામજન એટલે રામનો માણસ - હરિનો દાસ કે રામનો ભક્ત અર્થ થાય છે. શબ્દાર્થ માટે કોઈ વાંધો નથી. બીજી પંક્તિ આપણને જરા જુદો અર્થ કરવા આપણને પ્રેરે છે. જીવ ગર્ભમાં હતો ત્યારે ભક્તિ કરવાનું વચન આપીને કાલાવાલા કરતો હતો પણ જન્મ ધારણ કરીને પોતાનું વચન ભૂલી ગયો. એટલે જીવ રામનું ભજન ભૂલી ગયો તે યાદ દેવરાવવા ‘રામભજન’ શબ્દ અહીં હોવો જોઇએ એ એમ લાગે છે વળી ‘વિસરી હો ગયા’ સબ્દો પણ ‘રામભજન’ શબ્દની યોગ્યતા પૂરવાર કરે છે. તદ્ઉપરાંત છંદની રીતે વિચાર કરવામાં આવે તો પ્રથમ પંક્તિમાં એક માત્રા ઘટતી જણાય છે. ‘રામજન’ શબ્દનો ઉચ્ચાર કરતી વખતે જીભ ઠડકો અનુભવશે. તેથી ‘રામજન’ ને બદલે ‘રામભજન’ શબ્દ અહીં હોય તો ‘ભ’ અક્ષરના ઉમેરણથી એકમાત્રાની પૂર્તિ થઈ જાય છે. એટલે છંદભંગનું નિવારણ આપોઆપ થઈ જાય છે.

૨. ‘બહાર આકે તુને ક્યા કિયા’ એ પ્રકારે શબ્દો હોવા જોઇએ.

૩. ‘સોળસે’ એટલે સોળ જેટલી સાહેલિયાં - સખીઓ. ‘સાહેલીઓ’ શબ્દ આપણી ભાષાનો ગણાય. તેથી ‘સાહેલિયાં’ શબ્દ પ્રયોગ યોગ્ય ગણાય. કોઇને ‘સોળસે’ શબ્દ પ્રયોગથી ૧૬૦૦ સખીઓ એવો અર્થ કરવાનું મન થશે પણ તે અંગે વિચારણા કરતાં જ તે યોગ્ય લાગશે નહીં. ‘સાહેલિયાં’ શબ્દ સખીઓ મિત્રોનો ધ્વનિ પ્રગટ કરે છે. રાણી કે પટરાણીનો નહીં. કારણ કે ૧૬૦૦ શબ્દ સાથે શ્રીકૃષ્ણની યાદ જરૂર આવે. શ્રીકૃષ્ણને ૧૬૦૦ રાણીઓ હતી એમ કહેવાય છે. વળી આત્મદેવ તે જ કૃષ્ણ એવું માનવામાં હરકત નથી પણ ૧૬૦૦ સાહેલીઓનો મેળ કોની સાથે કરવો તે સમસ્યા નડશે. તાણીતૂસીને અર્થ કરવાથી ફાયદો પણ શો ? એનાં કરતાં સોળની સંખ્યા પ્રસિદ્ધ છે : પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણો ને મન. શરીરમાં રહીને તે પ્રકૃતિના તત્વો જીવને વિષયોનો આનંદ માણવામાં સહાયક થાય જ છે ને તે કારણે જ જીવ આ જગતમાં જન્મ ધારણ કરીને પોતાનું આપેલું વચન ભૂલી

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, તું રામનું ભજન તો ભૂલી જ ગયો ! ગર્ભમાં હતો ત્યારે તો તેં ભગવાનની ભક્તિ કરવાની કબૂલાત કરેલી ! ગર્ભમાંથી બહાર આવીને જન્મ ધારણ કરી તેં શું કર્યું ? - ટેક

આ શરીર રૂપી મહેલમાં સોળ જેટલી સાહેલીઓ સાથે બેસીને તું તો વિલાસની મોજ માણ્યા કરે છે ! આત્મા રૂપી આ ઠાકોર કોઇને ખબર ન પડે તે રીતે ચાલ્યો જશે એટલું યાદ રાખજે. - ૧

જ્યારે તારો આત્મા રૂપી મુસાફર તને છોડીને પોતાને રસ્તે પડશે ત્યારે તારી સાથે સંગાથમમાં કોઈ આવશે નહીં માટે કબીર કહે છે કે તું સર્વ ભાવે રામને સમર્પિત થા અને રામનું ભજન કર તો જ તને લાભ મળશે. - ૨

********************

જાય છે. વળી સદ્‌ગુરુ કબીરસાહેબે તે રીતે અનેકવાર બીજાં પદોમાં તેવા શબ્દોનો ઉપયોગ કર્યો છે તેથી સહજ રીતે જે અર્થ થાય તે મેં અહીં કર્યો છે.

૪. 'ઠકુરાઈ' એટલે ઠાકોર - સ્વામી. અહીં 'પલમાં' શબ્દને 'પલમેં' શબ્દ હોવો જોઇએ. આત્માનું સ્વામીત્વ શરીરના તમામ અંગોએ સ્વીકારેલું હોવાથી સ્વામી અર્થ યોગ્ય લાગે છે. તેની હાજરીથી જ જીવે આનંદ માણવાનો લ્હાવો મળે છે. તેની ઈચ્છા વિરુદ્ધ જીવ વર્તન કરે તો તે સાક્ષી બનીને જોયા જ કરે છે. તેથી જવાબદારી જીવની ઠરે છે.

૫. વેદ એટલે જ્ઞાન-જાણ-ખબર. આત્મા સમય થાય એટલે કોઇને પણ પરવા કર્યા વિના ચાલ્યો જાય છે. તે સ્વામી હોવાથી કોઈની પરવાનગી તેને લેવાની રહેતી નથી.

૬. અહીં કબીરસાહેબની બીજી વાણી પણ યાદ કરવા જેવી છે :

ચાર જને મિલિ ખાટ ઉઠાઈન, રોવત લે ચલે ડગર ડગરિયા
કહત કબીર સુનો ભાઈ સાધો, સંગ ચલી વહ સૂખી લકરિયા.

અર્થાત્ ચાર જણાએ ઠાઠડી ઉપાડી અને રડતાં રડતાં સ્મશાને લઇ ગયા. કબીર કહે છે કે હે સંતજનો, સાંભળો ! સાથે તો સૂકાં લાકડાં જ ગયાં !

૭. સર્વ પ્રકારનાં દુઃખોને હરનાર હરજી કહેવાય તેથી તેવા પરમાત્માને તન-મન અર્પણ કરવા એટલે કે સર્વભાવે સમર્પિત થઈ જવું. ગર્ભમાં કરેલો વાયદો પૂરો કરવા રામનું ભજન અવશ્ય કરવું. તો જ જે કાંઈ આધ્યાત્મિક લાભ મળવાનો હશે તે મળશે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૦ : સાધુસે અંતર નાહીં નારદ

નાદબ્રહ્મ પદ-૪૩૭, પૃષ્ઠ-૨૩૦, રાગ-સારંગ

સાધુસે અંતર નાહીં નારદ સાધુસે[૧] અંતર નાહીં
જો નર સાધુસે અંતર રાખૈ સો નર નરકે[૨] જાહીં - ટેક

જાગૈ[૩] સાધુ તો મૈં હૂં જાગૂં, સોવૈ સાધુ તો સોઉં
જો કોઈ મેરે સાધુ દુખાવૈ, જરા મૂલે સે ખોઉં - ૧

જહાં[૪] સાધુ મેરા યશ ગાવૈ, તહાં કરો મૈં બાસા
સાધુ ચલે આગે ઉઠે ધાઉં, મોહિ સાધુકી આસા - ૨

માયા[૫] મેરી અર્ધ શરીરી, ઔર ભક્તનકી દાસી
અડસઠ તીરથ સધુકે ચરણન, કોટિ ગયા ઔર કાસી - ૩

અંતર ધ્યાન રામ નિજ[૬] કેરા, જિન ભજિયા તિન પાઈ
કહૈ કબીર સાધુકી મહિમા, હરિ અપને[૭] મુખ ગાઈ - ૪

********************

૧. કબીરસાહેબની સાખી અહી યાદ કરવા જેવી છે :
સાધુ હમારી આતમા, હમ સાધુનકી દેહ
સાધુનમેં હમ યોં રહે જયમ બાદલમેં મેહ.

અહીં સાધુ એટલે પરમેશ્વરનો પરમ ભક્ત, જેણે સામાન્યતઃ સંત કહેવામાં આવે છે.

૨. કબીરવાણીમાં નરકની વાત આવે છે ત્યારે તેનો વિશેષ રીતે અર્થ થતો હોય છે. સ્વર્ગ કે નરક ભગવાન નથી બનાવતા પણ માણસ પોતે જ બનાવે છે એટલું જ નહીં પણ તે આ મૃત્યુલોકમાં જ નિર્માણ થાય છે એવા વિચારો સાથે કબીરસાહેબ સહમત હોવાથી અહીં ભક્તિમાર્ગે ચાલતા ભક્તને અવરોધો ઊભા કરી ભગવાનથી દૂર રાખવા પ્રયત્ન કરનાર હાથે કરીને નરકનું દુઃખ વ્હોરી લે છે કારણ કે ભક્તનું રક્ષણ તો ખુદ પરમાત્મા જ કરતા હોય છે. પરમ શક્તિ તેવી પ્રવૃત્તિ કરનારનો નાશ જ કરે છે.

૩. અહીં નરસિંહ મહેતાના પ્રચલિત પદો યાદ આવશે – પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા કે વૈષ્ણવ જન મને અતિશે વ્હાલા. આવાં પદોને આધારે સંશોધક વિદ્વાનોએ નરસિંહ મહેતા પર થયેલી કબીર સાહેબની અસર વિશે પ્રકાશ પાડ્યો છે. કબીરસાહેબ ગુજરાતમાં આવેલા ત્યારે જૂનાગઢ-ગિરનાર તરફ પણ ગયેલા અને નરસિંહ મહેતાને મળેલા એવા મતને આવાં પદો પુષ્ટિ આપે છે. આધ્યાત્મિક ક્ષેત્રે બે મહાપુરૂષોને એક સરખા અનુભવો થઇ શકે તેનો ઇન્કાર થઇ શકતો નથી. અનુભવો થયા પછી અભિવ્યક્તિમાં પણ થોડી સમાનતા જણાય તો આશ્ચર્યજનક ન ગણાય. પરંતુ એટલી વાત તો નિશ્ચિત છે કે કબીરસાહેબના મિલન પછી જ નરસિંહ મહેતાના પદોમાં આત્મચિંતનનું પ્રમાણ વધ્યું હતું.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે નારદ, સંત ને મારી વચ્ચે જરા પણ અંતર નથી. જે માણસ અમારી વચ્ચે અંતર ઊભું કરે છે તે માણસ નરકે જાય છે. – ટેક

મારો સંત જાગે તો હું જાગું છું ને તે સૂએ તો હું પણ સૂઈ જાઉં છું. જે મારા સાધુને દુઃખ દે છે તેનો હું જડમૂળથી નાશ કરું છું. – ૧

જ્યાં જ્યાં મારો સંતભક્ત મારું યશોગાન ગાયા કરે છે ત્યાં ત્યાં મારો વાસ હોય છે. જો સંત ચાલવા લાગે તો તેની પાછળ પાછળ હું દોડું છું કારણ કે મને સાધુસંત વિના બીજી કોઈ પણ પ્રકારની આશા હોતી નથી. – ૨

માયા મારી પત્ની ગણાય છે તે પણ મારા સંતભક્તની દાસી બનીને સેવા કરતી હોય છે. અડસઠ પ્રકારના કાશી ને ગયા જેવા કરોડો તીર્થો મારા ભક્તના ચરણમાં રહે છે. – ૩

પોતાના આતમરામનું જેણે અંતરથી ધ્યાન ધરીને ભક્તિ કરી છે તેને હું સહજે મળું છું. કબીર કહે છે કે એવી રીતે ખુદ હરિ પોતે પોતાના મોઢે સંતોનો મહિમા ગાયા કરે છે. – ૪

********************

૪. પૌરાણિક સાહિત્યનો અતિ વિખ્યાત સંસ્કૃત શ્લોક જાણે કે ગ્રામ્ય ભાષામાં સહેજ રીતે અભિવ્યક્ત થયો હોય તેમ લાગે છે :

नाहं वसामि वैकुंठे योगीनाम् रुदये न च ।
मद् भकता: यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥

અર્થાત્ હે નારદ, હું નથી રહેતો વૈકુંઠમાં કે નથી રહતો યોગીઓના હૃદયમાં. હું તો રહું છું જ્યાં મારા ભક્તો ગાતાં હોય ત્યાં.

૫. અર્ધશરીરી એટલે અર્ધાંગિની – મતલબ કે પત્ની. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સાતમાં અધ્યાયનો શ્લોક અહીં યાદ આવશે :

दैवी हि एषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपघंते मायामेतां तरन्ति ते ॥

અર્થાત્ હે અર્જુન, ત્રણ ગુણો વાળી મારી માયાને તરી જવી અતિ મુશ્કેલ છે. માત્ર મારે શરણે આવે તે જ તે સરળતાથી તરી શકે છે.

૬. અહીં નિજસ્વરૂપમાં રહેલા રામનો નિર્દેશ છે.

૭. ભાગવતમાં ભગવાન સ્વમુખે કહે છે કે :

अहं भक्ता पराधीनो ह्मस्वतंत्र द्विज: ।
साधूभिग्रस्त रुदयो भक्तै भक्तजन प्रिय ॥ (ભા.૯/૪, ૬૩)

તદ્દપરાંત આ સંસ્કૃત શ્લોકનો પડઘો પણ આ પદમાં સંભળાય છે :

સાધુનામ્ દર્શનમ્ પુણ્યમ્ સ્પર્શનમ્ પાપનાશનમ્ ।
સંભાષણમ્ મહત્ પુણ્યમ્ સાંનિધ્યમ્ મોક્ષપદમ્ ॥

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૧ : નહીં છોડું રે બાબા રામનામ

નાદબ્રહ્મ પદ-૪૪૪, પૃષ્ઠ-૨૩૩, રાગ-વસંત
(સંદર્ભ : આશ્રમ ભજનાવલી)

નહીં છોડું રે બાબા રામનામ, મેરો કબીર ઔર પઢનસો નહીં કામ - ટેક

પ્રહ્લાદ[૧] પઢાયે પઢન શાલ, સંગ સખા બહુ લિયે બાલ
મોકો કહા પઢાવત આલજાલ, મેરી પટિયા પે લિખ દેઉ શ્રી ગોપાલ - ૧

યહ ષંડા[૨] મરકે કહ્યો જાય, પહ્લાદ બુલાયે વેગ ધાય
તૂં રામ કહનકી છોડ બાન, તુઝે તુરત છુડાઉં કહો માન - ૨

મોકો કહા સતાવો બારબાર, પ્રભુ જલ થલ નભ કીન્હે[૩] પહાર
એક રામ ન છોડું ગુરૂ[૪] હિ ગાર, મોકો ધાલ જાર ચાહે માર માર - ૩

કાઢ ખડગ કોપ્યો રિસાય, કંહ રાખનહારો મોહિ બતાય
પ્રભુ ખંભસે નિકસે વ્હૈ વિસ્તાર, હરિણાકુશ છેદ્યો નખ વિદાર - ૪

શ્રી પરમ પુરૂષ દેવાધિદેવ ભક્ત[૫] હેત નરસિંહ ભેવ
કહે કબીર કોઉ લહૈ ન પાર, પ્રહ્લાદ ઉબારે અનેક વાર - ૫

*******************

૧. કબીરવાણીમાં આ પદ સગુણ ભક્તિનું ગણાય. પ્રહ્લાદનું દૃષ્ટાંત પ્રભુને શરણે ગયેલાનું સર્વ પ્રકારે રક્ષણ થાય છે તે દર્શાવવા માટે આપવામાં આવે છે. નિર્ગુણ નિરાકાર પરમાત્મ તત્વ સગુણ ને સાકાર થઈ શકે છે તે વાત અહીં રજૂ કરવામાં આવી છે. નિર્ગુણ ભક્તિમાં કબીરસાહેબની માન્યતા દૃઢ હતી પણ સગુણ ભક્તિની આવશ્યકતાનો પણ કબીરસાહેબ ઇન્કાર નથી કરતા તે સમજવું જોઈએ. કબીરસાહેબ સગુણ ભક્તિની મર્યાદા જાણતા હતા છતાં તે દ્વારા પણ નિર્ગુણ-નિરાકાર સુધી પહોંચી શકાય છે તે તેમણે દર્શાવ્યું જ છે :

> સિરગુણ કી સેવા કરો, નિરગુણકા કરો જ્ઞાન
> નિરગુણ સિરગુણ સે પરે તહાં હમારા ધ્યાન

અર્થાત્ સગુણ ભક્તિ દ્વારા નિર્ગુણનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. નિર્ગુણને જાણ્યા પછી પણ શ્રેયયાત્રા જીવની પૂરી થતી નથી. જીવનું ધ્યાન તો નિર્ગુણથી પણ જે આગળ તત્વ છે તેણે સિદ્ધ કરવા માટે રહેવું જોઈએ. આ દૃષ્ટિએ કબીરસાહેબને સગુણ ભક્તિના વિરોધી જ હતા એમ ઠેરવી શકાય નહીં. કબીરસાહેબના વિશાળ વ્યક્તિત્વણે એ દ્વારા અન્યાય થાય. કબીરસાહેબનો ઝોક નિર્ગુણ તરફ વિશેષ હતો એમ કહેવામાં કશી હરકત નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે ગુરૂજી, રામનામ તો હું નહી છોડી શકું ! વળી મારે બીજું ભણવાનું પણ કંઈ કામ નથી. – ટેક

ઘણા બાળમિત્રો સાથે પ્રહ્લાદને નિશાળે મોકલવામાં આવતો હતો ત્યારે તેણે ગુરૂને કહ્યું કે મને ગમે તેમ નકામું કેમ ભણાવો છો ? મારી પાટી પર તો કેવળ પ્રભુનું જ નામ લખી દો ! - ૧

જયારે આ વાત ષંડા ને મરકે પ્રહ્લાદના પિતાને કહી ત્યારે પ્રહ્લાદને તરત જ બોલાવવામાં આવ્યો. તું રામ કહેવાની તારી આ ટેવ પડતી મૂકે તો હું તને તરત જ બંધનમુક્ત કરું એમ તેને કહેવામાં આવ્યું. – ૨

ત્યારે પ્રહ્લાદે કહ્યું કે મને વારંવાર શા માટે સતાવો છો ? મારો પ્રભુ તો જલ, સ્થલ, આકાશ, પહાડોમાં બધે જ રહેલો છે. તમારે જોઈએ તો મને કાપી નાંખો, બાળી નાંખો કે મારી નાંખો પણ મારાથી રામનામ ન છૂટે કારણ કે તેથી પ્રભુનું અપમાન થાય. – ૩

તરત જ તેના પિતા હિરણ્યકશિપુએ ક્રોધથી તલવાર કાઢીને કહ્યું કે તારો રક્ષણ કરનારો ક્યાં રહે છે તે મને બતાવ. સ્તંભને ફોડીને તરત જ પ્રભુ પ્રગટ થયા અને હિરણ્યકશિપુને નખ વડે ચીરી નાંખ્યો. – ૪

દેવાધિદેવ, પરમ પુરૂષ પરમાત્માએ ભક્તના રક્ષણ માટે નરસિંહ રૂપ ધારણ કર્યું. કબીર કહે છે કે ખરેખર પ્રહ્લાદને વારંવાર ઉગારનાર ઈશ્વરી શક્તિનો પાર તો કોઈ પામી શકતું નથી. – ૫

********************

૨. ષંડા ને મર્કા નામના બે દૈત્યો હતા, તે પ્રહ્લાદના શિક્ષકો હતા. હિરણ્યકશિપુએ તેમને પ્રહ્લાદને શિક્ષણ માટે રોક્યા હતા. તે શિક્ષકો હિરણ્યકશિપુની સૂચના મુજબ શીખવે તે પ્રહ્લાદને પસંદ ન હતું. પ્રહ્લાદ વિશે તેથી તેમણે હિરણ્યકશિપુને ફરિયાદ કરી હતી.

૩. 'કીન્હે પહાર' એટલે પહાડો બનાવ્યા. આ સૃષ્ટિનો સર્જનહાર તો એકમાત્ર પ્રભુ જ છે એવી દૃઢ શ્રદ્ધા અહીં વ્યક્ત થઈ છે. પ્રભુએ જ જલ, સ્થળ, આકાશ આદિ બનાવ્યું છે. તે સર્વત્ર છે.

૪. 'ગુરૂ હિ ગાર' ગુરૂને ગાળ દીધેલી ગણાય. જો રામનામ છોડું તો ગુરૂનું અપમાન થયેલું કહેવાય એમ પ્રહ્લાદ કહેવા માંગે છે. હિરણ્યકાશિપુ પ્રભુને છોડી મને ભજ એમ કહેવા માગે છે. મારી સત્તા બધે ચાલે છે, ઈશ્વરની સત્તા ચાલતી નથી. અહીં ગુરૂ શબ્દ આત્મા માટે વપરાયો છે. आत्मा वै गुरु: એ ઉપનિષદ્‌ના વચનનો અહીં જોરદાર પડઘો પણ છે. જે અંદર છે તે જ બહાર છે ને જે બહાર છે તે જ અંદર છે એવી સમજ હોવાથી આત્માનું મહત્વ વધી જાય છે. તેથી ઈશ્વરની સર્વ વ્યાપકતાનો ઇન્કાર કરી શકતો નથી. જો ઇન્કાર કરવામાં આવે તો તે અપમાન ગણાય એવી પ્રહ્લાદની દલીલ છે.

૫. કબીરસાહેબે પ્રભુને માટે વાપરેલા વિશેષણોમાં પણ તેમની સગુણ ભક્તિ માટેની સમ્યક્ દૃષ્ટિ પ્રતિબિંબિત થયેલી જણાશે. જે પુરૂષ આત્મા રૂપે શરીરની સીમામાં બદ્ધ છે તે જ બહાર અસીમ રૂપે પ્રસરેલો છે તેથી તે પરમ પુરૂષ. તેની જ સત્તા સર્વ સ્થળે ચાલે તેથી દેવાધિદેવ. તે ભક્તના રક્ષણ કરવા માટે પોતાની યોગમાયાથી ધારેલું રૂપ ધારણ કરી પ્રગટી શકે છે કારણ કે તે સર્વ સમર્થ છે. તે સગુણ છે કે નિર્ગુણ, તે સાકાર છે કે નિરાકાર તે અંગે કશું જ કહેવાય નહીં કારણ કે તેનો પાર કોઈ પામી શકતું નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૨ : સતનામ તત્વ તીન લોક સાર

નાદબ્રહ્મ પદ-૪૪૫, પૃષ્ઠ-૨૩૩, રાગ-વસંત
(સંદર્ભ : કબીર પંથી શબ્દાવલી પૃ-૬૭૧/૫૩)

સતનામ[૧] તત્વ[૨] તીન લોક સાર, લવલીન ભયે સો ઉતરે પાર - ટેક

એક જોગી જુગવે જટાધાર[૩], એક અંગ ભભૂત[૪] ધારે અપાર
એમ મૌની[૫] મુખમૌન લીન્હ, ભ્રમત ફિરે જુગ જુગન છીન - ૧

એક આરાધે સકતી સીવ એક પરદા[૬] દે દે રટત જીવ
એક કુલ દેવીકો જપત જાપ, ઐસે ત્રિભુવન પતિ ભૂલે આપ - ૨

એક અન્ન છાંડકે પીવે[૭] દૂધ, હરિ ન મિલે બિન હૃદે સૂધ[૮]
કહે કબીર ચિત ચેતો અંધ, ના તો પરિ હો જમકે ફંદ - ૩

********************

૧. સતનામ એટલે સૃષ્ટિના સ્વામીનું નામ. જે ત્રણે કાળમાં એક ને અદ્વિતીય સ્વરૂપે રહે છે તે તત્વ. શ્રી કૃષ્ણ ગીતામાં સત્તરમાં અધ્યાયને અંતે કહે છે :

ઓમ્ અને તત્ સત્ કહ્યા ઈશ્વરનાં ત્રણ નામ
એથી ઓમ્ કહી સદા કરાય મંગલ કામ. (સરળ ગીતા, અ-૧૭/૨૩)

અર્થાત્ નિર્ગુણ ને નિરાકાર ગણાતા પરબ્રહ્મ પરમેશ્વર ત્રણ નામથી જાણીતા છે. સત્ તેમાનું એક નામ છે. તેનું સ્મરણ કરવાથી હરકોઈ જીવનું કલ્યાણ થાય છે.

૨. તે સતનામને તત્વથી જાણવું જોઈએ. તત્વથી જાણવું એટલે અનુભવ કરવો. પ્રત્યેક માનવના શરીરની અંદર તે સતત ગુંજરાવ કર્યા જ કરે છે. તે ગુંજન કદી અટકતું જ નથી. જે દિવસે અટકે તે દિવસે જીવન ન હોય ! મતલબ કે તે સતનામની મધુર ધૂન સાક્ષાત્ જીવન ધારા છે. તે જેમ શરીરની અંદર ગુંજે છે તેમ શરીરની બહાર પણ ગુંજે છે. પરંતુ આપણને સંભળાતી નથી. કારણ કે આપણું મન અન્ય પદાર્થોની પ્રાપ્તિમાં રોકાયેલું રહે છે. આપણું ધ્યાન સંસારનું સુખ કેમ વધે તેમાં લીન હોય છે. તેવું મન મલિન મન કહેવાય છે. મનની તમામ મલિનતા જ્યારે દૂર થાય ત્યારે સતનામની પ્યારી ધૂન સાંભળી શકાય છે. પછી જ તેનું સ્મરણ પણ સારી રીતે થઈ શકે છે. સ્મરણ મનને પોરવીને કરવાનું હોય છે. જો મન બીજે પરોવાયેલું હોય તો સ્મરણ ન જ થઈ શકે. કરવામાં આવે તોપણ નિરર્થક નીવડે. તેથી સતનામનો બરાબર પરિચય કરવો જોઈએ અને પછી પ્રેમપૂર્વક તેમાં મનને લીન કરવા પ્રયત્ન કરવો જોઈએ. તો જ ઉદ્ધાર થઈ શકે !

૩. લોકોને આકર્ષવા માટે મોટી મોટી જટા વધારવામાં જેઓનું મન રોકાયેલું રહે છે તેઓ કદી સતનામની ધૂન સાંભળી શકતા નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સતનામ રૂપી તત્વમાં ત્રણે લોકનું રહસ્ય છૂપાયેલું છે. જે એમાં લવલીન બની જાય છે તે ભવસાગર પાર ઊતરી જાય છે. – ટેક

જેઓ માત્ર પોતાની જટાઓ જ વધારવામાં મગ્ન છે, જેઓ કેવળ શરીર પર ભસ્મ ચોળીને ધ્યાન કરે છે અને જેઓ મોઢેથી મૌન બની માત્ર બેસી રહે છે તેઓ તપ કરતા જણાય છતાં યુગો સુધી ભ્રમણામાં જ પડી રહી નાશ પામે છે. – ૧

જેઓ શિવ ને શક્તિ બંનેની આરાધના કરે છે, જેઓ મોઢે કાપડનો કટકો બાંધી જીવની જ રટણા કર્યા કરે છે અને જેઓ માત્ર કુળદેવીનો જાપ જપી તપ કરે છે તેઓ ત્રણે ભુવનના સ્વામીને ખરેખર ભૂલી જ જાય છે. – ૨

જેઓ અન્નનો ત્યાગ કરી માત્ર દૂધ પર રહી તપશ્ચર્યા કરે છે, તેઓ પણ ભૂલી જાય છે કે હૃદય પવિત્ર થયા વિના પરમાત્મા મળતા નથી. તેથી કબીર કહે છે કે હે જીવો ચેતો ને અજ્ઞાનતા દૂર કરો, નહીં તો સૌ યમરાજના ફંદામાં ફસાય પડશો. – ૩

********************

૪. કેટલાક વૈરાગી સાધુઓ શરીરે રાખ ચોળીને જાહેરમાં ધ્યાનસ્થ દશામાં બેસી રહેવા પ્રયત્ન કરે છે. તેમાં પણ માત્ર બાહ્યાચારનો દેખાવ હોવાથી ચંચળ મન લોકચાહના પ્રાપ્ત કરવામાં રોકાયેલું રહે છે. તેથી તેવું તપ કરનાર પણ સતનામને સાંભળી શકે નહીં.

૫. કબીરસાહેબ અહીં મૌનનો વિરોધ કરતા નથી, પણ મૌનનો દેખાવ કરનારાનો વિરોધ કરે છે. મોઢેથી મૌન લીધું હોય, પણ મન તો દોડંદોડ કરતુ જ રહે છે. કામનાઓની લહેરમાં ભમતું જ ફરે છે. મૌનનો હેતુ તો મનને સ્થિર કરવાનો હોય છે. તે હેતુ જળવાતો નથી તેથી તેવું તપ કરનાર પણ સતનામ સાંભળી શકે નહીં.

૬. અહીં જૈન સંપ્રદાયના યાતિઓનો ઉલ્લેખ છે. જીવ હિંસા ન થાય તેવા ઉદ્દેશથી કેટલાંક જૈન સાધુઓ મોઢે કાપડનો કટકો બાંધીને ફરતા જણાય છે. શ્વાસ ને ઉચ્છવાસ તો રોકી શકતા નથી. ઉચ્છવાસથી સહેજે નાના નાના જંતુઓ સ્વાહા થઈ જાય છે. જીવહિંસા થઈ જ જાય છે. જીવને બચાવવા તેવું મન વૃથા મહેનત કરતું રહે છે તેથી તેવા લોકો પણ સતનામને સાંભળી શક્તા નથી.

૭. અગિયારસ, પૂનમ આદિ પ્રસંગોએ વ્રત કરનારાને અહીં કહેવામાં આવ્યું છે. ઉપવાસનું વ્રત કરે અને દૂધમાંથી બનતી અનેક વાનીગીઓનો તે દિવસે ઉપભોગ કરે વ્રતનો હેતુ તો સિદ્ધ થતો જ નથી. વ્રતનો હેતુ પણ મનની ચંચળતા ઓછી કરવાનો જ છે. ચંચળતા ઓછી થાય તો સતનામની મધુર ધૂન સાંભળી શકે.

૮. 'સૂધ' એટલે શુદ્ધ અવસ્થા. હૃદય શુદ્ધ બને, પવિત્ર બને તો હરિના દર્શન શક્ય બને. તળાવનું પાણી ડહોળાયેલું હોય તો નીચે સોનાનો ઢગલો હોવા છતાં તે દેખાતો નથી. પાણીમાં રહેલી મલિનતા ઠરે, પાણી નિર્મળ બને ત્યારે તળિયું દેખાય અને સુવર્ણનો ઢગલો સ્પષ્ટ જોઈ શકાય. તેવી જ રીતે હૃદય કે મન શુદ્ધ થાય તો સતનામ સાંભળી શકાય ને તેમાં મગ્ન બની જીવ હરિનું દર્શન કરી શકે.

Edited by: Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૩ : ચલિ ચલિ રે ભંવરા કંવલ પાસ

નાદબ્રહ્મ પદ-૪૪૭, પૃષ્ઠ-૨૩૪, રાગ-વસંત
(સંદર્ભ : વારાણસી વિશ્વ વિદ્યાલય પ્રકાશન 'શબદ', પૃષ્ઠ-૧૩૨, પદ-૧૦૬ને આધારે)

ચલિ[૧] ચલિ રે ભંવરા[૨] કંવલ[૩] પાસ, તેરી ભંવરી[૪] બોલૈ અતિ ઉદાસ - ટેક

મૈં તોહિ બરજેઉ બાર બાર, તૈં બન બન સોધ્યો ડાર ડાર
તૈં અનેક પુહુપકા લિયૌ હૈ ભોગ, સુખ ન ભયો તન બઢ્યો રોગ[૫] - ૧

દિના ચારિ કે સુરંગ ફૂલ, તેહિ લખિ ભંવરા રહ્યો ભૂલ
બનસપતિ જબ લાગૈ આગિ[૬], તબ ભંવરા કહાં જૈહો ભાગિ - ૨

પુહુપ પુરાને ગયે સૂખ, તબ ભંવરહિ લાગી અધિક[૭] ભૂખ
ઉડિ ન સકત બલ ગયો છૂટિ, તબ ભંવરી રોવૈ[૮] સીસ કૂટિ - ૩

દહ દિસિ જોવૈ મધુપરાઈ, તબ ભંવરી લૈ ચલી સિર ચઢાઈ
કહૈ કબીર મન[૯] કા સુભાવ, ઈક નામ બિના સબ જમ કો દાવ - ૪

********************

૧. આ પદમાં માનવમાત્રનો આંતરિક સંઘર્ષ સુંદર ને સરસ રીતે નિરૂપાયો છે. દ્વિધા કોણ નથી અનુભવતું ? ચોર પણ ચોરી કરવા જતાં પહેલાં દ્વિધા અનુભવતો હોય છે. તેને પણ અંદરથી આવું કાર્ય મારે ન કરવું જોઈએ એવું લાગતું હોય છે. ઘડીભર તે પણ મૂંઝવણ અનુભવે છે. દરેક જણ આવી દ્વિધામાંથી પસાર થાય છે. કહેવત છે કે કૂતરો તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી. ભોગ લંપટ મન વિષયોની મઝા ભૂલી શકતું નથી તેથી તેની ખેંચ ઉપર વધે તોપણ વિષયો તરફ જ રહેવાની. તેવી જ રીતે વિવેકયુક્ત અંતરઆત્માની ખેંચ ક્ષણિક સુખને બદલે આત્મદર્શનથી પ્રાપ્ત થતા પરમ સુખ તરફ જ રહેવાની.

૨. અહીં મનને ભમરો કહ્યો છે. અંતિમ પંક્તિમાં 'મનકો સુભાવ' શબ્દો અર્થ સ્પષ્ટ કરે છે. મનનો ચંચળ સ્વભાવ અને આસક્ત થઈ જવાનું લક્ષણ ભમરાનું રૂપક દ્વારા સચોટ રીતે વ્યક્ત થાય છે.

૩. કંવલ એટલે કમળ. કમળનું પ્રતિક આત્માને માટે વપરાયેલું છે. છેલ્લી ટૂંકમાં ભમરી તેને કમળ પાસે લઇ જાય છે તે શબ્દચિત્ર અર્થ સ્પષ્ટ કરે છે. કમળ ઊગે છે કાદવમાં ને પાણીમાં. છતાં તે કાદવને પાણીથી સદૈવ અલિપ્ત રહે છે. તેમ મળમૂત્રથી ભરેલા આ શરીરમાં આત્મા અલિપ્ત જ રહે છે. શરીરના દોષોથી તે મુક્ત જ હોય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

ખૂબ નિરાશ બનેલી વિવેક બુદ્ધિ રૂપી ભમરી તને કાલાવાલા કરીને વિનવે છે કે હે મન રૂપી ભમરા, હવે તો કમળ પાસે ચાલ ! - ટેક

મેં અનેકવાર મનાઈ કરેલી છતાં તું રસ શોધવા જંગલે જંગલે ને ઝાડની ડાળીએ ડાળીએ ભટક્યો. તેં અનેક પુષ્પોનો રસ ચૂસ્યો. છતાં પણ તને સુખ મળ્યું નહીં બલ્કે શરીરમાં રોગ વધ્યો. – ૧

વિષયોના રંગીન ફૂલોનો રસ તો ક્ષણિક સુખ આપનારો છે. તેને જોઈને હે મન રૂપી ભમરા, તું ખરેખરે ભૂલ કરી રહ્યો છે ! જ્યારે જંગલની આ હરિયાળીમાં આગ લાગશે ત્યારે હે ભમરા તું ભાગીને ક્યાં જશે ? - ૨

સમય વીતતાં ફૂલ તો કરમાતાં રહે છે જ્યારે તારી વિષયોની ભૂખ ઉંમર વધતાં હે ભમરા ખૂબ વધતી જણાય છે ! છેવટે તારામાં તો ઊડી જવાની શક્તિ પણ રહેલી નથી તે અવદશા જોઈને ભમરી તો માથું કૂટતી રડતી હોય છે ! - ૩

ત્યારે જ મન રૂપી ભમરો ભમરીને શરણે જતો હોય છે અને ભમરી તેને દસે દિશામાં વ્યાપીને રહેલા પરમાત્મ તત્વ તરફ લઇ જતી હોય છે. કબીર કહે છે કે મનનો સ્વભાવ એવો જ હોય છે. તે રામનામ વિના જમરાજના ફંદામાં ફસાઈ જાય છે. – ૪

********************

૪. ભંવરી એટલે અંતરાત્મા અથવા વિવેક બુદ્ધિ. દરેકને અંતર આત્મા હંમેશા માર્ગદર્શન આપતો જ હોય છે. પણ મન તેને અવગણી હંમેશા વિષયો તરફ જ લઇ જાય છે તે હકીકત સૌ સ્વીકારશે.

૫. કહેવત છે કે જેટલા ભોગ તેટલા રોગ. મન ભોગાસક્ત હોય છે તેથી શરીર રોગગ્રસ્ત બને છે.

૬. જેમ દવ લાગે તો જંગલમાં બધું જ બળી જાય તેમ કાળ રૂપી અગ્નિ બધું જ સ્વાહા કરી જાય છે. કાળ કોઈને છોડે નહીં. ત્યારે મન રૂપી ભમરો અસહાય બની જાય છે.

૭. માનવ જીવનની નક્કર વાસ્તવિક્તા અહીં રજૂઆત પામી છે. શરીર ઘરડું થાય છે, મન ઘરડું થતું નથી. મન પર સંયમ ન હોય તો મનની વિષયભૂખ ઘડપણમાં પણ માનવને પજવે છે. ઘણે ભાગે માનવમાત્રનો આ અનુભવ હોય છે.

૮. અંતિમ કાળે કદાચ માનવને ભાન થાય છે કે મેં અંતરાત્માની અવગણના કરી તે ખોટું હતું. અંતિમ કાળે અસાહ્ય સ્થિતિ હોય છે. રોગગ્રસ્ત શરીરને અપાર વેદના થતી હોય છે. દુઃખ સહન કરવાની મનની શક્તિ હોતી નથી. છતાં ભૂલનો પસ્તાવો થાય તે પણ મનને ઉત્ક્રાંત કરવામાં ઉપયોગી થઈ પડે છે.

૯. મનના સ્વભાવનું ચિત્રણ સરસ કર્યું. સ્વભાવમાં પરિવર્તન આણવા માનવે પહેલેથી જ યમ-નિયમના સિદ્ધાંતોનું પાલન કરવું પડે છે. તો જ મન પ્રભુરાયણ થઈ શકે. નહીં તો મન કોઈને ગાંઠતું જ નથી. મનને હિસાબે જીવવાથી જીતની બાજી પણ હારમાં પલટાય જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૪ : મોહ મિરગ મારો ન જાય

નાદબ્રહ્મ પદ-૪૪૮, પૃષ્ઠ-૨૩૫, રાગ-વસંત
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૬૭૦/૫૦)

મોહ મિરગ[૧] મારો ન જાય, યહ તન બારીમેં[૨] બસો હૈ આય ! - ટેક

બારીમેં ઉપજે મુક્ત વેલ, દેખત ચુન ગયે કેલ કેલ
બચત નહીં ફલ ફૂલ પાત, સીંચન હારો પટકે હાત - ૧

સુરત[૩] નિરતકે સાજો બાન, જ્ઞાન ધ્યાન સાજો કમાન
જો કોઈ મારે તાક તાક, હોત બિદેહ બિલાય જાત - ૨

સુરનર મુનિ કોઈ સકે ન માર, ગન ગંધર્વ સબે રહે હાર
કહે કબીર હમ દિયો ટાર[૪], સત્ય શબ્દ્કે રોપી બાર - ૩

********************

૧. મિરગ એટલે મૃગ. ટેકની પંક્તિમાં વાંચતા જ રામાયણની કથા યાદ આવશે. સીતાને પંચવટીમાં સુવર્ણમૃગ દેખાયું ને મોહ પેદા થયો. તેના ચામડામાંથી સારા વસ્ત્રો બનાવી શકાશે એટલે રામ જેવા રામને તેની પાછળ દોડવાની ફરજ પાડવામાં આવી. રક્ષણ કરી શકે એવા સમર્થ લક્ષ્મણને પણ 'રામ' 'રામ'ની બૂમો સાંભળી એટલે દોડવું પડ્યું. સીતાહરણની ઘટના બની, જેના આધારે આખું રામાયણ લખાયું ! પંચવટી એટલે શરીર જ. પાંચ ઇન્દ્રિયોનો બાગ ને તેમાં મોહ રૂપી મૃગનું અક્રમણ. દેવ-દાનવ-માનવ-મહાન યોગીઓને પણ અનુભવવું પડે છે.

૨. બારી એટલે પણ અહીં શરીર રૂપી વાડી. વાડી આપોઆપ થતી નથી. વાડી તો બનાવવી જ પડે. ઘણી મહેનતને અંતે વાડી તૈયાર થાય. માનવ શરીર ઘણાં ઘણાં સત્કર્મોને આધારે જ પ્રાપ્ત થાય છે. એટલે માનવ શરીરનું ખૂબ મહત્વ છે એવું વાડીના રૂપકથી દર્શાવાયું. વળી માનવ શરીર દ્વારા જ મુક્તિની પ્રાપ્તિ પણ શક્ય બનતી હોવાથી રૂપકને વિશદ બનાવાયું. જીવ-જંતુ-પશુ-પક્ષી બીજી કોઈ પણ યોનિના શરીરમાં મુક્તિરૂપી વેલ ઊગતી નથી. માત્ર માનવ શરીરમાં જ તે ઊગી શકે છે. એકવાર માનવ દેહ મળ્યો તે બીજી વાર મળશે જ એમ કહી શકાતું નથી. તેથી ખૂબ જ સાવધાનીપૂર્વક માનવ દેહનો સદ્ઉપયોગ કરવાનો હોય છે. જો મુક્તિની વેલ ઉગાડવામાં આવે તો તેને પણ સંભાળપૂર્વક સાચવવી પડતી હોય છે કારણ કે મોહ રૂપી મૃગ તેને ચરી જતો હોય છે. આ મોહરૂપી મૃગને મારવાનું કાર્ય ખૂબ જ દૃષ્કર ગણાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ શરીર રૂપી વાડીમાં મોહ રૂપી મૃગ આવીને વસ્યો છે તેને કોઈથી મારી શકાતો નથી. – ટેક

આ શરીર રૂપી વાડીમાં મુક્તિ રૂપી વેલ ઊગે છે. તેને આ મોહ રૂપી મૃગ ગમે ત્યારે વારંવાર ચરી જાય છે. પાણી સીંચીને એનો ઉછેરનાર હાથ પટકીને થાકી જાય તોપણ તેને ફૂલ, ફળ કે એકેય પાન બચી શક્તાં નથી. – ૧

જ્ઞાન-ધ્યાન રૂપી ધનુષ્ય પર સુરત-નિરત રૂપી બાણ ચઢાવી બરાબર એકાગ્રતાપૂર્વક તેને જો મારવામાં આવે તો તે મોહરૂપી મૃગનો દેહ નાશ પામે ને નુકસાન થતું અટકાવી શકાય. – ૨

જોકે દેવો, માનવો, તપસ્વી મુનિઓ કે ગણ ગંધર્વો તેને મારી શક્યા નથી. બધાં જ તેનાથી હારી ગયાં છે. તેથી કબીર કહે છે કે અમે તો સત્ય શબ્દની તો ચોગરદમ વાડ બનાવીને તેને ટાળી દીધો છે. – ૩

********************

૩. બીજકનાં શબ્દ પ્રકરણમાં કબીરસાહેબ આવી જ કરે છે :

ચેતન રાવલ પાવન ખેડા સહજૈ મૂલ હિ બાંધૈ
ધ્યાન ધનુષ જ્ઞાન બાનકા, જોગેશ્વર સાર સાધે (કબીર શબ્દ સુધા, પૃષ્ઠ-૫૯/૮૬)

અર્થાત્ જે જીવ જાગૃત છે તે તો શરીરને પવિત્ર રાખી મૂલબંધની મુદ્રામાં સ્થિર થઈ, ધ્યાન રૂપી ધનુષ્ય પર જ્ઞાન રૂપી બાણનું સંધાન કરે છે અને આત્મસ્વરૂપ યોગેશ્વરના સારને પામી જાય છે. અહીં પણ એવા જ ભાવથી ધ્યાન રૂપી ધનુષ્યની વાત કરી છે. મુંડકોપનિષદ્‌માં આ જ વાતને જરા જુદા શબ્દોમાં રજૂ કરી છે.

પ્રણવો ધનુઃ શરો હિ આત્મા બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે ।
અપ્રમત્તેન વેધવ્યં શરવત્ તન્મયો ભવેત્ ।।

અર્થાત્ ઓમ ધનુષ્ય છે અને આત્મા બાણ સમાન છે. તેનું લક્ષ્ય બ્રહ્મની પ્રાપ્તિ કરવાનું છે. એકદમ સાવધાન થઈને લક્ષ્યને વીંધી નાખવું જોઈએ. સત્ય સ્વરૂપ પરમાત્માનો પરિચય આત્મસ્વરૂપને જાણવાથી થઈ જતો હોવાથી આત્મદર્શનનું મહત્વ છે. કબીરસાહેબ તે જ ઉદ્દેશથી ધનુષ્યના રૂપકને અહીં સમજાવે છે.

૪. કબીરસાહેબ અહીં વચલો ને સહેલો માર્ગ કાઢી આપે છે. જેને કોઈ જ મારી શકતું નથી તેને મારવા શા માટે પ્રયત્ન કરવો જોઈએ ? એના કરતાં નુકસાન ન થાય તેવી વ્યવસ્થા કેમ ન કરવી ? સત્ય શબ્દ એટલે સત્ય સ્વરૂપ પરમાત્માનું જ્ઞાન આ શરીરમાં જેમ મોહ રહે છે તેમ સત્ય સ્વરૂપ પરમાત્માનો પ્રતિનિધિ આત્મા પણ રહે છે. આત્માની કૃપાથી જ આ મોહ પણ તાગડધિન્ના કરે છે. મોહ રહે છે મનમાં ને મનને વિષયોના આનંદની લાલચ આપી તે મનને હાથમાં રાખે છે. આ મનને વિષયોના આનંદ કરતાં ચઢિયાતો આનંદ કે જે શાશ્વત ગણાય છે તેનો પરિચય કરાવવામાં આવે તો મન એકદમ મોહનો શિકાર થાય નહીં. જો એકવાર પરમ આનંદનો સ્વાદ તે ચાખી જાય તો તો પછી મોહનું કોઈ સ્થાન જ રહેતું નથી. નિજ સ્વરૂપમાં સ્થિતિ કરવાથી પરમ આનંદ પ્રાપ્ત થાય છે. પણ આ બધું ત્યારે જ શક્ય બને કે જ્યારે જીવ સતપુરૂષનું શરણ સ્વીકારે અને તેની આજ્ઞા અનુસાર જીવે. સત્પુરૂષની સહાયથી સત્ય શબ્દની વાડ ફરતે ઊભી થઈ જાય અને મોહથી થતું નુકસાન અટકાવી શકાય. સત્પુરુષ અહીં સદ્‌ગુરુને સમજવા. સાધનાત્મક રીતે કબીરસાહેબની આ શિખામણ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવી છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૫ : માનુષ તન પાયો બડે ભાગ

નાદબ્રહ્મ પદ-૪૫૧, પૃષ્ઠ-૨૩૬, રાગ-વસંત
(સંદર્ભ : 'સબદ', પૃષ્ઠ-૨૮૫)

માનુષ[૧] તન પાયો બડે ભાગ, અબ બિચારકે[૨] ખેલૌ ફાગ - ટેક

બિનુ જિભ્યા ગાવૈ ગુન રસાલ, બિનુ ચરનન ચલે અધર[૩] ચાલ
બિનુ કર બાજા બજૈ બેન[૪], નિરખિ દેખિ જહં બિના નૈન - ૧

બિનુ હિ મારે[૫] મૃતક હોઈ, બિનુ જારેં હોઈ ખાક સોઈ
બિનુ માંગૈ હિ બસ્તુ દેઈ, સો સાલિમ બાજી જીતિ લેઈ - ૨

બિનુ દીપક બરૈ અખંડ જોતિ[૬], તહાં પાપ પુન્નિ નહિ લાગૈ છોનિ
જંહ ચંદ સૂર નહિ આદિ અંત, તંહ કબીર ગાવૈ બસંત - ૩

*******************

૧. આવી જ પંક્તિઓ તુલસીદાસે પણ લખી છે :

બડે ભાગ માનુષ તન પાવા
સુર દુર્લભ સબ ગ્રંથનિ ગાવા

આર્થાત્ મોટા ભાગ્યશાળીને જ માનવ શરીર પ્રાપ્ત થાય છે. તે શરીર તો દેવોને પણ મહામુશ્કેલીથી પ્રાપ્ત થાય છે એવું સર્વે શાસ્ત્રગ્રંથો પોકારીને કહે છે. અહીં કબીર સાહેબ તે સત્યને સ્વીકારીને માણસે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ અને શરીરમાં રહેલા દેવ સાથે પરિચય કેળવી ગાઢ પ્રેમ બાંધવો જોઈએ એવું ભારપૂર્વક કહી રહ્યાં છે.

૨. 'ખલો ફાગ' એટલે પ્રેમપૂર્વક સંબંધ બાંધો. માનવ શરીર પ્રાપ્ત કર્યા પછી જીવ ફાગ ખેલે છે. એટલે હોળી રમે છે. પણ તે તો પાર્થિવ પદાર્થોની સાથે જ. શરીરમાં રહેલા પ્રભુ સાથે નહીં. તેથી જીવને પોતાની કામના સંતોષવા સતત ઉપાધિઓ કરવી જ પડે છે. પરિણામે તેનું ધ્યાન પોતાના સ્વરૂપ તરફ કદી જતું નથી. અદ્યતન યુગના માનવની પણ એ જ દશા ગણાય. ભલે આ યુગમાં વૈજ્ઞાનિક સંશોધનોનું મહત્વ વિશેષ ગણાતું હોય અને અવકાશ યુગ તરીકે તેની ગણતરી કરવામાં આવતી હોય પણ માનવ પોતાનાથી તો દૂર જ ભાગતો જણાય છે. માણસ જ્યારે પોતાને સમજતો થશે ત્યારે વિજ્ઞાનની શક્તિનો પણ સરસ સદ્ઉપયોગ કરી શકાશે. માણસ પોતાના નિજ સ્વરૂપને ન જાણે ત્યાં સુધી તે સુખશાંતિથી પરમ અવસ્થાને પ્રાપ્ત કરી શકશે નહીં તેનો અહીં ઈશારો કરવામાં આવ્યો છે.

૩. 'અધર' એટલે આધાર વગર. આપણે અગમ્ય ને અજાણ્યા પ્રદેશમાં જવું હોય તો સૌ પ્રથમ કોઈ જાણકારને શોધીએ છીએ અને તેની પાસેથી મળેલી માહિતીને આધારે આપણે જવાની તૈયારી કરીએ છીએ. પરંતુ માણસના શરીરમાં રહેલ આત્મશક્તિ તો સર્વ સમર્થ ગણાય છે. તે શક્તિ જ્યાં સુધી સુષુપ્ત અવસ્થામાં હોય ત્યાં સુધી તેની શક્તિની અપારતાનો કોઈને ખ્યાલ આવતો નથી. તે શક્તિ જાગે તો તે શરીરના તમામ અગમ્ય પ્રદેશોમાં પણ પોતાનું કામણ પાથરે છે. પોતાના સામર્થ્યનો તે પરિચય આપ્યા કરે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જે મહાન ભાગ્યશાળી જીવ હોય તેને જ માનવ શરીર મળે છે તેથી ખૂબ સમજી વિચારીને તેનો ઉપયોગ કરવો જોઈએ. – ટેક

કારણ કે શરીરમાં જ તો પ્રભુ પોતે રહે છે કે જે જીભ વિના સતત મધુર ગીતો ગાયા કરે છે, પગ વિના અગમ્ય પ્રદેશોમાં વિચરણ કરી શકે છે, હાથ વગર પ્રેમની વાંસળી કાયમ વગાડ્યા કરે છે અને આંખ વિના જ સમસ્ત બ્રહ્માંડને જોયા કરે છે ! - ૧

તેને કોઈ મારી શકતું નથી છતાં તે મરી જાય છે એવું માનવામાં આવે છે ! તેને કોઈ બાળી શકતું નથી છતાં તે બળીને ભસ્મ થાય છે એવું ગણવામાં આવે છે ! જો માંગ્યા વિના તે વસ્તુ આપી દે તો માનવું કે તે જીવ પૂર્ણતા પામ્યો છે અને જિંદગીની બાજી જીતી ગયો છે. – ૨

દીવા વિના જ તેના ધામમાં અખંડ જ્યોતિ સળગ્યા કરે છે ! તેને પાપ પુણ્ય સ્પર્શ કરી શકે નહીં ! ત્યાં નથી સૂર્ય કે ચંદ્ર કે નથી આદિ ને અંત ! તે ધામમાં પહોંચી કબીર તો ખૂબ આનંદમાં વસંતનાં ગીતો ગાયા કરે છે. – ૩

********************

૪. 'બેન' એટલે વાંસળી. તે શક્તિ જાગૃત થાય પછી પ્રેમની વાંસળી વગાડીને જીવને નિત્ય આકર્ષે છે. શક્તિ પોતે પ્રેમમય છે તેથી જીવ પાસે તે પ્રેમની જ અપેક્ષા રાખે છે. શ્વાસોશ્વાસ દ્વારા તેની વાંસળી સાંભળી શકાય છે અને મસ્તીનો અનુભવ જીવ માણી શકે છે.

૫. શરીરમાં રહેલ તે શક્તિનો સ્વામી આત્મદેવ તો અમર છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :

આત્મા ના જન્મે મરે, હણે નહીં, ન હણાય
નિત્ય સનાતન છે કહ્યો, અનાદિ તેમ સદાય (સરળ ગીતા, અધ્યાય-૨/૨૦)

વળી વધારે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે :

શસ્ત્રોથી છેદાય ના, અગ્નિથી ન બળે
સૂકાયે ના વાયુથી, જલથી ન પલળે

છતાં પાર્થિવ પદાર્થોની પ્રાપ્તિની ઝંખનામાં પડેલા અજ્ઞાની લોકો તે મરે છે ને સ્મશાનમાં બળીને ભસ્મ થઈ જાય છે એવું માને છે તેથી દુઃખી થાય છે.

૬. તે સ્વામીનું ધામ સ્વયં પ્રકાશિત હોય એમ લાગે છે. સ્થૂળ જગતનાં ચંદ્ર સૂર્યની ત્યાં આવશ્યકતા પડતી નથી કારણ કે સ્વામી આત્મદેવના પ્રકાશથી જ બધું પ્રકાશિત રહે છે. કઠોપનિષદ્‌માં એ જ પ્રમાણે કહ્યું છે. ભગવદ્‌ગીતામાં પણ ઉપનિષદ્‌ના શબ્દોમાં જ વર્ણન કર્યું છે :

ન તદ્ ભાસતયને સૂર્યો ન શંશાકો ન પાવકઃ ।
યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્‌ધામ પરમં મમ ॥

અર્થાત્ તેને સૂર્ય, ચંદ્ર કે કોઈ પણ અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી કારણ કે તે ધામ સ્વયં પ્રકાશિત જ છે. તે ધામમાં જનારને જન્મ ધારણ કરીને આ ધરતી પર પાછું આવવું પડતું નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૬ : જા કે બારહ માસ વસંત હોય

નાદબ્રહ્મ પદ-૪૫૨, પૃષ્ઠ-૨૩૬, રાગ-વસંત
(સંદર્ભ : બીજક-વસંત પ્રકરણ – જુઓ 'કબીર પદ સુધા' પૃષ્ઠ-૬૨)

જા કે બારહ[૧] માસ વસંત હોય, તા કે પરમારથ બૂઝે બિરલા કોય - ટેક

બરિસે અગનિ અખંડ ધાર, હરિપર, ભૌ બન અઠારહ[૨] ભાર
પનિયા આદર ધરિન લોય, પવન[૩] ગહૈં કસ મલિન ધોય - ૧

બિનુ[૪] તરિવાર ફૂલે આકાશ, સિવ બિરંચિ તહાં લેહિ બાસ
સનકાદિક[૫] ભૂલે ભંવર બોય, લખ ચૌરાસી[૬] જોઈનિ જોય - ૨

જો તો હિ સતગુરૂ સત્ત લખાવ, તાતે ન છૂટે ચરન ભાવ
અમરલોક[૭] ફલ લાવૈ ચાવ, કહંહિ કબીર બૂઝૈ સો પાવ - ૩

********************

૧. "બારહ માસ બસંત" શબ્દો સૌનું ધ્યાન ખેંચે છે. કુદરતી રીતે આવતી વસંત ઋતુ તો બે મહિના પુરતી જ હોય છે. ચૈત્ર ને વૈશાખ એ બે મહિના વસંતના ગણાય. પણ કબીર સાહેબ તો બારે માસ વસંતની વાત કરે છે. બારે માસ એટલે તો આખું વરસ. મતલબ કે નિત્ય વસંત. વસંત ઋતુ આનંદનો ભાવ દર્શાવે છે. હંમેશા પરમાનંદની દશાનું તે દ્વારા સૂચન થાય છે. તેવી દશાનો અનુભવ કરનાર પણ કરોડોમાં એક ને તેને સમજી શકનારા પણ કરોડોમાં એક, સામાન્ય માણસને તે ઉત્તમ સ્થિતિનો ખ્યાલ કેવી રીત આવી શકે ?

૨. "અઠારહ ભાર" શબ્દો પરમ આનંદના દ્યોતક છે. કુદરતી રીતે ચૈત્ર મહિનામાં તાપ પુષ્કળ પડતો હોય છે. ત્યારે વનસ્પતિ તાપમાં તો બળી જવી જોઈએ તેને બદલે સર્વ પ્રકારની વનસ્પતિ વસંત ઋતુમાં લીલીછમ થઈ જાય છે. તેવી જ રીતે સાધકના હૃદયરૂપી વનમાં જ્ઞાનરૂપી અગ્નિ વરસે ત્યારે પરમ આનંદની હરિયાળી છવાઈ જાય છે. તે પરમ આનંદનું માપ "ભાર" શબ્દ દ્વારા વ્યક્ત થાય છે. એક ભાર ૧,૦૭,૭૬,૦૦૦ પ્રકારની વનસ્પતિઓ. એવા અઢાર ભાર એટલે ૧,૮૧,૪૨,૬૮,૦૦૦ પ્રકારની વનસ્પતિઓ. દરેક વનસ્પતિ પર વસંત ઋતુનો પ્રભાવ એ રીતે પથરાઈ જાય છે. સાધકના રોમરોમમાં જ્ઞાનનો ઉદય પછી પરમ આનંદ છવાયેલો રહે છે તે દર્શાવવાં "અઠારહ ભાર" શબ્દનો પ્રયોગ કર્યો છે.

૩. "પવન ગહૈ" શબ્દ હઠયોગની પ્રક્રિયાનું લાક્ષણિક સૂચન કરે છે. હઠયોગી પ્રાણાયામ કરે ને પૂરક કરે ત્યારે તે શ્વાસને અંદર લે છે. કહેવાય છે કે બ્રહ્મરંધ્ર સુધી શ્વાસને અંદર ખેંચે છે. તે સ્થિતિમાં તેને શ્વાસ રોકે ત્યારે પ્રકાશનું દર્શન થતું હોય છે. તે પ્રકાશનાં દર્શનથી તે બ્રહ્મનું દર્શન થયું એવું ભૂલથી માની લેતો હોય છે. અને તે કાલ્પનિક સુખમાં ડૂબી જતો હોય છે. ખરેખર તે બ્રહ્મનું દર્શન નથી. તે તો આભાસી દર્શન ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જેના હૃદયમાં બારે માસ વસંતનો પરમાનંદ છલકાતો હોય તેવી ઉત્તમ સ્થિતિનો ખ્યાલ કોઈ વિરલ પુરૂષને જ હોય શકે ! - ટેક

તે સમયે અગ્નિની સતત ધારા વરસતી હોય છે અને આખું ય વન નવાં પાંદડાઓથી લીલુંછમ બની જતું હોય છે. ગરમીને કારણે લોકો પાણી ધરીને પ્રથમ સત્કાર કરતા હોય છે અને પંખા વડે પવન પણ ખાતા હોય છે. પરંતુ પસીનાથી મેલું બનેલું શરીર કેવી રીતે ધોઈ શકાય ? - ૧

વૃક્ષો વિના પણ જાણે આકાશ ફૂલોથી છવાઈ ગયેલું હોય છે અને શિવ તેમજ બ્રહ્મા જેવા દેવો પણ તેની સુગંધ માણતા હોય છે. સનકાદિક જેવા ઋષિઓ પણ તેની સુગંધથી ભૂલા પડે છે. એટલું જ નહીં પણ ચોર્યાસી લાખ યોનિમાં સૌ થાપ ખાય ગયા છે. – ૨

કબીર કહે છે કે હે જીવ, જો સતગુરૂ તને સત્ય સ્વરૂપનું જ્ઞાન આપે તો તેમના ચરણ કમળની ભક્તિ તારે કદી ન વિસરવી જોઈએ ! આત્મ સ્વરૂપ જ અમર લોક છે અને તેમાં મનને સ્થિર કરવું તે જ તેનું ફળ છે, એવું સમજશે તો ઉત્તમ સ્થિતિ પામશે. – ૩

********************

૪. "બિનુ તરિવર ફૂલે આકાશ" શબ્દોમાં કાલ્પનિક સુખને દર્શાવ્યું છે.

૫. શિવ, બ્રહ્મા ને સનકાદિક ઋષિઓ પણ તેવા કાલ્પનિક સુખમાં ડૂબી ગયેલા. પોતાના સત્ય સ્વરૂપનાં દર્શન કરવાને બદલે તેઓ પણ ભ્રમિત થયેલા. જ્યાં સુધી નિજ સ્વરૂપનાં દર્શન ન થાય ત્યાં સુધી નિત્ય વસંતનો અનુભવ ન થાય. નિત્ય વસંતનો જે અનુભવ કરે છે તેનું કદી પતન થતું પણ નથી. કબીરવાણીમાં શિવ, બ્રહ્મા ને સનકાદિક ઋષિઓનો ઉલ્લેખ વારંવાર આવે છે. તેઓ પોતાના સ્વરૂપને પામ્યા નહોતા એવું કહેવા માટે કબીરસાહેબ ઉલ્લેખ કરતા નથી. તેઓ તપશ્ચર્યા કરીને ઉત્તમ પદને તો પામેલા પણ શરૂઆતમાં તેઓ પણ પતનને પામેલા. તેઓ પણ આભાસી સુખની પાછળ પડેલા. તેઓ વિષે પુરાણોમાં જુદી જુદી વાતો પણ પ્રચલિત છે.

૬. ચોર્યાસી લાખની યોનિઓની ગણતરી આ પ્રમાણે કરવામાં આવે છે :

૨૭,૦૦,૦૦૦ – કૃમિ કીટાદિ, નાના નાના જંતુઓ અને પશુઓ
૧૪,૦૦,૦૦૦ – તમામ પ્રકારના નાના-મોટા પક્ષીઓ
૯,૦૦,૦૦૦ – પાણીમાં રહેનારા જીવો
૩૦,૦૦,૦૦૦ – ઉદ્‌ભિજ
૪,૦૦,૦૦૦ – વિભિન્ન મનુષ્યો
..................................
૮૪,૦૦,૦૦૦

૭. 'અમરલોક' એટલે મોક્ષનું ધામ. સત્ય સ્વરૂપનું દર્શન કર્યા પછી અમરલોકની પ્રાપ્તિ થાય. સત્ય સ્વરૂપનાં દર્શન સદ્‌ગુરૂના શરણમાં આવ્યા પછી તેમની કૃપાથી જ થઈ શકે. અમરલોકમાં નિત્ય વસંત હોય છે. ત્યાં પરમાનંદની મસ્તી જ કાયમ હોય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૭ : બનમાલી જાનૈ બન કે આદિ

નાદબ્રહ્મ પદ-૪૫૪, પૃષ્ઠ-૨૩૭, રાગ-વસંત
(સંદર્ભ : 'સબદ' પૃષ્ઠ-૨૩૦ તથા કબીરપંથી શબ્દાવલી પૃષ્ઠ-૬૫૩)

બનમાલી[૧] જાનૈ બન કે આદિ[૨], રામનામ બિન જનમ બાદિ[૩] - ટેક

ફૂલ[૪] જુ ફૂલે ઋત બસંત, જામેં મોહિ રહે સબ જીવ જંત - ૧

ફૂલનિમેં જૈસે રહત બાસ[૫], યૂં ઘટિ ઘટિ ગોવિંદ હૈ નિવાસ - ૨

કહૈ કબીર મનિ[૬] ભયો આનંદ, જગજીવન મિલિયો પરમાનંદ - ૩

********************

૧. નાદબ્રહ્મ પદ-૪૫૪ના પદનું અસલ સ્વરૂપ શોધવા મેં પ્રયાસ કર્યો ત્યારે મને બે જુદાં જુદાં પુસ્તકોમાંથી બે જુદાં જુદાં સ્વરૂપો મળ્યાં. તેમાંથી કયું પદ અસલ હશે તે અંગે વિચારતા મને ઉપર જણાવેલું પદ આધારભૂત લાગ્યું છે. આ અંગે વિશેષ રસ ધરાવતા જીજ્ઞાસુ વાચકે પાછળ આપેલા પરિશિષ્ટ નં-૪ જોઈ લેવું.

૨. સંસાર કેવી રીતે શરૂ થયો હશે ? કોણે શરૂ કર્યો હશે ? વગેરે વિચારો સર્વને રસદાયી જરૂર લાગે. તેથી કબીરસાહેબે તે પ્રશ્ન આ પદમાં ખૂબ જ સાંકેતિક રીતે છેડ્યો છે. પોતાની વાત રજૂ કરવા તેમણે વનનું પ્રતીક પસંદ કર્યું છે. વન જે સુંદર ને સુવ્યવસ્થિત લાગે તે વન અકસ્માતથી થયેલું હશે એમ કેવી રીતે કહી શકાશે ? તેને તૈયાર કરનારો કોઈ માળી તો હશે જ એવું માનવાને કારણ મળે છે. તેના વિકાસમાં, તેના ઉછેર ને પોષણમાં અને તેની અભિવૃદ્ધિમાં સુવ્યવસ્થા ઊડીને આંખે વળગે છે તે વિચાર તેના કાબેલ માળીની પ્રતીતિ કરાવે છે. 'વનમાલી' શબ્દ પ્રયોગથી તે પ્રતીતિ અભિવ્યક્તિ થઈ છે. પરંતુ તેના આદિનો પ્રશ્ન તો કબીરસાહેબે અનુત્તર જ રહેવા દીધો છે. તેના ઉત્તરની જવાબદારી તેના માળી પર જ ઢોળી દઈ કબીરસાહેબે પદને વધારે વ્યંજનાપૂર્ણ બનાવી દીધું છે.

૩. 'બાદિ' બાદ કરવાની પ્રવૃત્તિ. આ જગતમાં ફરીથી જન્મવું ન પડે તે માટેની પ્રવૃત્તિ કરનારને આ સંસારના આદિની પ્રતીતિ થાય છે એવું અહીં આડકતરું સૂચન પણ કરી દેવામાં આવ્યું છે. તેના જે માળી છે તે જ તેના આદિ પણ છે તેનો સ્પષ્ટ ખ્યાલ તેઓને આવી ગયો છે તેથી તેઓ તેના નામનો મહિમા કરે છે. તેના નામમાં અપાર સામર્થ્ય છે. તેના નામો ભલે હજારો હશે પણ તેનું પ્રત્યેક નામ જન્મમરણના ચક્રમાંથી મુક્તિ અપાવી શકે છે તે હકીકત કબીરસાહેબે પણ અહીં રજૂ કરી છે. 'રામનામ' નો સરળ માર્ગ સંતોએ દર્શાવ્યો છે તેની પાછળ નક્કર અનુભવનું પીઠબળ છે તે ધ્વનિ ટેકની પંક્તિમાં ધ્વનિત થાય છે. પ્રારંભ કરનારને નામો હજારો હોવાથી નામ તો મળશે, પણ રામ મળશે જ તેની ખાત્રી શી એવો પ્રશ્ન કદાચ ઉદ્‌ભવે તેથી જીવની મોહજન્ય અવસ્થાનું ચિત્ર તરત જ રજૂ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. જ્યાં સુધી મોહ હશે, ત્યાં સુધી રામ મળશે નહીં, તેથી મોહ રહિત થવા જીવે પ્રયત્નશીલ રહેવું પડશે તેવું સૂચન ને પંક્તિમાં થયું છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ સંસાર રૂપી વનનું રહસ્ય તો કેવળ તેના બનાવનાર પરમાત્માને જ ખબર છે. બાકી એટલી જાણ જરૂર છે કે રામનામ વિના મોક્ષ મળતો નથી. – ટેક

ફૂલોથી ખીલી ઊઠેલાં વસંત ઋતુના બાહ્ય સૌંદર્યમાં જે જીવજંતુઓ મોહી રહ્યાં છે તે સૌને તેના આદિની ખબર ક્યાંથી હોય ! - ૧

બાકી જેમ ફૂલોની અંદર ગૂઢ રીતે સુગંધ રહે છે તેમ ગોવિંદ પ્રભુ પણ સર્વના સ્થૂળ શરીરમાં રહેલા છે તેની પ્રતીતિ વસંત ઋતુ જરૂર કરાવે છે. – ૨

તેથી કબીર કહે છે કે તેવી પ્રતીતિ થતાં મને સમસ્ત જગતના આધાર ગણાતા પરમાનંદ સ્વરૂપ પરમાત્મા મળ્યા ત્યારે મનમાં ખૂબ આનંદ થયો. – ૩

********************

૪. ફૂલ વનમાળીની કલાનું સંદર સર્જન છે. તે આંખને જોતા જ ગમી જાય ને મનને મોહિત કરી દે તેવું અનુપમ સર્જન છે. તે સર્જન દ્વારા વસંત ઋતુની માદકતાનો ખ્યાલ આવે છે. મન બહિર્મુખ રહેશે ત્યાં સુધી તે માદકતાથી મન મોહિત થશે જ. અંતર્મુખ મન તેની સુંદરતાના વખાણ કરશે, પણ મોહિત થશે નહીં. બહિર્મુખ મન સર્જન તરફ આકર્ષાય ને અંતર્મુખ મન સર્જક તરફ આકર્ષાય. તેથી રામને શોધવા મનને તો અંતર્મુખ કરવું જ પડે !

૫. ફૂલ સગુણ ને સાકાર છે જ્યારે તેમાં રહેલી સુગંધ નિર્ગુણ ને નિરાકાર છે. સુગંધ દ્વારા સચરાચરમાં વ્યાપક પરત્માત્મ તત્વને સારી રીતે ઓળખી શકાય. મન અંતર્મુખ બને તો સુગંધના પ્રતીકને સારી રીતે સમજી શકે. નામ સ્મરણથી જોકે મનની ચંચળતા ધીમે ધીમે ઓછી બને જ છે અને મન બહિર્મુખ મટી અંતર્મુખ બનતું જ જાય છે. તેથી નામ સ્મરણ પણ સર્જકનો પરિચય કરાવવામાં ઉપયોગી ગણાય. સુગંધ પોતે નિરાકારને અગોચર તેમ પ્રભુ પોતે પણ નિરાકાર ને અગોચર. બંને અનુભવથી જ ગમ્ય ગણાય. તેવો અનુભવ અંતર્મુખ મન સહેજે કરી શકે.

૬. બહિર્મુખ મન સમસ્યાઓ સર્જે છે. તો અંતર્મુખ મન સમાધાન શોધે છે. સમાધાન કરી તે મન આત્માભિમુખ બને છે. તેથી ક્રમે ક્રમે સુખને શાંતિનો અનુભવ કરી આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરે છે. તેવી સુખદ સ્થિતિમાં મન સ્થિર બની જાય ત્યારે જીવ જાણે કૂદકો મારીને મનસાતીત થઈ જાય છે અને આત્મદર્શન કરી ધન્યતા અનુભવે છે. જે બહાર છે, તે જ ભીતર છે એવી તેની અનુભૂતિથી તે પરમાનંદનો અનુભવ કરે છે. આ રીતે અંતર્મુખ મન સંસારના આદિ સુધી પહોંચી જાય છે અને સર્વજ્ઞ બની આ સંસારને તરી જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૮ : ઘર હિ મેં બાબુલ બાઢિલ રારિ

નાદબ્રહ્મ પદ-૪૬૧, પૃષ્ઠ-૨૪૦, રાગ-વસંત
(સંદર્ભ : બીજક-વસંત પ્રકરણ જુઓ 'કબીર પદ સુધા' પૃષ્ઠ-૭૪)

ઘર હિ મેં[૧] બાબુલ[૨] બાઢિલ રારિ[૩], ઉઠિ ઉઠિ લાગિલિ ચપલ[૪] નારિ
એક બડી જા કે પાંચ હાથ, પાંચો કે પચ્ચીસ હાથ - ટેક

પચ્ચીસ[૫] બતાવૈ ઔર ઔર, ઔર બતાવૈ કઈ એક ઠૌર
અન્તર મધ્યે અન્ત લેઈ, ઝક[૬] ઝોરિ ઝોરા જીવહિં દેઈ - ૧

આપન આપન ચાહૈ ભોગ, કૈસે કુસલ[૭] પરી હૈ જોગ
વિવેક વિચાર ન કરે કોઈ, ખલક તમાસા દેખે લોઈ - ૨

મુખ કારિ હસે રાવ રંક, તાતે ધરે ન પાવૈ એકો અંગ
નિયરે[૮] ન ખોજૈ, બતાવૈ દૂરિ, ચહુદિસિ[૯] બાગુલિ રહલિ પૂરી - ૩

લચ્છ અહેરી એક જીવ, તાતે પુકારે પીવ પીવ
અબકી[૧૦] બાર જો હોય ચુકાવ, કહંહિ કબીર તાકી પૂરી દાવ - ૪

********************

૧. 'ઘરહિમેં' એટલે શરીર રૂપી ઘરમાં જ.

૨. 'બાબુલ' એટલે પિતા અથવા ભાઈ. અવધક્ષેત્રમાં એક બીજાને ભાઈ કે મિત્રના અર્થમાં બાબુલ કહીને બોલાવવાનો રિવાજ છે.

૩. 'રારિ' એટલે ઝઘડો. પ્રત્યેક શરીરમાં કોઈને કોઈ પ્રકારનું ધમસાણ તો ચાલ્યા કરતું હોય છે. કોઈનામાં વધારે તો કોઈનામાં ઓછું. પણ સંઘર્ષ વિના દિવસ પસાર થતો નથી. સદ્-અસદ્ વૃત્તિઓ વચ્ચે કલહનો કોણ અનુભવ નથી કરતું ? અહીં કબીર સાહેબ કવિતાની ભાષામાં તેનું વર્ણન કરે છે.

૪. 'ચપલ નારિ' એટલે ચતુર માયા રૂપી સ્ત્રી. તે અતિશય બળવાન ગણાય છે. તેને સર્વ બાજુથી મદદ મળી રહેતી હોવાથી તેને 'બડી' – મોટી – કહીને નવાજવામાં આવે છે.

૫. તેને પાંચ હાથ હોય છે – પાંચ ઇન્દ્રિયોના. વળી પ્રકૃતિના પચ્ચીસ તત્વો તેના સહકારમાં સતત રહેતા હોવાથી તેને સખીઓ રૂપે અહીં દર્શાવી છે. આ રીતે તેનું સંઘબળ પણ વિશેષ હોવાથી તેને બળવાન પણ કહી છે. મોટો નાનાનું શોષણ કરે તેમ આ બળવાન માયા નિર્બળ જીવને કાયમ દબાણમાં રાખે છે. પ્રકૃતિના પચ્ચીસ તત્વો આ પ્રમાણે ગણાવી શકાય :

પૃથ્વી : હાડ, ચામ, માંસ નસ ને રોમ
પાણી : લાલ, રક્ત, પ્રસ્વેદ, મૂત્ર ને વીર્ય
અગ્નિ : ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા ને મૈથુન
વાયુ : બલકરન, સંકોચન, પસારન, બોલન તથા ધાવન
આકાશ : કામ, ક્રોધ, લોભ, મોહ, ભય

Edited by Ishvarbhai P. Patel (Kapura)

અરે ભાઈ, તારા પોતાના ઘરમાં જ ઝઘડો વધી ગયો છે ! સ્ત્રી ઘણી હોંશિયાર હોવાથી લડ્યા જ કરે છે ! તે ગણાય છે મોટી કારણ કે તેને પાંચ હાથો છે ને પચ્ચીસ પ્રકૃતિના તત્વો રૂપી સાહેલીઓનો તેને પૂરેપૂરો સાથ છે. – ટેક

આ પચ્ચીસ સખીઓ તો જીવને જુદી જુદી જગ્યાએ ઘસડી જાય છે. કેટલીક સ્વર્ગની લાલચ આપે છે તો કેટલીક અંતઃકરણમાં કામના જગાડી જીવનો નાશ કરે છે. વળી કેટલીક તો બળજબરીપૂર્વક જીવને યાતનાઓમાં નાંખી દે છે. – ૨

તમામ ઇન્દ્રિયો તો પોતપોતાનો ભોગ ઈચ્છે છે તેથી કુશળતાનો યોગ જીવને કેવી રીતે સાંપડે ? વિવેકપૂર્વક તો કોઈ વિચારતું જ લાગતું નથી. સંસારમાં બધાં જ આ તમાસો જોઈ રહ્યાં છે ! - ૨

ગરીબ તવંગર સૌ માયાના ખેલનો આનંદ માણતા હોવાથી કોઈ માયાને ઓળખી શકતું નથી. આત્મતત્વને કોઈ શોધતું જ નથી બલકે તે સાવ નજીક હોવાં છતાં તે ખૂબ જ દૂર છે એવું માની બેઠાં છે ! ચારેબાજુથી મૃગજળની માયાજાળ ફેલાયેલી છે. – ૩

જીવ તો એક જ છે પણ તેના શિકાર કરનારાઓ તો લાખ છે ! તેથી જ તો તે રક્ષણ માટે પપીહાની જેમ પિયુ પિયુ કહીને પરમાત્માને પોકાર્યા કરે છે. કબીર કહે છે કે આ વેળાએ સર્વ વાસનાઓ અંતરમાંથી ખતમ કરી દેવામાં આવે તો જીવની બાજીનો દાવ પૂરો થઈ શકે. – ૪

********************

૬. 'ઝક ઝોરિ ઝોરા' શબ્દ પ્રયોગ બળજબરીપૂર્વક કરવામાં આવતા દાબદબાણને વ્યક્ત કરે છે. અહીં માયા ને તેની સહેલીઓ જીવને કાયમ મુશ્કેલીમાં જ રાખે છે ને તેમાં જીવનું જાણે કાંઈ જ ચાલતું ન હોય તેવી પરિસ્થિતિ સરજાય છે તેથી માયા જીવ પર બળજબરી કરે છે એમ કહ્યું.

૭. 'કુસલ' એટલે કુશળતા. કુશળતાનો યોગ એટલે આત્મકલ્યાણ થઈ શકે તેના સંજોગો. જીવ પર માયાની સત્તા ચાલતી હોય તો તેવો યોગ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? વિવેકપૂર્વક વિચારે તો રસ્તો જડે. પ્રભુના શરણમાં જીવ જાય તો તરી જાય. પણ પ્રભુ જ ન યાદ આવતા હોય તો ?

૮. માયા જીવને કાયમ ભ્રમણામાં જ રાખે છે. આત્મા પ્રભુનો પ્રતિનિધિ છે. તે શરીરમાં જ તો રહે છે. છતાં આત્મસ્વરૂપની વિસ્મૃતિ માયા કરાવતી હોવાથી તે દૂર વૈકુંઠમાં રહે છે તેવું તેને ભણાવવામાં આવે છે. તેથી જીવને ત્યાં પહોંચવું અતિ કઠિન લાગે છે.

૯. માયાએ તેવી ભ્રમણાની જાળ ચારે બાજુથી ફેલાવેલી હોય છે તેથી જીવનું કાંઈ ઊપજતું નથી.

૧૦. જો આ જન્મમાં જીવ પરમાત્માના શરણમાં ચાલ્યો જાય તો વાસનાઓનો ક્ષય કરી જીવ પોતાનું દેવું ચૂકવી શકે. વાસનાનો અંત એટલે જ જન્મસ્મરણનો અંત. જીવ પોતાનો દાવ પૂરો કરી શકે તેવી સ્થિતિ નિર્માણ થઈ શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૩૯ : જહાં સુરતિ સુહાગનિ ખેલે ફાગ

નાદબ્રહ્મ પદ-૪૬૫, પૃષ્ઠ-૨૪૨, રાગ-વસંત
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૬૫૨/૪)

જહાં[૧] સુરતિ સુહાગનિ[૨] ખેલે ફાગ, પારબ્રહ્મ તહાં કરે રાગ - ટેક

અનહદ મુરલી બાજે તૂર, બિન રસના સુર ઉઠત પૂર
ધ્વનિ સુની શીતલ ભયો ગાત, સરવન રુચત નહીં અરુ બાત - ૧

લૌકર[૩] ભૂષન પહરૈ અંગ, સીલકો સિંદૂર દિયો હૈ મંગ
લખિ દર્પન સતગુરૂકે બૈન, જ્ઞાનકો અંજને દિયો હૈ નૈન - ૨

લોકલાજ સબ ડારિ દીન્હ, પ્રેમ છાડિ ગાહ હાથિ લીન્હ
સુમતિ સખીકો કિયો સંગ, રચ્યો ખેલ જહાં વિવિધ રંગ - ૩

ઘેરિ[૪] ધારિ જબ હોરી કીન્હ, બ્રહ્મ અગનિ જહાં લેસ દીન્હ
સબ જરિ ગઈ ઉડાની ધૂરિ, બ્રહ્મ નિરંતર રહ્યો પૂરિ - ૪

ગગનિ[૫] ગલી જહાં મગન ખ્યાલ, તહાં લખિ પાયો અલખ[૬] લાલ
હિલિ મિલિ કૈસ કિન્હો વિલાસ, જનમ જનમકી મિટિ આસ - ૫

રસાતલ[૭] ભૂતલ અરુ અકાસ, પ્રેમ સુગંધકી ફૈલી બાસ[૮]
કહૈ કબીર મોહિ ભાવૈ સંત, જો યા બિધિ ખેલૈ રિતુ બસંત - ૬

********************

૧. 'જહાં' શબ્દ ચોક્કસ જગ્યાનો નિર્દેશ કરે છે. જે બ્રહ્માંડમાં છે તે જ પિંડમાં છે. એટલે કે આ પિંડ જ બ્રહ્માંડના જેવું છે. પિંડને સમજવા માટે બે ભાગ પાડવામાં આવે છે. બે ભ્રમરોની વચ્ચે ત્રિકુટીનું સ્થાન ગણાય. આ ત્રિકુટીની નીચે ઠેઠ પગની પાની સુધી પિંડ ગણાય અને ત્રિકુટી ઉપર ઠેઠ બ્રહ્મરંધ્ર સુધી બ્રહ્માંડ ગણાય. પિંડમાં છ શક્તિના ચક્રો આવેલા છે : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણીપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા. તેવી જ રીતે બ્રહ્માંડમાં છ શક્તિનાં ચક્રો આ પ્રમાણે આવેલા છે : સહસ્ત્રાર, બ્રહ્મ, પારબ્રહ્મ, શૂન્ય, મહાશૂન્ય, ભ્રમરગુફા. આ ભ્રમરગુફાને દશમદ્વાર પણ કહે છે. યોગીઓ માને છે કે પિંડના મૂલાધાર ચક્રમાં શક્તિ સૂતેલી અવસ્થમાં રહે છે. તે જાગૃત બને ત્યારે તમામ ચક્રોને વીંધતી ઉપર આવે છે. તે અજ્ઞાચક્ર સુધી આવે ત્યાં સુધી યોગીનું પતન થવાની સંભાવના રહે છે. પરંતુ તે શક્તિ જ્યારે પિંડને વટાવી બ્રહ્માંડમાં પ્રવેશે ત્યારે પતનની સંભાવના રહેતી નથી. ત્રિકુટી પછી જ યોગી અમરપથનો યાત્રી બને છે. અહીં ફાગ રમવાની વાત કરી કબીર સાહેબે ત્રિકુટીની ઉપરના બ્રહ્માંડના પ્રથમ ચક્રમાં એટલે સહસ્ત્રાર ચક્રમાં શક્તિના પ્રવેશનું સૂચન કરી દીધું ગણાય. કારણ કે પ્રથમ ટૂંકમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે સહસ્ત્રાર ચક્રને બંધબેસતું છે. કબીરસાહેબે એક પદમાં તેનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

"ઘંટા સંખ સુનો ધુન દોઈ સહસ્ત્ર કંવલ દલ ઝગમગ હોઈ"

અર્થાત્ સહસ્ત્ર દલના કમળમાં પ્રકાશ ઝગમગતો હોય છે અને ત્યાં ઘંટ તથા શંખનો બંને પ્રકારનો ધ્વનિ સંભળાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

પ્રભુ પ્રેમમાં ઘેલી બનેલી મારી ચિત્તવૃતિ જે ફાગ ખેલી રહી છે તે પ્રભુને પણ ખૂબ પસંદ પડે છે. – ટેક

ત્યાં તો પ્રેમની વાંસળીનાં સૂર ને અનાહત નાદનો ધ્વનિ સતત ગુંજે છે, ત્યાં જીભ વગર દિવ્ય સૂરના પૂર ઉમટ્યા જ કરે છે. તે સાંભળતા જ શરીરનાં તમામ દુઃખો શાંત બની જાય છે અને પછી તો અન્ય સાંભળવું ગમતું પણ નથી. – ૧

સાત્વિક્તાના આભૂષણો અંગો પર જલદી જલદી ધારણ કરી, સદ્‌ગુરુની વાણીનાં દર્પણમાં જોઈને માથે સત્ ચરિત્રનાં સૌભાગ્યનું સિંદૂર પૂરી, જ્ઞાન રૂપી અંજન આંખે આંજીને મારી સુરતા ફાગ ખેલી રહી છે. – ૨

લોકલાજથી પર થઈ પ્રેમપૂર્વક સર્વનો ત્યાગ કર્યો ને પછી જ સુમતિ રૂપી સખીનો સાથ લઇ વવિધ પ્રકારના રંગોથી આ ફાગ ખેલવાની મેં ગોઠવણી કરી છે. – ૩

જ્યારે ચારે તરફથી ઘેરી લઈને હોળી ખેલવા લાગી ત્યારે એવી તો બ્રહ્મ અગ્નિ પ્રગટી કે સર્વ પાપો બળીને ભસ્મ થઈ ગયાં ને મને સતત બ્રહ્મનું દર્શન થવા લાગ્યું. – ૪

તેમાં મગ્ન થઈ જઈને મેં તો ગગન મંડળની અન્ય ગલીઓને પસાર કરી દીધી ત્યારે મને અલખ પ્રભુની પ્રાપ્તિ થઈ. તેની સાથે અરસપરસ પ્રેમક્રીડા કરી ત્યારે મારી જન્મોજન્મની આશાનો અંત આવી ગયો. – ૫

પૃથ્વી, પાતાળ અને આકાશમાં બધે જ પ્રેમના સુગંધની દિવ્યતા પ્રસરી ગઈ. કબીર કહે છે કે જે સંત આવી રીતે વસંત ઋતુનો આનંદ માણે છે તે મને અત્યંત પ્રિય છે. – ૬

********************

૨. 'સુહાગનિ' શબ્દ ચિત્તવૃત્તિ પ્રભુને વરી ચૂકે છે તે અવસ્થા દર્શાવે છે.

૩. 'લૌકર' શબ્દ મરાઠી ભાષાનો ગણાય. જલદી જલદી નો ભાવ વ્યક્ત કરવા તે વપરાય છે. કબીરવાણીમાં અનેક પ્રાંતોના કે ભાષાના શબ્દો મળે છે તેથી કબીરસાહેબ ભ્રમણશીલ હતા તે પૂરવાર થાય છે.

૪. 'ઘેરી ઘોરી' એટલે ફરતેથી ઘેરીને. મતલબ કે ચિત્તવૃતિ હવે સંપૂર્ણપણે પ્રભુમાં જ નિમગ્ન રહેવા લાગી.

૫. 'ગગનિગલી' એટલે ગગનમંડળનાં ચક્રો. બ્રહ્માંડનાં ચક્રો તે જ ગગન મંડળનાં ચક્રો. શક્તિ સૌને વીંધતી ઉપર પહોંચી ગઈ.

૬. જ્યાં 'અલખલાલ' એટલે સૃષ્ટિના કર્તા પરમાત્મા રહે છે ત્યાં પહોંચી ગઈ અને દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો. બધાં ચક્રો પૂરા થાય પછી સતલોકનો પ્રદેશ આવે છે અને તેમાં 'અલખલાલ' રહે છે.

૭. 'રસાતલ' એટલે પાતાળ. ભૂતલ એટલે ત્રિકુટીનું સ્થાન. તેનાથી નીચેનો પગ સુધીના ભાગને રસાતલ કહેવાય. ભૂતલની ઉપરના ભાગને આકાશ. આકાશ એટલે જ ગગન મંડળ. પ્રભુનાં દર્શન પછી શરીર પણ દિવ્ય બની જાય છે તેનું આડકતરું સૂચન થયું છે.

૮. 'બાસ' એટલે અહીં સર્વ સ્થળોમાં – બાસ – વાસ – સ્થળ.

Edited by Ishwarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૦ : અઘટ વસંત ઘટત નહિ કબહૂં

નાદબ્રહ્મ પદ-૪૭૯, પૃષ્ઠ-૨૪૯, રાગ-વસંત

અઘટ[૧] વસંત ઘટત નહિ કબહૂં, અવિનાશી[૨] હૈ જ્યાંહી
ડાલ[૩] ન મૂલ પત્ર નહિ છાયા, ભ્રમર[૪] વિલંબયો ત્યાંહી - ટેક

જલ[૫] વિના કૂપ ભોમ વિના વાડી, અરધ[૬] ઉરધ બિચ ક્યારી
યહાં[૭] કે ફૂલ લઇ વહાં વધાવે, સો માલની[૮] પિયુ પ્યારી - ૧

પાંચ[૯] વૃક્ષ ઉંઘે તે સૂધે, પાપ[૧૦] વાસના જાગી
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી - ૨

હોય સન્મુખ માલની પહિરાવેને, બાસ બાસ મન[૧૧] ધીર
શૂન[૧૨] શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર - ૩

********************

૧. 'અઘટ' એટલે કાયમી. જે ઘટતી જ નથી, જે બનતી જ નથી, જે જન્મતી જ નથી તેવી વસંત. જે જન્મે છે તે મરે છે. જે ઘટે છે તેનો અંત નિશ્ચિત હોય છે. કોઈ ચાહે કે ન ચાહે તો પણ તેનો નાશ થાય જ છે. કુદરતમાં આવતી વસંત ઋતું ઘટિત થતી હોવાથી તેનો બે માસમાં જ અંત આવે છે. તે વસંત ઋતુની વાત અહીં નથી. અહીં તો જે નિત્ય વસંત છે તેની જ વાત કબીર સાહેબ કરી રહ્યા છે. એકવાર તે વસંત ઋતુ આવે પછી તેનો કદી અંત થતો નથી તેવી કાયમી વસંતનું અહીં વર્ણન છે.

૨. અહીં 'અવિનાશી' શબ્દ દ્વારા કબીરસાહેબ આત્મતત્વનો ઉલ્લેખ કરી રહ્યા છે. વૈકુંઠધામ કે કૈલાસ ધામની અહીં વાત જણાતી નથી. કારણ કે છેલ્લી પંક્તિમાં તેનો ઘટસ્ફોટ થઈ જાય છે. છેલ્લી પંક્તિમાં 'ગઢ' શબ્દ શરીરનો નિર્દેશ કરે છે. આ શરીર રૂપી કિલ્લામાં શક્તિનાં ચક્રો આવેલાં છે. તેમાં જે શૂન્ય ચક્ર છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. તેથી અવિનાશી અહીં આત્માને કહ્યો છે તેમ સમજવું.

૩. કુદરતી રીતે આવતી વસંત ઋતુમાં વૃક્ષોને નવાં પાંદડાંઓ આવી જાય એટલે સહેજે તેની નીચે છાયા તો હોવાની જ. અહીં નિત્ય વસંતમાં વૃક્ષો છે પણ તેને મૂળ જ નથી એટલે તેને ડાળ પાન તો હોય જ ક્યાંથી ? તેને પાનખરની અસર થાય જ કેવી રીતે ?

૪. મન રૂપી ભ્રમર વિલંબ્યો એટલે રહી પડ્યો. આત્મદર્શન થયા પછી તેવા મનને સંસારમાં રસ રહેતો જ નથી તેથી તેવું મન સંસારથી અલિપ્ત જ બનીને આત્મામાં લીન રહે. તે જ જીવનમુક્ત દશા. તે જ મોક્ષની ઉત્તમ સ્થિતિ.

૫. કબીરવાણીમાં નિત્ય વસંતનું વર્ણન ઘણી જ જગ્યાએ પ્રાપ્ત થાય છે. અવિનાશી પ્રભુનું ત્યાં મિલન થતું હોવાથી ત્યાંનો આનંદ વૈભવ શાશ્વત હોય છે. તે ધામને જ જીવે પોતાનું ધામ માનવું જોઈએ. કબીર સાહેબ એક પદમાં કહે છે :

તું સૂરત નૈન નિહાર, અંડ કે પાર હૈ
તૂ હિરદે સોચ બિચાર, યહ દેશ હમારા હૈ

અર્થાત્ હે જીવ, તું પ્રભુના સ્વરૂપને આંખો ભરી ભરીને જોઈ લે. એ તેને લાગશે શરીરની બહાર, પણ ખરેખર તે તારી અંદર જ તારું જ પોતાનું સ્વરૂપ છે. ત્યાં સૂર્ય, ચંદ્ર, દિવસ, રાત, રંગ ને જાતીભેદ કશું જ હોતું નથી. ઉપનિષદ્ પણ એવું જ કહે છે :

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જ્યાં અવિનાશી આત્મા રહે છે તે ધામમાં નિત્ય વસંત ખીલેલી રહે છે. ત્યાં તો વૃક્ષો ડાળ, મૂળ, પાંદડા ને છાયા વિનાના જ હોય છે. ત્યાં પહોંચી જઈ મારો મનરૂપી ભમરો ત્યાં જ રોકાઈ ગયો. – ટેક

ત્યાં પાણી વિનાના કૂવાઓ છે અને ધરતી વિના જ વાડી ખીલેલી છે. ત્યાં ઈડા ને પિંગલાની વચમાં આવેલી સુષુમ્ણા નાડીની ક્યારીમાં પ્રાણ સંયમિત થઈ લય પામે છે તે અવસ્થામાં ભગવાનની પ્યારી માયા રૂપી માલણ જીવના પાર્થિવ જગતના કર્મબીજ રૂપી ફૂલને હોમી દે છે. – ૧

તેથી ઇન્દ્રિયો રૂપી પાંચે વૃક્ષો પ્રતિકુળતા છોડી દઈ અનુકુળ બની જાય છે અને શાશ્વત સુખના પુષ્પની તેને વાસના જાગે છે. માયા રૂપી માલણ ચિત્તવૃત્તિની છાબડીમાં રાત દિવસ ખીલેલાં તે પુષ્પોને વીણ્યાં કરે છે. – ૨

સર્વ સ્થળે ને કાળે મન સ્થિર રહેતું હોવાથી તે માયા રૂપી માલણ જીવને પ્રભુદર્શનની વિજયમાળા પહેરાવી દે છે. દાસ કબીર કહે છે કે તેવી સ્થિતિમાં જીવનો મુકામ શરીરરૂપી ગઢ પર આવેલા શૂન્ય નામના શિખર પર હોય છે. – ૩

********************

ન તત્રો સોર્યો ભાતિ ન્ ચંદ્ર તારકં ।
નેમા વિદ્યુંતો ભાન્તિ કુતોડયમગ્નિ ॥

ગીતામાં પણ તેવા જ શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે :

સુખ ને દુઃખ સમા બધાં દ્વંદ્વ થકી પર છે
જ્ઞાની તેવા પામતા અવિનાશી પદને
અગ્નિ, સૂરજ, ચંદ્રના તેને તેજ ધરે
જન્મમરણથી મુક્ત તે મારું ધામ ખરે (સરળ ગીતા અ-૧૫)

૬. 'અરધ ઉરધ બિચ' એટલે ઈડા ને પિંગલાની વચ્ચેની સુષુમ્ણા નાડી. તેમાં પ્રાણનો લય થાય ત્યારે મનનો નિરોધ પણ આપોઆપ થઈ જાય. તેવું મન ઉન્મન કહેવાય.

૭. કર્મસંસ્કારો રૂપી ફૂલ. 'યહાં' શબ્દ પાર્થિવ દશા સૂચવે અને 'વહાં' શબ્દ લય દશાને સૂચવે. પ્રાણ ને મનનો લય થયા પછી જે જ્ઞાનની જ્યોતિ પ્રગટે તેમાં તે સંસ્કારો ભસ્મીભૂત થાય.

૮. માયા રૂપી માલણ તે પરમાત્માની અર્ધાંગના ગણાય. 'દૈવીહિ એષાગુણમયી મમ માયા દુરત્યયા' એ શ્રીકૃષ્ણનું વચન અહીં યાદ કરવાથી રૂપક વિશદ બનશે.

૯. પાંચ કર્મેન્દ્રિયો સાધનાની શરૂઆતમાં સાધકને માથાવતી હોય છે. બિલકુલ સાથ આપતી નથી હોતી. તે લય અવસ્થા પછી અનૂકૂળ બની જાય છે. માયા પોતે જ દાસી બનીને સેવા કરતી થઈ જાય છે.

૧૦. 'પાપ' ને બદલે 'પોપ' શબ્દ વાંચવો. પોપ શબ્દ પુષ્પનું અપભ્રંશ રૂપ ગણાય. પુષ્પમાંથી પુહુપ થયું ને પછી પોપ શબ્દ બનો.

૧૧. બાસ શબ્દ વાસ-સ્થળના અર્થમાં સમજવો. સર્વ સ્થળે ને સમયે મન સ્થિર રહે તે ઉત્તમ સ્થિતિનો અહીં ઉલ્લેખ છે.

૧૨. 'શૂન શિખર' એટલે મહાશૂન્ય ચક્ર. મન અમન બની જાય પછી અહંકાર નામશેષ થઈ જતો હોવાથી અવિનાશી પ્રભુનું મિલન થાય તે પરમ અવસ્થા 'શૂન શિખર' શબ્દો દ્વારા વ્યક્ત કરી છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૧ : મિલ ખેલો વિમલ બસંત

નાદબ્રહ્મ પદ-૪૯૭, પૃષ્ઠ-૨૫૮, રાગ-વસંત ધનાશ્રી
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૭૦૦/૪૮)

મિલ[૧] ખેલો વિમલ[૨] બસંત પ્યારે કંઠ સૌ
ખોલ અંધારી[૩] કોઠરી, મિલ બૈઠો મહેલ એકંત - ટેક

ગગન મંડલ દીપક[૪] ધરે, મહલ કરો ઉજિયાર
છેલ છબીલે કબ મિલો, મેરે જીવન પ્રાન આધાર - ૧

ગંગા[૫] જમુન કે અંતરે, ચંદ્ર સૂર કે બીચ
અર્ધ ઉર્ધકે મધ્યમેં, જહાં મચી અગરજા કીચ - ૨

બિન પગ નિરત[૬] હોત હૈ, બિન કર બાજે તાલ
બિન નૈનન છબિ દેખિયે, બિના સરવન ઝનકાર - ૩

જહાં સુરંગ[૭] રંગ રહો, હિલ મિલ એક હિ ઠાંવ
ધર્મનિ ભેટે ભાવસોં, ગુરૂ[૮] પાયે અપને નાવ - ૪

********************

૧. સ્વામી યુંગ્લાનંદ વિહારી સંપાદિત "કબીરપંથી શબ્દાવલી"માં બે સરખાં પદો મળ્યાં તેમનું આ એક પદ અહીં સમજાવ્યું છે. બીજું પદ પરિશિષ્ટ નં-૫ માં આપ્યું છે. જિજ્ઞાસુ વાચકે તે જોઈ લેવું.

૨. વિમલ એટલે પવિત્ર. મળ વિનાની, દોષ વગરની વસંત. વ્યવહારમાં લોકો વસંતનો આનંદ માણે છે. તે વસંત કુદરતી રીતે માત્ર બે માસ માટે આવે છે. તેવી વસંત દોષવાળી હોય છે. પ્રથમ દોષ તો જેવી વસંત આવે છે તેવી તે જતી પણ રહે છે. તેનું અસ્તિત્વતો કામચલાઉ જ હોય છે. વળી વસંતનો આનંદ માણનારા લોકો પણ કામના ને વાસનાથી રંગાયેલા હોય છે. તેમની રમતમાં તો વેરઝેરના ભાવો પણ ભળેલા હોય છે. તેથી વાસના રહિત મનને બનાવી વસંત ખેલવાની અહીં વાત કરી છે.

૩. અંધારી કોઠરી એટલે મનની અંધારી ઓરડી. મન કામ-ક્રોધ-લોભ આદિ દુર્ભાવોથી સીમામાં બંધાયેલું રહે છે. તે પોતે શક્તિશાળી હોવા છતાં શક્તિ વગરનું હોય તે રીતે બંધનમાં રહે છે. તેવી અવસ્થામાં તેની અંદર પરમાત્માનો પ્રતિનિધિ આત્મા રહે છે તેની જીવને પણ વિસ્મૃતિ થતી હોય છે. ક્યારેક સ્મૃતિ થાય તો વીજળીની માફક ઝબકીને પાછી શાંત પણ બની જતી હોય છે. તે વિસ્મૃતિની અવસ્થા અહીં અંધારી ઓરડીના પ્રતીકથી વ્યક્ત કરી છે. મતલબ કે આત્માની બૌદ્ધિક પ્રતીતિ પણ થવી જરૂરી છે. તો ધીમે ધીમે મનની ઓરડી ઉઘડે. તો જ જીવને અનુભવીને સાંભળવાની ઈચ્છા થાય તેમ જ સદ્‌ગ્રંથોને વાંચીને પરિચય મેળવવાની પણ ઝંખના જાગે. બંધ ઓરડીમાં વિકાસની કોઈ શક્યતા નથી હોતી !

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મન, તારી અજ્ઞાનની અંધારી ઓરડી ઉઘાડ અને શુદ્ધ બની જઈ મહેલના એકાંતમાં પ્રિયતમ સ્વામી એકલા બેઠેલા છે તેની સાથે વસંતનો આનંદ માણી લે ! - ટેક

ગગન મંડળમાં સૌ પ્રથમ જ્ઞાનનો દીવો સળગાવી લે એટલે ભગવાનના મહેલમાં અજવાળું થઈ જશે. મારા જીવનના આધાર પ્રાણ સમાન છેલ છબીલા પ્રિયતમને ક્યારે મળીશ એવી ઇતેજારી જગાડ ! - ૧

જ્યાં ગંગાનાડી ને જમનાનાડી એકમેકને આંતરે ત્યાં, સૂર્યનાડી ને ચંદ્રનાડીની વચમાં અરધ ને ઉરધની જ્યાં સંધિ થાય છે ત્યાં ત્રિકુટીના ધામમાં પ્રાણશક્તિ પ્રવેશ કરશે ત્યારે અનહદ આનંદનો અનુભવ થશે ! - ૨

તેવી અવસ્થામાં પગ વગર જ નૃત્ય થતું જણાશે, હાથ વિના જ તાલ અપાતા હશે, આંખ વગર જ બધું જોઈ શકાશે અને કાન વિના જ દિવ્ય નાદનો ધ્વનિ સંભળાયા કરશે. – ૩

હે મન, તે દૈવી રંગના રંગમાં અરસપરસ રંગાયને સ્થાન પ્રાપ્ત કરી લે ! ધર્મદાસ એવી જ રીતે ભાવથી ભેટ્યો છે અને પોતાના આત્માના સ્વરૂપને પામ્યો છે. – ૪

********************

૪. 'દીપક ધરે' એટલે ગગન મંડળમાં દીવો તો સળગતો જ હોય છે. તેના તેજથી જીવને આગળના પ્રદેશની પ્રતીતિ થયા કરતી હોય છે. કુંડલિની શક્તિ જ્યાં સુધી સૂતેલી હોય ત્યાં સુધી ગગન મંડળના અજવાળાનો ખ્યાલ ન આવે. તે શક્તિ જાગે અને ઉર્ધ્વમુખી થઈને પિંડના છ ચક્રોને ભેદતી ઉપર આવે ત્યારે ગગન મંડળના પ્રકાશનો ખ્યાલ આવે. એટલે ત્યાં સુધીની સાધના કરવી આવશ્યક બની જાય છે. તેવી સાધના વિના દર્શનની ભૂખ કે તરસ જાગે નહીં.

૫. 'ગંગા જમુનાકે અંતરે', 'ચંદ્ર સૂર કે બીચ', 'અરધ ઉરધકી સંધિમેં' એક અવસ્થાનું સૂચન કરનારા શબ્દસમૂહો છે. ઈંડા નાડી ને પિંગલા નાડી તે જ ચંદ્રનાડી ને સૂર્યનાડી તથા ગંગા અને જમુના. અહીં સુષુમ્ણા નાડીમાં પ્રાણશક્તિ નિરુદ્ધ થયા પછી પ્રવેશ કરે છે તે અવસ્થાનું આલેખન થયું છે. આ સુષુમ્ણા નાડી ગંગા-જમુનાનિ વચ્ચે, ચંદ્ર ને સૂર્યની વચ્ચે તથા અર્ધ ને ઉર્ધની મધ્યમાં આવેલી છે. તે સુષુમ્ણા નાડીમાં પ્રાણને મનનો લય થાય તે શુદ્ધ અવસ્થા દર્શાવવાનો અહીં પ્રયત્ન થયો છે.

इडा पिंगलयो मध्ये शून्यं चैवानिलं ग्रसेत | (ह.प्र. ४/४४)

અર્થાત્ શૂન્ય એટલે સુષુમ્ણા નાડીમાં પ્રાણ પ્રવેશે ત્યારે સુષુમ્ણા તે પ્રાણવાયુને ગ્રસી જાય છે એટલે કે પ્રાણને સ્થિર કરી દે છે.

૬. નિરત એટલે નૃત્ય. મનની ઊંચી અવસ્થા થાય એટલે કે મન ઉન્મન બને ત્યારે આનંદની સહજ અવસ્થામાં થતા અનુભવનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્માના પ્રદેશમાં પ્રવેશનારને તેવી અનુભૂતિ થાય છે.

૭. સુરંગ એટેલ દૈવી રંગ. દુન્યવી રંગ કામચલાઉ ગણાય. તે ધોવાય શકે. તે દૂર કરી શકાય પણ જે દૈવી રંગ છે તે સનાતન હોવાથી કાયમનો ગણાય. તેનો નાશ થાય નહીં.

૮. 'ગુરૂ પાયે અપને નાવ' એટલે આત્માએ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી. ગુરૂ શબ્દ દ્વારા આત્મા સમજવો. ઉપનિષદ્‌નું વચન છે કે आत्मा वै गुरुः | આત્મા તે જ ગુરૂ.

* ધર્મનિ એટલે ધર્મદાસ. જેણે કબીરપંથની સ્થાપના કરેલી તે સંત. આ પદ તેમને નામે મળી આવ્યું છે. નાદબ્રહ્મમાં કબીરસાહેબને નામે આ પદ બોલે છે. એટલે આ પદ એ દૃષ્ટિએ વિવાદાસ્પદ ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૨ : કરિ સુમરન સુરંગ

નાદબ્રહ્મ પદ-૪૯૯, પૃષ્ઠ-૨૫૯, રાગ-વસંત ધનાશ્રી
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૨/૪)

કરિ સુમરન સુરંગ હોરી ખેલિયે હો
જ્ઞાન[૧] પિચકારી ધ્યાન[૨] કેસર ભરી, યા વિધિ મનકો લહિયે હો - ટેક

પાંચ[૩] સખી મિલિ ઉઠિ ઉઠિ ધાવે, ઇનકી લુકર બચઈયે હો
કામ ક્રોધ અરુ લોભ મોહ સબ અબીર ગુલાલ ઉડઈયે હો - ૧

બાજત તાલ મૃદંગ ઝાંઝિ ડફ, અનહદ[૪] નાદ બજઈયે હો
સુરતિ નિરતિ[૫] ઔર રાગરાગિની, અનચિત[૬] ચિત સો ગઈયે હો - ૨

ચોવા ચંદન અરુ અગરજા, રસકી કીચ મચઈયે હો
કહૈ કબીર તબ સાધ[૭] કહાવૈ, ગુરૂસે ફગુવા પઈયે હો - ૩

********************

૧. જ્ઞાન સૌ પ્રથમ માહિતીના રૂપમાં પ્રાપ્ત થાય છે. પછી તે માહિતી અનુસાર અમલ થાય ત્યારે તે જ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે. તેને આપણે અનુભવનું જ્ઞાન કહીએ છીએ. આ સૃષ્ટિનો કર્તા કોણ ? આ સૃષ્ટિ કેવી રીતે નિર્માણ પામી ? પ્રકૃતિ એટલે શું ? વગેરે પ્રશ્નો પર વિચાર કરનાર સૌ પ્રથમ માહિતગાર થવા પ્રયત્ન કરશે. પછી તે અનુભવની દુનિયામાં પ્રવેશ કરશે. અનુભવની દુનિયામાં તેને જે અનુભવો થશે તે જ સત્ય જ્ઞાન કહેવાશે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અનુભવી જ્ઞાની પુરૂષ કહેવાય, જ્યારે અર્જુન બિનઅનુભવી. અર્જુન તો સૌ પ્રથમ શ્રીકૃષ્ણના અનુભવોને સાંભળે અને પ્રશ્નો પૂછી માહિતી પ્રાપ્ત કરે છે. પછી તેને જે ભાન થાય છે તે જ્ઞાનનું પ્રથમ સ્વરૂપ ગણાય. ચિંતન, મનન ને નિદિધ્યાસનની પ્રક્રિયા જ્ઞાનની પિચકારી શબ્દો દ્વારા સૂચિત થાય છે એમ સમજવું.

૨. ધ્યાન કોણ કરે ? સ્મરણ કોણ કરે ? શરીરમાં રહેલું મન ધ્યાન ને સ્મરણ કરે તે સમજી શકાશે. સ્મરણ ને ધ્યાન દ્વારા મનને સારી ટેવો પડે છે. મનમાં કામના, વાસના, કામ-ક્રોધ આદિ રહે છે તે વિચારો રૂપે જ. ખરેખર તો તે વિચારો જ છે. એટલે મન વિચારોથી દૂષિત થયેલું હોય છે. તેથી તે અશુદ્ધ ગણાય. તે અશુદ્ધિ ધોવા માટે સ્મરણ ઉત્તમ ઉપાય ગણાય. ધ્યાન તેમાં સહયોગી બનીને મનની પ્રસન્નતા વધારતું જાય છે. મન પ્રસન્ન બને તો પ્રભુચિંતન પણ સારું થઈ શકે. આ રીતે મનમાં ધીમે ધીમે પરિવર્તન આવતું જાય. સ્મરણ ધ્યાન ને જ્ઞાન દ્વારા તેનો ચંચળ સ્વભાવ સદંતર બદલાય જાય છે એટલે કે તે સંયમિત બને છે. કહેવાય છે કે રંગને પાકો કરવા કેસરનો ઉપયોગ થઈ શકે. ધ્યાનથી સ્મરણ પાકું બને. જુદા જુદા વિચારોના કાચા રંગે રંગાયેલું મન પ્રભુ સ્મરણના પાકા રંગે ધોઈ પણ શકાય ને પાકા રંગે રંગી પણ શકાય.

૩. મન રહે છે શરીરમાં પણ તેનો સ્વભાવ છે બહાર ભટકવાનો. સુખ, ચેન, શાંતિ, આનંદ વગેરે બહાર ભટકવાથી જ મળશે એવી આશામાં તે ઇન્દ્રિયોને પણ બહેકાવી દે છે. પરિણામે સૌ ઇન્દ્રિયો પણ વિષયોમાં જ રમમાણ રહે છે. તેથી મન જો કાબૂમાં આવી જાય તો સહેજે તેની સત્તામાં રહેલા ઇન્દ્રિયો, કામક્રોધાદિ દુર્ભાવો પર પણ કાબૂ આવી જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, પ્રભુ સ્મરણના પાકા રંગોનું દ્રાવણ બનાવ અને અંદર ધ્યાન રૂપી કેશર ઘોળ ! ને પછી જ્ઞાન રૂપી પિચકારી ભરીને હોળી ખેલ તો મન તારા હાથમાં જરૂર આવશે. – ટેક

પાંચ ઇન્દ્રિયો રૂપી તારી સખીઓ બહિર્મુખ થઈ ભાગ્યા કરતી હોય છે તેને પણ એની સંગતમાં બચાવી લે ! કામ, ક્રોધ, લોભ ને મોહ જેવા પ્રતિકૂળ બળોને પણ અનૂકૂળ કરી આનંદના અબીલ ગુલાલ ઉડાડ ! - ૧

પછી તો તારા ગગન મંડળમાં મૃદંગ, ઝાંઝ, ડફ જેવા અનેક વિધ વાજિંત્રો વાગવા માંડશે અને અનાહત નાદનું ગુંજન ચાલુ થશે. ચિત્તની વૃત્તિઓને એવી નિવૃત્તિમય બનાવી દે કે ચિત્ત અચિત્ત થઈ જાય અને પ્રભુ મિલનના રાગો ગાવા લાગે ! - ૨

હૃદયના પ્રેમના ચંદનને અગરજા જેવા સુગંધિત પદાર્થોનો ઉપયોગ કરી ત્યાં હરિરસની ધૂમ મચી જવી જોઈએ ! કબીર કહે છે કે જે પ્રભુ સાથે એવી રીતે હોળી ખેલીને પ્રેમનો ફાગ પ્રાપ્ત કરે છે તે જ સાચો સાધુ કહેવાય ! - ૩

*******************

૪. અનહદ નાદ ગમે તેને સંભળાતો નથી. જે પ્રાણ અને મનને સંયમિત કરી શકે તેને એક ચોક્કસ અવસ્થામાં જ સંભળાય છે. શક્તિ ચક્રોને વેધતી ત્રિકુટીમાં આવે ત્યારે પરમ આનંદની અવસ્થામાં તે સંભળાય છે. કબીરસાહેબે તેનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

આંખ, કાન મુખ બંદ કરાઓ, અનહદ ઝિંગા શબ્દ સુનાઓ
દોનો તિલ ઈકતાર મિલાઓ, તબ દેખો ગુલજારા હૈ ('કબીર વચનાવલી' પૃષ્ઠ-૨૨૦)

અર્થાત્ ધ્યાનમાં બેસી બે ભ્રમરોની વચ્ચે આજ્ઞાચક્રમાં મન સ્થિર કરો તો પરમ આનંદનો અનુભવ થતાં અનાહત નાદ સંભળાશે.

૫. પ્રભુસ્મરણ કરનારી ચિત્તવૃત્તિ તે સુરતિ. તેને સર્વથા સંસારના વિચારોમાંથી નિવૃત્ત કરી આત્મલીન કરવામાં આવે તો તે નિરતિ.

૬. બહિર્મુખ મન અંતર્મુખ બને તો તેને એક દિવસ અમન કરી શકાય. ચિત્તને અચિત્ત કે અનચિત કરી શકાય. ચંચળ ચિત્તને બદલે સ્થિર ચિત્ત કરવું તે અનચિત. ચિત્ત આત્મામાં સ્થિર બને એટલે તે શુદ્ધ ને પવિત્ર ગણાય. તેવા પવિત્ર મનનો મહિમા કબીરસાહેબે આ રીતે ગાયો છે :

મન મેરો નિર્મલ ભયો જૈસે ગંગા નીર
પાછે પાછે હરિ ફિરે કહત કબીર કબીર

૭. જે સાધના કરે તે સાધુ. જેને કોઈ સિદ્ધ કરવું હોય તેણે સાધના કરવી જ પડે. મનને અંતર્મુખ કરવું, સ્મરણમાં લીન રહેવું, ધ્યાનમાં મસ્ત બનવું અને સદાયે પરમાત્માનું ચિંતન, મનન ને નિદિધ્યાસન કરવું તેને જ સાધના કહેવાય. સાધના કરનાર એક દિવસ પોતાના સ્વરૂપને પામે એટલે ધન્ય બને. આત્મકલ્યાણના તે કાર્યને જ ફાગ માનવો. તે દ્વારા તેને પરમ સુખની પ્રાપ્તિ થાય તે જ ફાગ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૩ : અબિનાશી દૂલહા કબ મિલિ હૈં

નાદબ્રહ્મ પદ-૫૦૩, પૃષ્ઠ-૨૬૧, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીર વચનાવલી' પૃષ્ઠ ૩૧૪/૧૦૭)

અબિનાશી દૂલહા[૧] કબ મિલિ હૈં, ભક્તનકેં રછપાલ - ટેક

જલ[૨] ઉપજી જલ હી સોં નેહા, રટત પિયાસ પિયાસ
મૈં ઠાડિ બિરહિન[૩] મગ જોઉં, પ્રિયતમ તુમરિ આસ - ૧

છોડે ગેહ નેહ લગિ તુમસોં, ભઈ ચરનન લવલીન
તાલાબેલી હોત ઘટ ભીતર, જૈસે જલબિનુ મીન - ૨

દિવસ રૈન ભૂખ નહિ નિદ્રા ઘર અંગના ન સુહાય[૪]
સૈજરિયાં બૈરિન ભઈ હમકો, જાગત રૈન બિહાય - ૩

હમ તો તુમરિ દાસી સજના તુમ હમરે ભરતાર
દીન દયાલ દયા કરી આઓ, સમરથ સિરજનહાર - ૪

કૈ હમ પ્રાન[૫] તજત હૈ પ્યારે કૈ આપનાકર લેવ
દાસ કબીર વિરહ અતિ બાઢયો, હમકો દરસન દેવ - ૫

********************

૧. 'અબિનાશી દૂલહા' શબ્દો આપણું ધ્યાન ખેંચે છે. સ્થૂળ જગતના પતિની અહીં વાત નથી તે સ્પષ્ટ થઈ જાય છે. કદી પણ જે મૃત્યુ પામતો નથી તેવા પતિની અહીં વાત કરવામાં આવે છે. પરમેશ્વરને પતિ માની પત્નીભાવે જીવની ઉપાસના અહીં દર્શાવી છે.

૨. 'જલ ઉપજી જળ હી સોં નેહા' પંક્તિ "પાની મેં મીન પિયાસી" પ્રસિદ્ધ પદની સ્મૃતિ કરાવે છે. કબીરસાહેબે તે પદમાં આત્માજ્ઞાનનો મહિમા ગાયો છે. અહીં પણ જે પરમેશ્વર શરીરમાં આત્મા રૂપે રહેલા છે તેનો નિર્દેશ એ પંક્તિ દ્વારા થઈ જાય છે. આત્મચૈતન્યથી ભરપૂર શરીરમાં જીવ આત્મચૈતેન્યથી વિમુખ રહે તે દશા એક સાખીમાં પણ સુંદર રીતે વર્ણવી છે :

ચકવી બિછુરી રૈનકી આય મિલી પરભાત
સતગુરુસે જો બિછુરે મિલે દિવસ નહિ રાત

અર્થાત્ રાતે છૂટી પડી ગયેલી ચકવી સવાર થતાં જ પોતાના પ્રિયતમ ચકવાને આવી મળે છે પણ પરમાત્માથી છૂટો પડેલો જીવ રાતે કે દિવસે મળી શકતો નથી. તેને મળવું હોય છે, તેને તાલાવેલી હોય છે, તેને વેદના હોય છે, તેનું દુઃખ કોણ સમજી શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે અવિનાશી પ્રિયતમ પ્રભુ, હે ભક્તના રક્ષણ કરનારા, તમે ક્યારે આવશો ? - ટેક

પાણીમાં પેદા થઈ પાણી સાથે જ સ્નેહ કરું છું છતાં હું તો તરસી મરી રહી છું ! હે પ્રિયતમ, તમારા મિલનની ઝંખનામાં હું વિજોગણ તમારી રાહ જોઈ રહી છું. – ૧

જ્યારથી તમારી સાથે પ્રેમ થઈ ગયો છે ત્યારથી ઘરબાર છોડી હું તો તમારા ચરણોમાં તલ્લીન બની ગઈ છું ! પાણી વિના માછલી તડપે તેમ આ શરીરમાં મારો જીવ તમારા વિના તરફડીયાં મારી રહ્યો છે. – ૨

રાત હોય કે દા'ડો, નથી ભૂખ નથી નિદ્રા ! નથી ઘરમાં ચેન પડતું, નથી ઘરની બહાર આંગણામાં ગમતું ! હૃદય રૂપી પથારી પણ સૂની સૂની વેરણ લાગે છે ! રાત તો જાગરણમાં જ વીતે છે ! - ૩

હે પ્રભુ, અમે તો તમારી દાસી છીએ ને તમે તો અમારા પતિ છો ! હે સૃષ્ટિના સમર્થ સર્જનહાર ! હે દીનદયાળ ! કરુણા કરી તમે આવો ! - ૪

હે પ્રિય, કાં તો મને અપનાવી લો, કાં તો હું પોતે પ્રાણનો ત્યાગ કરું ! દાસ કબીરના હૃદયમાં તો વિરહ અતિશય વધી ગયો છે માટે દર્શન આપવાની કૃપા કરો ! - ૫

********************

બિરહમેં તન મન જળ, લાગિ રહા તત જીવ
કૈવા જાને વિરહિની કૈ જિન ભેંટા પીવ

અર્થાત્ વિરહમાં તનમન બળતું હોય છે છતાં જીવ તેની યાદમાં જ મગ્ન રહે છે. તેને થતી વ્યથા કોઈ વિરહિણી હોય તે જાણી શકે અથવા તો સાક્ષાત્ પ્રભુ કે જેણે આ દશા પેદા કરી છે તે જાણી શકે !

૩. પરમેશ્વરને પતિ માનવાથી આ પદ પણ પ્રેમલક્ષણા ભક્તિનું ગણાય. તેવાં પદોમાં વિરહ ભાવ ખૂબ આકર્ષક રીતે વ્યક્ત થતો હોય છે. કબીરવાણીમાં તેવાં પદો ઘણાં છે. તેમાંનું આ એક ઉત્તમ પદ છે. દ્વૈત ભાવમાં રહી અદ્વૈત સાધવાની તેની લગની વ્યવહારમાં તાલાવેલીના રૂપે જોઈ શકાય છે.

૪. વિરહભાવની ઉત્કટાને કારણે વિષાદ વ્યાપક બની જાય છે ત્યારે જીવને તેની આસપાસની સૃષ્ટિ સાવ ફીકી લાગે છે. તેને ક્યાંય ચેન પડતું નથી હોતું ! અશોકવાટિકામાં બેઠેલી સીતા જેવી જીવની સ્થતિ થઈ જાય છે. ભોજન ભાવે નહીં, ઊંઘ આવે નહીં ને એકાંત જાણે અસુર માફક ખાવા ધસતો હોય તેવી વ્યથામાં સમય પણ વીતે નહીં ! ક્ષણ દિવસ જેટલી લાંબી લાગે !

૫. તેવી દશામાં જીવ શરીર છૂટી જાય તોપણ પરવા કરતો નથી તે અહીં દર્શાવાયું છે. પ્રિયતમ જીવતા જીવત ન મળે તો આ જીવનની કિમંત પણ શી ? મર્યા પછી તે મળવા આવે તો તેની પણ કિમંત શી ? આ જ ભાવ કબીરસાહેબે એક સાખીમાં પણ ગાયો છે :

મૂએ પિછે મત મિલૌ કહે કબીરા રામ
લોહા પાટી મિલ ગયા તબ પારસ કેહિ કામ ?

અર્થાત્ હે પ્રભુ ! મરી ગયા પછી મળશો જ નહીં. કારણ કે લોઢું માટી બની જાય પછી પારસમણિ કેવી રીતે કામ કરી શકે ?

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૪ : નિત મંગલ હોરી ખેલિયે હો

નાદબ્રહ્મ પદ-૫૦૬, પૃષ્ઠ-૨૬૩, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૨/૧)

નિત મંગલ[૧] હોરી ખેલિયે હો, હો મેરે સંતો[૨], નિત હી બસંત નિત ફાગ - ટેક

દયા ધરમકી કેશર ઘોરો, પ્રેમ પ્રીતિ[૩] પિચકારી
ભાવ ભગતિ સોં ભરી સતગુરુ કો, સુફલ જનમ નરનારી - ૧

છિમા અબીર ચરચ ચિત ચંદન, સુમરન[૪] ધ્યાન ધુમારિ
જ્ઞાન ગુલાલ અગર કસ્તૂરી, ઉમંગિ ઉમંગિ રંગ ડારિ - ૨

ચરણામૃત પ્રસાદ ચરણરજ, અપને શીશ ચઢાય
લોકલાજ[૫] કુલ કાનિ મેટિકે, નિર્ભય નિશાન બજાય - ૩

કથા કીર્તન મઝ્ન મહોછબ[૬], કરિ સંતનકી ભીર
કબહૂં ના કારજ બિગડ હૈ તેરો, સત સત કહૈ કબીર - ૪

********************

૧. મંગલ એટલે કલ્યાણકારી. હોળી ખેલવું એટલે આનંદથી જીવન ધન્ય કરવું. નિત શબ્દ ધ્યાનમાં લઈશું તો જ તે અર્થ ધ્વનિ પકડી શકાશે. અહીં હંમેશા આનંદથી જીવવાનો આદેશ છે. મતલબ કે શાશ્વત આનંદથી જીવવું જોઈએ. બે માર્ગો છે : શ્રેય ને પ્રેય. શ્રેયને માર્ગે જ શાશ્વત આનંદ પ્રાપ્ત થાય. પ્રેયનો માર્ગ ભોગનો માર્ગ ગણાય એટલે સુખ મળે, પણ ક્ષણિક જ ! એ માર્ગે થોડુંક સુખ ને વધારે દુઃખ મળે. આ બંને માર્ગનો આધાર મન ગણાય. પ્રેયને માર્ગે જનારો મનને કેળવીને શ્રેયને માર્ગે પ્રયાણ કરી શકે તેથી મનની કેળવણી અનિવાર્ય ગણાય.

૨. ટેકની પંક્તિમાં સંતોને સંબોધન છે તો ત્યાર પછીની પ્રથમ ટૂંકમાં નરનારીને સંબોધન છે. તેથી 'સંતો' શબ્દ વિચાર માંગી લેશે. નાદબ્રહ્મના પદમાં 'હો મેરે પ્યારે' સંબોધન કદાચ વધુ ઉચિત પણ લાગે, જો કે સંત શબ્દ સામાન્ય જનસમાજમાં સાવ સામાન્ય અર્થ માટે પણ વપરાતો આવ્યો છે. આસ્તિક લોકોને લક્ષમાં રાખી કદાચ 'સંતો' સંબોધન કર્યું હશે. દયા, ધર્મ, પ્રેમ, ક્ષમા આદિ શબ્દો આસ્તિક લોકોનું સૂચન કરે છે. તેવા લોકો પોતાનો જન્મ સફળ બનાવી શકે તેવા હેતુથી સંબોધન થયું હોય તો આશ્ચર્ય નહીં. છેલ્લી પંક્તિમાં "સંતનકી ભીર" શબ્દ સાચા સંતોની યાદ અપાવે છે કે જેમણે નિત્ય વસંત ખેલી હોય છે અને પોતાનું જીવન સફળ બનાવ્યું હોય છે. ટેકની પંક્તિમાં જેમણે નિત્ય વસંત નથી ખેલી તેવા સંતોને યાદ કર્યા છે ને તેમને નિત્ય વસંત ખેલશો તો જ જીવન સફળ થશે એવો ઉપદેશ આપ્યો છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મારા પ્યારા સંતજનો, આત્મકલ્યાણ થાય તેવી રીતે જ હંમેશા હોળી ખેલો ! - ટેક

હે નરનારીઓ પ્રેમની પિચકારીને દયા ને ધર્મ રૂપી કેસર ઘોળેલા દ્રાવણથી ભરી દઈ ભક્તિભાવપૂર્વક સદ્‌ગુરુ સાથે હોળી ખેલો તો આ માનવ જન્મ સફળ થઈ જાય ! - ૧

ક્ષમા રૂપી અબીલ, જ્ઞાન રૂપી ગુલાલ, અગરજા અને કસ્તૂરી વડે ચિત્તરૂપી ચંદનને સ્મરણ તથા ધ્યાનમાં એવું મસ્તાન બનાવી દો કે હરખમાં ને હરખમાં પ્રભુનો પાકો રંગ તેને લાગી જાય. – ૨

ચરણામૃતની પ્રસાદી પ્રાપ્ત કરી સદ્‌ગુરૂના ચરણની રજ માથે ચઢાવો ! લોકલાજને બાજુએ મૂકી નિર્ભયતાથી કલ્યાણના પંથે વિજય પ્રાપ્ત કરો ! - ૩

સંતોના શરણમાં રહી આ જીવનને મંગલ મહોત્સવ સમાન બનાવી દેશો તો કદી પણ હે જીવ, તારું કાર્ય બગડશે નહીં એવું દાસ કબીર અનુભવથી સાચું કહે છે. – ૪

********************

૩. 'પ્રેમ પ્રીતિ' શબ્દ પ્રયોગ ધ્યાન ખેંચે છે. 'પ્રેમ' ને 'પ્રીતિ' એક જ અર્થવાળા શબ્દો ગણાય. કબીરવાણીમાં આવો પ્રયોગ નહિવત્ જણાય છે. તેથી 'પ્રીતિ' શબ્દને બદલે બીજો કોઈ શબ્દ હોવા સંભવ છે. 'પ્રેમ પ્રીતિ' ને બદલે 'પ્રેમ કીનિ' શબ્દ પણ હોય શકે.

૪. 'સુમરન ધ્યાન ધુમારિ' એટલે સ્મરણ તથા ધ્યાન દ્વારા મનને મસ્ત કરી દેવું. આ પદમાં 'પ્રેમની પિચકારી' શબ્દ દ્વારા ભક્તિના સાધનની વાત કરવામાં આવી છે. આ પદમાં યોગને દર્શાવનારો 'ધ્યાન' સિવાય બીજો કોઈ શબ્દ વપરાયો નથી. જ્ઞાન શબ્દનો ઉલ્લેખ છે, તે જ્ઞાનમય ભક્તિને દર્શાવનારો ગણાય. જ્ઞાન વિના ભક્તિ પાંગળી ગણાય. જ્ઞાનથી ભક્તિ બળવાન બને છે. અહીં ગુલાલ, અગરજાને કસ્તૂરી રૂપી જ્ઞાન કહ્યું છે. કસ્તૂરી આત્મતત્વ માટે વપરાય છે. આત્માનું અનુસંધાન કરાવે તેવી જ્ઞાનમય ભક્તિનો મહિમા ગાવા માટે સ્મરણ ને ધ્યાન દ્વારા મનને મસ્ત કરવા કહ્યું છે.

૫. આધ્યાત્મિક માર્ગે આગળ વધવું હોય તો લોકલાજ એ પહેલું અડચણ ગણાય, તેને પાર કરવું જ પડે. ઘણા માણસો ગુરૂ કરે પણ તેની સેવા કરવા માટે સંકોચ અનુભવે. લોકો તેની ટીકા કરશે તેવી તેને બ્હીક હોય છે. પરંતુ શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે તે અત્રે યાદ કરવાની જરૂર છે :

> અનુભવવાળો હોય જે, જ્ઞાની તેમજ હોય,
> તેને નમતાં સેવતાં પૂછ પ્રશ્ન તું કોય
> જ્ઞાન તને તે આપશે તેથી મોહ જશે
> જગ આખું મુજમાં પછી જોશે આત્મ વિશે. (સરળ ગીતા અ.-૪)

૬. વાર તહેવારે ઉત્સવોના બહાને લોકોને કથાને કીર્તન દ્વારા જ્ઞાનમય ભક્તિનો રંગ લગાડી શકાય તે વ્યવહારિક સત્યનો અહીં ઉલ્લેખ છે. સામાન્ય લોકોને તત્વજ્ઞાનની કે વિજ્ઞાનની વાતો એકદમ ન રુચે. પણ કથા તો ગમે જ. ભજન-કીર્તન પણ ગમે જ. તેથી તે દ્વારા લોકોને એક ભૂમિકા પર એકત્ર કરી જ્ઞાનમય ભક્તિની વાત ધીમે ધીમે સમજાવી સકાય તે કબીરસાહેબે અહીં યાદ કર્યું લાગે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૫ : ઐસે ગુરુ સંગ હોરી ખેલિયે હો

નાદબ્રહ્મ પદ-૫૦૭, પૃષ્ઠ-૨૬૪, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૭૦૮/૧૮)

ઐસે ગુરુ[૧] સંગ હોરી ખેલિયે હો, હો ભાઈ સાધો[૨], જરા[૩] મરન ભય જાય - ટેક
જ્ઞાન જુગતકી[૪] કર પિચકારી, છમા ચલાવન હાર
આતમ બ્રહ્મ સંગ ખેલના લાગે, પાંચ પચ્ચીસ મંજાર - ૧
જ્ઞાન ગલીમેં ખેલૈ હોરી, મચી પ્રેમકી કીચ
લોભ મોહ દોઉ કુઢિ કુઢિ મરૈં, સુનિ સુનિ શબ્દ અજીત[૫] - ૨
ત્રિકુટ મહલમેં બાજા બાજે હો, છત્તીસો રાગ
જ્ઞાન ધ્યાન દોઉ દેખૈં તમાશા, સતગુરુ[૬] ખેલૈં ફાગ - ૩
ઈંગલા પિંગલા સુષુમનકો[૭] રોકો, સુરતિ નિરતિ દોઉનાર
અપને પિયા સંગ હોરી ખેલો, લજ્જા કાન નિવાર - ૪
સુન્ન મહલમેં[૮] હોત કૂતુહલ, કર હિં રાગ અનુરાગ
અપને પિયાકે દરસન પાઉં, પૂરન પ્રેમ સુહાગ - ૫
સતગુરુ ફગુવા પાઈયા હો, મારગ દિયો બતાય
કહૈ કબીર જો યહ તત પાવૈ, સોજન લોક[૯] હિ જાય - ૬

*******************

૧. ગુરૂની સાથે હોળી ખેલવી એટલે ગુરૂકૃપા પ્રાપ્ત કરી આત્મ કલ્યાણને પંથે આગળ વધવું.

૨. જે આત્મ કલ્યાણને પંથે આગળ વધવા માંગતા હોય તે સર્વ સાધુ કહેવાય.

૩. જરા એટલે ઘડપણ. જન્મ-બાળપણ-જુવાની-ઘડપણ ને મરણ એ શરીરની પરિવર્તનશીલતાનો અનુભવ દરેકને થાય છે. તેમાંથી મુક્ત ત્યારે જ થઈ શકાય કે જ્યારે જીવને જન્મવું જ ન પડે !

૪. જેમ જ્ઞાન વિના ભક્તિ નબળી તેમ જ્ઞાન-ભક્તિ વિના યોગ નબળો. જ્ઞાન ને ભક્તિ ભળે તો યોગની સિદ્ધિની સરકણી ભૂમિ પણ પસાર કરી શકાય એવું સામર્થ્ય પ્રગટે. તેથી આ પદમાં યોગની સાથે જ્ઞાનને ભક્તિનો સમન્વય કર્યો છે. જ્ઞાન, જ્ઞાન ગલીમેં, જ્ઞાન ધ્યાન શબ્દો દ્વારા જ્ઞાનનો મહિમા સમજાય છે અને છમા, પ્રેમકી કીચ, રાગ-અનુરાગ શબ્દો દ્વારા ભક્તિનો મહિમા સમજી શકાય છે.

૫. અજીત એટલે અહીં મન સમજવું. શરીરમાં તેવું જો કોઈ તત્વ હોય તો તે મન જ ગણાય. તે સ્વભાવે ચંચળ ને બહિર્મુખ હોવાથી જીતી શકાતું નથી તેથી અજીત કહ્યું. તેને વિચાર કરવી ટેવ હોવાથી શબ્દશક્તિની તેના પર સારી અસર થાય. જેમ જેમ અનુભવમાંથી તે પસાર થતું રહે તેમ તેમ શબ્દ બ્રહ્મની શક્તિ વડે તેની ચંચળતા ઓછી થતી જાય છે. તે બહિર્મુખ મટી અંતર્મુખ બની જાય છે અને છેવટે તેનો લય થઈ જતાં તે અમન બની જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે સંતજનો, સદ્‌ગુરૂ સાથે એવી રીતે હોળી રમો કે ઘડપણ તથા જન્મ-મરણનો ભય સદાને માટે દૂર થાય! - ટેક

ક્ષમા ભાવથી જો જ્ઞાન તથા યોગની પિચકારી વડે હોળી રમશો તો સાથે સાથે શરીરમાં રહેલા પચ્ચીસ તત્વો પણ આત્મા રૂપી બ્રહ્મની સાથે હોળી ખેલવા લાગશે. – ૧

જ્ઞાન રૂપી ગલીમાં હોળી એવી રીતે ખેલવી જોઈએ કે સર્વ કાંઈ પ્રેમથી તરબોળ થઈ જાય, જેથી શબ્દોના ધ્વનિ સાંભળી સાંભળીને મનમાં રહેલા લોભ તથા મોહ પણ મરણને શરણ થઈ જાય ! - ૨

જુઓ, સદ્‌ગુરૂ જે ફાગ ખેલી રહ્યાં છે તે દ્વારા તો ત્રિકુટી રૂપી મહેલમાં અનાહત નાદના વાજા વાગવા માંડે છે અને છત્રીસ પ્રકારની રાગરાગિણીની સુરાવલી પણ ત્યાં ગુંજે છે, તે દૃશ્ય જ્ઞાન તથા ધ્યાન બંને વડે જોઈ શકાય છે. – ૩

ત્યાં સુરતિ ને નિરતિ રૂપી બંને સ્ત્રીઓ પણ લાજ શરમ છોડીને ઈંગલા પિંગલામાં ચાલતી પ્રાણશક્તિને સુષુમ્ણામાં સ્થિર કરી પોતાના પ્રિયતમ આત્મા સાથે હોળી ખેલવા લાગે છે. – ૪

જ્યારે શક્તિનો શૂન્ય રૂપી મહેલમાં પ્રવેશ થાય છે ત્યારે ત્યાં કાંઈ ન જણાતા આશ્ચર્ય પામતી જીવની સુરતા અનુરાગ પૂર્ણ સ્થિતિમાં સ્થિર બની છે તો પ્રિયતમ પ્રભુનાં દર્શન પામીને પૂર્ણ પ્રેમસ્વરૂપ સૌભાગ્યને પ્રાપ્ત કરી લે છે. – ૫

એ રીતે સદ્‌ગુરૂએ પ્રભુનાં દર્શનનો ફાગ પ્રાપ્ત કર્યો અને નિર્ભયતાનો માર્ગ પણ તેમણે બતાવી દીધો ! કબીર કહે છે કે જે આ રહસ્યને સમજશે તે સતલોકને પામશે. – ૬

********************

૬. જે સાચા ગુરૂ હોય તે અનુભવી હોય છે અને તેના વાણીવર્તનમાં એક્તા જણાતી હોય છે. તે જેવું બોલે છે તેવું કરી પણ બતાવે છે તેથી શિષ્યને પાકી શ્રદ્ધા બેસે છે. સતગુરૂ પોતે મન તથા પ્રાણનો લય કરી આત્મસાક્ષાત્કાર કરે છે તે જોઈને શિષ્યને પણ તે પંથે આગળ વધવાની પ્રેરણા મળે છે.

૭. ત્રીજી ટૂંકમાં જેમ મનની લય અવસ્થા દર્શાવી છે તેમ આ કડીમાં પ્રાણની લય અવસ્થાનું સ્પષ્ટ આલેખન કર્યું છે. પ્રાણ શક્તિ સંયમિત બને ત્યારે સુષુમ્ણામાં સ્થિર બની લય પામે છે. ત્યારે ચિત્તની વૃત્તિઓ સુરતિ ને નિરતિનો પણ આપોઆપ લય થઈ જાય છે.

૮. જ્યાં શૂન્યનો અનુભવ થાય ત્યાં તત્વનો વાસ છે એમ માનવું. ઘણા સાધકો ત્યાંથી નિરાશ થઈ પ્રયત્નો છોડી દે છે તે બરાબર નથી. કબીરસાહેબે અન્યત્ર પણ કહ્યું છે :

જહાં નહીં તહાં કછુ જાનિ, જહાં નહીં તહાં લેહુ પિછાનિ
નાહીં દેખી ન જઈઓ ભાગી, જહાં નહીં તહાં રહીએ લાગી ('સબદ', પૃષ્ઠ-૬૬)

અર્થાત્ શૂન્ય ચક્રમાં ધ્યાન લગાડેલું રાખો તો આત્મદર્શન થશે.

૯. "લોક" એટલે અહીં સતલોક. શરીરના ચક્રોનો પ્રદેશ પૂરો થાય પછી સતલોક ચાલુ થાય એવો નિર્દેશ કબીરસાહેબે કર્યો છે :

સોહં હદ તજી તબ ભાઈ સતલોકકી હદ પુનિ આઈ ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૨૨૨)

અર્થાત્ 'સોહં' નાદ સંભળાયા પછીનો જે પ્રદેશ ચાલુ થાય છે તે સતલોક ગણાય છે. સતલોક પણ આ શરીરમાં જ છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૬ : હરિ પિયુ સંગ હોરી ખેલિયે હો

નાદબ્રહ્મ પદ-૫૦૮, પૃષ્ઠ-૨૬૪, રાગ-ધમાર
(પરિશિષ્ટ-૬, સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૭૦૮/૧૮)

હરિ[૧] પિયુ સંગ હોરી ખેલિયે હો, હો મેરે પ્યારે, સુરત[૨] સુહાગન નાર - ટેક

કર્મ કિયેનર દેહી પાઈ, હોત પશુ ઓર ગમાર
સાધુ સકલ મૂલ[૩] ગ્રહી બૈઠે, સબ જુગ[૪] લાગ્યો હૈ ડાર - ૧

ઈંગલા પિંગલા સુષુમના નાડી, દસમે[૫] દ્વારે મઠ છાંય
ભ્રમર ગુફામેં જે રસ ચાખે, ઉરધર[૬] ધ્યાન લગાય - ૨

ડાર ભ્રમણા અજહુ ન ચેતે, કહત કબીર વિચાર
શબ્દ[૭] હમારો જે કોઈ માને, સોઈ જન ઉતરે પાર - ૩

*******************

૧. આ પદની ટેકની પંક્તિઓ જેવી બીજા એક પદની ટેક પંક્તિઓ મળી આવી છે તે પદ પરિશિષ્ટ ૬ માં છાપ્યું છે. જીજ્ઞાસુજને સરખાવી લેવું.

૨. સુરત, સુરતા, સુરતિ એક જ અર્થવાળા શબ્દો ગણાય. ચિત્તની વૃત્તિઓ માટે તેનો ઉપયોગ થાય છે. ચિત્તવૃત્તિ પરમાત્મા સાથે પ્રેમમાં પડે તો તે સૌભાગ્યવતી થઈ શકે. સામાન્ય રીતે તે પાર્થિવ પદાર્થોની મોહિનીમાં સપડાય જતી હોય છે અને પરમાત્માને ભૂલી જતી હોય છે.

૩. મૂલ એટલે મૂળ, સૌના આદિ પરમેશ્વર. માનવદેહનો મહિમા જે જાણે છે તે જગતના પાર્થિવ પદાર્થોની મોહિનીમાં ફસાતો નથી. વારંવાર મનુષ્યનો દેહ મળતો નથી તેથી તે માનવ જન્મને સોનેરી તક ગણીને આત્મકલ્યાણના પંથે આગળ વધવા સર્વસ્વ હોમી દે છે. તેને જ આપણે સંત કહીએ છીએ. જે જગતનું મૂળ છે તે સર્વમાં આત્મા રૂપે રહેલું છે તેવી તેની પાકી સમજ હોવાથી તે સિવાય બીજી કામનાઓમાં તે ફસાતો નથી.

૪. 'જુગ' નહીં પણ 'જગ' હોવું જોઈએ. સબ જગ એટલે સર્વસ્વનો ત્યાગ કરી સંત પ્રભુનો એકમાત્ર આધાર પકડે છે.

૫. 'દસમે દ્વારે' એટલે દસમો દરવાજો. બ્રહ્મરંધ્ર પણ દસમો દરવાજો કહેવાય. યૌગિક પરિભાષામાં બ્રહ્માંડના છ ચક્રોમાં તેનો સમાવેશ થાય છે. તેને દસમદ્વાર કહેવામાં આવે છે. પિંડના છ ચક્રોનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ. બ્રહ્માંડના પણ ચક્રો છે પણ તેની સંખ્યા અંગે મતભેદ છે. યોગના ગ્રંથોમાં તે અંગે કોઈ ખાસ ઉલ્લેખ મળતો નથી. બ્રહ્માંડના એટલે કે ગગન મંડળમાં કુલ દસ ચક્રો હોવા જોઈએ અને છેલ્લા ચક્રને દસમ દ્વાર પણ કહેતા હોવા જોઈએ એવું કબીરવાણીને આધારે કહી શકાય :

> સોરહ સંખ્યા આગે સમરથ જિન જગ મોહિ પઠાયા
> કહૈ કબીર આદિકી બાની બેદ ભેદ નહીં પાયા ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૧૮૪)

Edited by Ishvarbhai P. Patel (Kapura)

рк╣рлЗ ркорк╛рк░рк╛ рк╡рлНрк╣рк╛рк▓рк╛ ркЬркирлЛ, ркдркорлЗ рк╕рлМ рк╣рк░рк┐ рк░рлВрккрлА рккрлНрк░рк┐ркпркдрко рк╕рк╛ркерлЗ ркПрк╡рлА рк╣рлЛрк│рлА ркЦрлЗрк▓рлЛ ркХрлЗ ркдркорк╛рк░рлА ркЪрк┐ркдрлНркдрк╡рлГркдрлНркдрк┐ркУ рк░рлВрккрлА рк╕рлНркдрлНрк░рлА рк╕рлМркнрк╛ркЧрлНркпрк╡ркдрлА ркмркирлА ркЬрк╛ркп ! - ркЯрлЗркХ

ркдркорлЗ ркХрк░рлНрко ркПрк╡рк╛ркВ ркХрк░рлЗрк▓рк╛ркВ ркХрлЗ ркоркирлБрк╖рлНркпркирлЛ ркжрлЗрк╣ рккрлНрк░рк╛рккрлНркд ркеркпрлЛ ркЫрлЗ, ркирк╣рк┐ ркдрлЛ рккрк╢рлБ ркХрлЗ ркХрлЛркИ ркорлВркв ркпрлЛркирк┐ркорк╛ркВ ркЬркирлНрко ркеркпрлЛ рк╣рлЛркд ! ркдрлЗркерлА ркорк╛ркирк╡ ркжрлЗрк╣ ркзрк╛рк░ркг ркХрк░ркирк╛рк░ рк╕ркВркдрлЛ ркдрлЛ ркЬркЧркдркирлЗ ркбрк╛рк│рлА рк╕ркорк╛рки рк▓рлЗркЦрлА рк╕рк░рлНрк╡ркирк╛ ркЖркжрк┐ ркЧркгрк╛ркдрк╛ рккрк░ркорк╛ркдрлНркорк╛ркирлЛ ркЬ ркЖркзрк╛рк░ рккркХркбрлАркирлЗ ркмрлЗрк╕рлА ркЧркпрк╛ ркЫрлЗ. тАУ рлз

рк╣рлГркжркп рккрк░ ркзрлНркпрк╛рки рк▓рк╛ркЧрлА ркЬрк╛ркп ркдрлНркпрк╛рк░рлЗ рккрлНрк░рк╛ркг ркИркВркЧрк▓рк╛ рккрк┐ркВркЧрк▓рк╛ркирлЗ ркмркжрк▓рлЗ рк╕рлБрк╖рлБркоркгрк╛ркорк╛ркВ рккрлНрк░рк╡рлЗрк╢ ркХрк░рлЗ ркЫрлЗ ркдрлЗркерлА ркХрлБркВркбрк▓рк┐ркирлА рк╢ркХрлНркдрк┐ ркЬрк╛ркЧрлГркд ркмркирлЗ ркЫрлЗ ркЕркирлЗ ркдрлЗ ркЙркзрлНрк░рлНрк╡ркорлБркЦрлА ркеркИ ркнрлНрк░ркорк░ ркЧрлБрклрк╛ркорк╛ркВркерлА ркЯрккркХркдрк╛ркВ ркЕркорлГркдркирлЗ ркЪрк╛ркЦрлА ркжрк╕рко ркжрлНрк╡рк╛рк░ркорк╛ркВ ркЬркИ рк╕рлНркерк┐рк░ ркмркирлА ркЬрк╛ркп ркЫрлЗ ! - рли

ркХркмрлАрк░ ркХрк╣рлЗ ркЫрлЗ ркХрлЗ ркЬрлАрк╡, ркнрлНрк░ркоркгрк╛ ркдрлНркпркЬрлА ркдрлБркВ рк╣ркЬрлА рккркг ркЪрлЗркдрлНркпрлЛ ркиркерлА ! ркЬрк░рк╛ рк╡рк┐ркЪрк╛рк░ ркдрлЛ ркХрк░ ! ркЕркорк╛рк░рлЛ рк╢ркмрлНркж рк╡рк┐рк╢рлНрк╡рк╛рк╕ркерлА ркЬрлЗ ркХрлЛркИ ркорк╛ркирлЗ ркЫрлЗ ркдрлЗ ркЖ рк╕ркВрк╕рк╛рк░рк╕рк╛ркЧрк░ рккрк╛рк░ ркХрк░рлА ркЬрк╛ркп ркЫрлЗ. тАУ рлй

********************

ркЕрк░рлНркерк╛ркдрлН 'ркмрлЗркж' ркПркЯрк▓рлЗ рк╡рлЗркжрк╛ркжрк┐ рк╢рк╛рк╕рлНркдрлНрк░ ркЧрлНрк░ркВркерлЛ ркЬрлЗркирлБркВ рк░рк╣рк╕рлНркп ркЬрк╛ркгркдрк╛ ркиркерлА ркдрлЗркерлА ркдрлЗркорк╛ркВ ркЙрк▓рлНрк▓рлЗркЦ ркиркерлА рккркг ркЕркирлБркнрк╡рлЗ рк╕рлЛрк│ рк╕рлНркерк╛ркиркирлА ркЖркЧрк│ ркдрлЗ ркдрлЛ рк░рк╣рлЗ ркЫрлЗ ркХрлЗ ркЬрлЗркгрлЗ ркоркирлЗ ркЖ ркЬркЧркдркорк╛ркВ ркорлЛркХрк▓рлНркпрлЛ ркЫрлЗ. рк╕рлЛрк│ рк╕рлНркерк╛рки ркПркЯрк▓рлЗ рк╕рлЛрк│ рк╢ркХрлНркдрк┐ркирк╛ ркХрлЗркирлНркжрлНрк░рлЛ-ркЪркХрлНрк░рлЛ. ркЫ рккрк┐ркВркбркирк╛ ркЕркирлЗ ркжрк╕ ркмрлНрк░рк╣рлНркорк╛ркВркбркирк╛. ркЕрк╣рлАркВ ркжрк╕рко ркжрлНрк╡рк╛рк░ркирлЛ ркЙрк▓рлНрк▓рлЗркЦ ркЫрлЗ ркдрлЗркирлЛ рк╕рлНрккрк╖рлНркЯ ркЕрк░рлНрке ркХрк░рк╡рк╛ркорк╛ркВ ркирлАркЪрлЗркирлА рккркВркХрлНркдрк┐ркирлЛ рккркг ркЙрккркпрлЛркЧрлА ркЫрлЗ :

ркжрк╕ркорлЗ ркжрлНрк╡рк╛рк░рлЗ ркдрк╛ркбрлА рк▓рк╛ркЧрлА ркЕрк▓ркЦ рккрлБрк░рлВрк╖ ркЬрк╛ркХрлЛ ркзрлНркпрк╛рки ркзрк░рлИ,<br>
ркХрк╛рк▓ ркХрк░рк╛рк▓ ркирк┐ркХркЯ ркирк╣рк┐ ркЖрк╡рлИ ркХрк╛рко ркХрлНрк░рлЛркз ркоркж рк▓рлЛркн ркЬрк░рлИ ('ркХркмрлАрк░ рк╡ркЪркирк╛рк╡рк▓рлА', рккрлГрк╖рлНрка-рлирлзрлк)

ркЕрк░рлНркерк╛ркдрлН ркжрк╕ркорлЗ ркжрлНрк╡рк╛рк░рлЗ рк╢ркХрлНркдрк┐ рккрк╣рлЛркВркЪрлА ркЬрк╛ркп ркдрлНркпрк╛рк░рлЗ ркпрлЛркЧрлА рк▓рлЛркХрлЛ ркЬрлЗркирлБркВ ркзрлНркпрк╛рки ркзрк░рлЗ ркЫрлЗ ркдрлЗ ркЕрк▓ркЦ рккрлБрк░рлВрк╖ ркдрлНркпрк╛ркВ ркмрлЗркарлЗрк▓рк╛ ркЬркгрк╛ркп ркЫрлЗ. ркЬрлНркпрк╛рк░рлЗ ркнркВрк╡рк░ ркЧрлБрклрк╛ркирлЛ ркЙрк▓рлНрк▓рлЗркЦ ркЖ рккрлНрк░ркорк╛ркгрлЗ рккрлНрк░рк╛рккрлНркд ркерк╛ркп ркЫрлЗ :

ркнркВрк╡рк░ ркЧрлБрклрк╛ркорлЗркВ рк╕рлЛрк╣ркВ рк░рк╛ркЬрлИ ркорлБрк░рк▓рлА ркЕркзрк┐ркХ ркмркЬрк╛ркпрк╛ рк╣рлИ<br>
рк╕ркдрк▓рлЛркХ рк╕ркд рккрлБрк░рлВрк╖ ркмрк┐рк░рк╛ркЬрлИ ркЕрк▓ркЦ ркЕркЧрко ркжрлЛркЙ ркнрк╛ркпрк╛ рк╣рлИ ('ркХркмрлАрк░ рк╡ркЪркирк╛рк╡рк▓рлА', рккрлГрк╖рлНрка-рлзрлмрлк)

ркЕрк░рлНркерк╛ркдрлН 'рк╕рлЛрк╣ркВ' ркирк╛ркж ркЬрлНркпрк╛ркВ ркЧрлБркВркЬрлЗ ркЫрлЗ ркдрлНркпрк╛ркВ ркнркВрк╡рк░ ркЧрлБрклрк╛ ркЫрлЗ. ркдрлНркпрк╛ркВ ркорлБрк░рк▓рлА ркмркЬрк╛рк╡ркдрлЛ ркдрлЗ ркЬркгрк╛ркп ркЫрлЗ. ркдрлНркпрк╛рк░ рккркЫрлА рк╢рк░рлВ ркеркдрк╛ркВ рк╕ркдрк▓рлЛркХркирк╛ рккрлНрк░ркжрлЗрк╢ркорк╛ркВ ркдрлЗ рк╕ркдрккрлБрк░рлВрк╖ркирлЛ ркХрк╛ркпркорлА рк╡рк╛рк╕ ркЫрлЗ.

рлм. ркмрлЗ рккрлНрк░ркХрк╛рк░рлЗ ркзрлНркпрк╛рки ркХрк░рлА рк╢ркХрк╛ркп ркЫрлЗ тАУ ркмрлЗ ркнрлНрк░ркорк░рлЛркирлА рк╡ркЪрлЗ ркжрлГрк╖рлНркЯрк┐ркирлЗ рк╕рлНркерк┐рк░ ркХрк░рлА ркзрлНркпрк╛рки ркХрк░рк╡рк╛ркирлА ркПркХ рккрлНрк░ркЪрк▓рк┐ркд рккркжрлНркзркдрк┐ ркЫрлЗ. ркмрлАркЬрлА рккркжрлНркзркдрк┐ рк╣рлГркжркп рккрк░ ркзрлНркпрк╛рки ркХрк░рк╡рк╛ркирлА ркЫрлЗ. ркдрлЗ ркмрк╣рлБ рккрлНрк░ркЪрк▓рк┐ркд ркиркерлА. ркЫркдрк╛ркВ ркдрлЗ ркХрк╛ркоркпрк╛ркм рккркжрлНркзркдрк┐ ркЫрлЗ ркдрлЗркерлА ркдрлЗркирлЛ ркЕрк╣рлАркВ ркЙрк▓рлНрк▓рлЗркЦ ркЫрлЗ. рк╣рлГркжркп рккрк░ ркзрлНркпрк╛рки ркХрк░ркирк╛рк░ рккркг рккрк░ркоркжрк╢рк╛ркирлЗ рккрк╛ркорлЗ ркЫрлЗ ркдрлЗркирлБркВ ркЕрк╣рлАркВ рк╡рк░рлНркгрки ркЫрлЗ.

рлн. 'рк╢ркмрлНркж' ркПркЯрк▓рлЗ ркЕрк╣рлАркВ ркоркВркдрлНрк░ ркЕркерк╡рк╛ ркЙрккркжрлЗрк╢. ркХркмрлАрк░рк╕рк╛рк╣рлЗркмрлЗ ркЬркгрк╛рк╡рлНркпрлБркВ ркЫрлЗ ркХрлЗ :

рк╢ркмрлНркж рк╣рк┐ ркпркВркдрлНрк░ рк╣рлИ, рк╢ркмрлНркж рк╣рк┐ ркоркВркдрлНрк░ рк╣рлИ<br>
рк╢ркмрлНркж рк╣рк┐ ркЧрлБрк░рлВ рк╕рк┐ркЦркХрлЛ рк╕рлБркирк╛ркИ<br>
рк╢ркмрлНркж рк╣рк┐ ркдркдрлНрк╡ рк╣рлИ, рк╢ркмрлНркж рк╣рк┐ ркирк┐:ркдркдрлНрк╡ рк╣рлИ<br>
рк╢ркмрлНркж ркЖркХрк╛рк░ ркирк┐рк░рк╛ркХрк╛рк░ ркнрк╛ркИ ('ркХркмрлАрк░ рк╡ркЪркирк╛рк╡рк▓рлА', рккрлГрк╖рлНрка-рлирлйрло)

ркЕрк░рлНркерк╛ркдрлН ркХркмрлАрк░рк╕рк╛рк╣рлЗркмркирлА рк╢рк┐ркЦрк╛ркоркг ркорк╛ркирк╡рк╛ркорк╛ркВ ркЖрк╡рлЗ ркдрлЛ ркХрлЛркИ рккркг ркЬрлАрк╡ рк╕ркВрк╕рк╛рк░ рк░рлВрккрлА рк╕рк╛ркЧрк░ ркдрк░рк╡рк╛ркирлЗ ркорк╛ркЯрлЗ рк╕ркорк░рлНрке ркмркирлЗ ркЫрлЗ. ркдрлЗркерлА 'рк╢ркмрлНркж' ркПркЯрк▓рлЗ ркЬрлНркЮрк╛рки ркЕрк░рлНрке рккркг ркеркИ рк╢ркХрлЗ. рк╢рк┐рк╖рлНркпркирлЗ ркоркВркдрлНрк░ ркжрлАркХрлНрк╖рк╛ ркЖрккрк╡рк╛ркорк╛ркВ ркЖрк╡рлЗ ркдрлНркпрк╛рк░рлЗ ркЧрлБрк░рлВ ркЬрлЗ ркЙрккркжрлЗрк╢ ркЖрккрлЗ ркдрлЗ рккркг рк╢ркмрлНркж ркЬ ркХрк╣рлЗрк╡рк╛ркп. рк╢ркмрлНркж ркПркЯрк▓рлЗ рккрк░ркорк╛ркдрлНркорк╛ рккркг ркХрк╣рлЗрк╡рк╛ркп ркПрк╡рлБркВ ркХркмрлАрк░рк╕рк╛рк╣рлЗркм ркЙрккрк░рлЛркХрлНркд рккркВркХрлНркдрк┐ркУркорк╛ркВ рк╕рлВркЪрк╡рлА рк░рк╣рлНркпрк╛ркВ ркЫрлЗ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૭ : ઐસે પ્રભુ સંગ હોરી ખેલિયે હો

નાદબ્રહ્મ પદ-૫૦૯, પૃષ્ઠ-૨૬૫, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૭૦૪/૭)

ઐસે પ્રભુ સંગ હોરી ખેલિયે હો, અહો મેરે સાધો, જૈસે ખેલે હૈ ધ્રુવ પ્રહ્લાદ[૧] - ટેક

બાલાપને ખેલ ખેલ હિ ખોયો, જવાનીમેં જોબન જોર
યહ મન ભલ કહ્યો નહિ માને, સાંજ[૨] ગિને નહીં ભોર - ૧

સનક સનંદન સુખદેવ[૩] ખેલૈ, ખેલૈ શેષ મહેશ
કુમ[૪] કુમ છાડિ વિભીષન ખેલૈ, કીન્હે હૈ લંક નરેશ - ૨

અવિનાશી સંગ વિનસત નાહિ, જિનકી કથા અપાર
સાધુ સમુઝિ મૂલ[૫] ગ્રહી બૈઠે, સબ જગ લાગ્યો ડાર - ૩

વિરધ[૬] ભયો કોઈ નામ લૈ હૈ સમુઝિ દેખ મન ક્રૂર
નિર્ભય હોરી ખેલૈ કબીરજી, ઘટ હિ મૈં હાલ હજૂર - ૪

*******************

૧. નાદબ્રહ્મનાં પદમાં જોશો તો 'ધ્રુવ પ્રહ્લાદ' ને બદલે 'જૈસે રામકબીર' શબ્દો પ્રયોજાયા છે તે વિચાર કરતાં યોગ્ય જણાતા નથી. કારણ કે રામ પોતે તો પ્રભુ છે. પછી હોળી કોની સાથે ખેલવાની રહે ? શું 'રામકબીર' કોઈ વ્યક્તિ વિશેષ છે ? શું તે કબીરસાહેબનું ઉપનામ છે ? તેમ વિચારવામાં આવે તોપણ તે યોગ્ય જણાતા નથી. આ પદના કર્તા તો કબીરસાહેબ પોતે છે. પોતે જ પોતાનું દષ્ટાંત આપે તો કેવું લાગે ? આત્મશ્લાઘા કોણ કરે ? જે અભિમાની હોય તે પોતાના વખાણ કરે. કબીરસાહેબ તો એકદમ નિરભિમાની તરીકે પ્રસિદ્ધ છે. માટે તેઓ પોતાના વખાણ કરવા પોતાનો જ દાખલો આપે તેવું બની જ શકે. તેથી 'ધ્રુવ પ્રહ્લાદ' જેવા ભક્તોનો દાખલો આપી તેઓ પોતાના કથનને ટેકો આપે તે વધારે યોગ્ય ગણાય.

૨. 'સાંજ ગિને નહીં ભોર' રૂઢિપ્રયોગ સમયના મહત્વને દર્શાવે છે. માનવ જન્મનું મહત્વ મન ન જણાતું હોય તો તે કેવી રીતે આત્મકલ્યાણના વિચારો કરે ? કેવી રીતે પ્રભુનું ભજન કરે ? જે સમયનું મહત્વ સમજે તે તો સમયને સદુપયોગ જ કરે. સાંજ ને સવાર સરખા ગણી બેપરવાહી બને તો ગેરલાભ જ થાય.

૩. 'સુખદેવ' એટલે શુકદેવજી. મહર્ષિ વ્યાસના તે પુત્ર. સમયનું મૂલ્ય તેઓ સમજતા હતા તેથી તેમણે રાજા પરીક્ષિતને સાત દિવસમાં ભાગવતની કથાનું રહસ્ય સમજાવ્યું હતું. સાંભળનાર સૌ ભવસાગર તરી શકેલા કારણ કે તેઓએ માનવ જન્મને સોનેરી તક સમજીને પરમાત્માની ભક્તિ કરેલી ને મુક્તિ પામેલા. તેવી જ રીતે શેષ નારાયણે પણ પરબ્રહ્મ પરમેશ્વરને દાસ ભાવે પોતાના હૃદયમાં પોઢાડેલા અને સેવા ભક્તિ કરેલી. સમયનો સદુપયોગ શંકર ભગવાને ધ્યાનયોગ દ્વારા કરેલો તો

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જેવી રીતે ધ્રુવ અને પ્રહ્લાદ હોળી ખેલીને પ્રભુને પામ્યા તેવી રીતે હે સંત જનો, તમે પણ પ્રભુ સાથે હોળી ખેલો ! - ટેક

બાળપણમાં રમતમાં ગુમાવ્યું ને યુવાની મદમસ્ત અભિમાનમાં વીતી ગઈ પણ મન તો કલ્યાણકારી ગણાતી વાતોને માનતું જ નથી કારણ કે એને સાંજ હોય કે સવાર, સમયના મહત્વનું ભાન નથી. – ૧

સમયને સમજનાર સનક સનંદન જેવા ઋષિઓ, શુકદેવ જેવા જ્ઞાનીઓ, શેષ ભગવાન અને મહાદેવ જેવા દેવાધિદેવો પ્રભુ સાથે હોળી ખેલી શક્યા. અસુર ગણાતા વિભીષણ જેવા એ પણ સમયને મંગલ માનીને પ્રભુ સાથે હોળી ખેલી તો તે લંકાનો રાજા બની શકેલો. – ૨

આ દેહમાં જે અવિનાશી આત્મા છે તેની કથાને તો કોઈ પાર નથી. તેના સંગમાં કદી નાશ ન થાય એવા મૂળભૂત તત્વને સમજીને આ જગતને ડાળી સમાન લેખી સાધુઓએ પણ પ્રભુ સાથે હોળી ખેલવા માંડી ! - ૩

કોઈ વૃદ્ધ થાય પછી પ્રભુનું નામ લેવાનો નિર્ણય કરે છે પણ પણ તો ઘાતક જ નીવડે છે. કબીરે તો આ શરીરમાં જ ભગવાન રહેલા છે એમ જાણી લઈને હોળી બરાબર ખેલી અને નિર્ભય પદને પ્રાપ્ત કર્યું. – ૪

********************

શરીરમાં રહેલા અવિનાશીનાં દર્શન કરેલાં. સનક, સનંદન, સનાતન ને સનત્કુમાર એ બ્રહ્માના માણસ પુત્રો ગણાય. તે નામોમાં જ સમયના મહત્વનો ધ્વનિ પણ ગુંજે છે. સન્ એટલે શાશ્વત સનક એટલે અમર. સનંદન એટલે શાશ્વત આનંદથી પૂર્ણ. સનાતન એટલે જેનો નાશ ન થાય તે. સનત્કુમાર એટલે નિત્ય યુવાન. આ રીતે તે ઋષિઓએ પણ તપશ્ચર્યા કરી સમયનું મૂલ્ય સમજ્યા હતા.

૪. 'કુમ કુમ' શબ્દ મંગલતા સૂચક છે. પ્રહ્લાદની માફક વિભીષણ પણ અસુર કુળમાં જન્મેલો છતાં તે સમયને પારખી શકેલો. કહેવાય છે કે રાવણ, કુંભકર્ણ ને વિભીષણ ત્રણે ભાઈઓએ ઘોર તપશ્ચર્યા કરીને પ્રભુની કૃપા પ્રાપ્ત કરેલી ત્યારે દરેકે પોતપોતાની મનની સ્થિતિ પ્રમાણે વરદાન માંગેલા. રાવણે અજેય થવાની મનોકામનાને કારણે શક્તિ માંગેલી, સુખની લાલસાથી કુંભકર્ણે ભોગ ને નિદ્રા માંગેલી તથા વિભીષણે તો માત્ર ભક્તિ માંગેલી. તેથી તે સમયને પારખી શકેલો ને લંકાનો રાજા થઈ શકેલો.

૫. અગાઉના પદમાં પણ આ જ પંક્તિ આવી ગઈ છે. બંને સ્થળે અર્થ સંગતિ સચવાતી હોવાથી વાંધાજનક નથી. મૂળ એટલે આદિ. સૌના આદિ પ્રભુ. તેથી તે થડ અને આ જગત તેની ડાળી. થડને મહત્વ આપે તે સાધુ.

૬. ઘડપણમાં ભગવાન ભજીશું એવો વાયદો કરનાર માણસોની સંખ્યા આ જગતમાં બહુમતીમાં ગણાય છે. પણ કહીકતે ઘડપણમાં નથી શરીર સાથ આપતું, નથી મન સાથ આપતું ! તેથી તે વાયદો ફોગટ જ જાય છે.

૭. માનવ અવતારનું મૂલ્ય જે સમજે છે તે જૂઠા વાયદા કરતા નથી. તે તો સમયનું મૂલ્ય સમજી જાય છે ને એક પણ ઘડી નકામી ન જાય તેની દરકાર રાખે છે. દેહમાં જ અવિનાશી પરમાત્મા રહેલા હોઈ તો પછી તેને શા માટે ન જાણવા ? શા માટે ન ભજવા ? બાહ્યાચારને આડંબરને શા માટે મહત્વ આપવું ? એ પ્રકારનો કબીરસાહેબનો સંદેશો છે.

## ભજન – ૪૮ : ખેલતિ માયા મોહિની હો

નાદબ્રહ્મ પદ-૫૧૭, પૃષ્ઠ-૨૭૦, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીરપંથી સુધા', પૃષ્ઠ-૮૬, પરિશિષ્ટ-૭)
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૬/૧૧)
(સંદર્ભ : બીજક ચાચર પ્રકરણ, ચાચર-૧)

ખેલતિ[૧] માયા મોહિની હો, હો મેરે પ્યારે, જિને જેર કિયો સંસાર - ટેક

ચંદ્રવદની મૃગ લોચની, બદન બહુત રસાલ
જતી સતી સબ મોહિયા, ગજગતિ બાંકી ચાલ - ૧

રચ્યો રંગ તિનિ ચુનરી, સુંદરી પહિરે આય
શોભા અદ્‌ભૂત રૂપકી, મહિમા બરનિ ન જાય - ૨

છિલકત થોંથે પ્રેમકે ધરી પિચકારી ગાત
કૈ લિયો વશી આપને ફિરિ ફિરિ ચિતવત જાત - ૩

સુર નર મુનિ અરુ દેવતા, ગોરખ દત્તા વ્યાસ
સનક સનંદન હારિયા, ઔર કેતિક બાત - ૪

અનહદ ધ્વનિ બાજા બજૈ, શ્રવણ સુનત ભૌ ચાવ
ખેલનિહારા ખેલિ હૈ, બહુરિ ન ઐસો દાવ - ૫

જ્ઞાન ઢાલ આગે દિયો, ટારે ટરત ન પાંવ
ખેલનિહારા ખેલહીં, જૈસી વાકી દાવ - ૬

શિવ સન બ્રહ્મા દોડિકે, દોનો પકરિ ન જાય
ફગુવા લિન છિનાય કે, બહુરિ દિયો છિટકાય - ૭

નારદકે મુખ મોરિકે, લીન્હો બસન છિનાય
ગર્વ ગહેલી ગર્વ તે ઉલટિ ચલી મુસકાય - ૮

ઇન્દ્ર કૃષ્ણ દ્વારે ખડે લોચન લલચિ ન ચાય
કહંહિ કબીર તે ઉબરે, જાહિ ન મોહ સમાય - ૯

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મારા સંતજનો, ચેતો ! જેણે આખા સંસારને પોતાને વશ કરી લીધો તે ખુદ મોહિની સ્વરૂપ માયા હોળી ખેલી રહી છે ! - ટેક

તે ચંદ્રના જેવી મોઢાવાળી છે, મૃગના જેવી આંખવાળી છે, અતિશય સુંદર શરીરવાળી છે અને હાથીના જેવી વાંકી ચાલવાળી છે. તેણે તો તપસ્વીઓને અને સતીઓને પોતાના મોહપાશમાં જકડી લીધા છે. – ૧

તે તો ત્રણ રંગોમાં રંગેલી સુંદર ચૂંદડી પહેરીને આવી છે. તેની શોભા ખરેખર અદ્દભૂત છે. તેના મહિમાનું વર્ણન તો કદી થઈ શકે એમ જ નથી ! - ૨

કોઈ પાછળ રહી તો નથી ગયું ને તે જોતી જોતી સૌના શરીર સામે હમણા જ રંગી દેશે એવા અભિનયથી પિચકારી ધરી દે છે અને પ્રેમનો ડોળ કરી સૌને વશમાં કરી દે છે. – ૩

દેવતા, માણસો, મુનિઓ, ગોરખ જેવા યોગીઓ, દત્ત-વ્યાસ જેવા ભગવતસ્વરૂપો તથા સનક સનંદન જેવા ઋષિઓ તેની આગળ હારી ગયા છે તો પછી બીજાની તો વાત જ શી કરવી ? - ૪

અનાહત નાદના મધુર ધ્વનિ સંભળાવી યોગીઓને મસ્ત બનાવી દે છે. ખેલનારાઓ તો આવો અવસર ફરીથી નહિ મળશે એવા ભાવથી ખેલી પણ લેતા હોય છે. – ૫

સાચા જ્ઞાની પુરૂષો જ્ઞાન રૂપી ઢાલ સામે ધરી દેતા હોવાથી તે પોતાના લક્ષ્યમાંથી સહેજ પણ ચલિત થતા નથી. માયાની આ રમતમાં તો જે જેવો દાવ લગાવે તેવું તેને ફળ મળે છે. – ૬

શિવ ને બ્રહ્મા બંને તેના પાશમાં જકડાય ગયેલા ને તેમની પાસેથી ફાગ ઝૂંટવી લીધેલો. તેઓને વિષય સુખમાંથી પણ દૂર કરી દીધેલા ! - ૭

નારદનું મોઢું બદલી કાઢીને વાંદરાનું બનાવી દીધેલું ને તેના હાથમાં આવેલી બાજી તેણે છીનવી લીધેલી. ગર્વથી ઉન્મત્ત બનેલી તે માયા હસતી હસતી જતી રહેલી ! - ૮

ઇન્દ્ર ને કૃષ્ણ જેવા તેના બારણે ઊભા રહે છે ને તે આંખને ઈશારે નચાવે પણ છે. કબીર કહે છે કે તે જ બચી શકે છે જે તેના મોહપાશથી કદી બંધાતો નથી. – ૯

********************

૧. આ પદ બીજક ગ્રંથમાં ચાચર પ્રકરણમાં છે. ચાચર પ્રકરણમાં કુલ બે પદો છે પણ તે લાંબા પદો છે. હોળી વખતે ગવાતા લોકગીતોનો ઢાળ અને તેની સાથે થતા તાલબદ્ધ નાચને ચાચર કહેવામાં આવે છે. ઉત્તર ભારતના ગ્રામ્ય વિસ્તારની તે સંપત્તિ ગણાય છે. ગરીબ ને નીચ ગણાતી જાતિના લોકોમાં તે વિશેષ પ્રચલિત ગણાય. આજે પણ તેની છાંટ ગુજરાતમાં ભવાયની જેમ ક્યાંક ક્યાંક જણાય છે. અહીં તે ચાચારનું લાંબુ પદ ટૂંકાવીને આપ્યું છે. ગુજરાતમાં તે સૌ પ્રથમ નાદબ્રહ્મમાં છપાયું લાગે છે. તે પદની પંક્તિઓની ગોઠવણી બેસીને ગવાતા ભજનના ઢાળને અનુરૂપ છાપી. નાદબ્રહ્મનું અશુદ્ધ પદ અહીં શુદ્ધ કરીને છાપ્યું છે. આના જેવું બીજું પદ કબીરપંથી શબ્દાવલી પૃ-૭૦૬ પર મળી આવ્યું છે તે પરિશિષ્ટ – ૭ માં જિજ્ઞાસુ વાચકને જોઈ લેવા વિનંતી. આ પદમાં માયાના પ્રભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. માયા એના માલિકને પણ છોડતી નથી તેથી ચેતીને ચાલવાની શિખામણ આપવામાં આવી છે.



Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૪૯ : કોઈ રામ રંગીલે રંગ હો

નાદબ્રહ્મ પદ-૫૧૮, પૃષ્ઠ-૨૭૧, રાગ-ધમાર
(સંદર્ભ : બે પદો, પરિશિષ્ટ-૮)
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૩/૪, ૭૧૨/૮)

કોઈ[૧] રામ[૨] રંગીલે રંગ હો, હો મેરે પ્યારે, ગહો શબ્દ ટકસાર[૩] - ટેક

પ્રેમ તે ગગન પખવાજ બાજૈ, બિન કર બાજે તાલ
રુનક ઝુનક અનહદ ધુનિ બાજે રાગ છતીસોં રસાલ - ૧

ગગન[૪] મંડલમેં ખેલત હૌં હોરી તત મતા ગુલતાન
ફગુઆ નામ લિયે બન આવૈ, પાવૈ મુક્તિ ફલ દાન - ૨

પ્રેમકે રંગ ખીંચત રહૈ, અષ્ટ કમલ પરકાસ
જ્ઞાન ગલીમેં છૂટે પિચકારી, ભંવર[૫] ગુફા નિજવાસ - ૩

કહેત કબીર ઐસી હોરી ખેલો, તીનો તાપકો[૬] માર
નામ ગહે તે પરમ પદ પાવે, પુનરપિ[૭] જન્મ નિવાર - ૪

********************

૧. આ પદનું શુદ્ધિકરણ 'કબીરપંથી શબ્દાવલી' માં મળી આવેલાં બે જુદાં જુદાં પદોને આધારે કર્યું છે. બંને પદો પરિશિષ્ટ – ૮ માં આપ્યાં છે.

૨. 'રામ' કે 'નામ' બંને શબ્દો પ્રભુનો જ નિર્દેશ કરે છે. કબીરવાણીમાં 'રામ' શબ્દનો ઉપયોગ સવિશેષપણે થયેલો જણાય છે તેથી અહીં 'રામ' શબ્દની પસંદગી કરી છે. જોકે 'નામ' શબ્દ પણ વાંધાજનક જાણતો નથી. 'નામ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે તો અર્થમાં ખાસ ફેર પડતો નથી. કારણ કે 'નામ' એટલે સ્થૂળ અર્થમાં પ્રભુનું નામ. પરંતુ પ્રભુ તો નિર્ગુણ ને નિરાકાર હોવાથી તેનું નામ સ્થૂળ જગતમાં હોય છે તેવું ના હોય શકે. તે નામ અતિ સૂક્ષ્મ પ્રકારનું હોય છે. તે નામ ગુરૂ પાસેથી નાદરૂપે મળે છે. તે નામ આંખે દેખાતું નથી ને કાને તે સાંભળી શકાતું નથી. છતાં તેનો ગુંજારવ હૃદય દ્વારા જ સાંભળી શકાય છે. તે ભીતરમાં ગુંજન કર્યા કરે છે. તેવા નામનાં રંગમાં રંગાઈ જાય તો જીવન ધન્ય બની જાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મારા સંતજનો, કોઈ તો રામના રંગમાં પૂરા રંગાઈને સાર રૂપ જ્ઞાન તો પ્રાપ્ત કરો ! - ટેક

ગગન મંડળમાં હાથ વિના જ તાલબદ્ધ રીતે પખવાજ પ્રેમપૂર્વક વાગ્યા કરે છે અને અનાહત નાદનો મધુર ધ્વનિ તથા છત્રીસ પ્રકારે રાગરાગિણીઓ પણ ગુંજ્યા કરે છે. – ૧

જે જે ગંગન મંડળમાં પ્રભુના પ્રેમના રંગમાં રંગાઈ જનારના આઠ પાંદડીવાળા કમળ જેવા હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પથરાય જાય છે. તે જ્ઞાનની ગલીમાં પ્રવેશતાં જ રંગની પિચકારી એવી છૂટે છે કે પછી આપોઆપ ભંવર ગુફામાં તેની નિજ સ્વરૂપમાં સ્થિતિ જઈ જાય છે. – ૩

કબીર કહે છે કે એવી હોળી ખેલો કે જીવનો ત્રણે તાપોથી છૂટકારો થઈ જાય. જે પ્રભુના નામને ગ્રહણ કરે છે તે જન્મમરણમાંથી મુક્ત થઈ પરમ પદને પ્રાપ્ત કરે છે. – ૪

********************

૩. ‘ટકસાર’ એટલે સાધારણ રીતે ટંકશાળ. અહીં તો જે જ્ઞાન અત્યંત ગૂઢ ને સાવ અગમ્ય ગણાય છે, તેનું સાર રૂપ જ્ઞાન અનુભવથી પ્રાપ્ત કરી લેવા માટે શબ્દ પ્રયોજાયો છે. હિંદી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન પંડિત હજારીપ્રસાદ દ્વિવેદી પોતાના ‘કબીર’ ગ્રંથમાં ‘ટકસાર’ શબ્દને ગૂઢ વાણીના એક પ્રકાર તરીકે ગણાવે છે. કબીરજીની ચાર પ્રકારની વાણી ગણાય છે : કૂટ, ટકસાર, મૂલ જ્ઞાન તથા બીજક. તે દૃષ્ટિએ ‘ટકસાર’ શબ્દ ગૂઢ રહસ્યને પ્રગટ કરતી વાણી ગણાય. મતલબ કે તે શબ્દ સાર રૂપ જ્ઞાનનું પ્રતીક છે. ગુરૂકૃપા કરે ત્યારે નામદાન થાય છે ને તે દ્વારા સાર રૂપ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. ટૂંકમાં, ‘ટકસાર’ શબ્દ કબીરસાહેબનો પોતાનો શબ્દ છે. કબીરવાણીની પરિભાષામાં તે અગ્રસ્થાન ભોગવે છે.

૪. આંખની ઉપરના ભાગને મસ્તક કહેવામાં આવે છે તેને જ યોગીઓ ગગન મંડળ તરીકે ઓળખાવે છે. તેમાં જાગૃત થયેલ શક્તિ આવીને સ્થિર થાય ત્યારે તત્વનો સાક્ષાત્કાર થાય છે. ગુરૂ દ્વારા આપવામાં આવેલું નામદાન ત્યારે ફળ પ્રાપ્ત કરે છે અને મુક્તિના પરમ સુખની લ્હાણી કરે છે.

૫. ભંવર ગુફામાં નિજ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. એના પછી સતલોકનો પ્રદેશ ચાલુ થાય છે. જીવ તેમાં પ્રવેશ કરી જીવન સાર્થક કરે છે.

૬. ત્રણ પ્રકારનાં તાપો : આધિ, વ્યાધિ ને ઉપાધિ

૭. “પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનં” એવી ભગવાન શંકરાચાર્યની ઉક્તિની અહીં યાદ આવે છે. જન્મ-મરણ એ ભવરોગ ગણાય. તે સદ્‌ગુરૂ પાસેથી નામદાન પ્રાપ્ત કરી મટાડી શકાય છે. નામદાન મેળવ્યા પછી સાધકનું અંતઃકરણ નિર્મલ થતું જાય છે. મૂલાધારમાં સૂતેલી શક્તિ જાગૃત થઈને ભંવરગુફા સુધી આવી ચઢે છે ત્યારે સાક્ષાત્કાર થઈ શકે છે અને મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત કરી શકાય છે. એ રીતે ગુરૂ કૃપાથી ભવરોગ મટી શકે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૦ : માયા કાલી નાગનિ

નાદબ્રહ્મ પદ-૫૧૯, પૃષ્ઠ-૨૭૨, રાગ-ધમાર
(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૮૧૪/૧૩૭)

માયા કાલી નાગનિ, હો[૧] મેરે પ્યારે, જિન ડસિયા સબ સંસાર

ઇન્દ્ર[૨] ડસે બ્રહ્મા[૩] ડસે, નારદ[૪] ડસિયા વ્યાસ[૫]
બાત કહત શિવકો[૬] ડસી જાકે છિન એક બૈઠી પાસ - ૧

કંસ[૭] ડસે સિસપાલ[૮] ડસે, રાવન ડસિયા જાય
દસ મસ્તક જાકે ભૂમિ પરે, તાકર લંકા દઈ લુટાય - ૨

બડ બડ ગારુડ સબ ડસે, કોઈ ન કીલનહાર
કચ્છ દેશ ગોરખ[૯] ડસે, જાકા જોગ અપાર - ૩

ચુન ચુન મારે ચતુર સૂરમા, જાકી કરે જગ આર
તોસે ગરીબકી[૧૦] કૌન ગિને, કહે કબીર વિચાર - ૪

********************

૧. 'કબીરપંથી શબ્દાવલી' માં આ પદ છે પરંતુ તેમાં 'હો મેરે પ્યારે' શબ્દો નથી. ધમારને ગાવાની જે પદ્ધતિ છે તેને ખ્યાલમાં રાખીને નાદબ્રહ્મના પદના એ શબ્દો કાયમ રાખ્યા છે.

૨. ઇન્દ્ર ભોગી ને વિલાસી દેવ તરીકે પ્રસિદ્ધ છે. ગૌતમ ઋષિની પત્ની અહલ્યાનું રૂપ જોઈને મોહિત થયેલો અને ઋષિની ગેરહાજરીનો લાભ લેવા જતાં તે શાપિત થયેલો.

૩. બ્રહ્માની પુત્રી તે સરસ્વતી. તે પણ ખૂબ સ્વરૂપવાન હતી. એકાંતમાં એક દિવસ ખુદ બ્રહ્મા પોતે મોહિત થયેલા અને મૃગનું રૂપ ધારણ કરીને તેમને ભાગી જવું પડેલું.

૪. નારદ મુનિને એકવાર પોતે શિવજીથી પણ શ્રેષ્ઠ કામવિજેતા છે એવો અહંકાર થયેલો. વિષ્ણુ ભગવાને ઋષિનું પતન અટકાવવા એક નગરી નિર્માણ કરેલી. તે નગરીના રાજાની છોકરીના સ્વયંવરનો પ્રસંગ ઊભો કરેલો. નારદ તે કન્યાને જોઈને મોહિત થયેલા. પોતે સ્વરૂપવાન બનવા વિષ્ણુ પાસે ગયેલા એટલે વિષ્ણુએ નારદને ખબર ન પડે તે રીતે તેમનું મોઢું વાંદરા જેવું બનાવી દીધેલું. એ રીતે નારદ અપમાનિત થયેલા ને તેથી તેમનો મોહભંગ કરેલો.

૫. વ્યાસ મહર્ષિ તરીકે જાણીતા છે. તેમણે અઢાર પુરાણો તેમજ મહાભારતના ગ્રંથની રચના કરેલી. તેઓ મહાન જ્ઞાની તરીકે પ્રખ્યાત છે. છતાં તેઓ પણ માયના ચક્રમાં આવી ગયેલા. પિતાના વંશનો વેલો આગળ ચાલે તે બહાના હેઠળ વ્યાસને પણ બ્રહ્મચર્યનો ભંગ કરવો પડેલો તે મહાભારતની કથા સાક્ષી પૂરે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે મારા વ્હાલા જનો, આ માયા તો કાળી નાગણ કહેવાય ! તેણે તો આખા સંસારને ડંખ મારીને મરણતોલ બનાવી દીધો છે ! - ટેક

તેણે ઇન્દ્ર, બ્રહ્મા, નારદ ને વ્યાસ જેવાને પણ ડંખ મારેલો ! વાત કરતા કરતા શિવ પાસે તે ક્ષણેક બેઠેલી એટલામાં તો તેણે શિવજીને પણ ડંખ મારી દીધેલો. – ૧

કંસ અને શિશુપાલને પણ તે કરડેલી. દસ માથાવાળા રાવણને તો એવી રીતે કરડેલી કે તેના દસે દસ મસ્તક કપાઈને જમીન પર પડેલા ને આખી લંકા નગરી લૂંટાઈ ગયેલી. – ૨

બધાં જ મોટા મોટા જોગીઓને તે ડસી વળી છે. કોઈ તેને મારી શકનાર નીકળ્યું નથી. કચ્છ દેશના યોગ વિદ્યામાં પાવરધા ગણાતા યોગી ગોરખનાથને પણ તે કરડેલી. - ૩

આખા જગતમાં જેની આણ વર્તે છે એવા ચતુર ને શૂરવીર ગણાતા માણસોને તેણે ચૂંટી ચોંટીને ડંખ માર્યો છે. તો પછી સાવ સામાન્ય ગણાતા અજ્ઞાની માણસની તો વાત જ શી એવું ખૂબ વિચારીને કબીર કહે છે તે લક્ષમાં લો ! - ૪

********************

૬. શિવભગવાન ભોળાનાથ તરીકે જાણીતા છે. તેમના ભોલપણનો લાભ અસુરોએ લીધેલો તે કથા ઘણી પ્રસિદ્ધ છે. ભસ્માસુર નામના અસુરે તપશ્ચર્યા કરેલી. તેમની તપશ્ચર્યાથી પ્રસન્ન બની શિવ ભગવાન તેને વરદાન આપી બેઠેલા. તે અસુરે એવું વરદાન માંગેલું કે તે જેના માથા પર હાથ મૂકે તે બળીને ભસ્મ થઈ જાય. શિવજીએ પોતાના ભોળા સ્વભાવને આધારે વિચાર નહીં કરેલો કે એ વરદાન શિવજીને પોતાને મુશ્કેલીમાં મૂકશે. શિવજીએ જેવું વરદાન ભસ્માસુરને આપ્યું તેવું જ તેણે શિવજીના માથા પર તેનો હાથ મૂકવા પ્રયત્ન કરેલો ને શિવજીએ ભાગવું પડેલું. વિષ્ણુ ભગવાનની મદદ પણ શિવે માંગવી પડેલી. વિષ્ણુએ મોહિની સ્વરૂપ ધારણ કરીને ભસ્માસુરને મોહિત કરી દીધેલો. તે મોહિની સ્વરૂપ જેમ કરે તેમ તે અનુકરણ કરવા લાગેલો. તે સ્વરૂપે પોતાનો હાથ પોતાના માથા પર મૂક્યો એટલે ભસ્માસૂરે પણ પોતાનો હાથ પોતાના માથા પર મૂકેલો ને તે બળીને ભસ્મ થઈ ગયેલો.

૭. કંસ આકાશવાણીથી છેતરાઈને દેવકીનાં બધાં જ સંતાનોનો નાશ કરવા પ્રેરાય છે ને આખરે પોતાનો જ નાશ નોતરે છે.

૮. શિશુપાલ શ્રી કૃષ્ણનો માસીનો દીકરો થતો હતો. તે જન્મેલો ત્યારે તેને ત્રણ આંખ અને ચાર હાથ હતા. જન્મ સમયે આકાશવાણી થયેલી કે જેની ગોદમાં રમવાથી એક આંખ ને બે હાથ વીલીન થઈ જશે તેના હાથે જ તેનું મૃત્યુ પણ થશે. શ્રી કૃષ્ણની ગોદમાં રમતા એક આંખ ને બે હાથ અલોપ થયેલા ને કથા કહે છે કે શ્રી કૃષ્ણના હાથે જ તેનો સુદર્શન ચક્ર દ્વારા વધ થયેલો.

૯. નાથ સંપ્રદાયના વિખ્યાત સંત ગોરખનાથ દસમી સદીમાં થઈ ગયેલા. કબીરસાહેબનો સમય તો તેરમી સદીનો ગણાય છે. તો ગોરખનાથના જીવનમાં ભ્રષ્ટ બની ગયેલાને કોઈ પ્રસંગ નથી. એટલે અહીં જે ઉલ્લેખ થયો છે તે કચ્છ દેશના ગોરખનાથ બીજા કોઈ સંત હોવા જોઈએ. કબીર સાહેબના સમયમાં તેમની વાત પ્રચલિત હશે તેથી તેઓ પણ કન્યાના મોહમાં ફસાયેલા હશે અને પતન પામ્યા હશે એવું અનુમાન થઈ શકે.

૧૦. ગરીબ એટલે જ્ઞાન વિહીન માણસો. સાવ સામાન્ય માણસોનું તો શું ગજું ? મોટા મોટાનું પતન થાય તો નાનાનું પણ થાય જ. તેથી દરેક માણસે માયાથી ચેતતા રહેવું જોઈએ એવું કબીરસાહેબ કહેવા માંગે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૧ : હિંડોલના તહાં ઝૂલે આતમરામ

નાદબ્રહ્મ પદ-૫૬૯, પૃષ્ઠ-૩૦૧, રાગ-મલાર
(સંદર્ભ : કબીર વા મયખંડ-૨ શબદ, પૃષ્ઠ-૪૩૨, પદ-૩૪૨)

હિંડોલના તહાં ઝૂલે આતમરામ
પ્રેમ[૧] ભગતિ હિંડોલના, સબ સંતનકો બિસરામ - ટેક

ચંદ સૂર દોઉ ખંભવા, બંકનાલિકી[૨] ડોર
ઝૂલે પંચ[૩] પિયારિયાં, તહાં ઝૂલે જીય મોર - ૧

દ્વાદશ[૪] ગમકે અંતરા, તહાં અમૃત કો ગ્રાસ[૫]
જિનિ યહ અમૃત ચાખીયા, સો ઠાકુર હમ દાસ - ૨

સહજ[૬] સુનિકો નેહરો, ગગન મંડલ સિરિમૌર
દોઉ કુલ હમ આગરી, જો હમ ઝૂલૈ હિંડોલ - ૩

અરધ ઉરધકી ગંગા જમુના, મૂલ[૭] કંવલકો ઘાટ
ષટ[૮] ચક્રકી ગાગરી, ત્રિવેણી સંગમ બાટ - ૪

નાદ[૯] વિંદકી નાવરી, રામ નામ કનિહાર[૧૦]
કહૈ કબીર ગુન ગાઈલે, ગુરુ ગમિ ઉતરૌ પાર - ૫

*******************

૧. 'પ્રેમ ભગતિ' શબ્દ દ્વારા કબીરસાહેબ ભક્તિને વિશેષ રીતે ઓળખાવી રહ્યાં છે. પ્રચલિત ચીલાચાલુ ભક્તિ નહીં, વિધિમાં અટવાતી ભક્તિ નહીં, પણ આત્માનું અનુસંધાન કરાવી શકે તેવી સર્વોત્તમ ભક્તિ. નારદ મુનિએ ભક્તિસૂત્રમાં કરેલી વ્યાખ્યા અનુસાર પ્રેમ સ્વરૂપ ભક્તિ અહીં અભિપ્રેત છે. શંકરાચાર્ય ભગવાને પણ 'આત્માનુસંધાનમ્ ભક્તિઃ' એવી વ્યાખ્યા કરી છે. અર્થાત્ જે ભક્તિ આત્મા સુધી પહોંચાડે ને આત્માની ઓળખ કરાવે તેવી ઉત્તમ ભક્તિ.

૨. 'બંકનાલિ' એટલે વાંકી નાળી. તેનું મૂળ સહસ્ત્રાર ચક્રમાં છે. તે સહસ્ત્રારમાંથી નીકળી કપાલ કુહરમાં થઈને તાલુને સ્થાને આવે છે, જ્યાં એક નાનું કાણું હોય છે. તે કાણામાંથી અમૃતરસ ઝરતો રહે છે.

૩. પાંચ પ્રાણો – પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન

૪. 'દ્વાદશ' એટલે બાર. બાર આંગળને અંતરે અમૃતનો વાસ છે. યોગીઓ ઈડા-પિંગલામાંથી બાર આંગળ ઉપર ગણે છે. તાંત્રિકો હૃદય ચક્રથી બાર આંગળ ગણે છે. હૃદયથી બાર આંગળ ઉપર ગણે તો સહસ્ત્રાર ચક્રમાં તેનો વાસ ગણાય ને ઈડા-પિંગલાથી ગણવામાં આવે તો અમૃતનો વાસ મહાશૂન્ય ચક્ર પછી આવતા ભંવરગુફામાં ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

મારો આતમરામ તો તે પ્રેમભક્તિના હિંડોળા પર ઝૂલી રહ્યો છે કે જેના પર ઝૂલીને સર્વે સંતોએ કાયમી વિશ્રામ પ્રાપ્ત કર્યો છે. – ટેક

ચંદ્ર ને સૂર્ય નાડીના બે થાંભલે બંકનાલિની દોરી વડે બાંધેલ હિંડોળા પર પાંચ પ્રાણો આનંદથી ઝૂલી રહ્યાં છે ત્યાં જ મારો જીવ ઝૂલે છે. – ૧

ચંદ્રને સૂર્ય નાડીથી ઉપરને ભાગે બાર આંગળ જેટલે અંતરે અમૃતનો ભંડાર ભરેલો છે. તે અમૃત જેણે જેણે ચાખ્યું છે તે સૌ મારા સ્વામી છે અને હું તેઓનો સેવક છું. – ૨

ગગન મંડળની ટોચ ઉપર બ્રહ્મરંધ્રની નીચે જ્યાં સહજ અવસ્થાવાળું શૂન્યચક્ર આવેલું છે તેમાં અમારો વાસ છે. ત્યાં હિંડોળા પર ઝૂલીને અમે તો અમારા બંને કૂળોને ઉજ્જવળ બનાવી દીધાં છે. – ૩

ઈડા રૂપી ગંગા ને પિંગલા રૂપી જમુના નદી પર મૂલાધાર ચક્ર રૂપી ઘાટ આવેલો છે. ત્યાંથી કુંડલિની શક્તિ છ ચક્રો રૂપી ગાગર લઈને પાણી ભરવા ત્રિવેણીના સંગમે આનંદથી જાય છે. – ૪

ત્યાં સંભળાતા અનાહત નાદની હોડીમાં બેસીને જીવ રામનામની અનન્ય ભક્તિને આધારે સંસાર સાગર પાર કરી શકે છે. તે માર્ગના ગુણગાન ગાતો કબીર કહે છે કે તમે સૌ પણ ગુરુઓએ ચીંધેલા માર્ગ દ્વારા ભવસાગર પાર કરી લો ! - ૫

********************

૫. 'ગ્રાસ' સંસ્કૃત શબ્દ છે. બ્રહ્માનંદની ટીકામાં તેનો અર્થ આ પ્રમાણે કર્યો છે – શૂન્યે પ્રાણસ્ય સ્થિરી ભાવ એવ ગ્રાસઃ । અર્થાત્ શૂન્ય ચક્રમાં પ્રાણનું સ્થિર થઈ જવું તે ગ્રાસ. તે લય અવસ્થા ગણાય છે. તે અવસ્થામાં અમૃતરસનો સ્વાદ પ્રાપ્ત થાય છે. તેથી આપણે અહીં 'ગ્રાસ' એટલે શક્તિનો ખોરાક અથવા તો ખોરાકનો કોળિયો એવો અર્થ કરીશું.

૬. 'સહજ સુનિ' એટલે સહજ શૂન્ય ચક્ર અથવા તો મહાશૂન્ય ચક્ર. તે ગગન મંડળમાં આવેલું છે. ગગન મંડળને બ્રહ્માંડ પણ કહે છે. તેમાં કુલ દસ ચક્રો હોવાની કલ્પના કરવામાં આવી છે. તેમાંના પાંચમાં ચક્રમાં પોતાના વાસનો કબીરસાહેબે બીજા એક પદમાં પણ ઉલ્લેખ કર્યો છે :

છોડિ બૈકુંઠકો હંસ આગે ચલા, શૂન્યમેં જ્યોતિ ઝગમગ જગાઈ
જ્યોતિ પરકાશમેં નિરખિ નિઃતત્વકો આપ નિર્ભય હુઆ ભય મિટાઈ ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૧૮૬)

અર્થાત્ વૈકુંઠ પછી હંસલો શૂન્ય ચક્રમાં પ્રવેશ કરે છે ત્યાં જ્યોતિનાં દર્શન થાય છે ને તેના પ્રકાશમાં આત્મસ્વરૂપનાં દર્શનથી નિર્ભયતાની પ્રાપ્તિ થાય છે.

૭. મૂલ કંવલ એટલે મૂલાધાર ચક્રથી શક્તિની નદીનો પ્રારંભ થાય છે. મુક્તિના માર્ગનો પ્રારંભ પણ અહીંથી એમ યોગીઓ માને છે.

૮. પિંડના છ ચક્રો (મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞા) રૂપી ગાગર. કુંડલિની તે પનિહારી. છ ઘડા માથા પર મૂકી ત્રિવેણી સંગમે તે પાણી ભરવા જાય છે. ત્યારે તેને ત્યાં કોઈ બોલાવતું હોય તેનો અનાહત નાદ સંભળાય છે. તે દૈવી મધુર નાદમાં તે તન્મય બની જાય છે.

૯. 'વિન્દ' એટલે બિંદુ. જ્યોતિ અને ધ્વનિની અવ્યક્ત અવસ્થાને પણ બિન્દુ કહેવાય. અહીં નાદવિંદ સાથે વપરાયા છે એટલે પરાવાણીની એક શક્તિ ગણાય. જેમ બીજમાં આખું વટવૃક્ષ સમાયેલું હોય છે તેમ બિંદુમાં – બુંદમાં આખી સૃષ્ટિ સમાયેલી ગણાય. નાદની સાથએ બુંદનો ઉપયોગ કર્યો અને તેને હોડીની ઉપમા આપી છે તેથી તે આત્માની અથવા પરમાત્માની શક્તિ ગણાય.

૧૦. નાદ સંભળાયા પછીની યાત્રાનો કર્ણધાર રામનામની ભક્તિ જ ગણાય. અંતિમ યાત્રાનું ધામ સતલોક ગણાય. ત્યાં સુધીની તમામ જવાબદારી પરમાત્માની જ ગણાય. તેથી તેની શ્રદ્ધાપૂર્વકની ભક્તિનું સવિશેષ મહત્વ છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૨ : ભરમ હિંડોલાના

નાદબ્રહ્મ પદ-૫૭૦, પૃષ્ઠ-૩૦૩, રાગ-મલાર
(સંદર્ભ : બીજક હિંડોળા પ્રકરણ – જુઓ 'કબીર પદ સુધા' પદ-૧૦૨ અને ૧૦૬)

ભરમ[૧] હિંડોલાના જામેં સબ જગ ઝૂલૈ આય - ટેક

લોભ મોહ કે ખંભ દોઉ, મનસા[૨] રચ્યો હિંડોલ
ઝૂલહિં જીવ જહાન જહાં લગિ, કિતહૂં ન દેખૌં ઠૌર[૩] - ૧

ચતુર ઝૂલહિં ચતુરાઈયા, ઝૂલહિં રાજા શેષ[૪]
ચાંદ સુરજ દોઉ ઝૂલહિં, ઉનહું ન આજ્ઞા ભેષ - ૨

લાખ ચૌરાસી જીવ ઝૂલહિં, રવિસુત[૫] ધરિયા ધ્યાન
કોટિ કલપ જુગ બીતિયા, અજહું ન માનૈ હાન - ૩

ધરતી[૬] અકાસ દોઉ ઝૂલહિં, ઝૂલહિં પવના નીર
દેહ ધરી હરિ ઝૂલહિં ઢાઢે દેખહિ હંસ[૭] કબીર - ૪

********************

૧. આ પદ બીજકનું છે. હિંડોળા પ્રકરણમાં પહેલાં હિંડોળાની ટેકની પંક્તિ આ પદની ટેકની પંક્તિ છે. જ્યારે ટૂંકો ત્રીજા હિંડોળાની છે. આ રીતે બે પદનું અહીં મિશ્રણ છે. બીજકની જુદી જુદી પ્રતોમાં આ ટેકની પંક્તિ પણ એકસરખી પાઠવાળી જણાતી નથી. 'જામેં' બધી પ્રતોમાં નથી. કેટલીક પ્રતોમાં 'ભરમ હિંડોલાના ઝૂલૈ સબ જગ આય' એવો પણ પાઠ છે.

૨. આ ભ્રમ રૂપી હિંડોળાનો રચયિતા મન ગણાય છે. જ્યાં સુધી મનનું અસ્તિત્વ રહે છે ત્યાં સુધી આ ભ્રમ રૂપી હિંડોળો પોતાનું કામ કર્યા કરે છે. તેથી જ ઉપનિષદ્ કહે છે કે મન તો આ સંસાર છે. મનમાં ઈચ્છા, વાસના કે તૃષ્ણા જાગે એટલે તે અંગે જીવ દોડધામ કરવા માંડે અને તેમાંથી ભ્રમ રૂપી હિંડોળો બંધાય. વારંવાર જન્મ લેવાની તે હિંડોળો જીવને ફરજ પાડે છે. આ હિંડોળા પર ઝૂલ્યા વિના જીવને ચેન પડતું જ નથી. ઝૂલવામાં એક પ્રકારનો આનંદ તે અનુભવે છે તેથી તે બીજી વાર પણ દેહ ધારણ કરે જ. લોભ, મોહ, કામ, ક્રોધ, મદ ને મત્સર જેવા પરિબળોથી મન ગતિશીલ બન્યા કરે છે અને આ હિંડોળાનું સતત સર્જન થયા જ કરે છે.

3. "ઠૌર એટલે ઠેકાણું. સ્થિરતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઠેકાણું પડે જ નહિં. ઈચ્છા કે વાસના જ ન જાગે તો મન શાંત ને સ્થિર થઈ શકે. સ્થિર મન મુક્તિને ઠેકાણે જીવને પહોંચાડે. તેથી જ અમૃત બિંદુ ઉપનિષદ્‌માં સ્પષ્ટ કહેવામાં આવ્યું કે મન એવ મનુષ્યાણામ્ કારણં બંધ મોક્ષયોઃ | અર્થાત્ મન જ માનવનો બંધન અને મોક્ષનું કારણ છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

આ ભ્રમરૂપી હિંડોળા પર તો આખું જગત ઝોલા ખાતું રહ્યું છે. – ટેક

મોહ ને લોભના બે થાંભલાઓ પર મન દ્વારા આ હિંડોળો રચવામાં આવ્યો છે. જ્યાં લગી જીવ સંસારમાં ઝૂલે છે ત્યાં લગી જીવ કદી પણ સ્થિર જણાતો નથી ! - ૧

ચતુર ગણાતા લોકો પોતપોતાની ચતુરાઈના મદમાં ઝૂલતા હોય છે. ખુદ શેષ ભગવાન પણ આ હિંડોળે ઝૂલે છે. ચંદ ને સૂર્ય પણ પોતાની મર્યાદામાં ઝૂલ્યા કરે છે. હજી લગી તેઓને સ્થિર થવાની આજ્ઞા મળી જણાતી નથી. – ૨

ચોર્યાસી લાખી યોનિઓમાં ઝૂલતાં ઝૂલતાં સર્વ જીવો યમરાજનું જ ધ્યાન ધરતા જણાય છે. કરોડો યુગો વીતી ગયા છતાં કોઈ પોતાની હાર સ્વીકારતું નથી. – ૩

ધરતી, આકાશ, પવન, પાણી બધું જ ઝૂલે છે. સાક્ષાત્ હરિ પણ દેહ ધારણ કરીને આ હિંડોળે ઝૂલી લે છે. વિવેક જ્ઞાનથી યુક્ત થઈ કબીર આ બધું ઊભા ઊભા જોયા કરે છે. – ૪

********************

૪. પૌરાણિક કથા અનુસાર શેષનાગ પણ રાજા જ હતા. તેના મનમાં આખી પૃથ્વીને ધારણ કર્યાનું જ્યારથી અભિમાન થયું ત્યારથી તેઓ પણ આ હિંડોળે ઝૂલ્યા કરે છે. અભિમાનને કારણે મન અસ્થિર બને અને અસ્થિર મન ભ્રમના હિંડોળાનું સર્જન કરે જ !

૫. રવિસૂત એટલે સૂર્યના પુત્ર યમરાજ. ચોર્યાસી લાખ યોનિઓમાં અટવાતા જીવોને મરણનો ભય રહેવાનો જ. તેથી તેઓ સૌ યમરાજનું જ ધ્યાન કરતા રહે તે અત્યંત સ્વાભાવિક ગણાય. ભયભીત મન કોનું ધ્યાન કરે ? અંતકાળે તો વેદના જ એટલી બધી હોય છે કે રામ ભૂલી જ જવાય ! મન વેદનાથી મુક્ત બને તો શાંત ને પ્રસન્ન અવસ્થામાં રામનું સ્મરણ થઈ શકે ! બાકી યમરાજનું જ ધ્યાન થાય !

૬. ધરતી, આકાશ, વાયુ, પાણી, ચંદ્ર, સૂર્ય સૌ પ્રકૃતિનાં તત્વો છે. તે સૌ પોતાની મર્યાદામાં રહીને પોત પોતાનું કર્તવ્ય બજાવી રહ્યાં છે. તેમની પાસે ચેતનપિંડ નથી. તે સૌ તો જડ પિંડવાળા ગણાય. તેથી તેઓ જાતે કશું કરી શકે નહીં. તેમની પાસે કંઈ મન નથી. મન હોય તો કદી થાક પણ લાગે ને થંભી જવાનું મન પણ થાય. તેથી તેમને મન ન હોવાને કારણે કોઈ હરખ શોક થતો નથી.

૭. 'હંસ' એટલે વિવેક જ્ઞાનથી યુક્ત જીવાત્મા. માનવી પાસે મન છે તેથી તે ધારે તે કરી શકે. તે ધારે તો સ્થિર પણ થઈ શકે. તેને લગની લાગે તેવું તે જરૂર કરી શકે. મનની શક્તિ તો અગાધ છે. મનમાં વિવેક જાગે તો તે સારા નરસાનો ખ્યાલ કરી શકે અને મનનો નિરોધ કરી સ્થિરતા પ્રાપ્ત કરી શકે. સ્થિરતા વિના મુક્તિની કોઈ શક્યતા નથી.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૩ : ભક્તિ હિંડોળે સંત જન ઝૂલે

નાદબ્રહ્મ પદ-૫૯૩, પૃષ્ઠ-૩૧૬, રાગ-કાનડો

ભક્તિ હિંડોળે સંત જન ઝૂલે
સતગુરૂ શબ્દકા દેત[૧] જોટા, કહત સુનત હૃદયમેં ફૂલે - ટેક

જ્ઞાન[૨] વૈરાગ્ય દોઉ સ્તંભ મનોહર, રામનામકી[૩] દોરી લગાઈ
શીલ સંતોષ વિચાર વિવેક કી, દાંડી[૪] ચાર અમોલ સોહાય - ૧

ધીર ગંભીરકી પટુલી બિરાજે, પ્રેમ પ્રીતકી ચુની[૫] જુરી હૈ
આતમ અનુભવ જ્ઞાન પ્રકાશ, હીરા માણેક શોભા બની હૈ - ૨

સંત સંગત મિલી જે કોઈ ઝૂલે, કામ ક્રોધ મદ લોભ નસાવે
કહેત કબીર સોહી[૬] જન નિર્મલ, અંતકાલ પરમ પદ પાવે - ૩

********************

૧. 'દેત જોટા' શબ્દો ગુજરાતી ભાષાના છે. આ પદનું મૂળ સ્વરૂપ મળી શક્યું નથી. કબીરસાહેબ વિશિષ્ટ પ્રકારની ભક્તિને હિંડોળાના રૂપક દ્વારા દર્શાવી રહ્યાં છે. કંઠી, તિલક આદિ ભક્તિના બાહ્યાચારની કોઈ વાત અહીં કરવામાં આવી નથી તેમજ દીવો સળગાવવો, ધૂપસળી સળગાવવી કે એવી કોઈ અન્ય વિધિનો પણ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેણે સદ્‌ગુરૂની શરણાગતિ સ્વીકારીને જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા જ સંતો આવી ભક્તિને સમજી શકે. તેવા સંતો દષ્ટાંતો આપીને ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમજાવી શકે. તેથી 'દેત જોટા' શબ્દોનો અર્થ અહીં 'દાખલા આપીને' એવો કરવામાં આવ્યો છે.

૨. જ્ઞાનમયી ભક્તિનું વિશેષ મહત્વ છે. જ્ઞાન વિનાની ભક્તિ વેવલી બની જાય છે. તે વિધિમાં અટવાઈ ને બાહ્યાચારનાં આડંબરને પોષે. તેથી ભક્તિનો જે આદર થવો જોઈએ તે થાય નહિ. તે હાસ્યાસ્પદ પણ બને. તેનું સકામ સ્વરૂપ તેને ઉત્તમ બનવા નહીં દે. લોકો ભક્તિ કરે તે પરમાત્માની નહીં, પણ પોતાની કામના પૂરી કરવા માટે કરે. કોઈને ધનસંપત્તિની જરૂર છે, કોઈને માનપ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા છે, કોઈને દુઃખ-સંકટનું નિવારણ કરવું છે ! પ્રભુને પ્રાપ્ત કરવા માટે કોઈ ભક્તિ કરતું જણાતું નથી. તેથી અહીં જ્ઞાન ને વૈરાગ્યના બે મજબૂત થાંભલા પર ભક્તિને ઊભી રાખી છે. વૈરાગ્ય એટલે રાગ રહિત મતલબ કે આસક્તિ રહિત, કામના રહિત ભક્તિનું ઊંચું – ઉત્તમ સ્વરૂપ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સદ્ગુરૂના ઉપદેશ વચનોને દાખલ સહિત સમજાવતા ને સંભળાવતા જેઓને હૃદયમાં અપાર આનંદ થતો હોય છે તેવા સંતજનો આ ભક્તિરૂપી હિંડોળા પર ઝૂલે છે. – ટેક

આ ભક્તિ રૂપી હિંડોળો તો જ્ઞાન ને વૈરાગ્ય રૂપી બે સ્તંભોથી બનેલો છે. તે સ્તંભો પર રામનામની દોરીથી બાંધેલી શીલ, સંતોષ, વિચાર ને વિવેકની ચાર અણમોલ દાંડીઓ સોહી રહી છે. – ૧

તેમાં ધીરજ ને ગંભીરતાના ગુણો રૂપી પટુલી મૂકવામાં આવી છે અને તેને પ્રેમની ચૂંદડી ઓઢાડેલી છે. આત્માના અનુભવના પ્રકાશથી ચમકતા સદ્ગુણોનાં હીરા-માણેક પણ અંદર રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે. – ૨

સંતોના સમાગમમાં રહી જે કોઈ આ ભક્તિ રૂપી હિંડોળા પર ઝૂલશે તે કામ, ક્રોધ, મદ, લોભાદિ દુર્ગોણોથી મુક્ત બની શકશે. કબીર કહે છે કે તે જ માણસ પવિત્ર બનીને અંતકાળે પણ મુક્તિને પામી શકશે. – ૩

********************

૩. રામનામની દીક્ષા જેને મળે તે સ્મરણનું મહત્વ સમજે. કબીરસાહેબ તે માટે સ્પષ્ટીકારણ કરે છે કે :

સુમિરન સુરત લગાઈકે, મુખ તે કછુ ન બોલ
બહાર કે પટ દેઈકે, અંતરકે પટ ખોલ

અર્થાત્ સ્મરણ મનથી કરવાનું હોય છે તેથી તેને પ્રથમ અંતર્મુખ કરવું જરૂરી છે. શરીરના દરવાજા ઉઘાડા રહે તો મન સહેજે બહિર્મુખ જ બની રહે. તેથી તમામ દરવાજા બંધ કરીને અંદરના આત્મજ્ઞાનનો દરવાજો ખોલવો જરૂરી ગણાય છે. તો મન સ્મરણમાં લીન થઈ શકે.

૪. વિવેક, વિચાર, સંતોષ ને શીલની ચાર દાંડીઓ પર ભક્તિ રૂપી હિંડોળો ટકે છે. વિવેક જાગે તો વૈરાગ્ય જાગે તે હકીકતનો અહીં સ્વીકાર છે. વૈરાગ જાગે તે મન રાગ રહિત થાય ને સંસારની ભાવના ન કરે. વિચાર અહીં ધ્યાનની સૂચના કરે છે. જ્યારે મન કોઈપણ વસ્તુનો વિચાર કરે ત્યારે તે વસ્તુનો આકાર ને રૂપ તેની સમક્ષ ખડા થાય છે. તે જ ધ્યાન કહેવાય. સંસારિક પદાર્થનું ધ્યાન નહીં, પણ સદ્ગુરુનું ધ્યાન-આત્માનું ધ્યાન. પ્રભુ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદથી રહેવું તે સંતોષ. વિચાર ને વર્તનની એકતા તે શીલ. આ રીતે આ ચાર દાંડીઓ ભક્તિની શોભા વધારનારી છે.

૫. 'ચુની જુરી' શબ્દો અસ્પષ્ટતા સર્જે છે. એને બદલે 'ચુનરી જુડી' એવો પાઠ હોય તો પ્રેમની ચુંદડીનો ભાવ સ્પષ્ટ થાય.

૬. જે વ્યક્તિ ખરાબ ગણાતી હોય તે વ્યક્તિ પણ સંતોના સંગમાં સુધરે. નારદમુનિના ઘડીક સંપર્કમાં વાલિયો લૂંટારો આવ્યો તો તેનામાં કેટલો બધો ફેરફાર થયો હતો ને મહાન વાલ્મીકી ઋષિ બની શક્યો હતો તે સૌ કોઈ જાણે છે. સંત સંગતમાં વાતાવરણ પણ આધ્યાત્મિક બની જતું હોય છે ને મનને ખોરાક પણ તેવો જ અનુકુળ મળતો હોય છે તેથી વ્યક્તિમાં સમૂળગો ફેરફાર થાય છે તે હકીકત તરફ કબીરસાહેબે સૌનું ધ્યાન દોર્યું છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૪ : ભક્તિ હિંડોળો પરમ સુખકારી

નાદબ્રહ્મ પદ-૫૯૪, પૃષ્ઠ-૩૧૭, રાગ-કાનડો

ભક્તિ હિંડોળો[૧] પરમ સુખકારી
વેદ[૨] પુરાણ શાસ્ત્ર શોધકે, સબ સંતન મિલી કિયો હૈ વિચાર - ટેક

વિચાર[૩] વિવેક દોઉ સ્થંભ મનોહર, દોરી પ્રેમ[૪] પ્રીતસું લાયી
સમ[૫] દમ ઔર સંતોષ[૬] હી ક્ષમા, દાંડી ચાર પરમ સોહાયી - ૧

આ હિંડોળે સનકાદિક ઝૂલે, શંકર ઝૂલે અતિ અનુરાગે
શુક મુનિ વ્યાસ પ્રહ્લાદ ધ્રુવ[૭] અરુ, નારદ ઝૂલે પરમ બડભાગે - ૨

અનંત કોટિ સંત પ્રેમસું ઝૂલે, ઝૂલત આનંદ ઉર ન સમાયે
કહેત કબીર આ[૮] હિંડોળે ઝૂલત, જન્મ મરણ ભવદુઃખ મિટાયે - ૩

********************

૧. 'હિંડોળો' ગુજરાતી શબ્દ કહેવાય. હિન્દીમાં હિંડોલ, હિંડોલા કે હિંડોલના કહેવાય.

૨. દાર્શનિક વિદ્વાનો જ્ઞાન વિના મુક્તિ નહીં મળે એવું કહે છે. ભગવાનના ભક્તો ભક્તિ વિના મુક્તિ ન મળે એવું માને છે. તેથી સામાન્ય લોકો સ્વાભાવિક રીતે મૂંઝાય. જ્ઞાનનું સાધન પકડવું કે ભક્તિનું સાધન પકડવું તે નક્કી ન કરી શકે. તેથી આ પદમાં કબીરસાહેબે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. સર્વ સંતોએ તમામ શાસ્ત્ર ગ્રંથોનો અભ્યાસ કરીને અનુભવને અંતે જ્ઞાનમયી ભક્તિનો મહિમા ગાયો છે. જ્ઞાન વિના મુક્તિ નથી એવો મત ખોટો છે એવું સંતો કહેવા માંગતા નથી. ભાગવત પુરાણ ભક્તિના નવપ્રકાર આ રીતે પાડે છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય ને આત્મનિવેદનમ્. પુરાણોનો મત પણ સાચો છે એવું ગણીને સંતોએ સાધના દ્વારા અનુભવ્યું. કબીરસાહેબનું વલણ સમન્વય વાદી છે. કબીરસાહેબે જ્ઞાન, ભક્તિ, કર્મ ને યોગનો આ પદમાં સમન્વય કર્યો છે. માણસને જ્ઞાન વિના ચાલતું નથી ને કર્મ વિના પણ ચાલતું નથી. તે જ રીતે ભક્તિ ને યોગ વિના પણ ઉર્ધ્વગમન થઈ શકતું નથી. તેથી અહીં સર્વનો સમન્વય સાધીને કબીરસાહેબે ભક્તિનો મહિમા ગાયો છે.

૩. એકનાથ મહારાજે મહારાષ્ટ્રમાં કબીરસાહેબની માફક સમન્વય કર્યો હતો. તેમણે એક અભંગમાં આ પ્રમાણે જણાવ્યું છે :

ભગવદ્દભાવો સર્વા ભૂતીં | હેં ચિ જ્ઞાન હેં ચિ ભક્તિ | વિવેક વિરક્તિ | યાં ચિ નાંવ |

અર્થાત્ સર્વ ભૂતોમાં એટલે કે પ્રાણીમાત્રમાં ભગવાન છે. એવો ભગવદ્દભાવ અનુભવવો એ જ જ્ઞાન અને ભક્તિ કહેવાય. વિવેક ને વૈરાગ્ય એનું જ નામ. આ પદમાં તેવા જ પ્રકારોનો સમન્વય છે. આગલા પદમાં જ્ઞાન ને વૈરાગ્યના બે સ્થંભોનો નિર્દેશ કર્યો છે તો અહીં વિચાર ને વિવેકના બે સ્તંભોની વાત રજૂ કરી છે. બંને શબ્દો જ્ઞાનયોગના ગણાય. વિચાર વિના જ્ઞાન પ્રાપ્ત ન થાય. અને વિવેક વિના વૈરાગ્ય સંભવે નહીં. જ્ઞાનનો આધાર વિચાર ને વૈરાગ્યનો આધાર વિવેક. માત્ર શબ્દો જુદા જુદા, ભાવ તો એક જ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

સર્વ સંતોએ ભેગા મળી વેદ પુરાણાદિ શાસ્ત્રગ્રંથોને ખૂબ વિચારપૂર્વક જોઈ તપાસી શોધી કાઢેલું કે ભક્તિરૂપી હિંડોળો ખરેખર પરમ સુખ દેનારો છે. – ટેક

તે હિંડોળાના વિચાર ને વિવેક તો બે સ્તંભો છે. પ્રેમ રૂપી દોરી વડે તેને બાંધી દેવામાં આવ્યા છે. શમ, દમ, સંતોષ અને ક્ષમા તેની ચાર દાંડીઓ તો તેની શોભામાં વધારો કરે છે. – ૧

તે હિંડોળા પર ખુદ શંકર ભગવાન, સનકાદિક ઋષિઓ, પ્રહ્લાદ, ધ્રુવ, નારદમુનિ જેવા પરમ ભાગ્યશાળી ભક્તો પણ પ્રેમપૂર્વક ઝૂલ્યા કરે છે. – ૨

અનંતકોટિ સંત જનો જ્યારે જ્યારે પ્રેમપૂર્વક આ હિંડોળા પર ઝૂલ્યા હતા ત્યારે ત્યારે તેઓના હૃદયમાં તો આનંદ સમાયો નહોતો. તેથી કબીર કહે છે કે જે તે રીતે ઝૂલશે તે જન્મસ્મરણના દુઃખોને મિટાવી શકશે. – 3

********************

૪. 'પ્રેમ-પ્રીત' શબ્દ ભક્તિનો પર્યાય ગણાય. શાંડિલ્ય ભક્તિસૂત્ર અને નારદમુનિએ રચેલું નારદભક્તિ સૂત્ર ભક્તિને પ્રેમસ્વરૂપા ગણાવે છે.

૫. શમ-દમ એટલે સંયમ. બંને શબ્દો ઇન્દ્રિય નિગ્રહ અને મનો નિગ્રહનો નિર્દેશ કરે છે. નિગ્રહ એટલે નિરોધ. નિરોધની વાત યોગશાસ્ત્રમાં જ હોય.

૬. સંતોષ, ક્ષમા શબ્દો કર્મયોગનો નિર્દેશ કરે છે. કર્મ કર્યા વિના એક ક્ષણ પણ કોઈ રહી શકતું નથી. જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં દરેકે કર્મો તો કરવાં જ પડે. જો તે કર્મો આનંદપૂર્વક કરવામાં આવે તો ઉત્તમ ગણાય. ભગવાન જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદપૂર્વક રહેવાની ભાવના સંતોષ શબ્દમાં વ્યક્ત થાય છે. અને મોક્ષનો ભવ્ય દરવાજો ક્ષમા ને ગણવામાં આવ્યો છે. ક્ષમાભાવથી કર્મો થાય તો રાગ દ્વેષાદિ દુર્ભાવો આપોઆપ ઓછા થઈ જાય એવું અનુભવી પુરૂષો કહે છે.

૭. નાદબ્રહ્મમાં 'ધ્રુવસે' એવું છાપ્યું છે. અહીં 'સે' નો અર્થ શો કરવો ? તે ખોટી રીતે છપાયો છે. તેને બદલે 'અરુ' હિન્દી શબ્દ હોવો જોઈએ એવું અનુમાન કરી વાપર્યો છે.

૮. 'આ હિંડોળે' ગુજરાતી ભાષાના શબ્દો છે. એને બદલે "યહ હિંડોલે" શબ્દ હોવો જોઈએ.

૯. 'ભવ દુઃખ' શબ્દ સંસારમાં જન્મ લેવો પડે તેને સંસારનું મુખ્ય દુઃખ ગણાવે છે. એના જેવો 'ભવરોગ' શબ્દ પણ પ્રચલિત છે. એ રોગ, દુઃખ તો જ મટે જો ભક્તિ રૂપી હિંડોળા પર 'પ્રેમસુ' ઝૂલે ! પ્રેમપૂર્વક ઝૂલવું એટલે ભગવાને સર્વભાવે સમર્પિત થઈ જવું. પ્રેમ હંમેશા ત્યાગ જ કરાવરાવે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૫ : પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું

નાદબ્રહ્મ પદ-૬૦૧, પૃષ્ઠ-૩૨૦, રાગ-કાફી

પિયુજીને[૧] પ્રેમ હિંડોળે ઝુલાવું
મન[૨] બુદ્ધિકે સ્થંભ દોઉ સુંદર, લાલકે[૩] રંગ રંગાવું - ટેક

રંગનારા[૪] સાચા સતગુરૂ, ધસી ધસી ત્યાં જાવું
માનસ વાચા કર્મણા[૫] દેકે, મંગલ મરુઆ લાવું - ૧

હેત પ્રીત અરૂ ભાવ ભક્તિકી, દાંડી ચાર સોહાવું
ચેતન ચોકી જ્ઞાનકી ગાદી, તકિયા તૃપ્ત મિલાવું - ૨

સુરતા[૬] દોરી ચારૂ હિંડોળે, નાદ ઘુઘર ઘમકાવું
સખીઓ પાંચ પચ્ચીસ મિલકે, મુક્ત મંગલ ગાવું - ૩

ઐસે હિંડોળે ઝુલો મેરે પ્યારે, બહુ વિધ બાજા બજાવું
મગ્ન[૭] ભયી સખીઓ સબ ગાયે, સોહમ્ તાલ બજાવું - ૪

પ્રાણજીવન હિંડોળે ઝૂલે, નીરખી હરખી સુખ[૮] પાવું
કહેત કબીરા આ રે હિંડોળે, વારંવાર[૯] ફિર જાવું - ૫

*******************

૧. પિયુજી એટલે પ્રિયતમ. અહીં આતમરામ અભિપ્રેત છે. પદમાં ગુજરાતી શબ્દો જેવા કે હિંડોળે, રંગનારા, ધસી ધસી ત્યાં જાવું, આ રે, મિલાવું, ઘમકાવું વગેરે શુદ્ધિકરણ માગે છે.

૨. મન અને બુદ્ધિના બે થાંભલા પર પ્રેમનો હિંડોળો માનવ શરીરમાં જ બાંધી શકાય. તેથી "ઈશ્વરઃ સર્વ ભૂતનામ્ હૃદ્દેશે અર્જુન નિષ્ટતિ" એ ભગવદ્ ગીતાનો અઢારમાં અધ્યાયનો શ્લોક અહીં સહેજે યાદ આવશે. તેથી આત્માને પ્રિયતમ માનવાની આપણને ફરજ પડે છે.

૩. "લાલ કે રંગ" એટલે આત્માના રંગે મન-બુદ્ધિને રંગવું જરૂરી બની જાય છે. સ્વભાવે મન ચંચલ કે બહિર્મુખ રહે તેથી સુખ બહાર જ તે શોધે. બુદ્ધિ તેનું કહ્યું માને એટલે તેનો નિર્ણય પણ તેવો જ રહે. તેથી મન-બુદ્ધિ આત્માભિમુખ બને તો સ્થિતિ સાવ જ બદલાય જાય. મન આત્મરંગે રંગાય તો આત્માનું જ તે ચિંતન કરશે, આત્મામાં જ સુખ શોધશે અને બુદ્ધિ પણ તેને અનુકૂળ થઈ જઈ નિર્ણયો કરશે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હું તો મારા વ્હાલા પ્રિયતમ આતમરામને પ્રેમના હિંડોળા પર ઝુલાવું છું. પ્રેમના તે હિંડોળો આતમરામના રંગે રંગાયેલા મન અને બુદ્ધિના બે સ્થંભો પર બાંધેલા છે. – ટેક

એ ઝુલાના રંગનાર તો સાચા સદ્ગુરૂ હોવાથી તેમની પાસે વારંવાર દોડી જાઉં છું ને મન, વચન તથા કર્મથી સેવા કરી તેમની પાસેથી કલ્યાણકારી જ્ઞાન પ્રાપ્ત કરું છું. – ૧

હેત, પ્રીત, ભાવ, ભક્તિની ચાર દાંડીથી એ પેમનો હિંડોળો શોભી રહ્યો છે. એમાં જ્ઞાનની ગાદી અને સંતોષના તકિયા બિછાવેલા છે ને ચેતન તત્વ તો ખુદ એની ચોકી કર્યા કરે છે. – ૨

સુરતા રૂપી દોરી વડે એ હિંડોળો બાંધ્યો છે અને એમમાં અનાહત નાદના ઘુઘરા પણ વાગ્યા કરે છે. પાંચ ઇન્દ્રિયો અને પચ્ચીસ તત્વોની સખીઓ સાથે મળીને મુક્તપણે મંગલ ગીતો પણ ગાયા કરે છે. – ૩

અનેક પ્રકારના વાજિંત્રો વાગ્યા કરતા હોય અને સર્વે સખીઓ તન્મય બની જઈ સાથે સાથે 'સોહમ્" "સોહમ્" ના તાલ પણ પુરાવતી હોય તેવા હિંડોળે હે મારા વ્હાલા પ્રિયતમ તમે ઝુલ્યા કરો ! - ૪

મારા જીવનના પ્રાણ સમાન પ્રિયતમને તેના પર ઝૂલતા જોઈને મને ખૂબ આનંદ થાય છે. કબીર કહે છે કે એવા હિંડોળા પર ઝૂલનારને વારંવાર જન્મવું પડતું નથી. – ૫

********************

૪. "રંગરેજ પૂરા સતગુરૂકે પાસ દૌડન જાવું" એવી પંક્તિ હોય શકે. રંગરેજ તો આત્મા સાક્ષાત્કાર કરી ચૂકેલા સદ્ગુરૂ જ ગણાય. તેની પાસે જવાથી જ આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે.

૫. શરણાગતિભાવનું સૂચન. સર્વ ભાવે સદ્ગુરૂની શરણાગતિ સ્વીકારી તેમની આજ્ઞાનું પાલન કરવાથી જ આત્મજ્ઞાનની ઉપલબ્ધિ થઈ શકે.

૬. સુરતા એટલે ચિત્તની વૃત્તિઓ. તેનો નિરોધ થઈ જાય તો સંયમ પ્રાપ્ત થઈ જાય. મન અમન બની શકે અને અનાહત નાદના ઘુઘરા તે સાંભળી શકે. એ બધા શબ્દો યોગની યાદ અપાવે.

૭. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ સર્વ સાધનો આત્માના રંગે રંગાય તો લય અવસ્થાની પ્રાપ્તિ થાય અને 'સોહમ્' માં એકરૂપ થઈ ધન્યતાનો અનુભવ થઈ શકે. યોગીઓની થતી સર્વોત્તમ અનુભૂતિમાંથી તે પસાર થઈ શકે.

૮. 'જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી' એ નરસિંહ મહેતાની યાદ અહીં આવે છે. આત્મા તત્વની ઓળખાણ થાય અને તેને અનુકુળ જીવન બની જાય તો પરમસુખ પ્રાપ્ત થાય જ.

૯. 'વારંવાર ફિર જવું' શબ્દો ગુજરાતી ભાષાના છે. એને બદલે અહીં "બારબાર નહીં આવું" એવા શબ્દો હોવા જોઈએ. નિજસ્વરૂપને પ્રાપ્ત કરનારને ફરી જન્મવું પડતું નથી એવો ભાવ છે.



Edited by Ishwarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૬ : ચલ સદ્‌ગુરૂકી હાટ

નાદબ્રહ્મ પદ-૭૯૬, પૃષ્ઠ-૫૧૦, રાગ-મંગલ

ચલ સદ્‌ગુરૂકી હાટ જ્ઞાન બુધ લાઈએ
કર સાહબસોં હેત પરમ પદ પાઈએ - ૧

સતગુરૂ સબ કછુ દીન્હ દેન કછુ નહિ રહ્યો
હમહિ અભાગિન નાહિ છોરિ સુખ દુઃખ લહ્યો - ૨

ગઈ પિયા કે મહલ હિયા અંગ ના રચિ
રહ્યો કપટ હિય છાય માન લજ્જા ભરી - ૩

જહાં[૧] ગેલ સિલહિલી ચઢૌં ગિરિ ગિરિ પરૌં
ઉઠૌં સમ્હારિ સમ્હારિ ચરણ આગે ધરૌં - ૪

પિયા[૨] મિલનકી ચાહ કૌન તેરે લાજ હૈ
અરધ મિલો કિન જાય ભલા દિન આજ હૈ - ૫

ભલા બના સંજોગ પ્રેમકા ચોલના
તન મન અરપૌં સીસ સાહબ હંસ બોલના - ૬

જો[૩] ગુરૂ રૂઠે હોય તો તુરત મનાઈએ
હુઈયે દીન અધીન ચૂકિ બકસાઈએ - ૭

જો[૪] ગુરૂ હોય દયાલ દયા દિલ હેરિ હૈ
કોટિ કરમ કટિ જાય પલક છિન ફેરિ હૈ - ૮

કહ કબીર સમુઝાય સમુઝ હિરદૈ ધરો
જુગન જુગન કર રાજ કુમતિ અસ પરિહરો - ૯

********************

૧. સ્વામી શ્રી હનુમાનદાસ કૃત ‘શબ્દામૃત સિંધુ’ ના પૃષ્ઠ-૩૧૯ પર આ કડીને બદલે બીજી કડી આ પ્રમાણે છે :

ચલોરિ સુહાગિન નારિ મહલકી ગમ કરો
ખોલો કપટ કિંવાર, પિયા સો મિલ રહો.

અર્થાત્ હે સૌભાગ્યતી સ્ત્રી, ચાલ ! પ્રિયતમના મહેલ તરફ ગતિ કર ! કપટના દરવાજા ખોલી દે અને પ્રિતમની સાથે મળી લે !

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે સખી ચાલ સદ્‌ગુરૂના શરણમાં જઈએ ને જ્ઞાનનો બોધ પામીએ ! પરમાત્માની સાથે પ્રેમ કરીને પરમ પદની પ્રાપ્તિ કરીએ. –૧

જો કે સદ્‌ગુરૂએ તો આપવાનું બધું જ આપી દીધેલું, હવે બાકી તો કાંઈ રહ્યું જ નથી ! આપણે દુર્ભાગી નારી કહેવાઈએ કારણ કે આપણે સુખ છોડીને દુઃખને જ ગ્રહણ કર્યું છે. –૨

આપણે પ્રિયતમના મહેલમાં તો ગયા પણ અંગો તો શણગાર્યા જ નહોતાં ! હૈયામાં તો કપટ ને અભિમાન જ છવાયેલાંહતાં ! સાચે જ એ તો શરમજનક કહેવાય ! - ૩

ત્યાં જવાનો રસ્તો પણ કેવો ભીનો ભીનો ને ચીકણો ! જેમ તેમ ચાલીએ ને પડી જ જવાય ! હવે તો ખૂબ કાળજીપૂર્વક પગલાં ભરવાં પડશે ને આગળ ચાલવું પડશે ! - ૪

પ્રિયતમને મળવાની જ ઈચ્છા હોય તો પછી તને લાજ શરમ શેની ? આમ અરધે રસ્તે મળવાનું મૂકીને કોણ જાય ? આજનો દિવસ તો ખરેખર મંગલ ગણાય ! - ૫

પ્રેમપૂર્વક ભક્તિ કરવા માટે સંજોગ પણ ઘણો સારો મળેલો ગણાય. સાહેબને ખુશ કરવા માટે હું તો તન, મન ને શીશ પણ આપી દઉં ! - ૬

જો ગુરૂ રૂઠેલા હોય તો તેમને તરત મનાવી લેવા જોઈએ અને તે માટે ભૂલચૂકની ક્ષમા માંગી નમ્રતાપૂર્વક તેમના શરણમાં જ રહેવું જોઈએ. –૭

દયાળુ ગુરૂ જો દિલથી આપણી તરફ નજર કરશે તો ક્ષણમાત્રમાં કરોડો કર્મ બંધનો તૂટી જશે અને આપણામાં પરિવર્તન પણ સત્વરે આવી જશે. –૮

તેથી કબીર સમજાવીને કહે તે બધું સમાજપૂર્વક હૃદયમાં ધારણ કરો અને કુબુદ્ધિને એવી રીતે છોડી દો કે જુગ જુગ સુધીનું પરમ સુખનું રાજ્ય પ્રાપ્ત કરી શકાય. –૯

********************

૨. 'શબ્દામૃત સિંધુ' માં આ કડી જ નથી.

૩. આવા જ પ્રકારનો ભાવ ગુરૂગીતામાં પણ વ્યક્ત થયો છે. તે ભાવનું અનુકરણ કરતી સાહેબની સાખી આ પ્રમાણે છે :

કબીરા હરિ કે રૂઠતે ગુરૂકે સરના જાય
ગુરૂકે રૂઠતે મિલતી હરિકી નહીં સહાય

૪. અહીં પણ ગુરૂગીતાનો શ્લોક યાદ આવશે :

અનેક જન્મ સંપ્રાપ્ત સર્વ કર્મ વિદાહિને |
સ્વાત્મ જ્ઞાન પ્રભાવેણ તસ્મૈ શ્રી ગુરવે મન: ||

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૭ : અખંડ સાહબકા નામ

નાદબ્રહ્મ પદ-૭૯૭, પૃષ્ઠ-૫૧૦, રાગ-મંગલ
(સંદર્ભ : સ્વામી હનુમાનદાસ સંપાદિત શબ્દામૃત સિંધુ, પૃષ્ઠ-૩૨૩)

અખંડ[૧] સાહબકા નામ ઔર સબ ખંડ હૈ
ખંડિત મેરુ[૨] સુમેરુ, ખંડ બ્રહ્માંડ હૈ - ૧

થિર ન રહે ધન[૩] ધામ સો જીવન ધંધ[૪] હૈ
કર સાહેબસે હેત સદા આનંદ હૈ - ૨

ચંચલ મન થિર હોય તબે ભલ રંગ હૈ
નિકટ ઉલટ[૫] ભરિ પીવ સો અમૃત ગંગ હૈ - ૩

દયા ભાવ ચિત રાખુ ભક્તિકા અંગ હૈ
કહૈ કબીર ચિત ચેતુ સો[૬] જગત પતંગ હૈ - ૪

********************

૧. અખંડ સાહબકા નામ એટલે આતમરામ, આ શરીરમાં એક માત્ર આત્મા જ અવિનાશી ગણાય. જન્મે ત્યારે વેંતનું ગણાતું આ શરીર મરે ત્યારે ભલે છ ફૂટનું થઈ જાય પણ તે નાશવંત છે. શ્રી કૃષ્ણ ભગવદ્‌ગીતામાં કહે છે :

આતમા ના જન્મે મરે, હણે નહીં, ન હણાય
સદા સનાતન છે કહ્યો, અનાદિ તેમ સદાય (સરળ ગીતા, અ-૨)

એટલું જ નહીં પણ તે અખંડ સ્વરૂપે જ રહે છે. તેને બે ભાગમાં વહેંચી શકાય નહીં. તેના કટકા કરી શકાય નહીં. તેથી શ્રીકૃષ્ણે વિગતે સમજાવે છે :

શસ્ત્રોથી છેદાય ના, અગ્નિથી ન બળે
સૂકાયે ના વાયુથી, જલથી ના પલળે
છેદાયે કે ના બળે, ભીંજાયે ન સુકાય
સર્વ વ્યાપક નિત્ય છે, આત્મા રહે સદાય (સરળ ગીતા, અ-૨)

અર્થાત્ આત્માને સ્ત્રો છેદી શકતા નથી, પાણી ભીંજવી શકે નહિ ને વાયુ સૂકવી પણ શકતો નથી.

૨. બાકીની તમામ સૃષ્ટિ પરિવર્તનશીલ ગણાય. મેરુને સુમેરુ નામના પર્વતો પણ સમુદ્ર મંથન વખતે વિષ્ણુ ભગવાને તે પર્વતનો રવૈયો બનાવી ઉપયોગ કરેલો તેથી તે પર્વતો ભલે દિવ્ય ગણાય પણ તે પરિવર્તનશીલ છે. તેથી નાશવંત ગણાય. ગીતામાં શ્રી કૃષ્ણ સ્પષ્ટ કહે છે કે :

બ્રહ્મલોક ને લોક સૌ બીજા કૈંક કહ્યા
તેમાં જન્મમરણ થતાં, તે ના અમર ગણ્યા (સરળ ગીતા, અ-૮)

અર્થાત્ આ પૃથ્વી લોક સિવાયના બ્રહ્મલોક આદિ લોક પણ અમર નથી. ત્યાં પણ યમરાજની સત્તા ચાલે છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

અહીં તો એક માત્ર પરમાત્માનું નામ જ અવિનાશી ગણાય. બાકી આખું બ્રહ્માંડ, મેરુ ને સુમેરુ પર્વત સુદ્ધાં નાશવંત છે. – ૧

ધન, અને ધામ તો એક સ્થિતિમાં રહી શક્તા જ નથી. માટે તેને મેળવવા મથનારનું જીવન દ્વંદ્વોમાં સપડાયેલું ગણાય તેથી તેઓ દુઃખી જ હોય ! પરમ સુખ તો પરમાત્માની સાથે પ્રેમ કરવામાં જ મળે છે. – ૨

આ ચંચળ મન સ્થિર બની જાય ત્યારે જ કલ્યાણકારી રંગ લાગ્યો ગણાય. નીચે તરફ વહેતી શક્તિને ઉલટાવી ઉપર તરફ વહેતી કરો તો અમૃત રૂપી ગંગાનું પાન કરી શકાય. – ૩

ચિત્તમાં પ્રેમ ને દયા રાખવામાં આવે તે તો ભક્તિનું એક અંગ જ ગણાય. કબીર કહે છે કે હે ચંચળ ચિત્તવાળા જીવ તું ચેતી જા ! પતંગિયાની જેમ આ જગત તો નાશવંત છે. – ૪

********************

૩. ધન ધામ એટલે માણસે પ્રાપ્ત કરેલી સ્થાવર જંગમ તમામ સંપત્તિ. બધું જ અહીં તો નાશવંત છે. કરોડપતિ હોય કે રાજા હોય, સાવ ગરીબ હોય કે ભિખારી હોય, સૌને આ નિયમ સરખી રીતે બાધક છે.

૪. તેથી તેની કામનાવાળા લોકોનું જીવન દુઃખી જ બની જાય છે. તેને પ્રાપ્ત કરવાની ઝંખનામાં માણસ રાતદિવસ એક કરીને પોતાની શક્તિ વેડફી નાંખે છે અને છેવટે સાથે લઈ જઈ શકતો નથી. "ધંધ" એટલે દ્વંદ્વ-સુખદુઃખ, માન અપમાન, જશ-અપજશ, આદિ દ્વંદ્વો, ક્યારેક થોડું સુખ લાગે તો ક્યારેક તેનાથી બમણું દુઃખ અનુભવવું પડે. તેથી એવી સ્થતિ દુઃખદ જ ગણાય.

૫. સંપત્તિ મેળવવા માટે માનવની શક્તિ અધોમુખી વહ્યા કરે છે. તે શક્તિ મૂલાધાર ચક્રમાં જો ઉર્ધ્વમુખી બની જાય તો તે પોતાનું મોઢું ઊલટું કરી દેતી હોવાથી ઉપરની તરફ જ વહેતી થઈ જાય. તે શક્તિ ઉપરનાં બધાં જ શક્તિનાં કેન્દ્રોને વેધતી બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે જ્યાં અમૃતનો વાસ છે. તે અમૃતની ગંગાને પ્રાપ્ત કરી જીવનને કૃતાર્થ ને ધન્ય બનાવી શકે છે. ત્યાં જ અખંડ સાહેબનો નિવાસ હોય છે તેથી સાક્ષાત્કાર પણ થાય છે. આ રીતે બહિર્મુખ મન પાર્થિવ પદાર્થોની ઝંખના કરે એટલે તેની શક્તિ નીચે તરફ જ વહેતી રહે છે જ્યારે અંતર્મુખ મન આત્માનું ચિંતન કરતું હોવાથી શક્તિ ઉપર તરફ જ વહેતી રહે છે. અંતર્મુખ મન જ અમૃત ગંગાનો લાભ મેળવી શકે છે.

૬. 'સો જગત' એટલે જે આત્માને ભૂલી નાશવંત વસ્તુની પ્રાપ્તિમાં ગળાડૂબ રહે છે તેવા લોકો. દીવો સળગે ત્યારે જેમ પતંગિયા આકર્ષાયને તેમાં પડીને બળી જાય છે તેમ જીવો જન્મીને પાર્થિવ પદાર્થોની કામનામાં પોતાનું મહામૂલ્યવાન જીવન વેડફી નાંખે છે. તેથી જે જીવો આત્માભિમુખ રહી જીવન જીવે તે કાંઈક સુખદ ગણાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૮ : મનષા દેહી પાઈ

નાદબ્રહ્મ પદ-૭૯૮, પૃષ્ઠ-૫૧૧, રાગ-મંગલ

મનષા દેહી પાઈ રામગુણ ગાઈએ
સુરતિ અકન કુંવારી[૧] હંસાકો બહાઈએ - ટેક

સતગુરૂ વિપ્ર બોલાય લગન લખાઈએ
વેગે કર લો વિવાહ, ઢીલ મત લાઈએ - ૧

પાંચ પચ્ચીસસું નાર મંગલ ગાઈએ
લક્ષ[૨] ચોરાશીનો ફેરો બહોર નહિ આઈએ - ૨

સુરત[૩] નુરત દોઉ બેઠે, હાથવારો જોડીએ
જળસું જીવ ઉગાર, તનખાં તોડીએ - ૩

હંસાએ[૪] કર્યો વિચાર સુરતિ સું યોં કહી
તુમ જુગ જુગ અકન કુંવાર, એતા દિન ક્યોં રહી ? - ૪

સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત કહી
મોહે સતગુરૂ મિલા નાહી, એતા દિન યોં રહી - ૫

પરમ[૫] પુરૂષકી સેજ, અખંડિત ખેલના
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના - ૬

પુરૂષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ
કહે કબીર ભજો રામ, પરમ પદ પાઈએ - ૭

********************

૧. 'અકન કુંવારી' એટલે પહેલેથી જ કુંવારી. માયા ચિત્તની વૃત્તિ સાથે ભોગ ભોગવવા પૂરતો જ સંબંધ રાખે. તેથી તે પણ આદિકાળથી કુંવારી રહી. આમ માયા પહેલેથી જ કુંવારી એટલે તેની સહેલીને પણ તેણે કુંવારી જ રાખી. માયા સાથેનો તેનો સંબંધ છૂટે તો તે રામભજન કરી શકે અને પ્રભુ સાથે વિવાહ થઈ શકે.

૨. 'લક્ષ ચોરાશીનો ફેરો' ગુજરતી શબ્દો ગણાય તેને બદલે 'લખ ચોરાસી કા ફેર' હોવો જોઈએ.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, માનવદેહ મળ્યો છે તો રામના ગુણગાન ગાઈને તારી અત્યાર સુધી કુંવારી રહી ગયેલી ચિત્તની વૃત્તિઓને આત્માની સાથે જોડી દે ! - ટેક

સદ્‌ગુરૂ રૂપી બ્રાહ્મણને ઝટ બોલાવીને લગ્ન નક્કી કરી દે અને વિલંબ કર્યા વિના જલદીથી વિવાહ વિધિ પતાવી દે ! - ૧

લાખ ચોર્યાસીના ફેરામાં નહિ પડવું પડે તેવી રીતે પાંચ ઇન્દ્રિયો ને પ્રકૃતિનાં પચ્ચીસ તત્વો રૂપી સહેલીઓ પાસે મંગલ ગીતો પણ ગવડાવી લે. – ૨

પ્રવુત્તિશીલ બહિર્મુખી તારી ચિત્તવૃત્તિને નિવૃત્તિમય બનાવી તેનો સહકાર પ્રાપ્ત કર અને હે જીવ, તનતોડ મહેનત કરીને પણ યમના ફંદામાંથી તારી જાતને તું ઉગારી લે ! - ૩

આત્મરામે ચિત્તવૃત્તિને એવું પૂછયું કે તું જુગ જુગ સુધી કુંવારી રહી ગયેલી તો અત્યાર સુધી કેમ બેસી રહેલી ? - ૪

ત્યારે ચિત્તવૃત્તિએ ખૂબ જ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે હે પ્રિય સાચું કહું ! મને સદ્‌ગુરૂ જ મળ્યા નહોતા તેથી હું અત્યાર સુધી એવી જ રહી. – ૫

સંસારથી સદા અલિપ્ત રહી હે જીવ, તું પરમ પુરૂષની પથારી પર સતત ક્રીડા કરી પ્રેમના પ્યાલા હવે પિયા કરજે ! – ૬

કબીર કહે છે કે જીવની એ તો પુરાતન કાળની ઈચ્છા હતી તેથી સદ્‌ગુરૂ પાસેથી જ્ઞાનનો ઉપદેશ લઇ જીવે રામનું ભજન કરવું જ જોઈએ અને મુક્તિનું પરમ પદ પ્રાપ્ત કરી લેવું જોઈએ. – ૭

*******************

૩. સુરત નુરત એટલે ચિત્તની બહિર્મુખ અને અંતર્મુખ વૃત્તિઓ. સુરત સંસારમાં સારી રીતે રત રહે. તેમાંથી તે નિવૃત્ત બને તો તે નુરત. જીવ સંસારમાં રહે પણ સદા મનને સંસારથી અલિપ્ત રાખે તો તે ઉત્તમ દશા ગણાય. તે માટે જીવે મનનો સહકાર મેળવવો જોઈએ.

૪. અહીં આત્મા ને સુરતા વચ્ચે સંવાદ થાય છે. સદ્‌ગુરૂ નહિ મળવાથી સુરતાનો સંબંધ માયા સાથે અતૂટ રહ્યો એટલે તે કુંવારી રહી ગઈ એ રસિક ઘટનાનો ઉલ્લેખ આનંદપ્રદ લાગે છે.

૫. 'પરમ પુરૂષકી સેજ' એટલે હૃદયની પથારી આત્માની ગણાય છે. શ્રી કૃષ્ણ પણ અઢારમાં અધ્યાયમાં અર્જુનને આવું જ કહે છે :

> ઈશ્વર: સર્વભૂતાનામ્ હૃદ્દેશે અર્જુન તિષ્ઠતિ ।
> ભ્રામયન્ સર્વ ભૂતાની યંત્ર રૂઢાનિ માયયા ॥

અર્થાત્ હે અર્જુન, ઈશ્વર તો સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં રહેલો છે ને તેના બળથી જ આ સંસાર કાર્યરત થાય છે. મતલબ કે જે પરમ પુરૂષ છે તે જ ઈશ્વર ને આત્મા.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## ભજન – ૫૯ : જીવ તું કહાંસે આયો

નાદબ્રહ્મ પદ-૮૦૦, પૃષ્ઠ-૫૧૩, રાગ-મંગલ

જીવ તું કહાંસે[૧] આયો ? કહા ચલ જાયેગો ?
જીવ તું કર લે પહિચાન[૨], મુએ પસ્તાયેગો ! - ટેક

સતલોકસે[૩] આયો ત્રિગુણમેં[૪] સમાય રહ્યો
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો - ૧

નહિ[૫] તેરો ગાંવ ને ઠાંવ, નહિ પુર પાટણા
હૈ રે બટાવલું[૬] લોક, નહિ કોઈ આપણા - ૨

કહે કબીર વિચાર, હંસા મંગલ[૭] ગાંવ હી
હંસ ગયે સતલોક બહોર નહિ આવ હી - ૩

********************

૧. માણસ જન્મે છે ત્યારે બંધ આંખે અને મરે છે ત્યારે પણ બંધ આંખે. આંખે પાટા બાંધીને કોઈ અજાણ્યા પ્રદેશમાં મૂકી જાય ને કશું ભાન ન રહે તેવી આ જીવની જન્મ્યા પછીની સ્થિતિ છે. જીવ ક્યાંથી આવે છે ને ક્યાં પાછો જાય છે તેની ગમ કોઈને જ નથી. બુદ્ધિશાળી માણસ વિચાર કરતાં થાકી જાય તોપણ જવાબ ન મળે. માનવમાત્રની અગમ્ય ગણાતી તેવી સમસ્યા અહીં રસિક રીતે રજૂઆત પામી છે.

૨. 'પહિચાન' એટલે ઓળખાણ. કોણ ઓળખાણ કરે ? કોની ઓળખાણ કરે ? કેવી રીતે ઓળખાણ કરે ? એ સમસ્યા પણ મૂંઝવાનારી જ ગણાય. તેથી જેણે ઓળખાણ કરી લીધી હોય તેવા અનુભવીની શોધ કરવી પડે. શ્રીમદ્ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને સ્પષ્ટ શિખામણ આપતા કહે છે :

> અનુભવવાળો હોય જે જ્ઞાની તેમજ હોય,
> તેને નમતાં સેવતાં પૂછ પ્રશ્ન તું કોય.
> જ્ઞાન તને તે આપશે તેથી મોહ જશે,
> જગ આખું મુજમાં પછી જોશે આત્મ વિશે ! (સરળ ગીતા, અ.-૪)

અનુભવવાળો પુરૂષ કોણ ? સામાન્ય રીતે જે સદ્ગુરૂ તરીકે ખ્યાત હોય તે. તેની પાસે આપણે જવું પડે. નમ્ર બની જઈ તેની સેવા પણ કરવી પડે. તો એક દિવસ તે રાજી થાય ને આપણને કૃપાપાત્ર બનાવે. તે કૃપાની વર્ષા વરસાવે તો જ્ઞાનની પ્રાપ્તિ આપણને થાય. પ્રત્યેક શરીરમાં રહેલ તત્વનો સચરાચરમાં વ્યાપેલ તત્વ તરીકે પરિચય થાય તો આપણું કલ્યાણ થાય. મૃત્યુ પછીના જીવનનો પણ ખ્યાલ આવે. મૃત્યુ પછી પણ જીવન ન ચાલુ રહે તેવી ગોઠવણ કરવી હોય તો 'પહિચાન' આવશ્યક છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હે જીવ, તું, ક્યાંથી આવેલો ને પાછો ક્યાં જવાનો છે ? તું બરાબર વિચાર કરીને જાણકારી મેળવી લે, નહીં તો મૃત્યુ પછી તું જરૂર પસ્તાશે. – ટેક

ખરેખર તો તું સત્યલોકથી આવેલો ! પરંતુ તું અહીં આવીને ત્રણ ગુણ વાળી માયાના મોહપાશમાં એવી રીતે લપટાયો કે તું તારો અસલ દેશ જ ભૂલી ગયો ! - ૧

તારા અસલ સ્વરૂપને નથી કોઈ નામ, નથી કોઈ ગામ કે નથી કોઈ ઠેકાણું ! આ મૃત્યુલોકમાં નથી કોઈ તારું સગું કે નથી કોઈ તારો સ્વજન-સંબંધી ! - ૨

તારો અંતર આત્મા તો હંમેશ મંગલ ગીતો ગાયને તને બોલાવી જ રહ્યો છે ! તેથી કબીર કહે છે કે હે જીવ, તું વિચાર કરી લે ! તું સત્યલોક એકવાર પણ જશે તો પાછા આવવાવાળું રહેશે જ નહીં ! - ૩

********************

૩. સાત લોકની કલ્પના આ પ્રમાણે કરવામાં આવી છે : મૃત્યુલોક, પાતાળલોક, સ્વર્ગલોક, જનલોક, મહરલોક, તપોલોક ને સત્યલોક. બ્રહ્માંડમાં જેમ સાત લોક છે તેમ આ પિંડ એટલે કે આપણા શરીરમાં પણ તે સાતેલોક છે એમ સંતવાણી અનુભવપૂર્વક કહે છે. આજ્ઞાચક્રની ઉપર આ સાતેલોકનો અનુભવ યોગની સાધના દ્વારા કરી શકાય છે. કબીરસાહેબ સત્યલોક વિશે આ પ્રમાણે સમજ આપે છે :

> ચૌદહ લોક બસૈ ચૌદહ, તહં લગ કાલ પસારા
> તાકે આગે જ્યોતિ નિરંજન, બૈઠે સુન્ન મંઝારા ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૧૮૪)

અર્થાત્ જેમ બ્રહ્માંડમાં ચૌદ લોક છે તેમ પિંડમાં પણ ચૌદ લોક છે. આ ચૌદ લોકમાં યમની સત્તા ચાલે છે. તેનાથી આગળ શૂન્ય ચક્રમાં નિરંજન પ્રભુની પરમ જ્યોતિનાં દર્શન થાય છે. ઉપરના સાત લોકનો આપણે ઉલ્લેખ કરી ગયા ને બીજા નીચેના સાત લોક છે તે આ પ્રમાણે છે : અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, મહાતલ, પાતાલ. આ પ્રમાણે ચૌદ લોકની કલ્પના થઈ. કબીર સાહેબ કહે છે કે :

> તાકે ઉપર પરમ ધામ હૈ મરમ ન કોઈ પાયા
> જો હમ કઈ નહીં કોઉ માનૈ, ના કોઈ દુસર આયા ('કબીર વચનાવલી', પૃષ્ઠ-૧૮૪)

અર્થાત્ પરમાત્માનું ધામ તો એનાથી પણ ઉપર છે, જે વિશે કોઈ જાણતું નથી. હું કહું છું તે કોઈ માનતું નથી. આવું સત્ય કહેનારું બીજું કોઈ જન્મ્યું પણ નથી.

૪. સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણો માયાના ગણાય. તેની મોહિનીમાં જીવને કાયમ બાંધેલો રાખે છે તેથી જીવ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે.

૫. આત્મ સ્વરૂપને કોઈ નામ નથી કે કોઈ ગામ નથી. તેની કોઈ જાતિ પણ નથી. છતાં જીવનો તે સાચો સંગાથી ગણાય છે. પરંતુ જીવ તેને ભૂલી જતો હોવાથી સંસારમાં તેના સગા-સંબંધી-સાથી શોધ્યા કરે છે.

૬. 'હૈ રે બટાવલું લોક' શબ્દો અસ્પષ્ટ છે. એને બદલે "હૈ મરતુલોક મંઝાર" એવા શબ્દો હોવા જોઈએ.

૭. કટોકટીના પ્રસંગે દરેક જણને પોતાની અંદરથી ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન મળતું રહે છે. તે હંમેશા કલ્યાણકારી હોય છે. તે માર્ગદર્શન આપનાર આત્મા જ હોય છે. પરંતુ માયામાં મોહેલો જીવ તે માર્ગદર્શન ગણકારતો નથી, પરિણામે દુઃખના દરિયામાં ડૂબી જાય છે. તે આત્માનું દર્શન કરનાર જન્મમરણનાં દુઃખો પાર કરી જાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## શબ્દકોશ

અકન = આદિથી
અખંડધાર = નિરંતર
અગમ = ખબર ન પડે તેવું
અગર = અગરજા
અઘટ = અજન્મા
અધિક = વધારે
અતીત = અલિપ્ત
અજીત = ન જીતી શકાય તેવું મન
અબીર = અબીલ
અઢાર હજાર = સંપૂર્ણ વનસ્પતિ
અદલ = કાયમી
અબ = હવે
અનહદ = અનાહત નાદ
અગોચર = દેખાય નહિ તે
અલ = એવી રીતે
અવિગત = જેની વિગત નથી તે પ્રભુ
અવધૂ = યોગી
અરધ = નીચે
અરંડ = એરંડાનું તેલ-દીવેલ
અલખ = લક્ષમાં ન આવે તેવા પ્રભુ
અનુરાગ = પ્રેમ
અખંડ = અવિનાશી
અષ્ટકવલ = આઠ પાંદડીનું કમળ
અષ્ટગગન = આઠમું ચક્ર
અક્ષર = અવિનાશી
અમરાપુર = મોક્ષધામ
અહેરી = શિકારી
આપ = આત્મા
આપા = અહંકાર
આલજાલ = ગમે તેમ
આગરી = શ્રેષ્ઠ અથવા આગવી
આર = પ્રસંશા અથવા યાદ
એતા = આટલા
અંકુશ = હાથીને વશ રાખનારું સાધન

અંગતા = આંગણું
એકંત = એકલો અથવા એકાંત

ઉજિયાર = અજવાળું
ઉજિયારા = પ્રકાશિત
ઉદય = ઊગવું
ઉબરે = ઉગરવું
ઉદાસ = નિરાશ
ઉબારે = ઉગારે
ઉગર્યા = બચ્યા
ઉડાના = નાશ પામનારા
ઉન્મુની = મનની ઊંચી અવસ્થા
ઉરધ = ઉપર
ઉંધે = પ્રતિકૂળ

કટ્ટક = કડવા
કનિહાર = કર્ણધાર
કિતાબ = ધર્મપુસ્તક
કીચ = કાદવ
કીલનહાર = રક્ષક
કીંગોરા = થાંભલા અથવા ટેકા
કાયા = શરીર
કાગ = કાગડો
કુસલ = કુશળ અથવા કલ્યાણ
કુટિ = કુટાય
કુમકુમ = મમંગલકારી
કુઆ = કૂવો
કોટિ = કરોડ
કોસ = ચાર માઈલ
કોટવાળી = રખેવાળી
કંદ્રપ = કામદેવ
કંચન = સોનું
કંવલ = કમળ
કુંભા = ઘડો

Edited by Ishvarbhai P. Patel (Kapura)

ખલક = દુનિયા
ખડગ = તલવાર
ખેવટ = માર્ગદર્શક ગુરૂ
ખોજે = શોધે
ખંડિત = નાશવંત

ગમ = જાણકારી
ગહ = ઘરબાર
ગજગતિ = હાથી જેવી ચાલ
ગરબત = ગર્વમાં છકેલી
ગાર = ગાળ
ગારૂડ = ઝેર ઉતારનાર જોગી
ગાત = શરીર
ગુલતાન = તન્મય-મસ્ત
ગુમાન = અભિમાન
ગિરહ = ઘર
ગેહ = ઘરબાર
ગેલ = રસ્તો
ગૌધેનું = ગાયનું ટોળું
ગ્રહો = પકડો

ઘટ = શરીર
ઘાલ = ઘુસાડી ડે અથવા નાંખી દે
ઘારિ = ફરતેથી
ઘુઘર = ઘુઘરો
ઘુંઘટ = ઘુમટો

ચદરિયા = ચાદર
ચરઈ = તારની ખૂંટી
ચાવ = અનુરાગ, મોહિત થવું, છેતરવું
ચાહ = ઈચ્છા
ચાફેર = ચોમેર
ચીન્યા = જાણ્યાં
ચુઆ = ટપકવું
ચૂકી = ભૂલચૂક
ચુન = ચરવું
ચંદ = ચંદ્રનાડી

છત્રપતિ = રાજા
છમા = ક્ષમા
છાડિ = સમજીને
છાબડિ = ટોપલી
છાડહુ = છોડી દે
છોરું = પુત્ર
છોતિ = સ્પર્શ
છિનાય = છીનવી લેવું
છિરકત = છાંટવું
છીન = ક્ષણ-ક્ષણિક

જગજીવન = પ્રભુ
જરા = ઘડપણ
જહાન = દુનિયા
જમપુર = યમરાજની નગરી
જરજર્યા = ઘરડા થયા
જતન = કાળજી અથવા સંભાળ
જમરા = યમરાજ
જરી = બળી-સળગી
જાવરું = પરિવર્તન
જાશી = જશે
જિન = ઘોડા પર બેસવાની ગાદી
જુહારી = જુગારી
જુગત = યુક્તિ-યોગ
જુહા = જુગાર
જુગવે = વધારે
જેર = વશ
જોય = પત્ની
જોઈનિ = યોનિ
જોબન = યુવાની
જંતર = યંત્રના
જંજાલ = ઉપાધિ
જંગમ = ખસી શકે તેવું
જંત્રી = વગાડનારો
જંત્ર = યંત્ર અથવા વાદ્ય

ઝકઝોરિ = બળજબરી

Edited by Ishvarbhai P. Patel (Kapura)

ઝીલ = મસ્તી
ઝીની = સૂક્ષ્મ

ટરત = ચલિત થવું
ટકસાર = ટંકશાળ-સાર રૂપ જ્ઞાન
ટાર = ટાળવું

ઠકુરાઈ = સ્વામી
ઠાડિ = ઊભી ઊભી
ઠૌર = ઠેકાણું અથવા સ્થિરતા

ડાર = ડાળીઓ
ડાર = કાપ અથવા છોડ
ડેરા = મુકામ
ડેકાયો = ભરમાયો

ઢાઢે = ઊભા રહી
ઢૂંઢત = શોધતા

તત = તત્વ અથવા રહસ્ય
તનખાં = શરીર
તમાસા = દૃશ્ય અથવા ખેલ
તરન = તરી શકે તેવા
તનિક = ક્ષણિક
તારી = લગની
તારૈ = ઉદ્ધાર કરે
તારન = તારી શકે તેવા
તિમિર = અંધકાર
તુમ્બા = તુમડું
તૂર = એક વાદ્ય
તોટા = કાળા ધોળા
તૃખા = તરસ

ત્રિકુટ = આજ્ઞાચક્ર
ત્રિવેણી = ઈડા-પિંગલા-સુષુમ્ણાનો સંગમ

દહ = દાસ
દાહૈ = દઝાય
દારા = પત્ની

દાદુર = દેડકો
દિયના = દીવો
દિખલાવત = દેખાડવા
દિસિ = દિશા
દૂલ્હા = પતિ
દેવન = દેવતા

ધાવૈ = દોડે
ધાઈ = દોડીને
ધુવન = ધમણની ફૂંક
ધૂરિ = ધૂળ અથવા મેલ
ધોખા = ભ્રમ
ધેનૂ = ગાય
ધંધ = દ્વંદ્વ

નરેશ = રાજા
નાવ = હોડી
નાંવ = નામ
નોબત = નગારું
નિગમ = શાસ્ત્ર
નિયરે = નજીક
નિહારૌ = જોઉં
નિરંજન = શુદ્ધ
નિર્લેપ = અલિપ્ત
નિસિબાસર = રાત દિવસ
નિવારો = છોડો
નિરખ = જોઈને
નિકસે = નીકળે
નિરત = નૃત્ય
નિવાર = ઉકેલ કરી અથવા છોડી
નેતિ = આ નહીં
નેહરો = મુકામ અથવા પિયરવાસ
નૈન = આંખ

પલક = ક્ષણ
પરખ = તપાસીને
પવન = પ્રાણાયામ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

પવના = પવન
પહાર = પહાડ
પનિહારી = પાણી ભરનારી
પચ = પરિચય
પહિચાન = ઓળખાણ
પરહર = છોડી દે
પરત્યાગી = છોડી
પતિયાં = પત્ર
પરદારાં = પારકાની પત્ની
પર્ચે = પરિચય
પરધન = પારકાનું ધન
પરિકમ્મા = ફરતે ફરવું-પરિક્રમા
પાખંડ = ઢોંગ-મિથ્યા પ્રવૃત્તિ
પાવક = અગ્નિ
પાતી = દિવેટ
પાવે = મેળવે
પાત = પાંદડાં
પિયાસ = તરસ
પીવ = પ્રીતમ
પુરિખ = પુરૂષ
પુહુપ = પુષ્પ
પુનરપિ = ફરી ફરી
પુરણ = પૂર્ણ
પોપ = પુષ્પ
પ્રતાપ = પ્રભાવ
પ્રતીત = વિશ્વાસ
પ્રાન = પ્રાણ
પાંવ = પગ
પુંજ = ઢગલો

ફારી = પ્હોળું કરી
ફૂલનિ = ફૂલો
ફંદ = ફાંસો

બદન = શરીર
બસન = વસ્ત્ર
બહાઈએ = વિવાહ કરો
બનસપતિ = જંગલ
બરજેઉ = મનાઈ કર્યા છતાં
બડાઈ = મોટાઈ
બહોર = વારંવાર
બાદ = મત
બાતી = દિવેટ
બારી = વારો
બાલ = બાળક
બાલમ = પતિ
બારી = સળગાવી
બાન = ટેવ
બારી = વાડી
બાર = વાડ
બાગુલિ = માયાજાળ
બાબુલ = પિતા - ભાઈ
બાસ = સ્થળ - વાસ
બિહાય = વીતે
બિલાય = નાશ પામે
બિદેહ = દેહ વગર
બીનન = વીણવું
બુધ = બુદ્ધિ
બુઝાઈ = તૃપ્ત કરી
બૂઢા = ઘરડા
બેરા = સમય
બેર = વેળા
બેન = વાંસળી
બૈન = વાણી
બોય = સુગંધ
બૈરિન = વેરણ
બાંય = હાથ
બાંચે = બચે
બંકનાલ = વાંકી નાળી

ભભૂત = રાખ
ભરતાર = પતિ
ભલ = કલ્યાણકારી
ભલાઈ = કલ્યાણકારી સ્વભાવ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

ભલો = કલ્યાણકારી

ભાગ = ભાગ્યશાળી

ભાવ = પ્રેમ

ભૂપ = રાજા

ભૂષન = ઘરેણાં

ભીતર = અંદર

ભંવર = ભમરો

ભંવરી = ભમરી

ભોંદૂ = ભોળું - અજ્ઞાની

મગ = રાહ - વાટ

મનસા = મનથી

મત = અભિપ્રાય

મત્ત = અભિમાન

મલનિ = મેલું - ગંદું

મહોછલ = મહોત્સવ

માલિન = માલણ

મિજમાના = સત્કાર - મહેમાનગીરી

મિરગ = મૃગ

મિલ = મળીને

મિટ = મટી જવું

મીન = માછલી

મૂલકંવલ = મૂલાધાર ચક્ર

મૂલ = આદિ

મોઝારી = અંદર

મોમ = ચોંટાડનાર પદાર્થ

મોકો = મને

માઠા = ખાટા

મોરિકે = કઢંગુ

મંજાર = અંદર

મેટી = મટાડી દઈ - મૂકી દઈ

મંગ = પૂરી - ભરી

મંડન = સારસંભાળ - માંડણી

રછપાલ = રખેવાળ

રસના = જીભ

રવિસુત = યમરાજ

રસાલ = મધુર

રામજન = હરિજન

રાવ = પૈસાદાર

રુચત = ગમતું

રિપુ = દુશ્મન

રુદિયા = હૃદય

રૈન = રાત

લવલીન = તલ્લીન

લખિ = જોઈને

લચ્છ = લાખ

લહિયે = મેળવીએ

લોચન = આંખ

લોઈ = સ્ત્રી

લૌકર = જલદી

લેખું = પરિણામ

લુકટ = સંગત

વદન = મોઢું

વણસંતા = વિનાશ થતાં

વાછરું = વાછરડું

વિલંબ = વાર લાગવી

વિષયા = વિષયોમાં રાચવું

વિપ્ર = બ્રાહ્મણ

વિસરી = ભૂલી

વિસ્તાર = ફાટ્યો

વિદાર = ચીરી નાંખ્યો

વિરંચિ = બ્રહ્મા

વિલંબ્યો = રોકાયો

વિરધ = વૃદ્ધ

બિનસત = વિનાશ

વિંદ = બુંદ

વ્યાપે = ફરી વળે

હલકે = અભિમાન રહિત - વજન વિનાનું

હરજી = પ્રભુ

હાન = હાર

Edited by Ishvarbhai P. Patel (Kapura)

હાત = હાથ
હાટવાડ = બજાર
હાંસી = મશ્કરી
હિલમિલ = હળીમળી
હિયા = શણગાર
હિય = હૈયામાં
હઁસ = ખુશી
હંસ = વિવેકી જીવ
હંસા = આત્મા
હિંડોલના = હિંડોળે
હેરી = નજર કરવી

શિરોમણિ = મુખ્ય - ટોચના
શિરા = રક્તવાહિની
શાળ = નિશાળ

ષટરસ = છ રસ
ષંડામરકે = ષંડા-મરકા નામના દૈત્યો

ક્ષર = નાશવંત

સકુચ = સંકોચ
સરવન = કાન
સમસાના = સ્મશાન
સબદ = આત્મજ્ઞાન
સમવર્યા = સરખા થયા
સહજ = વિના પ્રયત્ને
સમીપ = પાસે
સાર = રહસ્ય
સારંગપાણિ = વિષ્ણુ
સાજ = શણગાર
સાલિમ = પૂર્ણ
સાહેબ = આત્મા અથવા પરમાત્મા
સમ્હારિ = કાળજીપૂર્વક
સિરમોર = માથાની ટોચ - બ્રહ્મરંધ્ર
સિર = માથું
સીસ = માથું
શ્રવણ = કાન
સુહાગ = સોનીનું એક સાધન
સુન = શૂન્યચક્ર
સુરંગ = દૈવી રંગ
સુહાગન = સૌભાગ્યવતી
સુરત = ચિત્તવૃત્તિ
સુરમ = શૂરવીર
સૂર = સૂર્યનાડી
સૂખ = સૂકાઈ ગયેલા
સૂધ = શુદ્ધ
સુરતિ = ચિત્તવૃત્તિ
સુવા = પોપટ
સુર = દેવપુરૂષ
સૂરા = શૂરવીર
સોલા = સોળની સંખ્યા
સેજ = પથારી

Edited by Ishvarbhai P. Patel (Kapura)

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૧ (ભજન-૧૦ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૧)**

(સંદર્ભ : ભારત સરકારની સાહિત્ય એકેડેમી દ્વારા પ્રકાશિત "કબીર વચનાવલી" પૃ-૩૮૫)

સાંઈ મોર બસત અગમ પુરવાં જહાં ગમન હમાર - ટેક

આઠ કુવા, નવ વાવડી, સોરહ પનિહાર
ભરલ ધયલવા ઢરકિ ગએ રે ધન ઠાડિ મન માર - ૧

છોટ મોટ ડંડિયા ચંદનકે હો છોટ ચાર કહાર
જા ઉતરિ હૈ વાહ દેસવા હો જહાં કોઈ ન હમાર - ૨

ઊંચી મહલિયાં સાહબ કૈ હો લખી બિખમી બજાર
પાપ પુન્ન દોઉ બનિયાં હો હીરા લાલ અપાર - ૩

કહ કબીર સુન સાંઈયા મોર યા હિય દેસ
જો ગયે સો બહુરે ન આયે કો કહેત સંદેસ - ૪

********************

૧. આઠ દિશા
૨. નવ ખંડ સૃષ્ટિ
૩. સોળ પનિહારી : દાસ ઈન્દ્રિયો + પાંચ પ્રાણ + મન
૪. ઠાડિ મન માર એટલે સુનમન ઉદાસ થઈને ઊભી રહેલી
૫. ઠાઠડી
૬. ડાઘુઓ
૭. ઉર્ધ્વ પ્રદેશમાં : કપાળની ઉપર શક્તિના ઉર્ધ્વચક્રો આવેલાં છે.એટલે કે અજ્ઞાચક્રની ઉપરના ભાગે સહસ્ત્રાર, બ્રહ્મ, પારબ્રહ્મ, શૂન્ય, મહાશૂન્ય, દસમદ્વાર ચક્રો આવેલાં છે. તે ચક્રોના મહેલમાં પ્રીતમનો અનુભવ થાય છે.
૮. વસમું બજાર એટલે વિચિત્ર બજાર
૯. જ્ઞાનભક્તિ રૂપી હીરામાણેક
૧૦. સ્વામી - અહીં સંતને ઉદ્દેશીને કહ્યું છે.
૧૧. નિજસ્વરૂપ - જીવે મૂળભૂત રીતે ઈચ્છેલું તે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૨ (ભજન-૨૧ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૧૬૬)**

(સંદર્ભ : સ્વામી યુગલાનંદ બિહારી કૃત 'કબીરપંથી શબ્દાવલી' પૃ-૮૮૧/૩૩૨)

જો કોઈ નિરગુન ઝર લખ પાવે - ટેક

નિરખત કૂપ, કૂપ બિન બારી, બિન કર રહટ ચલાવૈ
જલ બિન શીશ, શીશ બિન બારી, સો જલ આન પિયાવૈ - ૧

બિન કરતાલ પખવાજ બાજે, બિન રસના ગુન ગાવે
ગાનવહાર કે રૂપ ને રેખા, સો પદ આન મિલાવે - ૨

કદલીપત્ર જહર જંગલમેં, બિન ગુરૂકે નહીં ખાવે
ઉઠત સનેહ મરમ ના પાવે, અગમકે ગોહરાવે - ૩

જોગી, જતી, તપી, સંન્યાસી, નાહક ભેખ બનાવે
બિના નામકે ભૌંરા ધૂમૈ, સુખ સપને નહિ પાવે - ૪

પુરઈન પત્ર બસે નિત દાદુર, સોઉ સવાદ ન પાવે
કમલ કલીકે ભૌંરા લોભી, સો જોજન ઉડ જાવે - ૫

કાજી હાથ કિતાબ ન આવે, મુલના બાંગ ન ભાવે
વેદ પુરાન વિપ્ર ના ભાવે, રાજા રાજ ન ભાવે - ૬

કર બિન કલમ, કલમ બિન કાગદ, બિન મસિ અંક બનાવે
કહે કબીર સુનો ભાઈ સાધુ, સતગુરૂ મિલે લખાવે - ૭

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૩ (ભજન-૨૬ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૦૬)**

(સંદર્ભ : "સબદ" પૃ-૪૩૦)

હરિ રંગ લાગા હરિ રંગ લાગા, મેરે મનકા સંસૈ ભાગા - ટેક

જબ હમ રહલીં હઠિલ દિવાની, તબ પિય મુખાં ન બોલા
જબ દાસી ભયી ખાક બરાબરિ, સાહિબ અંતર ખોલા - ૧

સાંચે મન તૈં સાહિબ નૈરે, જૂઠે મન તૈં ભાગા
હરિજન હરિ સૈં ઐસે મિલિયા જસ સૌને સંગ સુહાગા - ૨

લોક જાજ કુલકી મરજાદા તોરિ દીયૌ જસ ધાગા
કહૈ કબીર ગુર પૂરા પાયા ભાગ હમારા જાગા - ૩

********************

રંગ = પ્રેમ

સંસૈ = ભ્રમ

હઠિલ = હઠીલી

પિય = પ્રિયતમ - આત્મા

ખાક = નામશેષ - અહંકાર હાથ કરાવે. તે દશામાં મનની વૃત્તિઓ હઠીલી જ હોય. ત્યારે આત્મા કંઈ બોલતો નથી. પરંતુ અહંકાર દૂર થાય ત્યારે આત્મા પોતાની પ્રભુતા બતાવે.

નૈરે = નજીક. જે મન શુદ્ધ થઈ ગયું હોય તે સાચું મન. તે પવિત્ર મનથી પરમાત્મા સાવ નજીક જ લાગે કારણ કે સતત આત્મ પ્રતીતિ થતી રહે છે. પરંતુ જે મન અશુદ્ધ છે તેનાથી પરમાત્મા દૂર જ રહે છે.

હરિજન = શુદ્ધ મન થઈ જાય તો જીવ હરિનો અનુભવ કરી શકે અને હરિમય થઈ જાય.

સૌને = સોનામાં સુગાહ મળી જાય તેમ જીવ હરિમાં ભળી જાય.

તોર દિયો = સાંસારિક સંબંધો હરિને ભુલાવે તેથી સાંસારિક સંબંધોને મનથી છોડી દેવા પડે. દોરી તોડવામાં આવે તેમ તે સંબંધોને પણ ભૂલી જવા પડે તો જ હરિમિલનનું ભાગ્ય જાગે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૪ (ભજન-૩૭ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૫૪)**

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી' પૃષ્ઠ-૬૫૩, પદ-૬)

બનમાલી જાને બનકી આદિ, રામ ભજન બિના જનમ બાદિ - ટેક

એક ફૂલ જો ફૂલ્યો રિતુ બસંત, જામે મોહિ રહે સબ જીવ જંત
ફૂલનમેં જ્યોં વસત વાસ, ઐસે ઘટ ઘટ ગોવિંદ નિવાસ - ૧

ઉડ ઉડ ભૌંરા જાય ઓ દેસ, મેરે હરિ પ્રીતમ સો કહો સંદેશ
ચોલી પુરાની જોબન ભાર, મોહિ વિરહ સતાવે બાર બાર - ૨

ઉંચા પર્વત વિષમ ઘાટ, આગળ પંથ ન સૂઝે બાટ
પરબેલી રાત્યો મેરા કંત, મૈં કા સંગ ખેલૌ રિતુ બસંત - ૩

રિતુ બસંતકી પરી ઝૂલ, અંબ મોહે કચનાર ફૂલ
કહૈ કબીર મન ભયો આનંદ, મોહિ હરષિ મિલૈ ગુરૂ રામાનંદ - ૪

********************

ત્રણે પદોને સરખાવી જોતાં ટેકની પંક્તિઓ થોડા ફેરફાર સાથે સરખી જ લાગે છે. ત્રણે પદોમાં પ્રથમ ટૂંકની પંક્તિઓ પણ લગભગ સરખી જ ગણાય. થોડા શબ્દોનો પાઠભેદ જણાય એટલું જ. નાદબ્રહ્મ અને કબીરપંથી શબ્દાવલીનું પદ એક પંક્તિ સિવાય લગભગ સરખું જ છે. છેલ્લી ટૂંકની પ્રથમ પંકિત બંનેમાં જુદી જુદી છે. નાદબ્રહ્મમાં 'તરૂવર એક અનેક ડાલ શાખા લતા ફલ રસાલ' પંક્તિ છે, તેને બદલે 'કબીરપંથી શબ્દાવલી'માં 'રિતુ બસંતકી પરી ઝૂલ, અંબ મોહે કચનાર ફૂલ' પંક્તિ છે. બાકી શબ્દોના થોડા પાઠભેદ સિવાય બંને પદોનું સરખાપણું સવિશેષ છે.

બનારસ વિશ્વવિદ્યાલય પ્રકાશિત 'સબદ' ગ્રંથ પૃ.૨૩૦ પરનું જે પદ આ પુસ્તકમાં છાપ્યું છે, તે ટેકની પંક્તિઓ ઉપરાંત માત્ર ત્રણ જ પંક્તિઓનું બનેલું છે. મૂળ પદ કદાચ તેટલું જ હશે. નાદબ્રહ્મ અને 'કબીરપંથી શબ્દાવલી'નાં પદોમાં જે અન્ય પંક્તિઓ છે તે પાછળથી ઉમેરાયેલી જણાય છે. અથવા તો બીજા કોઈ પદની સાથે એ પંક્તિઓ હોવા સંભવ છે. કારણ કે પ્રથમ ટૂકમાં વ્યક્ત થયેલા ભાવ સાથે તેનો મેળ બેસતો નથી. ઉપરોક્ત પદના બીજા ટૂકની પ્રથમ પંક્તિથી જાણે બીજું પદ શરૂ થતું હોય તેમ લાગે છે. કોઈ વિરહિણી પરદેશ વસતા પોતાના પ્રિયતમને ભ્રમર દ્વારા સંદેશો મોકલતી હોય તેમ પદની તે પંક્તિઓમાં ભાવ વ્યક્ત થયો છે.

જીવ વિરહાકુલ છે. તેણે કપરી સાધના પણ કરી લાગે છે. 'ચોલી પુરાની જોબન ભાર' શબ્દો વિરહની જાણે પરાકાષ્ઠા દર્શાવતા હોય તેમ પ્રયોજાયા છે. યુવાની તે વિરહાકુલ જીવની સાધના અને 'ચોલી પુરાની' તે વિરહાકુલ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

જીવની પાછલી અવસ્થા કે જેમાં જીવન પૂર્ણ થઈ જવાની આશંકા હોય ! ચોળી જૂની થઈ ગઈ હોય અને આકુલતા ફાટ ફાટ થતી હોય તે ચિત્ર જ વિરહની પરાકાષ્ઠા દર્શાવનારૂં છે.

આટલી મહેનત કર્યા છતાં પ્રિયતમ પ્રભુ દર્શન દેતા નથી. આવશે, હવે આવી લાગશે, એવી આશામાં ને આશામાં વિરહાકુલ જીવ દિવસો વ્યતીત કરે છે. ભ્રમર દૂત બનીને પ્રિયતમ પ્રભુની પાસે જવાનો હોય તેમ તેને રસ્તાની માહિતી પણ પૂરી પાડે છે. રસ્તાની વિષમતા ને ભયંકરતાનો ખ્યાલ આપી રસ્તો વચગાળે અગમ્ય બની જશે એવી ચેતવણી પણ ભ્રમરને આપવામાં આવે છે. ત્યારે પછી તરત જ વિપ્રલંભ શૃંગારનો ખ્યાલ આપે એવી વિરહીણીની શંકા વ્યક્ત કરતી પંક્તિઓ વાચકનું ધ્યાન ખેંચે છે. અતિ સ્નેહ શંકા કરાવરાવે તે સર્વના અનુભવની વાત ગણાય. વિરહિણીના મનમાં પ્રિયતમ માટેના અતિ સ્નેહને કારણે મન સાશંક થઈ વિચાર કરવા લાગે છે કે જો મારો પિયુ બીજી કોઈ સ્ત્રીના પ્રેમમાં પડ્યો હશે તો ? તો હું કેવી રીતે વિરહ સહન કરીશ ? આવેલી વસંતનો આનંદ મારે કોની સાથે માણવો ? અહીં સુધી વિરહભાવની અભિવ્યક્તિ વાચકને સરસ રીતે પકડી રાખે છે. પણ ત્યાર પછીની પંક્તિ કાંઈક ગરબડ ઊભી કરતી જણાય છે :

**રિતુ વસંતકી પરી ઝૂલ, અંબ મોહે કચનાર ફૂલ**

શબ્દો અસ્પષ્ટતા સર્જે છે. તેથી દુર્બોધતા પણ પેદા થાય છે. પરાકાષ્ઠા પર પહોંચેલો વિરહનો ભાવ અહીં સચોટતા સાધે તેવી રીતે વ્યક્ત થવો જોઈતો હતો. અર્થની ગરબડ ઊભી થાય તેવી રીતે ભાવ વ્યક્ત થાય છે. ત્યાર પછીની પંક્તિ પણ વિરહના ભાવને ન્યાય નથી આપતી :

**કહૈ કબીર મન ભયો આનંદ, મોહિ હરષિ મિલૈ ગુરૂ રામાનંદ**

અર્થાત્ કબીર કહે છે કે ગુરૂ રામાનંદ મને મળ્યા તેથી મને મનમાં ખૂબ આનંદ થયો. વળી કબીરવાણીમાં રામાનંદનો ઉલ્લેખ ત્રણ-ચાર વાર થયેલો જણાય છે. અહીં અચાનક ગુરૂ રામાનંદનો ઉલ્લેખ થયો તેથી ટેકની પંક્તિમાં વ્યક્ત થયેલા ભાવ સાથે મેળ બેસતો નથી. ગમે તેમ પણ છેલ્લી ચાર પંક્તિઓ વિરહભાવને ન્યાય આપનારી જણાતી નથી. આવા કારણથી ઉપરોક્ત પદની પંક્તિઓ પાછળથી ઉમેરાયેલી હોવી જોઇએ એવું અનુમાન કરવામાં કોઈ બાધ જણાતો નથી. તેથી જ 'સબદ' ગ્રંથ પૃ-૨૩૦ પરના પદને અસલ પદ માની આ પુસ્તકમાં છાપ્યું છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૫ (ભજન-૪૧ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૪૯૭)**

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૧, પદ-૨)

મિલિ ખેલો વિમલ વસંત પ્યારે કંતસો

ખેલી અંધેરી કોઠરી, મન બૈઠો મહલ ઈકંત - ટેક

ગગન મહલ દીપક ધરા હો, ભવન કિયો ઉજિયાર
છૈલ છબીલો ના છીપૈ, મેરે જીવન પ્રાનાધાર - ૧

ગંગા જમુનકે અંતર હૈ, ચંદ્ર સુરજ કે બીચ
અરધ ઉરધ કી સંધિમેં, જહાં મચી અરગજા કીચ - ૨

બિન પગ નટવા નિરતિ હોત હૈ, બિન કર બાજે તાર
બિન નૈન જહાં દેખિયે બિન શ્રવન સુનિ ઝંકાર - ૩

રંગ સુરંગ રંગ રંગિ રહે હો, હિલી મિલિ એકૈ ડાંહ
ધર્મનિ ભેંટે ભાવસોં હો, મિલે પુરાતમ નાહ - ૪

********************

"કબીરપંથી" શબ્દાવલી" પૃ-૭૦૦/૪૮ પરનું પદ અને આ પદ બંને સરખાં જ છે. શબ્દોમાં થોડો ફેરફાર છે એટલું. બંનેનો ભાવ અને અર્થ સરખા જ છે. બંને પદોમાં 'ધર્મનિ' શબ્દપ્રયોગ સૌનું ધ્યાન ખેંચે છે. નાદબ્રહ્મના પદમાં 'કબીરા' શબ્દ છે. અહીં આપેલું પદ ધર્મદાસનું ગણાય છે. નાદબ્રહ્મને કારણે આપણે ત્યાં તે પદ કબીર સાહેબનું ગણાય છે. એટલે ખરેખર આ પદનો કર્તા કોણ તે સમસ્યા સ્વાભાવિક રીતે મૂંઝવણ કરનારી થઈ પડી.

ગુજરાતમાં ધર્મદાસનાં પદો પ્રચલિત જણાતાં નથી. ઉત્તર ભારતમાં તે બધાં પદો ખૂબ જ પ્રચલિત છે. વળી ધર્મદાસનું નામ ખૂબ જ અગત્યનું પણ ગણાય. કારણ કે તેમણે જ કબીરપંથની સ્થાપના કરેલી. જોકે તેમના સમયને માટે વિવાદ જરૂર છે. તેમનો સમય પંથી વિદ્વાનો કબીર સાહેબના સમય સાથે સાંકળે છે, જ્યારે હિન્દી સાહિત્યના વિદ્વાનો કબીરસાહેબ દિવંગત થયા પછી લગભગ એક સદી પાછળ તેઓ થયા હશે એમ માને છે. એ જે હોય તે પણ આ પદના કર્તા કોણ તે નક્કી કરવું મુશ્કેલ છે. 'કબીરપંથી શબ્દાવલી' ના સંગ્રહકર્તા સ્વામી યુગલાનંદ કબીરપંથના કટ્ટર અનુયાયી ગણાય છે. તેમણે જે પદો રજૂ કર્યાં તે કબીરસાહેબનાં નથી, પણ ધર્મદાસનાં છે. તેથી કતૃત્વની સમસ્યા ઘેરી બની ગઈ. પદમાં રજૂ

Edited by Ishvarbhai P. Patel (Kapura)

થયેલા ગગન મંડળ, ગંગાજમુના, અરધ ઉરધ, ચંદ્રસૂર આદિ પ્રતીકો કબીરવાણીમાં ખૂબ પ્રચલિત છે. તે પ્રતીકોને જે રીતે આલેખવામાં આવ્યા છે તે શૈલી પણ કબીરવાણીની અસરવાળી છે. ધર્મદાસ જેવા સંત સીધું અનુકરણ તો ન જ કરે. અહીં પદોમાં રજૂ થયેલ શૈલી અનુકરણવાળી લાગે છે એટલે આ પદોના કર્તા માટે સંદેહ ઊભો થાય છે.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૬ (ભજન-૪૬ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૦૮)**

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૮, પદ-૧૫)

ઐસે પિયા સંગ હોરી ખેલિયે હો
અહો મેરે સાધો, સુરતિ સુહાગનિનારી - ટેક

પાંચ પચ્ચીસ સખિયનકી સંગતિ, તત મત સખી લિયા સાથ
અરસ પરસ પિયાકે સંગ રાચી, સહજ લકુટિયા હાથ - ૧

ગગન મંડલમેં હોત કુલાહલ, ઉઠત રાગ અનુરાગ
બાજત તાલ મૃદંગ ઝાંઝિ ડફ, બહુ વિધિ ભયો સુહાગ - ૨

ગ્યાન ગુલાલ અનહદ અગરજા, ચિત ચોવા મન લાય
કર કરની કેશરિ રંગ ભીની, બિન રસના ગુન ગાય - ૩

ધન સતગુરૂ ધન સાધુકી સંગતિ, ધન હમારે ભાગ
સાંચી ફાગ ભગતિ સતગુરૂકી, કહે કબીર સુહાગ - ૪

*******************

૧. પાંચ ઈન્દ્રિયો

૨. પ્રકૃતિના પચ્ચીસ તત્વો =
પૃથ્વી - હાડ, ચામ, માંસ, નસ ને રોમ
પાણી - લાળ, રક્ત, પ્રસ્વેદ, મૂત્ર ને વીર્ય
તેજ - ક્ષુધા, તૃષા, આળસ, નિંદ્રા, મૈથુન
વાયુ - બલકરન, સંકોચન, પસારન, બોલન ને ધાવન
આકાશ - કામ, ક્રોધ, લોભ, મોહ તથા ભય

૩. 'તત' એટલે તત્વ. આ નાશવંત શરીરમાં એક અવિનાશી તત્વ છે, તેને આત્મા કહે છે. 'લિયા સાથ' એટલે તેને જાણવું તે.

૪. ગગન મંડળ એટલે કપાળની ઉપરનો માથાનો ભાગ

૫. અનાહત નાદના ધ્વનિનો મધુર કોલાહલ - અવાજ

૬. સતગુરૂની સાચી ભક્તિ થાય તો ચિત્તવૃત્તિ સૌભાગ્યવતી બને અને જીવન સાર્થક થાય.

Edited by Ishvarbhai P. Patel (Kapura)

## પરિશિષ્ટ - ૭ (ભજન-૪૮ નાં સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૧૭)

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૬૦૬, પદ-૧૧)

ખેલે તેરી માયા મોહિની હો, અહો મેરે સાધો, જિન જેર કિયો સંસાર - ટેક

ચંદ્રવદન મૃગલોચની માયા, વિદલો દીયો હૈ લિલાર
જતી સતી સબ મોહિ લિયો હૈ, ગજગતિ વાકી હૈ ચાલ - ૧

હરે રંગકી ચુંદરી હો, માયા પહિરે તાહી
શોભા અદ્ભૂત રૂપકી, મહિમા વરનિ ન જાય - ૨

જેતે તેતે લિયો હો, ધૂંધા માંહિ સમાય
આંજન વાકી રેખ હો, અદગ ગયો નહિ કોય - ૩

છિડકત થોથે પ્રેમ સુમાયા, ભરિ પિચકારી ગાત
સનક સનંદન કહત હૈ, ઔર કી કેતી બાત - ૪

અનહદ ધ્વનિ બાજા બાજે હો, સરવન સુનત ભયો ચાવ
ખેલન હારે ખેલિ હૈ હો, બહુરિ ન ઐસો દાવ - ૫

જ્ઞાન ડગા પગ રોપિયા હો, ટારયો ટરત ન પાંવ
બાંસ લિયે કર આપને હો, ફિરિ ફિરિ ઝૂરત જાય - ૬

બ્રહ્મા શંકર વશ કિયો માયા દોઉ પકડે જાય
ફગુવા લીન્હો આપનો હો, બહુરિ દીયો છિટકાય - ૭

નારદકો મુખ મોરિકે માયા, લીન્હો બસન છુટાય
ગર્વ ગહેલી ગરબતે હો, બહુરિ ચલી મુસકાય - ૮

સુર નર મુનિ એક ઓર ભયે હૈં, એક અકેલી આપ
સન્મુખ કોઉ ના રહૈ હો, મારિ લિયો એક ધાપ - ૯

ઈન્દ્ર સકુચ ઢાઢે ગઢૌ ભયો હો, લોચન લલિત અંજાય
હરિ અવિનાશી ઉબરે હો, કહૈ કબીર ગુણ ગાય - ૧૦

Edited by Ishvarbhai P. Patel (Kapura)

**પરિશિષ્ટ - ૮ (ભજન-૪૯ ના સંદર્ભમાં, નાદબ્રહ્મ પદ-૫૧૮)**

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૦૩, પદ-૪)

કોઈ નામ રંગીલે રંગ રંગે હો, હો મેરે સાધો, ગહો શબ્દ ટકસાર - ટેક

પ્રેમ તે ગગન પખવાજ બાજૈ, સુનિયે છતીસૌં રાગ
આવરન વરન ગુલાલ બહુરંગી, બહુરંગી પાંચો રાય - ૧

બીસ પાંચ અરૂ તીન સહેલી ખેલ ત્રિકુટીમેં આન
અગર અબીર કુમકુમા કેશર, અષ્ટકમલ પરમાન - ૨

ગગન મંડલમેં ખેલત હૌં, હોરી તત મતા ગુલતાન
ફગવા લેન ભરલી વિધિ આવો, પાવે મુક્તિ ફલદાન - ૩

કહૈ કબીર ઐસી હોરી ખેલો, પાંચ પચ્ચીસો મારિ
નામ ગ્રહે તે પરમ પદ પાવે, પુનરપિ જનમ નિવારી - ૪

*******************

(સંદર્ભ : 'કબીરપંથી શબ્દાવલી', પૃષ્ઠ-૭૧૨, પદ-૧૪)

અહો કોઈનામ રંગીલા સતસંગી હો, હો ભાઈ સાધો, હો ગહો શબ્દ ટકસાર - ટેક

પ્રેમ સો ગગન પખવાજ બાજે, બિન કર બાજે તાલ
રૂનક ઝુનક અનહદ ધુનિ, ઉઠત છતીસૌં રાગ - ૧

અરૂન બરૂન ગુલાલ બહુરંગ, બહુરૂપી પાંચો રાવ
ઈન પાંચો વિશ્વાસ ન લીન્હે, ખેલૈ ત્રિકુટી ભાવ - ૨

પ્રેમકે રંગ ખીંચત રહૈ, અષ્ટકમલ પરકાસ
જ્ઞાન ગલી છૂટે પિચકારી, ભવરંગુફા નિજવાસ - ૩

ગગન મંડલમેં હોરી ખેલૈ, તત્વ મતા ગુલતાન
ફગુવા નામ લિયે બન આવૈ, પાવૈ મુક્તિ ફલદાન - ૪

કહૈં કબીર ઐસી હોરી ખેલો, તીનો તાપકો માર
નિગમ યે જાવો, પરમપદ પાવો, પૂરન જનમ નિવાર - ૫

Edited by Ishvarbhai P. Patel (Kapura)

SADGURU KABIR INTERNATIONAL RESEARCH CENTER
c/o Shree Ramkabir Mandir
530 East 231st Street
Carson, CA 90745
U.S.A.

Tel. 310-549-4492

# GOALS

Disseminate the basic teachings of Sadguru Kabir in an easy to read format, for children and adults, in Gujarati and English, and thereby qualitatively improve and enrich the lives of all.

Promote the teachings of Sadguru Kabir through research and publication of books, lectures and monographs.

Establish a unique rich and comprehensive library on Sadguru Kabir, with books, audio tapes and video tapes on Sadguru Kabir, as well as on the Hindu religion generally.

SADGURU KABIR INTERNATIONAL RESEARCH CENTER
Advisory Council
(in alphabetical order)

Professor Shiva Bajpai, Professor of History, CalState-Northridge
Dr. Jagessar Das, President, Kabir Association of Canada
Dr. Radhekant Dave
Dr. Ashwin Desai, Reader in Sociology, South Gujarat University
Dr. Vasant Joshi, Chancellor, Osho University
Shri Ishvarbhai P. Patel
Dr. Shiva Subramaniam

Edited by Ishvarbhai P. Patel (Kapura)



Sadguru Kabir International Research Center was established on Kabir Jayanti, 1995, on the first anniversary of the inauguration of Shree Ramkabir Mandir, Carson, California, U.S.A.

Please help the Center and its mission to promote the teachings and philosophy of Sadguru Kabir by sending a donation, or religious books, audio tapes, and video tapes to:

Shree Ramkabir Mandir, 530 East 231st Street, Carson, California 90745, U.S.A.

Your generous donotion will help the Center spread the Word of Sadguru Kabir. The tree above symbolizes the work of the Center - help it develop into a mighty banyan (vad) tree (like the one in Kabirvad), under whose shade and tranquility all can share the essence of Sadguru Kabir, Ramkabir !

Design created by ARROW, Surat (INDIA) Ph.: 442564, 443432